# સંવેદન


## (૧૯૯૮-૧૯૯૯)




## શ્રી. હરિવલ્લભદાસ કાળિદાસ કોમર્સ કોલેજ

અમદાવાદ - ૩૮૦ ૦૦૯

અધ્યાપક પરિવાર : ૧૯૯૮-૯૯



**નીચે બેઠેલા :** શ્રી પ્રભાબહેન પટ્ટણી, પ્રા. જ્યોતિબહેન શાહ, પ્રા. જયશ્રીબહેન પટેલ, પ્રા. સંધ્યાબહેન પટેલ, પ્રા. દક્ષાબહેન પટેલ, પ્રા. કુ. નેહાબહેન પટેલ, પ્રા. શિલ્પાબહેન ત્રિવેદી.

**પ્રથમ હરોળ :** પ્રા. પી. બી. પારેખ, પ્રા. શ્રીકાન્તભાઈ પરીખ, પ્રા. ડૉ. વર્ષાબહેન શાહ, પ્રા. બિપિનભાઈ શાહ, પ્રિ. એ. એમ. પટેલ, પ્રા. મહેન્દ્રભાઈ ગાંધી, પ્રા. સુરેશભાઈ ગાંધી, પ્રા. મનુભાઈ મોદી, પ્રા. નવિનભાઈ શાહ.

**બીજી હરોળ :** પ્રા. એસ. પી. મહેતા, પ્રા. કમલ શુકલ, પ્રા. સઈદ ચિંતામન, પ્રા. ઠાકોરભાઈ ઠક્કર, પ્રા. સુમન્તભાઈ દેસાઈ, પ્રા. પી. એન. શાહ, પ્રા. રોહીતભાઈ ગાંધી, પ્રા. ચંદુભાઈ પટેલ, પ્રા. ડાહ્યાભાઈ પ્રજાપતિ, પ્રા. નીલેશ સથવારા, પ્રા ધીમંત સોની, પ્રા. એ. એમ. શાહ.

# સંવેદન

(૧૯૯૮-૯૯)

**શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ કોમર્સ કોલેજ,**

**આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.**


• સંપાદક મંડળ •

પ્રા. ડૉ. વર્ષાબહેન શાહ • પ્રા. બિપિનભાઈ શાહ • પ્રા. મહેન્દ્રભાઈ ગાંધી
પ્રા. સુમન્તભાઈ દેસાઈ • પ્રા. પી. બી. પારેખ • પ્રા. એસ. પી. મહેતા • પ્રા. દક્ષાબહેન પટેલ

• વિદ્યાર્થીઓ •

નરેન્દ્ર ઠક્કર • કુ. રીટા પરમાર • અમિત રાવલ



• પ્રકાશક : આચાર્યશ્રી એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

• મુદ્રક : અર્થ કોમ્પ્યૂટર, ૨૭, અડવાણી માર્કેટ, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૩૮૦ ૦૦૪ ફોન : ૫૬૨૪૩૦૬



પરમેશ્વરની વ્યાખ્યાઓ અગણિત છે, કેમ કે તેની વિભૂતિઓ પણ અગણિત છે. એ વિભૂતિઓ મને આશ્ચર્યચકિત કરે છે. એ મને ક્ષણવાર મુગ્ધ પણ કરે છે. પણ હું પૂજારી તો સત્યરૂપી પરમેશ્વરનો જ છું. એ એક જ સત્ય છે અને બીજું બધું મિથ્યા છે. એ સત્ય મને જડ્યું નથી, પણ એનો હું શોધક છું. એ શોધવાને અર્થે જે વસ્તુ મને પ્રિયમાં પ્રિય હોય તેનો ત્યાગ કરવા હું તૈયાર છું, અને એ શોધરૂપી યજ્ઞમાં આ શરીરને પણ હોમવાની મારી તૈયારી છે અને શક્તિ છે એવો મને વિશ્વાસ છે. પણ એ સત્યનો હું સાક્ષાત્કાર ન કરું ત્યાં લગી મારો અંતરાત્મા જેને સત્ય ગણે છે તે કાલ્પનિક સત્યને મારો આધાર ગણી, મારી દીવાદાંડી ગણી, તેને આશ્રયે મારું જીવન હું વ્યતીત કરું છું.

આ માર્ગ જોકે ખાંડાની ધારે ચાલવા જેવો છે છતાં મને એ સહેલામાં સહેલો લાગ્યો છે. એ માર્ગે જતાં મારી ભયંકર ભૂલો પણ મને નજીવી જેવી લાગી છે. કારણ કે એ ભૂલો કરવા છતાં હું બચી ગયો છું અને, મારી સમજણ પ્રમાણે, આગળ વધ્યો છું. દૂર દૂરથી વિશુદ્ધ સત્યની-ઈશ્વરની-ઝાંખી પણ કરી રહ્યો છું. સત્ય જ છે, એ સિવાય બીજું કાંઈ જ આ જગતમાં નથી, એવો મારો વિશ્વાસ દિનપ્રતિદિન વધતો જાય છે... સત્યની શોધનાં સાધનો જેટલાં કઠણ છે તેટલાં જ સહેલાં છે. એ અભિમાનીને અશક્ય લાગે અને એક નિર્દોષ બાળકને તદ્દન શક્ય લાગે. સત્યના શોધકને રજકણથી પણ નીચે રહેવું પડે છે. જગત આખું રજકણને કચડે છે, પણ સત્યનો પૂજારી તો રજકણ સુધ્ધાં તેને કચડી શકે એવો અલ્પ ન બને ત્યાં સુધી તેને સ્વતંત્ર સત્યની ઝાંખી પણ દુર્લભ છે.

'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'માંથી — **ગાંધીજી**

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | સંપાદકીય | | ૩ |
| ૨. | આચાર્યશ્રીનું નિવેદન | પ્રિ.એ. એમ. પટેલ | ૪ |
| ૩. | અધ્યાપકીય મૂલ્યો | શ્રી યશવંત શુક્લ | ૧૩ |
| ૪. | રણદ્વીપ | ઠક્કર નરેન્દ્ર | ૧૫ |
| ૫. | ઓ ! યાદોનાં ઝરણાં-પાનખર-વૃદ્ધતણી વેદના | હિંગુ રાજેશ | ૧૬ |
| ૬. | જિંદગીનો પથ | એન. જે. પંડિત | ૧૭ |
| ૭. | હાઈકુ | પટેલ પ્રફુલ એન. | ૧૮ |
| ૮. | આપણા શૈક્ષણિક પડકારો | પ્રિ. એ. એમ. પટેલ | ૧૯ |
| ૯. | દરિયો | શાહ સચિન એસ. | ૨૧ |
| ૧૦. | વાણિજ્ય વિદ્યાશાખામાં શિક્ષણ, શિક્ષણ આપવાની પદ્ધતિઓ અને મૂલ્યાંકનનું સ્વરૂપ | પ્રિ. આર. એચ. વ્યાસ | ૨૨ |
| ૧૧. | વૈજ્ઞાનિક અભિગમ | પ્રા. રમેશભાઈ બી. શાહ | ૨૫ |
| ૧૨. | શબ્દો-આયુધ અને ઓજાર | પ્રા. બિપિનભાઈ શાહ | ૨૭ |
| ૧૩. | સ્વાભિમાન યા અભિમાન | ચૌધરી હેમંતકુમાર | ૨૮ |
| ૧૪. | જિંદગીની કિતાબ | ભાવિન | ૨૯ |
| ૧૫. | યુદ્ધ | શેખ નસરુદ્દીન | ૩૦ |
| ૧૬. | કૉમર્સ કૉલેજમાં અંગ્રેજીનું શિક્ષણ | ડૉ. વર્ષાબહેન શાહ | ૩૨ |
| ૧૭. | માનવ અધિકારો | ડૉ. ઈલા પાઠક | ૩૫ |
| ૧૮. | નશો નોંતરે નાશ | નિરવકુમાર શાહ | ૩૭ |
| ૧૯. | પ્રેમ અને સત્ય | દિનેશકુમાર પટેલ | ૩૯ |
| ૨૦. | દિલ કે રિશ્તે | કુ. શબાના પરવીન શેખ | ૩૯ |
| ૨૧. | ભારતીય અંગ્રેજી મહિલા નવલકથાકાર-અનિતા દેસાઈ | પ્રા.ધીમંત સોની | ૪૦ |
| ૨૨. | રોકાણના સંદર્ભમાં P/E રેશિયો-એક સામાન્ય ખ્યાલ | પ્રા. એમ. બી. ગાંધી | ૪૩ |
| ૨૩. | મહિયર | કુ. તન્વી દેસાઈ | ૪૫ |
| ૨૪. | હે માનવ 'તું' | પ્રિ. એ. એમ. પટેલ | ૪૬ |
| ૨૫. | આર્થિક વિકાસ અંગેના ડૉ. સેનના વિચારો | પ્રા. શિલ્પા ત્રિવેદી | ૪૭ |
| ૨૬. | બ્રહ્મા | કુ. તન્વી દેસાઈ | ૫૦ |
| ૨૭. | રાતનો ઉજાગરો | નરેન્દ્ર ઠક્કર | ૫૧ |
| ૨૮. | મન | રાજ | ૫૧ |
| ૨૯. | મૂર્તિ | કુ. ફાલ્ગુની આર. પટેલ | ૫૧ |
| ૩૦. | દિશાશૂન્ય યૌવન | મુકેશ એ. ગોવાણી | ૫૨ |
| ૩૧. | કાંસાની વીંટીમાં નારી રૂપ હીરો | એન. જે. પંડિત | ૫૩ |
| ૩૨. | આંખો | હાર્દિક વી. ઠક્કર | ૫૪ |
| ૩૩. | ઈશ્વર | શાહ મલય કે. | ૫૪ |
| ૩૪. | ખુરશીદાસ બેંતાળીશી | ઠક્કર નરેન્દ્ર | ૫૫ |
| ૩૫. | નોકરી અંગે આનુષાંગિક ખર્ચની કપાત અથવા પ્રમાણિત કપાત | પ્રા. એસ. પી. મહેતા | ૫૭ |

| | | | |
|---|---|---|---|
| ૩૬. | ભૂલી ગયા | કુ. જ્યોતિ પરીખ | ૬૦ |
| ૩૭. | વિદાય-અભિલાષા-ઓળખાણ | પ્રિ. એ. એમ. પટેલ | ૬૧ |
| ૩૮. | આજની યુવાની કયા માર્ગે ? | અસામદી નૂરમંહમદ હબીબભાઈ | ૬૨ |
| ૩૯. | દેખાતું નથી | નિરજ આર. ઠક્કર | ૬૩ |
| ૪૦. | ઓહ ! જિંદગી કેવી સુંદર છે ! | કુ. મનીષા જે. ત્રિવેદી | ૬૪ |
| ૪૧. | આનંદ | પટેલ જીતેન્દ્ર એ. | ૬૪ |
| ૪૨. | દેશ હજી સાચા અર્થમાં આઝાદ થયો નથી | રાવલ અમિત પી. | ૬૫ |
| ૪૩. | 'તને ક્યાં ખબર છે !' | રાવલ અમિત પી. | ૬૬ |
| ૪૪. | પ્રવૃત્તિલક્ષી પડતર પદ્ધતિ | પ્રા. જ્યોતિબહેન શાહ | ૬૭ |
| ૪૫. | મેરી માનો જાદુગર | પ્રા. વર્ષાબહેન શાહ | ૬૯ |
| ૪૬. | નામું નિવાર્ય કે અનિવાર્ય ? | પ્રા. રોહિતભાઈ ગાંધી | ૭૨ |
| ૪૭. | એક ઘૂંટાતી અભીપ્સા-મોંઘવારી-શૂન્યતા | કુ. રીટા પરમાર | ૭૪ |
| ૪૮. | માનવ સંપત્તિના હિસાબો | પ્રા. એસ. એ. ચિંતામન | ૭૫ |
| ૪૯. | માનવસંબંધોનું રાજકારણ | પ્રા. નિલેશ પી. સથવારા | ૭૯ |
| ૫૦. | મહેક | કુ. પુષ્પાકુમારી કે. વાઘેલા | ૮૦ |
| ૫૧. | મૃત્યુ | વૃજલાલ વી. મહેશ્વરી | ૮૦ |
| ૫૨. | સમયની કિંમત | કુ. મનીષા ત્રિવેદી | ૮૧ |
| ૫૩. | ક્યાં શોધું ? | ભાવિન | ૮૧ |
| ૫૪. | શૈક્ષણિક સંસ્થાઓમાં ગ્રંથાલયોની ભૂમિકા | કું. પ્રભાબહેન પટ્ટણી | ૮૨ |
| ૫૫. | તમન્ના | દીપક બી. પટેલ | ૮૪ |
| ૫૬. | પ્રતિબિંબ | વૃજલાલ બી. મહેશ્વરી | ૮૪ |
| ૫૭. | અનિશ્ચિતતાના સંદર્ભમાં માંગનું વિશ્લેષણ અને લોકોનું વર્તન | પ્રા. શિલ્પા ત્રિવેદી | ૮૫ |
| ૫૮. | જીવનમાં ઉતારવા જેવું | સંકલન-હાર્દિક વી. ઠક્કર | ૮૮ |
| ૫૯. | એચ. કે. કૉમર્સ કોલેજ પરિવાર | | ૮૯ |
| ૬૦. | કોલેજની રમતગમત ક્ષેત્રની પ્રવૃત્તિઓનું વિહંગાવલોકન | પ્રા. નવીનભાઈ શાહ | ૯૨ |
| ૬૧. | પ્રભુનું ડીંડક | પ્રા. સુમન્તભાઈ દેસાઈ | ૯૩ |
| ૬૨. | આપણી કોલેજની અભ્યાસેત્તર બૌદ્ધિક અને કલાની લગતી પ્રવૃત્તિઓ | પ્રા. સુમન્તભાઈ દેસાઈ | ૯૪ |
| ૬૩. | યાદ આવે છે | અનિલ વી. મહેશ્વરી | ૯૫ |
| ૪૨. | રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિનો અહેવાલ | પ્રા. કમલ શુક્લ | ૯૬ |
| ૪૩. | એન.સી.સી. પ્રવૃત્તિનો અહેવાલ | પ્રા. શ્વેતાંગભાઈ ત્રિવેદી<br>પ્રા. સંધ્યાબહેન પટેલ | ૯૯ |
| ૪૪. | કર્મ એ જ ધર્મ | પ્રા. બિપિનભાઈ શાહ | ૧૦૦ |


❑


## અમારી વિદ્યાસંસ્થાઓના શિરોમણિસભા સંયોજક



શ્રી યશવંતભાઈ શુક્લ

*વટવૃક્ષ સમી છાયા શીતલા, સંતાપ હારિણી*
*શાખા-પ્રશાખામાં વ્યાપી, વિદ્યા-વાસંતી સૌરભ*
*આપનાં નિર્મળા સ્નેહે સીંચ્યાં હૈયાં પ્રફુલ્લિત*
*વિસ્તરી દિક્-દિગન્તે ને શીળી છાયા પ્રસારતા*
*પથદર્શક છો આપ સત્યશોભિત્ યશવંત અમારા.*

# વાર્ષિકોત્સવ પ્રસંગે મુખ્ય અતિથિઓ




વાર્ષિકોત્સવના
મુખ્ય મહેમાન
ઉપકુલપતિશ્રી
**પ્રો. અંબુભાઈ દેસાઈ**
સંસ્થાના વડીલો સાથે



કુલપતિશ્રી
**પ્રો. સતીશભાઈ વૉરા**
વાર્ષિકોત્સવના સમારોહ પ્રસંગે



ઉપકુલપતિશ્રી **પ્રો. કે. એસ. શાસ્ત્રીનું**
વાર્ષિકોત્સવ પ્રસંગે સંબોધન



જયેશ મહેતા એન્ટરટેઈન્મેન્ટ દ્વારા પ્રાયોજિક સંગીત
સ્પર્ધાની 'મિસ્ચિફ' ટ્રોફી મુખ્ય અતિથિ કુલપતિશ્રી
**વૉરા સાહેબના હસ્તે સ્વીકારતાં**
**પાયલ વૈદ્ય અને દીપક ચાવડા**

# ભવ્ય ભૂતકાળની ઝાંખી



વાર્ષિકોત્સવ પ્રસંગે મુખ્ય મહેમાન **શેઠશ્રી જયકૃષ્ણભાઈ** સાથે સંસ્થાના આદ્ય પ્રણેતા
**શ્રી રસિકલાલ છો. પરીખ** અને **શ્રી યશવંત શુકલ**



મંગલ પ્રવચન આપતા
સુપ્રસિદ્ધ કેળવણીકાર,
ભૂતપૂર્વ કુલપતિ (ગુજરાત યુનિવર્સિટી)
**શ્રી ઈશ્વરભાઈ પટેલ**



આશીર્વચનો આપતા સુપ્રસિદ્ધ કવિશ્રી
**સ્નેહરશ્મિ-ઝીણાભાઈ દેસાઈ**

# ભવ્ય ભૂતકાળની ઝાંખી



પ્રખર સાહિત્યકાર અને તત્ત્વચિંતક
કાકાસાહેબ કાલેલકરના મંગલ સાનિધ્યમાં



ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મંત્રી
શ્રી માણેકલાલ શાહનું સ્વાગત કરતા
આચાર્ય શ્રી ધીરુભાઈ વેલવન



પારિતોષિક વિતરણ કરતા ગણિતજ્ઞ
ભૂતપૂર્વ કુલપતિ શ્રી પી. સી. વૈદ્ય



પારિતોષિક વિતરણ કરતા લૉ સોસાયટીના
માનદ્ મંત્રી શ્રી હીરાલાલ ભગવતી

# સંપાદકીય

એચ. કે. કૉમર્સ કૉલેજનો પ્રથમ વાર્ષિક અંક 'સંવેદન' રજૂ કરતાં અમે આનંદ અને સંતોષની લાગણી અનુભવીએ છીએ.

સન્ ૧૯૬૮માં સ્થપાયેલી અમારી કૉલેજ, યુવાનવયે જે વિકાસ પામી રહી છે તે વિકાસની સુરભિ ફેલાવવા આ સામયિક દ્વારા અમે નમ્ર પ્રયાસ કર્યો છે. વિદ્યાર્થીઓ અને અધ્યાપકોની, આ પ્રકાશનની વર્ષો જુની ઈચ્છા હોવા છતાં, આ વર્ષે, પ્રિન્સી. એ. એમ. પટેલ સાહેબની પ્રેરણા, ઉત્સાહ અને શ્રમને પરિણામે, આ સામયિક પ્રગટ કરવામાં અમને સફળતા સાંપડી છે. પટેલ સાહેબ આંકડાશાસ્ત્રના અધ્યાપક હોવા છતાં, વિનયન વિદ્યાશાખામાં વર્ષો સુધી કાર્યરત રહેલા હોવાથી, શિક્ષણની સાથે સાથે, શિક્ષણપૂરક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીના વ્યક્તિત્વવિકાસ અને ચારિત્ર્ય ઘડતર માટે જે અનિવાર્ય છે તે વિભાવનાથી પૂરેપૂરા પરિચિત હોવાથી અમારી કોમર્સ કૉલેજ વિવિધ વિકાસલક્ષી પ્રવૃત્તિઓથી ધમધમે છે. આ સમગ્ર પ્રવૃત્તિઓનો અહેવાલ, વિદ્યાર્થીઓ, વાલીઓ અને તેમના દ્વારા સમાજ સુધી પહોંચતો કરવાના પ્રયાસ રૂપે આ અંકનું આયોજન કરવામાં આવ્યું છે. એક શિક્ષણસંસ્થા કેવી અને કેટલી અસરકારક પ્રવૃત્તિઓ કરી શકે તેનું સ્પષ્ટ પ્રતિબિંબ આ સામયિક ઉપસાવે છે. અમારી કૉલેજ માત્ર અત્યારે જ નહીં, પણ હવે પછી, સદાય પ્રવૃત્તિઓથી ધબકતી રહે તેવી અમારી આશા અને અપેક્ષા છે.

શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં મૌલિકતા અને સ્વતંત્ર રીતે વિચાર કરવાની શક્તિ કેળવાય તે હેતુની સાથે સાથે, તેમનામાં સૌંદર્યદષ્ટિની ખિલવણી અને સર્જનશક્તિનો વિકાસ થાય તે હેતુથી આ સામયિક જન્મ લઈ રહ્યું છે. વિદ્યાર્થીઓએ પોતાના લેખો અને કાવ્યો દ્વારા મોટી સંખ્યામાં ઉમંગભેર ભાગ લીધો છે. તદ્ઉપરાંત પોતાના વિષયમાં સ્વાધ્યાય લેખન કરતા અધ્યાપકોના લેખો આ સામયિકને સમૃદ્ધ બનાવે છે.

આ પ્રથમ અંક હોવાથી, વિદ્યાર્થીઓ અને વાલીઓની જાણકારી માટે સંસ્થાનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. શૈક્ષણિક કામગીરીની વિવિધ વિગતો, આચાર્યશ્રીના નિવેદન દ્વારા પ્રાપ્ત થાય છે. અમારી સંસ્થા મુખ્ય અને મહત્ત્વનું શિક્ષણકાર્ય દક્ષતાથી પુરુ પાડે છે તે અમારાં પરિણામો સૂચવે છે. અભ્યાસપૂરક પ્રવૃત્તિઓનો વિગતવાર અહેવાલ જે તે પ્રવૃત્તિઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.

આ વર્ષ દરમિયાન જે વિદ્વાન વક્તાઓનો લાભ અમારી સંસ્થાને મળ્યો છે તેમના વ્યાખ્યાનના લેખિત સ્વરૂપનો પણ આ અંકમાં સમાવેશ કરી શક્યા છીએ. અમારી સંસ્થાના વડીલોએ આ પ્રથમ અંક હોવાથી આશીર્વચન રૂપે જે લેખો મોકલ્યા છે તે મેળવીને અમે અત્યંત પ્રોત્સાહિત થયાં છીએ.

આ અંકના મુખપૃષ્ઠ પર અમારી સંસ્થાના મકાનનું-વિદ્યાર્થીઓથી વીંટળાયેલા મકાનનું ચિત્ર લેવાનું ઉચિત ધાર્યું છે. સૂક્ષ્મનો વાસ હમેશાં સ્થૂળમાં જ હોય છે. જડક્ષેત્ર એ જ ચેતનનું ભવન છે. ચેતન અને અચેતન સદાય સાથે હોય છે અને તેમના સથવારામાં જ અનંત સૃષ્ટિનું અસ્તિત્વ હોય છે. આ તત્ત્વસ્વરૂપનાં પ્રતીક જેવું અમારું મકાન, ગૌરવશાળી સારસ્વત ભવન છે.

અંકની શરૂઆતમાં જ આર્ટ્સ કૉલેજના આદ્યસ્થાપક-આચાર્ય, તત્વદષ્ટા, પ્રખર શિક્ષણશાસ્ત્રી, જાણીતા સાહિત્યકાર-વિવેચક નગરભૂષણ, રણજિતરામ સુવર્ણચંદ્રક વિજેતા, અમારી સંસ્થાના સંયોજક મુરબ્બીશ્રી યશવંતભાઈની તસવીર, અમારા આદર અને સ્નેહના પ્રતીક રૂપે મૂકવામાં આવી છે. મુ. યશવંતભાઈએ, માત્ર અમારી વિવિધ સંસ્થાઓને જ નહીં પણ સંસ્થામાં કામ કરતી પ્રત્યેક વ્યક્તિને વધુ જીવંત-કાર્યરત-કાર્યક્ષમ બનાવી, પ્રાણ પૂર્યા છે. સૂર્યની જેમ એમની હૂંફ પણ અમને સદાય મળતી રહી છે તે માટે અમે સહુ અત્યંત ઋણી છીએ.

સામયિક પ્રકાશનનો આ અમારો પ્રથમ પ્રયાસ હોવાથી, વારંવાર માર્ગદર્શન મેળવવા વડીલમિત્ર પ્રા. રમેશભાઈ શાહ પાસે અમે પહોંચી ગયા છીએ અને તેમણે હમેશાં, ધીરજપૂર્વક અમને સલાહસૂચનો કર્યાં છે તે માટે અમે તેમના સવિશેષ આભારી છીએ.

આ અંક તૈયાર કરવામાં જે જે મિત્રોએ અમને સહકાર આપ્યો છે તે સહુ પ્રત્યે અમે ઊંડી કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરીએ છીએ.

❑

# આચાર્યશ્રીનું નિવેદન

• પ્રિ. એ. એમ. પટેલ

કૉલેજનું સામયિક એ કૉલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ કરેલા શૈક્ષણિક કાર્યને વાચા આપનારું અંગ છે. કૉલેજમાં વર્ષભર થયેલી પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ પાડતો અરીસો છે. 'સંવેદન'ના નામે તેનો આ પ્રથમ અંક અમે પ્રગટ કરી રહ્યા છીએ તેનો મને આનંદ છે. હવે પછી દરેક વર્ષે 'સંવેદન' પ્રગટ કરવાનો અમારો સંકલ્પ છે.

કૉલેજનું સામયિક બહાર પાડવાનું દૃષ્ટિબિંદુ સમજીએ તો... સામાન્ય રીતે કોલેજો સરકારના કે સમાજના અનુદાનથી ચાલે છે. તેથી કૉલેજે પોતે કરેલ કાર્યોનો સમાજને હેવાલ આપવો જોઈએ તે માટેનું સચોટ માધ્યમ કોલેજનું સામયિક છે.

સામયિક વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને નિયમિતપણે સ્વાધ્યાય કરવાનું, મૌલિક રીતે વિચારવાનું અને સર્જનાત્મક લેખનનું નિમિત્ત પૂરું પાડે છે.

વર્ગશિક્ષણ ઉપરાંત વિદ્યાર્થીઓમાં પડેલી વિવિધ શક્તિઓને શોધીને તેને યોગ્ય વાચા આપવાનું અને વિકસાવવાનું જે કાર્ય અધ્યાપકો કરે છે તેનું પ્રતિબિંબ સામયિક ઝિલે છે.

કૉલેજમાં ચાલતી વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવી કે રમતગમત, એન.સી.સી., રાષ્ટ્રીય સેવા યોજના, ચર્ચાસભા, નાટ્ય વગેરેમાં વિદ્યાર્થીઓની જે રચનાત્મક શક્તિ વ્યક્ત થાય છે તેની નોંધ સામયિકમાં લઈને સ્તુત્ય કાર્યની કદર કરી શકાય છે. આ બધી પ્રવૃત્તિઓને પરિણામે વિદ્યાર્થીઓ અને અધ્યાપકો વચ્ચે આત્મીય સંબંધોનો જે સેતુ રચાય છે તે કોલેજના સામયિકમાં દૃષ્ટિગોચર થાય છે.

## ઐતિહાસિક રૂપરેખા

એચ. કે. કૉમર્સ કૉલેજ બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ હસ્તકની કૉલેજ છે, જેનું સંચાલન ગુજરાત વિદ્યાસભા કરે છે, તેથી ગુજરાત વિદ્યાસભા કૉલેજની માતૃસંસ્થા છે. આજથી દોઢસો વર્ષ પહેલાં ગુજરાતી સાહિત્ય અને ભાષાકીય જ્ઞાનનો વ્યાપ વધે તે દૃષ્ટિએ સર એલેક્ઝાન્ડર કિન્લૉક ફાર્બસ નામના અંગ્રેજ અધિકારીની શુભનિષ્ઠાથી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અસ્તિત્વમાં આવી હતી, જેનું પાછળથી નામાભિધાન ગુજરાત વિદ્યાસભા થયું. આ સંસ્થાને ઉત્તમ વિદ્વાનો, સાહિત્યકારો અને સમાજસેવકોના સહકારથી પ્રથમ વર્તમાનપત્ર, પ્રથમ કન્યાશાળા અને 'બુદ્ધિપ્રકાશ' નામનું પ્રથમ માસિક પ્રગટ કરવાનો યશ પ્રાપ્ત થયો છે. અનેક પ્રકારનું સાહિત્ય અને તેને લગતાં પુસ્તકોનું ગુજરાતીમાં ભાષાંતર કરવામાં આવ્યું છે, તેટલું જ નહીં સંદર્ભગ્રંથો પણ પ્રગટ કરવાનું ભગીરથ કાર્ય આ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે. ઉચ્ચ પ્રકારની વિદ્યાઓ ગુજરાતીમાં પ્રગટે, સંશોધન કાર્ય ધબકતું રહે અને લોકોનું બૌદ્ધિક સ્તર ખીલે તે દૃષ્ટિએ વિદ્યાસભા સતત પ્રયત્નશીલ રહી છે.

સ્વ. કવિશ્રી દલપતરામ, સ્વ. આનંદશંકર ધ્રુવ, સ્વ. દાદાસાહેબ માવલંકર, સ્વ. રસિકલાલ પરીખ, સ્વ. શેઠશ્રી ચીનુભાઈ, સ્વ. લેફ. બળવંતભાઈ ભટ્ટ વિગેરેની કાર્યદક્ષતાને કારણે વિવિધ વિષયોનું અનુસ્નાતક શિક્ષણ અને સંશોધનનું કાર્ય કરવાનું શ્રેય આ સંસ્થાને મળ્યું છે જેને વેગ આપવાનું કામ હાલ ભો.જે.વિદ્યાભવન કરી રહી છે. આ સંસ્થાએ પત્રકારત્વ અને નાટ્યવિદ્યા જેવા વિષયોના શિક્ષણની શરૂઆત કરેલી.

આ સંસ્થા દ્વારા ભો.જે. વિદ્યાભવન ઉપરાંત બ્રહ્મચારી વાડી સંસ્કૃત પાઠશાળા, શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ આર્ટ્સ કૉલેજ, શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ કૉમર્સ કૉલેજ, પ્રેમાભાઈ હૉલ, હીમાભાઈ હૉલ, આર.બી.આર.સી. ગર્લ્સ હાઈસ્કૂલ વિગેરેનું સંચાલન પ્રસંશનીય રીતે ચાલે છે. આ પરંપરાઓને જાળવવાનું કાર્ય શેઠશ્રી શ્રેણિકભાઈ, શેઠશ્રી જયકૃષ્ણભાઈ, પ્રો. કે. કા. શાસ્ત્રી, શ્રી યશવંતભાઈ શુક્લ, પ્રો. પુરુષોત્તમ માવલંકર, ડૉ. ચીનુભાઈ નાયક તેમજ અન્ય વિદ્વાન અધ્યાપકો કરી રહ્યા છે.

## નામાભિધાન

૧૯૫૫માં બ્રહ્મચારી રામાનંદના નામ પરથી રામાનંદ વિદ્યાલય લાલ દરવાજા પાસેના એક બંગલામાં શરૂ કરેલુ. સારા નસીબે વિદ્યાપ્રેમી અને ઉદ્યોગપતિ શેઠશ્રી જયકૃષ્ણભાઈ અને તેમના ભાઈઓએ તેમના પિતાશ્રીની પુણ્યસ્મૃતિમાં કરેલ ઉદાર સખાવતથી આર્ટ્સ કોલેજના નામ સાથે સ્વ. શેઠશ્રી હરિવલ્લભદાસ કાળિદાસનું નામ જોડવામાં આવ્યું અને ટ્રસ્ટે નવું મકાન બનાવવાનું ભગીરથ કાર્ય કર્યું. વાણિજયના શિક્ષણક્ષેત્રે દેશ અને શહેરની જરૂરિયાતને મહત્ત્વનું અંગગણી ટ્રસ્ટે ૧૯૬૮માં આર્ટ્સ કૉલેજના મકાનમાં બપોરના સમયની કોમર્સ કૉલેજ શરૂ કરી.

### આચાર્યો

૧૯૬૮થી ૧૯૮૬ સુધી કુશળ વહીવટકર્તા અને બેન્કીંગ તથા કોમર્સ વિષયના નિષ્ણાત શ્રી ધીરુભાઈ વેલવને આચાર્ય તરીકે સેવાઓ આપેલી. અધ્યાપકોના સહકારથી દૃષ્ટિસંપન્ન અને શૈક્ષણિક નેતૃત્વ દ્વારા કૉલેજે નોંધપાત્ર પ્રગતિ કરી. શ્રી ધીરુભાઈએ ૧૯૮૬ના વર્ષમાં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. પ્રો. વિક્રમભાઈ પંડ્યાએ (૧૬-૬-૮૬થી ૧૬-૧૧-૮૬) અને પ્રો. મહેન્દ્રભાઈ ગાંધીએ (૧૭-૧૧-૮૬ થી ૧૫-૬-૮૭) કાર્યકારી આચાર્ય તરીકે સેવાઓ આપેલી. ૧૯૮૭થી ૧૯૯૫ સુધી દીર્ઘદૃષ્ટા, સૌમ્ય છતાં તેજસ્વી, એકાઉન્ટન્સી વિષયના ઊંડા અભ્યાસી શ્રી આર. એચ. વ્યાસ સાહેબે પોતાની હૈયાસૂઝ, સજ્જન વ્યવહાર અને જ્ઞાન સજ્જતાથી નિષ્ઠાવાન અને શિક્ષણપ્રેમી અધ્યાપકોના સહકારથી કૉલેજની પરંપરાઓને ટકાવીને નોંધપાત્ર પ્રગતિ સાધી અને તેઓ જૂન, ૧૯૯૫માં નિવૃત્ત થયા પછી હું આચાર્ય તરીકેની જવાબદારી યથાશક્તિ નિભાવી રહ્યો છું.

### વિદ્યાર્થીઓ પ્રત્યેનો અભિગમ અને કાર્યપદ્ધતિ

વિદ્યાર્થીઓને સારી રીતે શિક્ષણ આપીને યુનિવર્સિટી પરીક્ષા માટે તૈયાર કરી ઊંચું પરિણામ લાવવા તે આજે કૉલેજનું મુખ્ય અને મહત્ત્વનું કાર્ય ગણાય છે. પરંતુ તે એક આનુષંગિક ઉદ્દેશ છે. વિદ્યાર્થીઓમાં રહેલી અનેકવિધ શક્તિઓને શોધીને તેમનો વિકાસ થાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરીને ચારિત્ર્યનું ઘડતર કરવું એ કૉલેજનો પાયાનો ઉદ્દેશ છે. આ પ્રવૃત્તિ દ્વારા 'કૉલેજ' અને 'કોચિંગ ક્લાસ' વચ્ચેનો ભેદ સ્પષ્ટપણે ઉપસી આવે છે. મર્યાદિત સાધનો અને પ્રવર્તમાન વાતાવરણને લક્ષમાં લઈને પણ પોતાની આળસને ખંખેરી, વિદ્યાર્થીઓ પાસેથી સારી રીતે કામ લઈ પરસ્પરના કર્તવ્યને ઢંઢોળવાનું અને પ્રેરણા આપવાનું મહત્ત્વનું કામ અમે કરીએ છીએ. આ કાર્ય માટે અધ્યાપકોની નિષ્ઠા અને વિદ્યાર્થીઓ પ્રત્યેની તેમની પ્રેમભાવના કારણભૂત છે.

આ ઉદ્દેશો નજર સમક્ષ રાખીને તેને પાર પાડવા નીચે દર્શાવ્યા પ્રમાણેની વિવિધ પ્રવૃત્તિઓ અમે કરીએ છીએ :

(૧) સ્વાધ્યાયલેખન (એસાઇનમેન્ટ) પર વધુ ભાર આપવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓએ કરેલ સ્વાધ્યાયમાં પડતી મુશ્કેલીઓનો ઉકેલ ચાલુ અભ્યાસ દરમિયાન શક્ય બને છે.

(૨) કૉલેજમાં 'પ્રત્યાયન' નામનું ભીંતપત્ર ચલાવીએ છીએ. વિદ્યાર્થીઓએ લખેલા લેખો, વાર્તાઓ, કહેવતો, સ્વરચિત કાવ્યો, કરેલા સંકલ્પો, દોરેલાં ચિત્રો, પાડેલા ફોટા વગેરેને બોર્ડ પર પ્રસિદ્ધ કરવામાં આવે છે. જેનાથી અન્ય વિદ્યાર્થીઓ પ્રેરણા પામી પોતાની શક્તિઓને રુચિ અને રસ પ્રમાણે આગળ ધપાવી શકે છે.

(૩) નોટિસ બોર્ડ પર નિયમિતપણે સુવિચારો લખવામાં આવે છે જે વિદ્યાર્થીઓને નૈતિક આદર્શો પૂરા પાડે છે.

(૪) આંતરિક કસોટીઓ પૂરતી ગંભીરતાથી લેવાય છે અને મૂલ્યાંકનમાં ખોટી ઉદારતા દાખવવામાં આવતી નથી.

(૫) વિશેષ યોગ્યતા મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું પંદરમી ઑગસ્ટે અને ૨૬મી જાન્યુઆરીએ પધારેલ મહાનુભાવોના હાથે અભિવાદન કરવામાં આવે છે અને તેમને પુરસ્કાર પણ આપવામાં આવે છે જેથી બીજા વિદ્યાર્થીઓ તેમાંથી પ્રેરણા લઈ વધુ મહેનત કરવા પ્રેરાય.

### પરીક્ષાઓ શિક્ષણની પ્રક્રિયાઓ બને તેવો અભિગમ

આ માટે –

(૧) વિદ્યાર્થીઓએ પરીક્ષામાં ઉત્તરો લખવામાં કરેલી ભૂલો અધ્યાપકો નોંધી રાખે અને પછી તે વર્ગમાં સુધરાવે તેવો આગ્રહ રાખવામાં આવે છે.

(૨) તપાસેલી ઉત્તરવહીમાં વિદ્યાર્થીની વ્યક્તિગત ભૂલો નોંધીને તેની સાથે ચર્ચા કરવી એવો ઉપક્રમ ચલાવવામાં આવે છે.

(૩) વિદ્યાર્થીઓ નિયમિત અભ્યાસ કરતા રહે તે દૃષ્ટિએ 'હોમવર્ક' પદ્ધતિ અપનાવાય છે. હોમવર્કને આંતરિક ગુણાંકનની ગણતરીમાં મહત્ત્વ અપાય છે.

### વિષય વિભાગ દ્વારા વર્ગશિક્ષણ ઉપરાંતની પૂરક પ્રવૃત્તિઓ

આ માટે –

(૧) અર્થશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓને તે વિભાગના અધ્યાપકો વિધાનસભા, આઈ.આઈ.એમ. સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ વગેરેની રૂબરૂ મુલાકાત લઇ પ્રત્યક્ષ કાર્યવાહીની જાણકારી મેળવે છે.

(૨) એકાઉન્ટન્સી વિષયના અધ્યાપકો વિદ્યાર્થીઓની સાથે આબાદ ડેરી, ઈફકો જેવા એકમોની શૈક્ષણિક

મુલાકાત લે છે. તેમ જ ગ્રેજ્યુએશન પછી શું તેનું માહિતીસભર જ્ઞાન વિદ્યાર્થીઓને આપે છે જે જીવનભાથું બની શકે છે.

(૩) આંકડાશાસ્ત્ર વિભાગ તરફથી બૅન્ક રીક્રૂટમેન્ટ, એલ.આઈ.સી., પોસ્ટ અને ટેલિગ્રાફ, ક્લાસ વન ઑફિસર વગેરેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માહિતીસભર જ્ઞાન આપવામાં આવે છે.

(૪) અંગ્રેજી વિભાગ તરફથી વધારાના વર્ગો ગોઠવીને અંગ્રેજી સાચું અને સારું કેમ લખવું અને બોલવું તેનું પાયાનું શિક્ષણ આપવામાં આવે છે.

### આંતરવિષય અભિગમ કેળવવો

આ માટે –

(૧) વિદ્યાર્થીઓ પોતે અભ્યાસક્રમમાં વિષયો ઉપરાંત અન્ય વિષયો વિશે માહિતી અને જ્ઞાન મેળવે તે માટે વખતોવખત અન્ય વિષયના નિષ્ણાતોના પ્રવચનોનું આયોજન કરવામાં આવે છે જે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વના વિકાસમાં સહાયક બને છે.

(૨) 'સ્ટાફ ટી ક્લબ'માં કૉલેજના અધ્યાપકો દ્વારા થતાં વ્યાખ્યાનો અને ચર્ચાઓમાં પણ આંતરવિષય જાણકારીનો અભિગમ રખાય છે.

(૩) 'સ્ટાફ ટી ક્બલ'માં રિસેસ દરમિયાન અધ્યાપક ખંડમાં જરૂરી સૂચનાઓ, નોટિસો, યુનિવર્સિટી અને સરકારશ્રીના પરિપત્રો વિશે માહિતી આપવામાં આવે છે અને જરૂરી ચર્ચાવિચારણા પણ થાય છે.

(૪) 'સ્ટાફ ટી ક્બલ'ના ઉપક્રમે પરિસંવાદો પણ યોજવામાં આવે છે.

(૫) ગ્રંથાલયનો ઉપયોગ અધ્યાપકો અને વિદ્યાર્થીઓ બને તેટલો વધુ કરે તે માટે ભાર મૂકવામાં આવે છે.

### વિદ્યાર્થી વર્ગમાં નિષ્ક્રિય કે બેધ્યાન ન રહે તેવા પ્રયત્નો

આ માટે –

(૧) સામાન્ય રીતે ભણાવતી વખતે વચ્ચે વચ્ચે વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવાની પદ્ધતિની સાથે પ્રયોગાત્મક રીતે પ્રશ્નો પૂછવાની પદ્ધતિનો ખાસ આગ્રહ રાખવામાં આવે છે.

(૨) વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નો પૂછાય અને તેના જવાબો અધ્યાપકો પાસેથી મેળવાય તેવો આગ્રહ રખાય છે.

(૩) વિદ્યાર્થીઓને વર્ગમાં નોંધ આપવાને બદલે વ્યાખ્યાન સાંભળતાં સાંભળતાં જાતે નોંધ કરે તેવો આગ્રહ રખાય છે. આનાથી વ્યાખ્યાન દરમિયાન વિદ્યાર્થી માનસિક અનુસંધાન સાધવાની સાથે એકાગ્રતા કેળવે છે.

### સ્પર્ધાના આયોજન દ્વારા તાલીમ આપવી

વિદ્યાર્થીઓમાં કૌશલ પ્રગટાવવા અને ઉત્સાહ ટકાવી રાખવા વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવે છે. સ્પર્ધાઓ યોજાતાં પહેલાં વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન અને તાલીમ આપવાના કાર્યને મહત્ત્વનું માનીએ છીએ. તે માટે વિવિધ પ્રવૃત્તિઓના ઇન્ચાર્જ અધ્યાપકો અને અન્ય નિષ્ણાતો દ્વારા તાલીમનું આયોજન કરવામાં આવે છે. કાર્યશિબિર પણ યોજીએ છીએ. દા.ત., ક્વીઝની સ્પર્ધા માટે વાચનસામગ્રી અને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. લેખિત કસોટી યોજીને ગુણાંકને આધારે સ્પર્ધકોની પસંદગી થાય છે. જેથી અન્ય કૉલેજો અને સંસ્થાઓ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પણ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

### વ્યાખ્યાનશ્રેણીનું આયોજન

છેલ્લાં ત્રણ વર્ષથી પ્રિલિમિનરી પરીક્ષા અને વાર્ષિક પરીક્ષા વચ્ચેના સમયગાળામાં અધ્યાપકખંડમાં શૈક્ષણિક સપ્તાહ યોજવામાં આવે છે. તેમાં જુદા જુદા વિષયના મહાનુભાવો અને નિષ્ણાતો પધારીને જુદા જુદા વિષય પર માહિતીસભર અને મનનીય પ્રવચનો આપે છે. પ્રશ્નોતરીથી ચર્ચા રસપ્રદ બની રહે છે. સમગ્રતયા આવા કાર્યક્રમો આનંદ અને જ્ઞાનવર્ધક બને છે.

(૧) મુ. શ્રી યશવંતભાઈ શુક્લે 'શૈક્ષણિક સમસ્યાઓ પ્રશ્નોતરી સ્વરૂપે' અને 'અધ્યાપન ઉપરાંત અધ્યાપકોનું કર્તવ્ય'.

(૨) પ્રિ. આર. એચ. વ્યાસે 'શિક્ષણ પદ્ધતિ અને મૂલ્યાંકન'.

(૩) પ્રો. ધવલભાઈ મહેતાએ 'જગતના આર્થિક પ્રવાહો મેનેજમેન્ટના સંદર્ભમાં' અને 'ભારતમાં મેનેજમેન્ટ ક્ષેત્રે વિકસી રહેલા નવા પ્રવાહો'.

(૪) પ્રો. રમેશભાઈ શાહ 'શિક્ષક તરીકેના મારા અનુભવો' અને શિક્ષણના ઉદ્દેશો.

(૫) ડૉ. ઈલાબેન પાઠકે 'સ્ત્રીઓ પર બળાત્કાર'.

(૬) ડૉ. ચીનુભાઈ નાયકે 'ઇતિહાસની આરસીમાં અમદાવાદ'.

(૭) ડૉ. પી.કે.મહેતાએ 'દૂરસ્થ શિક્ષણ પદ્ધતિ વિભાવના અને ઉપયોગિતા'.

(૮) ડૉ. વર્ષાબહેન શાહે 'સાહિત્યકાર ગુણવંત શાહનું ચિંતન' વગેરે વિષય પર આપેલાં મનનીય પ્રવચનો બદલ અમે કૃતજ્ઞતા અનુભવીએ છીએ.

## અધ્યાપન સાથે વિશેષ યોગ્યતા

અધ્યાપકમિત્રો અધ્યાપન કાર્ય ઉપરાંત પોતાના વિષયના સેમિનારો અને અધિવેશનોમાં ભાગ લઈ પોતાનાં મંતવ્યો અને પેપરો રજૂ કરે છે. આ ઉપરાંત કોલેજ તેમજ યુનિવર્સિટી પરીક્ષાઓના સંચાલનમાં કાર્ય કરવા ઉપરાંત બોર્ડ ઓફ સ્ટડીના સભ્યો તરીકે તેમજ કેટલીક કમિટીઓના ચેરમેન તરીકે પણ સેવાઓ આપી રહ્યા છે. મોટા ભાગના અધ્યાપકો પાઠ્યપુસ્તકોના લેખકો તરીકે પણ કામગીરી બજાવી રહ્યા છે.

ગયા ફેબ્રુઆરી માસમાં યોજાયેલા આંકડાશાસ્ત્ર વિષયના રીફ્રેશર કોર્સમાં પ્રા. ડી. એચ. પ્રજાપતિ અને પ્રા. સી. ડી. પટેલ પસંદગી પામ્યા હતા. કોમર્સ વિષયના બોર્ડ ઑફ સ્ટડીઝ તેમજ ફેકલ્ટીના સભ્ય તરીકે પ્રા. પી. બી. પારેખની સેવાઓ ચાલુ છે. ગયા વર્ષે પ્રા. અમૃતભાઈ શાહ મૅનેજમેન્ટ એસોસિએશનના ચૅરમેનપદે વરણી પામ્યા હતા અને આ વર્ષે યુનિવર્સિટીમાં સૅનેટ સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે. ડૉ. સુરેશભાઈ શુક્લને ગુજરાતી સાહિત્યમાં શેક્સપીયરના સાહિત્યના ભાષાંતરના મૂલ્યાંકનના પ્રોજેક્ટ માટે યુ. જી. સી. તરફથી રૂપિયા ૯૭ હજારનું અનુદાન મળેલ છે.

ડૉ. વર્ષાબહેને 'A critical Comparison of Aristotle's theory of Catharsis with Bharat Muni's theory of Natya Rasas' વિષય પર પીએચ.ડી. કરેલ છે. તેમજ સ્થાનકવાસી જૈન સંપ્રદાયના સાધુ ગિરીશમુનિના જૈન તત્ત્વજ્ઞાન પ્રવચનોના ૩૦૦ પાનાના પુસ્તકનું ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર કરેલ છે. પ્રા. સુમન્તભાઈ દેસાઈએ 'Women and the Southern Myth : A Study of Selected Plays of Tennetssee Williams' વિષય પર એમ.ફીલ. કરેલ છે. પ્રો. સંધ્યાબહેન પટેલે 'પાક-તરાહના પરિવર્તન અને પરિબળો-શેરડી અને ડાંગરની ખેતીનું અર્થશાસ્ત્રીય અધ્યયન' પર એમ.ફીલ. કરેલ છે. પ્રા. કમલભાઈ શુક્લે 'આયોજન દરમિયાન ભારતનો આંતરરાષ્ટ્રીય વેપાર' વિષય પર એમ.ફીલ. કરેલ છે. પ્રા. શિલ્પાબહેન ત્રિવેદીએ 'માંગનો નિયમ એક સૈદ્ધાંતિક સર્વેક્ષણ' વિષય પર એમ.ફીલ. કરેલ છે. પ્રા. જ્યોતિબહેન શાહે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પદવી મેળવેલ છે. પ્રા. નેહાબહેન પટેલે સીટી કોમર્સ કોલેજમાં યોજાયેલ સેમિનારમાં 'ડીસીઝન થીઅરી' પર નોંધપાત્ર માહિતી પૂરી પાડી હતી. પ્રા. નિલોફરબહેન અંબાત 'ટોની મોરીસનના સ્ત્રી સ્વાતંત્ર્ય વિષયના વિચારો' પર એમ.ફીલ. કરી રહ્યાં છે.

વિદ્યાર્થીમંડળના માર્ગદર્શક અધ્યાપક શ્રી બિપિનભાઈ શાહ, એમ. કોમ.ના ઈન્ચાર્જ અધ્યાપક શ્રી મનુભાઈ મોદી, પરીક્ષા ઈન્ચાર્જ અધ્યાપક શ્રી શ્રીકાન્તભાઈ પરીખ, એન.એસ.એસ.ના ઈન્ચાર્જ અધ્યાપક શ્રી કમલભાઈ શુક્લ, કળા અને બૌદ્ધિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વને વિકસાવનાર શ્રી સુમન્તભાઈ દેસાઈ, રમતગમતના ડાયરેક્ટર શ્રી નવીનભાઈ શાહ, એન.સી.સી. ઑફિસર લેફ્ટનન્ટ શ્રી શ્વેતાંગભાઈ ત્રિવેદી તેમજ કોલેજની વિવિધ કામગીરીમાં સીધી યા આડકતરી રીતે સહાયભૂત થનાર અન્ય મિત્રોની કામગીરી પ્રશંસનીય છે.

અધ્યાપકમિત્રોને વિશેષયોગ્યતા મેળવવા બદલ અભિનંદન પાઠવું છું અને હજુ વધુ યોગ્યતા મેળવવા પ્રયત્નશીલ રહેશે એવી આશા રાખું છું.

## નવું પ્રસ્થાન

ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહનું પરિણામ ઊંચું આવવાથી અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવામાં સવિશેષ મુશ્કેલી વર્તાયેલી, તેથી આ મુશ્કેલી હલ કરવા કુલપતિશ્રી અને ઉપકુલપતિશ્રીની વિનંતીને માન આપી યુનિવર્સિટીની મુશ્કેલીમાં સહભાગી થવા મુ. શ્રી યશવંતભાઈ એફ.વાય.બી.કૉમ.નો અંગ્રેજી માધ્યમનો એક નવો વર્ગ સાંજના સમયે શરૂ કરવા સહમત થયા. આ મહાનુભાવોના સંયુક્ત પ્રયત્નોથી અને સરકારશ્રીના સહકારથી અમે અંગ્રેજી માધ્યમના વર્ગો તત્કાલ શરૂ કરી શક્યા. આ વર્ષે અમે દ્વિતીય વર્ષ બી.કૉમ.ના વર્ગો પણ શરૂ કર્યા છે. મને જણાવતાં આનંદ થાય છે કે આ વર્ગોનું યુનિવર્સિટી પરીક્ષાઓનું પરિણામ પણ સંસ્થાની પરંપરાને અનુરૂપ ઊંચું આવ્યું છે. આ માટે પ્રા. એસ. એ. ચિંતામન સવિશેષ મદદરૂપ રહે છે. કોલેજમાં સાંજના સમયે એમ. કોમ.ના વર્ગો પણ ચાલે છે. તેમાં કોસ્ટ એકાઉન્ટન્સીના વિષયો શીખવવામાં આવે છે. અનેક પ્રતિકૂળતાઓ હોવા છતાં વિદ્યાર્થીઓની જરૂરિયાતને લક્ષમાં રાખી કૉલેજના તેમજ અન્ય સંસ્થાઓમાંથી આવતા અધ્યાપકોના સહકારથી

કેન્દ્ર સારી રીતે ચાલે છે તેનું મને ગૌરવ છે. આ તબક્કે તેમનો આભાર માનું છું.

### કૉલેજમાં શીખવાતા વિષયો

સ્નાતક કક્ષા સુધી ફરજિયાત વિષયોની સાથે નીચે પ્રમાણેના વિષયો શિખવવામાં આવે છે :

(અ) મુખ્ય વિષયો : એડવાન્સ્ડ એકાઉન્ટીંગ અને ઓડિટીંગ અને એડવાન્સ્ડ સ્ટેટિસ્ટિક્સ.

(બ) ગૌણ વિષયો : એડવાન્સ્ડ સ્ટેટિસ્ટીક્સ, મેથેમેટિક્સ ફોર સ્ટેટિસ્ટિક્સ, સેક્રેટરિયલ પ્રેક્ટિસ, બેન્કીંગ એન્ડ ફિનાન્સ, એડવાન્સ્ડ એકાઉન્ટીંગ એન્ડ ઑડિટીંગ.

### વિદ્યાર્થીઓની પ્રતિભાની ખિલવણી

વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓને બહાર લાવી તેને યોગ્ય દિશામાં વિકસાવવાનું કામ ખૂબ જ પરિશ્રમ માંગી લે છે. કૉલેજમાં વિદ્યાર્થીઓના અભ્યાસની સાથે સાથે એમના વ્યક્તિત્વના વિકાસ અને વ્યવહારલક્ષી શિક્ષણ માટે પણ કૉલેજ સતત પ્રયત્ન કરે છે. વિદ્યાર્થીઓની પ્રતિભા વિકસે અને એમના વ્યક્તિત્વના વિકાસની સાથે કારકિર્દીમાં પણ ઉપયોગી થાય એ હેતુસર કૉલેજમાં વક્તૃત્વ, શીઘ્ર વક્તૃત્વ, સમૂહ ચર્ચા, કાવ્ય લેખન, કાવ્ય પઠન, પાદપૂર્તિ, એકપાત્રીય અભિનય, સ્કીટ, મિમિક્રી, માઈમ, જી. કે. ક્વીઝ, સુગમ સંગીત, શાસ્ત્રીય સંગીત, પારંપારિક વેશભૂષા, રંગોળી, મહેંદી, કેશગૂંથન, કોલાજ, ક્લે મોડેલીંગ, પોસ્ટર મેકીંગ, ડ્રોઈંગ વિગેરે પ્રવૃત્તિઓ અને એની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.

વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓની સાથે સાથે માનવીય ગુણોને ઢંઢોળી સેવાકીય માર્ગે પ્રેરવાનું કાર્ય કરતી એન.એસ.એસ. પ્રવૃત્તિનું પ્રદાન વિશેષ નોંધ માગી લે છે. એન.એસ.એસ.ની ભાવનાને વરેલો વિદ્યાર્થી સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં પણ ઊંડો રસ દાખવે છે. રક્તદાનની જરૂર પડે કે તુરત જ વાડીલાલ હોસ્પિટલ, સિવિલ હૉસ્પિટલ કે અન્ય દવાખાને વિદ્યાર્થીઓ ઉમંગભેર દોડી જાય છે. અંધશાળા અને વૃદ્ધાશ્રમમાં જઈ સમાજસેવાની પ્રવૃત્તિને પણ જીવંત રાખે છે.

વિદ્યાર્થીઓ સાથે સમયની પરવા કર્યા વગર સતત સંપર્કમાં રહી તેમનામાં પડેલી શક્તિઓને શોધી યોગ્ય માર્ગદર્શન દ્વારા વિવિધક્ષેત્રે યોજાતી સ્પર્ધાઓમાં ભાગ લેતા કરવાનું કાર્ય પ્રા. સુમન્તભાઈ દેસાઈ, પ્રા. કમલભાઈ શુક્લ, પ્રા. દક્ષાબહેન પટેલ, પ્રા. ધીમંત સોની અને સાથી મિત્રો કરે છે તે માટે તેમને અભિનંદન આપું છું અને ગૌરવ અનુભવું છું.

આપણી કૉલેજમાં શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ઉપરાંત અનેકવિધ રમતગમતની પ્રવૃત્તિઓમાં પણ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લે છે અને પોતાના કૌશલ્યનો પરિચય કરાવે છે. વિવિધ સ્પર્ધાઓ જેવી કે ચેસ, કુસ્તી, રાયફલ શૂટિંગ, કરાટે, કબડ્ડી, વૉલીબોલ, ખોખો અને ક્રિકેટ વિગેરેમાં રસ દાખવી અમદાવાદ ઝોન કક્ષાએ, જિલ્લા કક્ષાએ, યુનિવર્સિટી કક્ષાએ, રાજ્ય કક્ષાએ, વેસ્ટ ઝોન અને નેશનલ કક્ષાએ ભાગ લઈ કૉલેજના વિદ્યાર્થીઓએ યશસ્વી સફળતા મેળવી છે. તેમાંયે બહેનોની ક્રિકેટ ટીમે નવમી વખત યુનિવર્સિટીમાં ચેમ્પિયન બની કૉલેજની શોભામાં અનેરો વધારો કર્યો છે. આ માટે ખેલાડી ભાઈબહેનો, રમતગમતમાં ઊંડો રસ દાખવનાર રમત-ગમતના ડાયરેક્ટર પ્રો. નવીનભાઈ શાહ તથા યોગ્ય માર્ગદર્શન આપનાર શ્રી ગૌતમભાઈ શાહ અભિનંદનને પાત્ર છે.

કૉલેજમાં એન.સી.સી.ની પ્રવૃત્તિની નોંધ લેવી જોઈએ. એન.સી.સી.માં ૧૦૫ ભાઈઓ અને ૧૦૦ બહેનોની સંખ્યા ફાળવવામાં આવી છે. તેઓ નિયમિત પરેડમાં જવા ઉપરાંત આર્મી એટેચમેન્ટ, રોક ક્લાઈમ્બીંગ ટ્રેઈનીંગ, બેઝીક લીડરશીપ, એડવાન્સ લીડરશીપ, નેશનલ ઈન્ટીગ્રેશન વગેરે કેમ્પમાં જોડાય છે. કેટલાંક ભાઈ-બહેનો યુથ ફેસ્ટીવલ (ગાંધીનગર)માં પસંદગી પામે છે, સ્વાતંત્ર્ય દિને અને પ્રજાસત્તાકદિનની ઉજવણીમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન આપનાર અને કાર્યરત કરનાર એન. સી. સી. ઑફિસર લેફ્ટનન્ટ પ્રા. શ્વેતાંગભાઈ ત્રિવેદીની સેવાઓને બિરદાવું છું. આ વર્ષે બહેનોના એન.સી.સી.ના કેરટેકર તરીકે પ્રા. સંધ્યાબહેન પટેલને પસંદ કરવામાં આવ્યાં છે જેઓ ટૂંક સમયમાં ઑફિસર ટ્રેઈનીંગમાં જોડાશે.

કૉલેજ વિદ્યાર્થીઓની સ્વતંત્રતામાં અંતરાયરૂપ ન બને અને સ્વતંત્રતા સ્વચ્છંદતામાં ન પરિણમે તેની જાગૃતતા રાખી અમે વિદ્યાર્થીઓ માટે જીન્સ ડે, બ્લેક એન્ડ વ્હાઈટ ડે, ટાઈ એન્ડ સાડી ડે તથા ટ્રેડીશનલ ડેની પણ ઉજવણી કરીએ છીએ. પણ ચોકલેટ ડે અને રોઝ ડે જેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતા નથી.

### વિદ્યાર્થી સંખ્યા

૧૯૯૧-૯૨થી ૧૯૯૮-૯૯ દરમિયાન કૉલેજની સ્નાતક કક્ષા સુધીની વિદ્યાર્થી સંખ્યા ૧૩૦૦થી ૧૭૦૦ની વચ્ચે

રહી છે. ગુણવત્તાના ધોરણે પ્રવેશ અપાતો હોવા છતાં બહેનોની સંખ્યાનું પ્રમાણ છપ્પનથી ચોસઠ ટકાની વચ્ચે રહ્યું છે. કૉલેજમાં વિદ્યાર્થીઓમાં શિસ્ત જળવાય તે માટે આગ્રહી છીએ અને બહેનો પ્રત્યે અઘટિત વર્તન કે વ્યવહાર સાંખી લેવામાં આવતા નથી. છેલ્લાં આઠ વર્ષની વિદ્યાર્થી સંખ્યા અંગેની માહિતી કોષ્ટક નં.૧માં દર્શાવી છે.

## યુનિવર્સિટીની પરીક્ષાનાં પરિણામો

કૉલેજનું પરિણામ હંમેશાં યુનિવર્સિટીના પરિણામની સરખામણીમાં ઊંચું રહે છે. તેનો યશ વિદ્યાર્થીઓ અને મારા સાથી અધ્યાપકોને ઘટે છે. આ વર્ષે તૃતીય વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ સ્ટેટિસ્ટીકસ વિષયમાં યુનિવર્સિટીમાં સૌથી વધુ ગુણ મેળવી કુ. જીજ્ઞા અશોકકુમાર શાહ, 'શ્રી કરમશી જે. સોમૈયા ચંદ્રક' પ્રાપ્ત કરે છે તેથી તે અભિનંદનને પાત્ર છે. અમને તેમની આ સિદ્ધિનો સવિશેષ આનંદ છે.

પોસ્ટ ગ્રેજ્યુએટ સેન્ટરનું પરિણામ પણ ઊંચું આવતું રહ્યું છે. વિદ્યાર્થીઓના અભ્યાસમાં ઊંડો રસ દાખવી ઉત્તમ પરિણામો લાવવાનો અધ્યાપકોનો ઉત્સાહ અભિનંદનને પાત્ર છે. આ વર્ષે એમ.કૉમ.માં કુ. કલ્પનાબહેન ભોગીલાલ પટેલ યુનિવર્સિટીમાં પ્રથમ વર્ગમાં પ્રથમ આવી 'હરગોવનદાસ લક્ષ્મીચંદ ચંદ્રક' વિજેતા બન્યાં છે તેથી તેમને ખૂબ ખૂબ અભિનંદન. વર્ષવાર પરિણામની માહિતી કોષ્ટક નં. ૨માં દર્શાવેલી છે. તેમજ વર્ષવાર અને વર્ગવાર પ્રથમ વર્ગમાં પ્રથમ આવનારની યાદી કોષ્ટક નં. ૩માં દર્શાવેલી છે.

## વિદ્યાર્થી મંડળ

કૉલેજમાં વિદ્યાર્થીમંડળની રચના દર વર્ષે ગુણવત્તાના આધારે કરવામાં આવે છે. અને ગુણવત્તાના ધોરણે વરણી પામેલા વર્ગ પ્રતિનિધિઓમાંથી યુનિવર્સિટીના નિયમ પ્રમાણે કોર્ટમાં અને વેલ્ફેર બોર્ડમાં વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી માટે મતદારો તરીકે નામ મોકલવામાં આવે છે. વિવિધ અભ્યાસપૂરક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓની સામેલગીરી વધે તે અમારો દષ્ટિકોણ છે. ૧૯૯૩-૯૪થી વર્ગપ્રતિનિધિઓની પસંદગી ગુણવત્તાના ધોરણે કરવામાં આવે છે. ૧૯૯૧-૯૨થી વિદ્યાર્થી-મંડળના હોદ્દેદારોની નામાવલી કોષ્ટક નં. ૪માં આપવામાં આવી છે.

## અધ્યાપકો અને અન્ય દાતાઓ તરફથી મળેલાં દાન

અધ્યાપકો અને દાતાઓ તરફથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના શુભ આશયથી પોતાના નામે કે પોતાના કોઈ સ્વજનના નામે નાનું મોટું દાન આપવાનું વલણ જોવા મળે છે. જે ખૂબ જ આનંદદાયક અને ઉત્સાહપ્રેરક છે, તેનો સહર્ષ ઉલ્લેખ કરું તો....

- તૃતીય વર્ષ બી.કૉમ.માં પ્રથમ આવનારને નિવૃત ગ્રંથપાલ શ્રીમતી વર્ષાબહેન પટેલ તરફથી તેમના પિતાશ્રી સ્વ. છોટુભાઈ પટેલના સ્મરણાર્થે ચંદ્રક આપવામાં આવે છે.
- અમારી કૉલેજના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપક શ્રી ઠાકોરભાઈ ઠક્કર તરફથી તેમના પિતાશ્રી સ્વ. નગીનદાસ ઠક્કરના સ્મરણાર્થે કૉલેજમાં દરેક વર્ષમાં અર્થશાસ્ત્ર વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને રોકડ પારિતોષિક આપવામાં આવે છે.
- નિવૃત્ત આચાર્યશ્રી વ્યાસ સાહેબ તરફથી રાષ્ટ્રીય સેવા યોજનામાં શ્રેષ્ઠ શિબિરાર્થી ભાઈ-બહેન દરેકને ૧૦૧-રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવે છે. પ્રો. અમૃતભાઈ શાહ તરફથી બેસ્ટ ડે લીડર ભાઈ અને બહેન દરેકને રૂ.૫૧ અને પ્રો. રોહિતભાઈ ગાંધી તરફથી બેસ્ટ ટુકડી લીડર ભાઈ અને બહેન દરેકને રૂ. ૫૧નો દર વર્ષે પુરસ્કાર આપવામાં આવે છે.

***વિદ્યાર્થીઓને વધુ પ્રોત્સાહિત કરવા માટે તૃતીય વર્ષ બી.કૉમ.ના વર્ગમાં જુદા જુદા વિષયોમાં પ્રથમ ત્રણ નંબરે આવનારને પારિતોષિકો માટે દાન આપનાર પ્રેરણાદાયક દાતાઓ :***

- ●● **તૃ.વ.બી.કૉમ.માં પ્રથમ ત્રણ નંબરે આવનારને** એકાઉન્ટન્સી વિભાગના પ્રો. એસ.એ.ચિંતામન તરફથી તેમના દાદા સ્વ. મહમદભાઈ ચિંતામનના સ્મરણાર્થે રૂ. ૫૦૦૦/-.
- કોમર્શિયલ કોમ્યુનિકેશન વિષયમાં અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. વર્ષાબહેન શાહ તરફથી તેમના પિતાશ્રી ત્રિકમલાલ શાહના સ્મરણાર્થે રૂ. ૫૦૦૦/-
- એકાઉન્ટન્સી વિષયમાં એકાઉન્ટન્સી વિભાગના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ ગાંધી તરફથી તેમના માતૃશ્રી સ્વ. સવિતાબહેન ભાઈલાલભાઈ ગાંધીની સ્મૃતિમાં રૂ.૫૦૦૦/-
- સ્પે. આંકડાશાસ્ત્ર વિષયમાં આંકડાશાસ્ત્ર વિષયના અધ્યાપક શ્રી ચંદુભાઈ ડી. પટેલ તરફથી તેમની સુપુત્રી સ્વ. કીર્તિદાના સ્મરણાર્થે રૂ.૫૦૦૦/-

• બીઝનેસ ઓર્ગેનાઇઝેશન એન્ડ મેનેજમેન્ટ વિષયમાં પટેલ જશવંતલાલ શંકરલાલના સુપુત્ર સ્વ. વિજયકુમારના સ્મરણાર્થે રૂ.૫૦૦૦/-
• બીઝનેસ લૉ વિષયમાં પટેલ મહીપાલ મફતલાલ તરફથી તેમના પિતાશ્રી પટેલ મફતલાલ ઈશ્વરદાસના માનમાં રૂ.૫૦૦૦/-
•• પ્રથમ વર્ષ બી.કોમ.માં પ્રથમ ત્રણ નંબરે આવનારને પટેલ બેચરભાઈ માધવલાલ તરફથી તેમના સુપુત્ર સ્વ. આશિષકુમાર પટેલના સ્મરણાર્થે રૂ.૫૦૦૦નું દાન મળેલ છે.

દાન તરીકે આપેલી રકમ ભલે નાની હોય કે મોટી પણ તેની પાછળની ઉચ્ચ ભાવના દાદ માગી લે તેવી છે. તેને હું હૃદયપૂર્વક બિરદાવું છું અને સંસ્થાવતી સૌ દાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

## કોલેજનું ગ્રંથાલય

ગ્રંથાલય એ કોલેજનું પાયાનું અને અગત્યનું અંગ છે, તેથી કોલેજમાં શીખવાતા દરેક વિષયના ઉત્તમ પુસ્તકો કોલેજના ગ્રંથાલયમાં સુલભ હોય તેવી સુવિધા ઊભી કરવાનો અમારો પ્રયાસ છે. આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ વર્ષ દરમિયાન વિના મૂલ્યે પુસ્તકો મેળવે તેવી જોગવાઈ કરવામાં આવી છે. સાહિત્યમાં રસ ધરાવનાર વાચકો માટે પણ સારા પ્રમાણમાં સાહિત્યનાં પુસ્તકો ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે જેનો લાભ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સારી રીતે મેળવે છે.

## વિશેષ સુવિધાઓ

**વાંચન-ખંડ :**

વાંચનની ઓછી સુવિધાવાળા વિદ્યાર્થીઓ માટે કોલેજમાં વાંચન-ખંડની વ્યવસ્થા કરવામાં આવી છે. પરીક્ષાના દિવસોમાં વધુ સમય માટે વાંચન-ખંડની સુવિધા ઉપલબ્ધ છે.

**અલ્પ સાધન રાહત કેન્દ્ર**

અલ્પ સુવિધા ધરાવતાં વિદ્યાર્થીઓને ફી માફી, ઉપરાંત આ કેન્દ્ર તરફથી અભ્યાસમાં ઉપયોગી પુસ્તકો આપવામાં આવે છે.

**વીડિયો ટી. વી. રૂમ :**

જુદા જુદા વિષયો અને સાહિત્યને લગતી કેસેટ બતાવવામાં આવે છે તેમજ અભ્યાસપૂરક ફિલ્મ પણ બતાવવામાં આવે છે.

**સ્વાસ્થ્ય કેન્દ્ર :**

કોલેજના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને કર્મચારીઓને પ્રાથમિક કક્ષાની દવાઓ અને પ્રાથમિક સારવાર મળી રહે તે હેતુથી કોલેજમાં સ્વાસ્થ્ય કેન્દ્રની સુવિધા કરવામાં આવી છે. તેનો લાભ દર વર્ષે લગભગ ૮૦૦થી ૯૦૦ વિદ્યાર્થીઓ લે છે. ડૉ. માલતીબહેન પરીખ (એમ.ડી.) માનાર્હ સેવાઓ આપે છે.

**સભાગૃહ**

કોલેજમાં ૭૫૦ બેઠકો ધરાવતું સભાગૃહ છે જેમાં શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું અવારનવાર આયોજન કરવામાં આવે છે. ગુજરાત વિદ્યાસભાના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ. શેઠશ્રી ચીનુભાઈ ચીમનલાલની સ્મૃતિમાં તેમના ધર્મપત્ની શ્રીમતી પ્રભાબહેન અને તેમનાં કુટુંબીજનોએ સભાગૃહના નવસંસ્કરણ માટે રૂ. ૧૫ લાખનું દાન આપેલું છે. તેના દ્વારા સભાગૃહ સગવડભર્યો અને અદ્યતન થયો છે. આથી સભાગૃહ સવિશેષ ઉપયોગી બનશે.

**એચ. કે. કૉમ્પ્યૂટર સેન્ટર**

દરેક ક્ષેત્રે કોમ્પ્યૂટર ખૂબ જ ઉપયોગી નીવડ્યું છે તેનું કાર્યક્ષેત્ર પણ વિશાળ છે. સમાજની આ જરૂરિયાતને લક્ષમાં લઈને સંચાલકમંડળે કોલેજથી અલગ કૉમ્પ્યૂટર સેન્ટર શરૂ કર્યું છે. અદ્યતન સાધનો, સમૃદ્ધ ગ્રંથાલય, અનુભવી નિષ્ણાતો, બેચની રખાતી મર્યાદિત સંખ્યા, વ્યક્તિગત મુશ્કેલી પર અપાતું ધ્યાન વગેરેને કારણે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ સરળ બને છે તેમ જ આપણી કોલેજના વિદ્યાર્થીઓને ફીમાં મર્યાદિત રાહત આપવામાં આવે છે. આ સેન્ટરના નિયામક શ્રી દુષ્યંતભાઈ જોષીની દીર્ઘદૃષ્ટિ અને સેવાવૃત્તિ ઉપકારક છે.

## નિવૃત્તિ-વિદાય

કોલેજમાંથી નિવૃત્ત થયેલા અધ્યાપકોનો ઉલ્લેખ કરું તો પ્રિ. ધીરુભાઈ વેલવન, પ્રો. ગીતાબહેન શાહ અને પ્રો. અંજનીબહેન ઉપાધ્યાયે પોતપોતાના કારણસર સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી છે. પ્રિ. આર.એચ.વ્યાસ અને ડૉ. સુરેશભાઈ શુક્લ વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા છે.

આ બધા મિત્રોએ કોલેજને આપેલી નિષ્ઠાભરી અને મૂલ્યવાન સેવાઓ બદલ આનંદ અને સ્નેહની લાગણી સાથે તેમનું સર્વ પ્રકારે શ્રેય ઈચ્છું છું.

બિનશિક્ષક કર્મચારીઓમાંથી શ્રી વર્ષાબહેન પટેલ અને શ્રી ગૌરીબહેન ઉપાધ્યાયે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી છે. સ્વ.

નટવરલાલ દેસાઈ, શ્રી ચીમનભાઈ પટેલ, શ્રી મહેન્દ્રભાઈ શાહ, શ્રી નવીનભાઈ શાહ અને શ્રી મહાશંકર પુરોહિત વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા છે. આ સર્વેએ કાર્યાલયમાં કર્મચારીઓની સંખ્યા અપૂરતી હોવા છતાં વધુ કામ કરીને કોલેજની નિષ્ઠાપૂર્વક સેવા કરી છે. તે માટે તેમના પ્રત્યે આભારની લાગણી સાથે તેમનું સર્વ પ્રકારે શ્રેય ઇચ્છું છું.

યુવાન વયે અવસાન પામેલ પ્રો. સનત મહેતા, શ્રી રાજશ્રીબહેન રાઠોડ, શ્રી માલાજી ઠાકોર અને અકસ્માતથી અવસાન પામેલ શ્રી રામટહેલ યાદવનું સ્મરણ થતાં હું ઊંડા દુઃખની લાગણી અનુભવું છું.

પરિવારના આ સભ્યોના ફોટા અને માહિતી આ અંકમાં અન્યત્ર આપેલાં છે.

### નિમણૂક-આવકાર

નિવૃત્ત થયેલ અધ્યાપકોની ખાલી પડેલી જગ્યાઓ પર તેમજ અંગ્રેજી માધ્યમના નવા વર્ગો શરૂ થવાથી નવા અધ્યાપકોની નિમણૂક કરવામાં આવી છે. અંગ્રેજી વિષયમાં શ્રી ધીમંત સોની અને શ્રી નિલેષ સથવારા, એકાઉન્ટન્સી અને કોમર્સ વિષયમાં શ્રી સઈદ ચિંતામન અને શ્રી જયશ્રીબહેન પટેલ, અર્થશાસ્ત્ર વિષયમાં શ્રી સંધ્યાબહેન પટેલ, શ્રી કમલભાઈ શુક્લ અને ખંડ સમયના વ્યાખ્યાતા શ્રી શિલ્પાબહેન ત્રિવેદી, આંકડાશાસ્ત્ર વિષયમાં ખંડ સમયના વ્યાખ્યાતા શ્રી નેહાબેન પટેલ વગેરેની નિયુક્તિ થઈ છે. શ્રી પ્રભાબહેન પટ્ટણી ગ્રંથપાલ તરીકે પસંદગી પામ્યાં છે.

બિનશિક્ષક કર્મચારીઓ તરીકે શ્રી જયેશ રાવલ, શ્રી હર્ષદ જોટંગિયા, શ્રી સંદીપ શાહ અને શ્રી મહેન્દ્ર રાઠોડ પસંદગી પામ્યાં છે.

સંસ્થામાં જોડાયેલા સૌ મિત્રોને હું પ્રેમથી આવકારું છું. તેઓ વિદ્યાકર્મથી, નિષ્ઠાપૂર્વક અને નીતિમત્તાનાં ધોરણો જાળવીને સંસ્થાની પ્રતિષ્ઠા વધારશે તેવી મને શ્રદ્ધા છે.

### આભાર

કૉલેજની પ્રગતિ એટલે કૉલેજના પરિવારના સભ્યોના સંયુક્ત પ્રયત્નોનો નિચોડ એમ હું નમ્રભાવે માનું છું. સૌના સહકારથી **'સંવેદન'** અંકનું પ્રકાશન કરી શક્યા છીએ તેનો આનંદ પણ વ્યક્ત કરું છું.

મુ. શ્રી યશવંતભાઈએ ૮૪ વર્ષે પણ અનેક રોકાણોમાં વ્યસ્ત હોવા છતાં સંસ્થાની પ્રણાલિકા અને ગૌરવગાથાને વાચા આપતા અમારા **'સંવેદન'** સામયિકને વારંવાર યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી અમને પ્રોત્સાહિત કર્યા છે તે માટે અમે તેમના ખૂબ જ આભારી છીએ. અમારી આર્ટ્સ કૉલેજના નિવૃત્ત અધ્યાપક પ્રો. રમેશભાઈ શાહે લેખો અંગેનું માર્ગદર્શન અને તેની સુધારણા, શૈક્ષણિક સપ્તાહમાં આપેલ યોગદાન અને વિચારપ્રેરક લેખ આપવા બદલ તેમજ ડૉ. ઈલાબહેન પાઠક અને ભૂતપૂર્વ આચાર્ય શ્રી રજનીકાન્ત વ્યાસ શૈક્ષણિક સપ્તાહમાં સહર્ષ સહભાગી બની તેમજ લેખ આપી અમને કૃતાર્થ કર્યા છે તેથી આ મિત્રોનો હૃદયપૂર્વક આભાર માનું છું.

લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ (સાઉથ)ના સહયોગથી વ્યક્તિત્વ વિકાસ અને નેતૃત્વના વર્કશોપમાં 'વક્તૃત્વ કળા' પર પ્રવચન આપનાર શ્રી સૌરભભાઈ ચોક્સી, ઈન્ટરવ્યૂ ટેકનિક (ઇન્ટરવ્યૂ ખંડમાં પ્રવેશ્યા પહેલાં) પર પ્રવચન આપનાર શ્રી અજીતભાઈ શાહ, 'દુનિયામાં કશું અશક્ય નથી' પર પ્રવચન આપનાર શ્રી. આર. કે. ચોપરા, 'તક ઝડપો' પર પ્રવચન આપનાર ડૉ. ભરતભાઈ ભગત વગેરેનો હૃદયપૂર્વક આભાર માનું છું.

લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ (મેઈન)ના સહયોગથી 'સફળ વક્તૃત્વ શક્તિ અને સક્ષમ નેતૃત્વ'ના વર્કશોપમાં 'પબ્લિક સ્પીકીંગ' પર પ્રવચન આપનાર શ્રી હરિવદન મહેતા, 'કારકિર્દી માર્ગદર્શન' પર પ્રવચન આપનાર શ્રી ગોપાળભાઈ ભટ્ટ, 'ઈન્ટરવ્યૂ ટેકનીક' (ઇન્ટરવ્યૂ ખંડમાં પ્રવેશ્યા પછી) પર પ્રવચન આપનાર શ્રી હીમલ પરીખ વગેરે પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

અમદાવાદ જીલ્લા સહકારી સંઘ તરફથી સહકારી પ્રવૃત્તિઓના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયેલા તેથી બે બેચની ગોઠવણ કરવામાં આવી હતી. અઠવાડિયા સુધી ચાલેલા આ વર્કશોપમાં જુદા જુદા વક્તાઓએ વિવિધક્ષેત્રે સહકારી પ્રવૃત્તિઓની માહિતીસભર અને પ્રેરણાસભર માહિતી પૂરી પાડી હતી તેથી આ પ્રવૃત્તિના સંચાલક શ્રીમતી પન્નાબહેન શાહ અને તેમના સાથીદારોનો આભાર માનું છું.

અમારી પ્રવૃત્તિઓને વેગ આપનાર અને સહાયભૂત થનાર અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી રમીલાબહેન દેસાઈ, રૂપાવટી ગામના સરપંચ શ્રી મોહનભાઈ ભરવાડ, ઉત્તમ ડેરીના ચેરમેન શ્રી સુરેશભાઈ ભરવાડ, અમદાવાદ જિલ્લા સહકારી સંઘના પ્રમુખ શ્રી દશરથભાઈ પટેલ, લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ (સાઉથ)ના પ્રમુખ લાયન સૌરભભાઈ ચોક્સી અને લાયનેસ

સંધ્યાબહેન પટેલ, લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ (મેઈન)ના પ્રમુખ લાયન અનુરાગ પારેખ વગેરેનો આ તબક્કે આભાર માનું છું.

અમારી ભગિની સંસ્થા એચ.કે.આર્ટ્સ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય શ્રી હીરુભાઈ ભટ્ટ, વર્તમાન આચાર્ય શ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ, પ્રા. મદનમોહન વૈષ્ણવ, પ્રા. હર્ષદેવ જાની અને અન્ય અધ્યાપકમિત્રોએ આપેલ માર્ગદર્શન માટે તથા વિવિધ કામગીરીઓમાં સહાય કરવા માટે તેમનો આભારી છું.

એચ. કે. કૉમ્પ્યૂટર સેન્ટરના ડાયરેક્ટર શ્રી દુષ્યન્તભાઈ જોષી કૉમ્પ્યૂટર અને તેની ઉપયોગીતા વિશે વિદ્યાર્થીઓને દર વર્ષે રસપ્રદ માહિતી પૂરી પાડે છે.

સુવિચારોનું કૉલમ પોતાના રસથી કર્મચારીમિત્ર શ્રી વ્રજલાલ મહેશ્વરી નિયમિતપણે લખે છે.

ભગિની સંસ્થા આર્ટ્સ કૉલેજના ભૂગોળ વિષયના પ્રો. મહેશભાઈ ઠાકોરે નવેમ્બર '૯૮માં થયેલા ઉલ્કાવર્ષા ટેમ્પલ ટટર ધૂમકેતુ કાટમાળ સિંહ રાશીમાં થયેલ તેનું તલસ્પર્શી જ્ઞાન પૂરું પાડેલું.

આ તબક્કે આ મિત્રોનો હૃદયપૂર્વક આભાર માનું છું.

આ અંક તૈયાર કરવા માટે સંપાદક સમિતિના સભ્યોએ જે કામગીરી બજાવી છે તે માટે હું તેમનો આભાર માનું છું. ડૉ. વર્ષાબહેન શાહ અને પ્રા. બિપિનભાઈ શાહે વિદ્યાર્થીઓને લખવા પ્રેરી લેખોનું સંકલન અને સંપાદન કર્યું છે તે માટે સવિશેષ આભારી છું.

મુખપૃષ્ઠ ઉપરના કૉલેજના મકાનની તસવીર શાહ નિરવે (એસ.વાય.બી.કૉમ.) પાડેલ છે તેનું અમને ગૌરવ છે.

આ સામયિકનું ચોક્સાઈપૂર્વક પ્રૂફરીડિંગ કરવા બદલ પ્રા. ડૉ. શ્રદ્ધાબહેન ત્રિવેદી, પ્રા. રવિન્દ્ર ખાંડવાલા, પ્રા. હેમંતકુમાર શાહ તેમજ અન્ય મિત્રોનો આભારી છું. માહિતી એકત્રિત કરવામાં કૉલેજના કર્મચારીમિત્રોએ આપેલ સહકાર બદલ તેમનો અને નિવૃત્ત અધ્યાપકોના તેમજ અન્યના ફોટા લાવી આપવા માટે શ્રી પ્રવીણભાઈ બ્રહ્મભટ્ટનો આભાર માનું છું.

આ કામને પોતાનું કામ સમજીને સમયસર **'સંવેદન'** અંક છાપવા બદલ શ્રી કનુભાઈ [illegible]નો આભાર માનું છું.

❑

## જ્ઞાનનું મૂળ ભક્તિ

બ્રાહ્મણસમાજના સુપ્રસિદ્ધ તત્ત્વવેત્તા શ્રી કેશવચંદ્ર સેન એકવાર ભગવાન રામકૃષ્ણને મળવા દક્ષિણેશ્વર મંદિરમાં ગયા. થોડી વાર વાત કર્યા પછી તેમણે શ્રીરામકૃષ્ણને કહ્યું : 'સમજમાં નથી આવતું કે લોકો ચાહે એટલા ભણ્યાગણ્યા હોય તોયે સંસારની માયાજાળમાં ફસાયેલા કેમ રહે છે ? તેમનામાં જ્ઞાનનો ઉદય કેમ નથી થતો ?'

શ્રીરામકૃષ્ણ બોલ્યા : 'સમડીઓ આકાશમાં બહુ ઊંચે શુદ્ધ હવામાં ઊડતી હોય છે. પણ સાથે સાથે જ તેમની નજર નીચે પડેલાં મરેલાં પ્રાણીનાં માંસ તથા હાડકાં પર જ રહે છે.

આપણે ગમે તેટલી ઊંચી જાતનાં પુસ્તકો વાંચીએ, પણ મન તો માયાના વશમાં આવી જાય છે. કેવળ વિદ્યાથી જ્ઞાન મેળવી નથી શકાતું. અનેક પ્રકારનાં આશાનાં બંધનો જ્ઞાનના માર્ગમાં અડચણો ઊભી કરે છે. વિદ્યાથી આપણે ભાષાનું પાંડિત્ય, શુદ્ધ ઉચ્ચાર અને અટક્યા વગર શ્લોકો બોલવાનું પ્રાપ્ત કરી શકીએ છીએ. આપણી ઈચ્છાઓ આપણા સ્વભાવ પ્રમાણે આપણને ઊંચે કે નીચે લઈ જાય છે. કામિની-કાંચનના પાશમાં આપણે આવી જઈએ તો આપણે ગમે એટલા મોટા પંડિત હોઈએ તોય કશા કામના ન રહીએ. હા, ખૂબ વાંચીને આપણે મોટાં મોટાં વ્યાખ્યાનો ભલે આપી શકીએ, વાદવિવાદ કરીને આપણે શ્રોતાઓને ચકિત કરી શકીએ, પરંતુ આપણું મન ભક્તિથી પ્રવીને પરમાત્મા તરફ ન જાય તો એ સઘળું પાંડિત્ય વ્યર્થ જશે.'



વર્તમાન આચાર્ય શ્રી એ. એમ. પટેલ
બિનહરીફ સેનેટ સભ્ય, ગુજરાત યુનિવર્સિટી



નિવૃત્ત આચાર્ય
શ્રી ધીરુભાઈ વેલવન
(૧૯૬૮-૧૯૮૬)



નિવૃત્ત આચાર્ય
શ્રી આર. એચ. વ્યાસ
(૧૯૮૭-૧૯૯૫)

# ચંદ્રક વિજેતા એન.સી.સી. કેડેટ્સ



એન.સી.સી. કેડેટ્સને
પારિતોષિક એનાયત કરતા
**આચાર્ય શ્રી એ. એમ. પેટલ**

વાર્ષિકોત્સવના
પ્રસંગે
**પ્રમુખશ્રી યશવંતભાઈ**
સાથે એન.સી.સી. કેડેટ્સ



**એન.એસ.એસ.ની પ્રવૃત્તિના ભૂતપૂર્વ ઇન્ચાર્જ અધ્યાપકો**



પ્રા. રોહિતભાઈ ગાંધી
(૧૯૭૬ થી ૧૯૮૬)



પ્રા. એ. એસ. શાહ
(૧૯૮૯ થી ૧૯૯૫)
• સેનેટ સભ્ય ગુ. યુનિ. •

**યુનિ.માં ચંદ્રક વિજેતા વિદ્યાર્થિનીઓ**
**(એપ્રિલ, '૯૮)**



જિજ્ઞા શાહ
એડવાન્સ સ્ટેટિસ્ટીક્સમાં
પ્રથમ વર્ગમાં પ્રથમ



કલ્પના બી. પટેલ
એમ.કૉમ.માં
પ્રથમ વર્ગમાં પ્રથમ

# અધ્યાપકીય મૂલ્યો

• શ્રી યશવન્ત શુકલ

અધ્યાપકીય મૂલ્યો અંગે મારે કંઈક લખી દેવું એવી આચાર્યશ્રી અંબુભાઈ પટેલની વિનંતીને માન આપીને હું બે અક્ષર લખવા પ્રવૃત્ત થયો છું. ત્યારે જે પહેલી વાત મારે સ્પષ્ટ કરવાની છે તે એ કે મારે કશું જ નવું કહેવાનું નથી, જમાનાઓથી એ મૂલ્યો સ્પષ્ટ થતાં જ રહ્યાં છે.

વિદ્યાક્ષેત્રે જે બે ડગલાં આગળ હોય તે બે ડગલાં પાછળ હોય તેને માર્ગદર્શન આપે તેને અધ્યાપન કહેવાય.

પોતાના વિષયના જ્ઞાનનું ટોચનું બિન્દુ તે તો અધ્યાપકને પણ હાથ આવ્યું નથી. જે સંમિલિત જ્ઞાન છે તે એણે પોતાની ચેતનામાં સંગ્રહ્યું છે. તેને વિશે એ વિચાર ચલાવે છે, પોતાના વિચારોને વ્યવસ્થિત કરીને તેમને એ અભિવ્યક્તિક્ષમ બનાવે છે. નવા જ્ઞાનને એ વિલોકે પણ છે. આમ, જ્ઞાનાર્જનની ભૂમિકાએ જે બે ડગલાં આગળ તે અધ્યાપક. અને બે ડગલાં પાછળ તે વિદ્યાર્થી. પણ અધ્યાપક અને વિદ્યાર્થી મૂલતઃ વિદ્યાના એટલે કે જ્ઞાનના જ અર્થી કહેતાં ગરજવાન હોય છે અથવા હોવા ઘટે છે.

હવે જ્ઞાન તો વિસ્તરતું જ રહે છે. આ વિસ્તરતા જ્ઞાનને પોતાની ચેતનામાં સંઘરવું, એટલે કે સ્પષ્ટ કરવું, અને એ હદે સ્પષ્ટ કરવું, જેથી બીજાને તે આપી શકાય તે સાચા અધ્યાપકની પ્રવૃત્તિ હોય છે. આ પ્રવૃત્તિ ભલી ભાતે કરી શકાય તે માટે તેણે સમય કાઢવો જોઈએ, જ્ઞાન પાસે જવું જોઈએ, એટલે કે, અધ્યયન કરવું જોઈએ, અધ્યયન કરતાં કરતાં વિષય પરત્વે ચિંતનમનન કરવું જોઈએ, અને વિષય પોતાની ચેતનામાં બરાબર સ્પષ્ટ થાય ત્યાર પછી પોતાના વિદ્યાર્થીઓ સમક્ષ તેને રજૂ કરવો જોઈએ. આટલો શિક્ષકધર્મ બજાવવાને તત્પર હોય તેવા જ્ઞાનવાનને માટે અધ્યાપકીય મૂલ્યો સ્પષ્ટ થવાં ઘટે.

જે પહેલી મુદ્દાની વાત આ સ્તરે કહેવી ઘટે તે એ છે કે અધ્યાપકને જ્ઞાન માટે પ્રેમ હોવો જોઈએ. પોતાની વિદ્યામાં તે સતત ઉમેરો કરતો રહેતો હોવો જોઈએ અને પોતાની ચેતનાને એમ કરીને તે વિસ્તારતો હોવો જોઈએ. આ તેનો જ્ઞાન માટેનો પ્રેમ થયો.

આ પછી પોતાની ચેતનામાં બરાબર સ્પષ્ટ થયેલું આ જ્ઞાન તે પોતાને સોંપાયેલા વિદ્યાર્થીઓને આપવા પ્રવૃત્ત થવો જોઈએ. આ પ્રક્રિયા ઘણી જ સૂક્ષ્મ છે. એ જ્ઞાન માટેના પ્રેમની અને વિદ્યાર્થીઓ માટેના પ્રેમની પ્રક્રિયા છે. પોતાની સમજણનું વાણીમાં રૂપાન્તર કરવાની આ પ્રક્રિયામાં આ ઊભય પ્રકારનો પ્રેમ પ્રગટ થતો હોય છે. જગતમાં સંચિત થયેલા જ્ઞાનનો કણેકણ આ રીતે જ આવિર્ભાવ પામેલો છે.

આટલી સૂક્ષ્મ વાત તો ભણાવનારના દિલમાં સ્પષ્ટ હોય તો એનું ભણાવેલું ઊગી નીકળે છે. પણ આટલી વાત સ્પષ્ટ ત્યારે બને, જ્યારે ભણાવનારને જ્ઞાન માટે લગની હોય, અને વિદ્યાર્થીઓ માટે પ્રેમ હોય. આટલું થતાં જે આનંદ નિર્મિતિ થાય છે તેનો અનુભવ પ્રત્યેક સાચા અધ્યાપકને થયા વિના રહ્યો ન જ હોય. એને જ્યારે વિદ્યાર્થીઓ વિંટળાઈ વળે, ભાતભાતના સવાલો પૂછે અને એ પણ અકળાયા વિના કે હાર્યાથાક્યા વિના વિદ્યાર્થીઓની જિજ્ઞાસાને સંતૃપ્ત કરવાને તત્પર હોય ત્યારે અધ્યાપકીય મૂલ્યોની આખી સૃષ્ટિ ઉઘડી રહે છે.

એ અધ્યાપકીય મૂલ્યોમાં મુખ્ય તે પોતાના વિદ્યાર્થીઓને અર્ધે રસ્તે મળવાની ધગશ હોય તે છે. જ્ઞાનની ભૂમિકાએ બે આત્માઓના મિલનની, કહો કે, વિદ્યાર્થીઓના આત્માઓ અને અધ્યાપકના આત્માના મિલનની આ પ્રક્રિયા ત્યારે જ જીવંત બને, જ્યારે અધ્યાપક વિદ્યાર્થીઓને મળવા માટે તત્પર હોય, એણે એ માટે સઘળી પૂર્વ તૈયારીઓ કરી લીધી હોય.

અધ્યાપન કેવળ સ્વકીય જ્ઞાનગ્રહણ પર નિર્ભર નથી. સંચિત કરેલા જ્ઞાનના વિતરણની આ પ્રક્રિયા વિશિષ્ટ સાધના માગી લે છે. પોતે જે જ્ઞાનવિષયને વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવા માટે પ્રવૃત્ત થવાનો હોય તેની ભૂગોળ વિશે, તેની બારીકીઓ વિશે, તેણે પૂર્વવિચાર કરેલો હોય તે ખૂબ જરૂરનું છે. જેમ જેમ જ્ઞાન ઉપલાને ઉપલા સ્તરે જતું જાય તેમ તેમ આ પ્રક્રિયા વધારે ઊંડી, વધારે વેગવાન બનતી જવી જોઈએ. અધ્યાપકને પોતાને જ્ઞાનપ્રાપ્તિની સારી રુચિ, સાચી ગરજ હોય તે વિના આટલું થવું શક્ય નથી.

અહીં ભાષાનો પ્રશ્ન પણ આવે છે, કેમકે, એકનું જ્ઞાન બીજાની ચેતનામાં સરે તેનું માધ્યમ ભાષા છે. એ ભાષામાં જે તે જ્ઞાનવિષયની વિશિષ્ટ સંજ્ઞાઓનો પણ સમાવેશ થઈ જતો હોય છે. પણ ઉપર જે પૂર્વવિચારની

વાત કરી તેમાં પોતાના વિદ્યાર્થીઓ સમક્ષ જ્ઞાનવિષયને એ કેવી રીતે ને કેવી ભાષામાં રજૂ કરવો તેનો પણ વિચાર થવો જોઈએ. એક પુસ્તક જે રીતે જ્ઞાનવિષયનું નિરૂપણ કરતું હોય તે કરતાં વર્ગમાં એક શિક્ષક પોતાના વિદ્યાર્થીઓ સમક્ષ જ્ઞાન વિષયનું નિરૂપણ કરે તેની રીત જુદી હોય છે. પુસ્તકને પોતાનો અદૃષ્ટ વાચકવર્ગ અમુક સજ્જતા ધરાવતો હોય એવી અપેક્ષા હોય છે, જ્યારે શિક્ષકે તો વિદ્યાર્થીની પ્રત્યક્ષ મુશ્કેલીઓ દૂર કરવાની હોય છે, વિવિધ પ્રયુક્તિઓથી તે દૂર કરવી પડે છે. એટલે શિક્ષકની તૈયારીઓ અનેક પ્રકારની હોવી ઘટે છે.

❑

## પ્રેરક પત્ર : પુત્રના નામે

(ઉદ્યોગ ક્ષેત્રના મહર્ષિ દૃષ્ટા તથા કર્મયોગી સ્વ. ઘનશ્યામદાસજી બિરલા દ્વારા તેમના સુપુત્ર શ્રી વસન્તકુમાર બિરલાના નામે લખાયેલ પ્રેરક પત્રનો થોડોક ભાગ અહીં આપ્યો છે.)

ચિ. વસન્ત

આજે હું લખું છું તે મોટો થાય ત્યારે તથા ઘડપણમાં પણ વાંચજે. મારા અનુભવની વાત કહું છું, સંસારમાં મનુષ્ય જન્મ દુર્લભ છે એ સત્ય વાત છે અને મનુષ્યજન્મ મેળવીને જેમણે શરીરનો દુરુપયોગ કર્યો તે પશુ સમાન છે, તારી પાસે ધન છે, સારાં સાધનો છે તેનો સેવા માટે ઉપયોગ કર્યો તો તે શુદ્ધ અને પવિત્ર વાત છે, નહિતર તે બધું શેતાનના હથિયાર બરાબર છે તું આટલી વાતનો ખ્યાલ રાખજે.

(૧) ધનનો ઉપયોગ મોજશોખમાં કદી પણ કરતો નહીં. રાવણે મોજશોખ કર્યો હતો, જનકે સેવા કરી હતી. ધન કાયમ માટે રહેતું પણ નથી માટે જેટલા દિવસો તે તારી પાસે છે તેનો ઉપયોગ સેવા માટે કરજે. પોતાની જાત માટે ઓછામાં ઓછો ખર્ચ કરજે અને બાકી બધું દીન દુઃખીયાનાં દુઃખ દૂર કરવામાં વાપરજે.

(૨) ધન એક શક્તિ છે, તે શક્તિના નશામાં કોઈકની સાથે અન્યાય થઈ જવાનો સંભવ છે તેનું ધ્યાન રાખજે.

(૩) તારા સંતાન માટે પણ આ જ ઉપદેશ આપતો જજે. જો બાળકો એશ-આરામ કરવાવાળા હશે તો તે પાપ આચરશે અને વેપાર-ધંધાનો સર્વનાશ કરી દેશે. એવા નાલાયકોને ધન કદી પણ આપવું નહીં. ધન આવાના હાથમાં જાય તે પહેલાં જ ગરીબોમાં વહેંચી દેજે. કારણ તું એમ જ સમજજે કે તું તે ધનનો ટ્રસ્ટી માત્ર છે. અમે ભાઈઓએ ધંધા-વેપારને વધાર્યો છે તેમ સમજીને કે તમે લોકો ધનનો સદુપયોગ કરશો.

(૪) સદાય એ ધ્યાન રાખવું કે તમારું ધન તે જનતાની થાપણ છે. તમે તમારા સ્વાર્થ માટે તેનો ઉપયોગ કરી શકતા નથી.

(૫) ભગવાનને કોઈ દિવસ ભૂલતા નહીં, તે આપણને સદ્‌બુદ્ધિ આપે છે.

(૬) ઇન્દ્રયો ઉપર કાબૂ રાખજો, નહિતર તે તમને ડુબાડી દેશે.

(૭) દરરોજ નિયમપૂર્વક વ્યવસાય કરવો.

(૮) ભોજનને દવા સમજીને લેવું. જે સ્વાદને વશ થઈને ખાય છે તે જલદી મૃત્યુ પામે છે અને કાર્ય કોઈ કરી શકતા નથી.

# રણદ્વીપ

• ઠક્કર નરેન્દ્ર સી. 'આકાશ' (ટી.વાય.બી.કૉમ.)

દર વરસે વરસાદ કોઈ કોઈ વાર રૌદ્ર રૂપ ધારણ કરતો હોય છે; પણ આ વખતનો વરસાદ તો જાણે તારાજ કરવા જ આવ્યો હતો. શહેરના પછાત વિસ્તારની એક ઝૂંપડપટ્ટીમાં તો તેણે ખૂબ જ તારાજી સર્જી દીધી. અમે સૌ મિત્રો એન. એસ. એસ.ના ઉપક્રમે ત્યાં સેવાકાર્ય માટે જઈ રહ્યા હતા. રેહાનાએ કહ્યું, 'આ ગરીબો પણ આવા એરિયામાં શા માટે રહીને હેરાન થતા હશે ?'

મારાથી ન રહેવાયું : 'તમારા જેવા આયાતી ફર્નિચરથી સજ્જ, ત્રણ બેડરૂમ્સના ફ્લેટ તેમને પરવડતા નથી ને એટલે !'

બસ, પછી તો કોઈ પોતાના કપડાના, કોઈ રૂપના, કોઈ પોતાની બાઈકના વખાણ કરતું રહ્યું. લાગ્યું કે જાણે અમે બધા સેવાકાર્ય કરવા નહીં પણ હિલ સ્ટેશનની મજા માણવા જઈ રહ્યા હતા.

અમારા સર શિસ્તના આગ્રહી હતા એટલે ત્યાં પહોંચ્યા બાદ બધા જ વિદ્યાર્થીઓ તેમને સોંપાયેલ કામે લાગી ગયા. જો કે, બધા જ કાંઈ મન દઈને કામ નહીં કરતા હોય. કેટલાક તો સર્ટિફીકેટ મેળવવાની લાલચમાં જાણે પરાણે કાર્ય કરી રહ્યા હતા ! ! !

હું અમારી ટુકડી સાથે અમને જે વિસ્તાર ફાળવવામાં આવ્યો હતો ત્યાં જઈ રહ્યો હતો. હવે તો ઝૂંપડાં પણ ભૂતકાળમાં વિલીન થઈ ચૂક્યાં હતાં. પણ ઠેકઠેકાણે તૂટેલા કોથળા, સાડીઓ, ધોતિયાં વગેરેની બનેલી 'ઝૂંપડીઓ' ઊભી થઈ ગઈ હતી. અમે એવી જ એક ઝૂંપડીમાં પ્રવેશી રહ્યા હતા કે, બાજુની ઝૂંપડીમાંથી કોઈ જાણીતી વ્યક્તિ બહાર નીકળી અમે આવ્યા હતા તેનાથી વિરુદ્ધ દિશામાં સડસડાટ ચાલી ગઈ.

હા, એ ગઈ સાલ અમારી કૉલેજના છેલ્લા વર્ષમાં ભણતો હતો અને યુનિવર્સિટી ફર્સ્ટ આવ્યો હતો એ જ અવશેષ હતો. અવશેષ સાદગીનું શ્રેષ્ઠ ઉદાહરણ હતો. બસ, નીચી નજરે કૉલેજમાં આવવું ને બધા જ 'લેકચર્સ' એટેન્ડ કરી નીચી નજરે પાછા જવું એ એનો નિત્યક્રમ. કોઈ જાતના શોખ નહીં, કોઈ જાતનું ઉછાંછળાપણું નહીં. કપડાં પણ એકદમ સાદાં. બે વર્ષ સાથે કાઢ્યાં પણ ક્યારેય 'કુણાલ'માં એને જોયેલો નહીં. પણ એના ગુણોને કારણે અન્ય કૉલેજીયનોમાં તે હાંસીપાત્ર બની ગયેલો. તેઓ તેના વિશેની વાત કરે ત્યારે 'બોઘો' કે 'લેદિયો' ઉપનામનો જ ઉપયોગ કરે. એ અવશેષને આવી ઝૂંપડીમાંથી નીકળતો જોઈ મારા ગ્રુપમાંની એક છોકરી બોલી, 'હં, હવે ખબર પડી કે આ 'બોઘો' આટલો બધો ચીંગુસ કેમ હતો !!! બિચારો કેટલો ગરીબ અને દયાપાત્ર છે ?'

અવશેષ જેમાંથી નીકળ્યો હતો તે ઝૂંપડીમાં હું ગયો. એક આધેડ વયની સ્ત્રી બેઠી હતી. ત્રણ બાળકો બિસ્કીટ ખાઈ રહ્યાં હતાં. મેં સ્ત્રીને પુછ્યું, 'હમણાં અહીંથી ગયું તે કોણ હતું ?'

'અવશેષભાઈ. બે ત્રણ વર્ષથી આ ઝૂંપડપટ્ટીમાં અવારનવાર આવે છે. અમારાં બાકળોને ક્યારેક પુસ્તકો, ક્યારેક કપડાં તો ક્યારેક ચૉકલેટ કે દવા પણ અપાવે છે. છેલ્લા ત્રણ દિ'થી અમે એમના પ્રતાપે જ રોટલા પામીએ છીએ. આ બિસ્કીટ તેઓ જ આપી ગયા.'

'તમે એના વિશે વધુ કાંઈ જાણો છો ?' 'ના, અમે એમની આટલી નાની ઉંમર જોઈ ક્યારેક પૂછીએ કે તમને આટલી બધી મદદ કરવાનું કઈ રીતે પરવડે છે ? તો તે એટલું જ કહે છે કે હું કોઈના મોંમાંથી ઝૂંટવીને નથી લાવ્યો.'

કૉલેજમાં તો મારે તેની સાથે ખાસ કાંઈ લેવા દેવા ન હતી તેથી અમારી વચ્ચે કોઈ સંબંધ ન હતો. પણ હવે મને તેનામાં રસ પડ્યો, 'આવો ફકીર માણસ આટલી મદદ કઈ રીતે કરી શકે ?'

ધીરે ધીરે મેં તેની સાથે વાતચીતના ને ત્યારબાદ મૈત્રીના સંબંધો વિકસાવ્યા, ને મને જે જાણવા મળ્યું તેનાથી હું દંગ રહી ગયો. તેણે જણાવ્યું, 'મારા પિતા શહેરના ટોચના બિલ્ડરોમાંના એક છે. ખૂબ જ તગડો નફો રળે છે. એ નફા માટે જે પરસેવો પાડે છે એ આ ઝૂંપડપટ્ટીમાં રહેતા મજૂરિયાઓ. મને મનોમન થઈ જતું કે મજૂરિયાઓને એમના હકનું મળવું જોઈએ. પપ્પાના કાને વાત નાંખી. મેં વિચાર રજૂ કર્યો કે આપણે તેમનાં બાળકોને કપડાં, પુસ્તકો વગેરે જેવી સહાય કરીએ તો ? પપ્પાનો જવાબ હતો, 'બેટા, મારે તારા માટે મોંઘાં મોંઘાં કપડાં, શૂઝ, ઘડિયાળો, પરફ્યુમ્સ, ક્લાસીઝ વગેરેની વ્યવસ્થા કરવાની

હોય. ગરીબોની ચિંતા આપણે કરીએ તો આપણું કોણ સંભાળે ?'

'પણ પપ્પા, શાસ્ત્રોમાં પણ લખ્યું છે કે મેળવેલ ધનનો અમુક અંશ દાન-ધર્મ અર્થે વાપરવો જોઈએ !' મેં કહ્યું.

'બેટા, આપણે પણ ધર્માદો ક્યાં નથી કરતા ? દર વર્ષે આપણે મંદિરના સમૈયામાં લાખો રૂપિયા આપીએ જ છીએ ને !? ચાલ, જવા દે એ વાત. કાલે કૉલેજનો તારો પ્રથમ દિવસ છે, બોલ, કયું બાઈક અપાવું ?'

વધુ ચર્ચાનો કોઈ અર્થ ન હતો. તેથી મેં ઉડાઉ જવાબ આપી દીધો કે A.M.T.S.નો પાસ કઢાવી લઈશ. અને મેં નક્કી કર્યું કે કોઈકની મહેનતનાં નાણાં મારે મારા મોજ શોખ માટે નથી વાપરવાં. ત્યારથી જ્યારે પણ મને કોઈ ઈચ્છા કે શોખ થાય, ત્યારે તે સંતોષવા માટે જરૂરી એટલા નાણાં અલગ રાખી દેતો. એ નાણાંથી હું ગરીબોને મદદ કરતો. અનુભવે લાગ્યું છે કે નવ રૂપિયાનું પેન્સિલ-બોક્ષ ગરીબ બાળકના હાથમાં મૂકતાં મળતો આનંદ નવ રૂપિયાની 'કોક'ની ચુસ્કીમાંથી મળતા આનંદથી અનેરો હોય છે.'

અવશેષનું એ બયાન હૃદય સોંસરવું ઊતરી ગયું. થયું, ક્યાં મદદને પોતાની ફરજ માની નિઃસ્વાર્થ નિષ્કામ સેવા કરનારો અવશેષ ને ક્યાં બાપના પૈસે લ્હેર કરી ખાનારાં તેમજ સેવાના સર્ટિફીકેટ તથા સાહેબોની કૃપાદૃષ્ટિ મેળવવા માટે ખોટો સેવાકાર્યનો દંભ કરતા કોલેજીયનો ? મને લાગ્યું, ગરીબ અને દયાપાત્ર અવશેષ નહીં, પણ અમે 'સેવકો' હતા.

સ્વાર્થ, રાજકારણ અને આસુરીવૃત્તિના અફાટ રણમાં ક્યાંક ક્યાંક હજીયે અવશેષ જેવા રણદ્વીપ છે, અને કદાચ એટલે જ સંસાર ટકી રહ્યો છે !

*કથા સંપૂર્ણપણે કાલ્પનિક છે. ભળતા જોડામાં પગ ન નાંખવા સલાહ છે.*

❑

## ઓ ! યાદોનાં ઝરણાં

ઓ યાદોનાં ઝરણાં
અમારી આંખોથી વિખૂટાં થઈને,
વહી જાઓ છો ક્યાં તમે ?
વળી જાઓ પાછાં ક્યાં તમે;
તમારી માટે જ, રાખ્યાં છે ઉઘાડા,
અમે હૃદયના બારણાં :
ઓ ! યાદોના ઝરણાં :
કોઈ નથી તમારું અહીં, પછી
કોને ફરિયાદ કરો છો તમે ?
વળી જાઓ પાછાં તમે;
ડર છે, કે રહી ન જાય, મનમાં ને મનમાં,
અમારા મનનાં ઓરણાં :
ઓ ! યાદોનાં ઝરણાં :
રહી જઈશું સાવ એકાંત અમે...,
શા માટે છોડીને જાઓ છો તમે ?
વળી જાઓ પાછાં તમે;
સજાવી રાખ્યા છે, નયનદ્વારે અમે,
પાંપણકેરાં તોરણાં :
ઓ ! યાદોનાં ઝરણાં :

## પાનખર : વૃદ્ધતણી વેદના

જે ક્ષણ વીતી નથી, તેની રાહ જોઉં છું :
આથમતાં આફતાબ સાથે,
મુજ દેહ આ આથમી જશે;
પહેલી કિરણ ચંદ્રની,
મોત બની આવી જશે;
જઈશ કંઈ પામ્યા વિના,
એનો જ રંજ રહી જશે;
આ વૃદ્ધ તણી આંખોમાં,
કલ્પના યૌવનની તરી હતી !
અભિલાષા આ હૃદયની, હવે
ક્ષીણ થઈ રહી જશે;
કયું ધામ મળશે મુજને,
સ્વર્ગ મળે કે નરક... ?
દરેક વીતતી પળ મને,
મોતનો પયામ દઈ જશે;
છતાંય સકલ વ્યોમમાં,
વિરહીશ વિના દેહ હું !!!
પાનખરના પાન જેમ, આજ જરા ખરી લઉં હું.

- રાજુ 'સાધક'
હિંગુ રાજેશ પી. (એફ.વાય.બી.કોમ.)

# જિંદગીનો પથ

• એન. જે. પંડિત (એસ.વાય.બી.કોમ.)

*કીઝા મેં આ કે દેખો, ઘટામેં નહા કે દેખો,*
*જિંદગી ક્યા ચિઝ હૈ, અહેસાસ કર કે દેખો.*

શિવે, બ્રહ્મા સર્જીત માણસ દેહમાં 'જીવ' નામના બીજનું રોપણ કર્યું, ત્યારે માણસમાં (વિચારશક્તિનું) માનસનું સર્જન થયું. પણ, આજના એકવીસમી સદી તરફ ધકેલાતા આ આધુનિક યુગમાં જીવન તો ઘણા જીવે છે. પણ જિંદગી, તો બહુ ઓછા જીવે છે. લોકો જિંદગીને જીવે છે, પણ કેવી જીવે છે ? તેનું મહત્ત્વ ઘણું છે. જિંદગી એ જીવનરૂપી શરીરનો ધબકાર છે. જિંદગીમાં કોની સાથે, કેવી રીતે, કેમ, ક્યારે અને કેવો વ્યવહાર કરવો ? કે જેથી જિંદગીના અંત વખતે અંતિમ તબક્કે જીવેલી જિંદગીના અંતિમ ધબકારમાં જિંદગી જીવવાનો અહેસાસ થાય.

જીવનના તબક્કા દરમ્યાન પથમાંના કેટલાય મુસાફરો સાથે વ્યવહાર કરવાનો થાય છે ત્યારે કેટલાક મુસાફરોને આપણાથી દુ:ખ અપાઈ જાય છે. તે કેમ અપાયું કે આપવું પડ્યું તેનો ખ્યાલ પણ જિંદગીના પથ દરમ્યાન જીવતા જીવતા જ કરવો પડે છે. કેટલાકની સાથે જિંદગીના સમય દરમ્યાન અબોલા સાથે બોલતા રહીએ છીએ, જ્યારે કેટલાક સાથે, બોલતા હોવા છતાં પણ અબોલા રાખવા પડે છે. જિંદગીનો આ પણ એક પ્રકાર જ છે. જિંદગી જીવનારને જિંદગીના વેરાન રણમાં મૃગજળ રૂપી ઇચ્છાના બંધનથી પણ મુક્ત રહેવું પડે છે. બંધન એ કોઈ પણ પ્રકારનું હોઈ શકે ? જિંદગીરૂપી સાગરમાં સિદ્ધિરૂપી નૈયાને, કિનારારૂપી ઇચ્છા સુધી પહોંચાડવા, તોફાનો (કષ્ટો)રૂપી બંધનથી મુક્ત કરાય ત્યારે જ સાગરરૂપી જિંદગી પાર કરી શકાય. પણ અમુક સમય, સંજોગો એવા પણ આવે છે કે જે વિઘ્નરૂપી બની મંઝીલ સુધી પહોંચવામાં નડતરરૂપ બને છે. સમાજમાં જિંદગી જીવતી ઘણી વ્યક્તિઓને સમાજને આધીન થઈ ઘણી વખત કંઈક, ના ગમતું હોવા છતાં પણ, બલિદાન કરવું પડે છે. કારણ કે, જિંદગીનો પથ એ કાંટાળો પથ છે. આ પથમાં સમાજરૂપી બોજાને ના સહન થતું કે ના ગમતું હોવા છતાં પણ તે બોજાને ઉપાડી જિંદગીનો પથ પસાર કરવો પડે છે.

આફ્રિકાના ઝાઈર દેશની કહેવત છે કે જો તમે સાપને મારી નાખશો, તો પણ તમને એનો ડર રહ્યાં કરશે. આ વાક્ય જીવનશૈલીના એક ભાગ ઉપર જ આધાર રાખે છે. જીવનશૈલી એવી હોવી જોઈએ કે બીજાને પ્રેરણા સમી બની રહે. જેમ દેશની સરહદો પરના સૈનિકો પોતાનું વતન, ઘર, માતા-પિતા, પત્ની-બાળકોને છોડી પોતાના પ્રાણ, પોતાની ફરજ દેશની પાછળ આપીને તે મૃત્યુ પામતો નથી, પણ તે શહીદ થાય છે. જિંદગીનો રસ્તો એવો હોવો જોઈએ કે જેમાં પોતે ફૂલ બની બીજાને સુગંધ આપે, દીપ બની જ્યોતિ આપે, સૂર્ય બની પ્રકાશ આપે, ઝાડ બની છાંયડો આપે, પણ પથ ઉપર કાંટાની વાડો વાઈ બીજાને દુ:ખ, દર્દ આપે તેવો ના હોવો જોઈએ.

જિંદગી એક એવી રમત છે જેમાં જો એક પણ પત્તામાં ફેરફાર થાય તો જિંદગી હારી જવાય છે. જીવન જીવનારે જો સાચી જિંદગી જીવવી હોય તો લોકોનો મોહ છોડી પોતાનું ધ્યેય નક્કી કરવું પડે છે. અને જ્યારે તે પોતાનો ધ્યેય નક્કી કરી તેને સિદ્ધ કરવા પ્રવૃત્તિશીલ બને છે ત્યારે જ તેને પોતાના જીવનને સાચી જિંદગી જીવવા માટેનો એક સહારો મળી જાય છે કે જે સહારાથી તે જિંદગીની બાજી જીતી જાય છે. જિંદગીમાં કેટલાય ચઢાવ-ઉતાર આવે છે અને દરેક વખતે પોતાની જાતને તેમાંથી પસાર કરતી વખતે ઘણું સાચવવું પડે છે કારણ કે જો તે ચઢાવ-ઉતારમાંના એક પણ પગલામાં ભૂલ થઈ જાય તો તે ભૂલની સજા એ પૂરા જીવન દરમ્યાન ભોગવવી પડે છે. અને એ જીવન દરમ્યાન જિંદગી જીવી શકાતી નથી. પરંતુ, જીવન જીવતા હોવા છતાં એક મૃત વ્યક્તિ હોવાનો અહેસાસ થાય છે. જિંદગી કેટલું જીવ્યા તે મહત્ત્વનું નથી. પણ રીતે કેવી જીવ્યા તે મહત્ત્વનું છે. કારણ કે, અમુક વ્યક્તિઓએ જીવન જીવવા છતાં જીવેલી

જિંદગીમાં કશું પણ મેળવ્યા વિના એક રણની તરસી વનસ્પતિ જેવી જિંદગી જીવેલી હોય છે. જ્યારે અમુક વ્યક્તિ જીવેલા થોડાક વર્ષોમાં પણ એક ફૂલ સમાન હંમેશા હસતી અને પ્રેમવરસાવતી પ્રેરણારૂપી બની જાય છે.

જિંદગીમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અને તે મુશ્કેલીઓનો સામનો કરતી વખતે એક સમય એવો પણ આવે છે જ્યારે જિંદગીની ઇચ્છાઓ, સપનાઓ, મહત્ત્વકાંક્ષાઓરૂપી 'ટાઈટેનિક' એક આઈસબર્ગ સાથે ટકરાઈને ચૂરેચૂરા થઈ જાય છે, જિંદગીનો રસ્તો સૂમસામ બની જાય છે ત્યારે એક એવી વ્યક્તિ કે જેની આ સમયે જરૂર પડે છે. જે આપણા એ તૂટેલા ટાઈટેનિકમાં નવી ચેતનાનો સંચાર કરી, ફરીથી એ જિંદગીના સાગરમાં વહેતું મૂકે છે. અને તે વ્યક્તિના પ્રેમ અને હૂંફથી બનેલું એ ટાઈટેનિક કદી પણ તૂટતું નથી. જિંદગી જીવતી દરેક વ્યક્તિ તે વ્યક્તિની રાહ જોતી હોય છે. અને જ્યારે તે વ્યક્તિ મળી જાય છે ત્યારે તેનું જીવન એ સ્વર્ગના સુખ સમાન બની જાય છે.

*ગીત એવું હોય, અંતર ગાઈ ઊઠે,*
*ફૂલ એવું હોય, બાગ મહેંકી ઊઠે,*
*જીવન એવું હોય, જિંદગી જીવી ઊઠે.*

❑

## હાઈકુ

મુર્ખ, હાડકું,
કટકા થઈ જશે,
નમશે નહીં.

સ્વાદની દાસ
વાટવામાં કાઢે છે
આખી જિંદગી.

માનવી માટે
સીનેમા ને પનામા
બે 'મા' નઠારી.

પૈસા બચાવો
એથીયે જરૂરી છે.
પૈસાથી બચો.

સૌ કોઈ દેશે
લેશે કોઈ જ નહીં
ગાળ, સલાહ.

દવા કરાવો
ખરાબ વિચારોની
એડ્રેસ : સંત.

માનવ સાથે ?
નહીં, દુર્ગુણ સાથે
વેર બાંધજો.

- પટેલ પ્રફુલ એન. (એસ.વાય.બી.કોમ.)

# આપણા શૈક્ષણિક પડકારો

• પ્રિ. એ. એમ. પટેલ

એકવીસમી સદીમાં પ્રવેશ એટલે ૨૦૦૦ કે ૨૦૦૧ ની સાલનો પ્રવેશ એવો શબ્દાર્થ લેવાનો નથી, પણ વિજ્ઞાન અને ટેકનોલૉજીની ઝડપી પ્રગતિથી જે નવા યુગનું મંડાણ થઈ રહ્યું તેમાં પ્રવેશ એવો અર્થ લેવાનો છે. તેના સંદર્ભમાં હવે આવતા યુગમાં શૈક્ષણિક સજ્જતાની જરૂર અને એ સજ્જતા પ્રાપ્ત કરવામાં નડતા અવરોધોની ચર્ચા પ્રસ્તુત બને છે.

ભારતમાં આપણે માહિતી અને જ્ઞાનના વિસ્ફોટ તેમજ એના સારા સંચારની અમાપ શક્યતાઓની સાથે સાથે બોજારૂપ વસ્તી અને સંસાધનોની વહેંચણીના ઝઘડાના ડરામણા વિરોધાભાસ વચ્ચે ઊભા છીએ. બધાને બધું સમયસર મળે એ એક આદર્શ તરીકે ભલે સ્વીકારવા જેવી બાબત હોય પરંતુ બીજા કરતાં મને વધારે, વધારે સારું અને વધારે જલ્દી મળે એ માનવસહજ વૃત્તિથી આપણે દોરવાઈએ છીએ. આ સંજોગોમાં સામાજિક ન્યાયને છેહ દીધા વિના આપણે આપણી મહેનતથી આપણને મળતી તકોનો લાભ લઈ શકીએ એમાં શિક્ષણ મહત્ત્વનો ભાગ ભજવી શકે તેમ છે.

શિક્ષણ એ સમાજનો પાયો છે. શિક્ષણ જેટલું વ્યાપક અને અસરકારક હોય એટલો પાયો મજબૂત હોય. આ વાત આપણે ભલે સૈદ્ધાંતિક રીતે સ્વીકારીશું, પરંતુ આપણા સમાજ અને સરકારે એ વ્યવહારમાં પુરા હૃદયથી મૂકેલી નથી. આઝાદીનાં પચાસ વર્ષ દરમ્યાન માનવસંશોધનોના વિકાસમાં આપણા સમાજે જે બેદરકારી અને આપણી સરકારોએ જે દિલ ચોરી કરેલી છે એનાં માઠાં પરિણામો આપણે ભોગવી રહ્યા છીએ. આપણા આર્થિક વિકાસનો દર ધીમો રહ્યો છે અને વસ્તીવૃદ્ધિનો દર આપણે ઘટાડી શકતા નથી. આમાંથી આજે અનેક પ્રશ્નો ઊભા થયા છે.

ઝડપથી વધતી જતી વસ્તીને કારણે શિક્ષણ લેવાની વયના બાળકોની સંખ્યામાં પ્રચંડ વધારો થયો છે. બીજી બાજુ તે માટે આપણે જરૂરી સાધનો પુરાં પાડી શકતાં નથી. આપણી પ્રાથમિક શાળાઓમાં પૂરતા ઓરડા નથી, કેટલીક શાળાઓમાં ચૉક-ડસ્ટર જેવી પ્રાથમિક સગવડો પણ નથી. મોટા ભાગની શાળાઓમાં એક કે બે જ શિક્ષકો હોય છે. આવા નબળા શૈક્ષણિક પાયા સાથે વિજ્ઞાન અને ટેકનોલૉજીની એકવીસમી સદીમાં આપણે ભાગ્યે જ પ્રવેશી શકીએ.

સંખ્યાનો પ્રશ્ન ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિકટ બનતો જાય છે. આપણા પ્રણાલિકાગત શિક્ષણને 'નિષ્ફળ' હોવાનું લેબલ લગાડ્યા પછી પણ એનો અન્ય વિકલ્પ ન હોવાના કારણે એ શિક્ષણ માટે પ્રવેશનો ઘસારો ઘટતો નથી. શિક્ષણની નવી ૧૦+૨+૩ની તરાહ દાખલ કરતી વખતે કૉલેજ તરફનો ઘસારો હુન્નરલક્ષી અભ્યાસક્રમોમાં વાળીને એ ઘસારાને ખાળવાનો ઈરાદો હતો. એ એના અધકચરા અમલના કારણે નિષ્ફળ ગયો છે. એ દૃષ્ટિએ આ પ્રવર્તમાન તરાહનું પુનઃઅવલોકન જરૂરી છે. સાધનોનો અભાવ, વિદ્યાર્થીઓ અને શિક્ષક વચ્ચેનો ઊંચો ગુણોત્તર અને શિક્ષકોની નબળી સજ્જતા વચ્ચે કૉલેજોમાં મોટી સંખ્યામાં દાખલ થતા વિદ્યાર્થીઓના શિક્ષણનું પોત ઉત્તરોત્તર પાતળું પડતું જાય એ કોઈ નવાઈની વાત નથી. આ પરિસ્થિતિમાં ટ્યુશન, કસોટીપત્રો અને પેપરો ફૂટવાની અનિચ્છનીય ઘટનાઓ ન બને તો જ નવાઈ. સરકાર અને સમાજ ઉચ્ચ શિક્ષણ માટે વધારે સાધનો ફાળવે અને શિક્ષણ માટે સ્વચ્છ અને સજ્જ શિક્ષકોને આ ક્ષેત્રમાં આકર્ષિત કરે તો આ બધી બદીઓ નિવારી શકાય તેમ છે. નોકરીઓ માટે ડીગ્રીની જરૂરિયાત હોય, પરંતુ એ ડીગ્રી જ્યારે જ્ઞાનનું સાચું માપદંડ ન હોય ત્યારે સમાજમાં ઘણા અનર્થો સર્જાય છે.

ભારતીય સમાજની ઉત્સવપ્રિયતા અને એના કારણે શિક્ષણ સંસ્થાઓમાં પડતી સંખ્યાબંધ રજાઓ પણ આપણા શિક્ષણના પોતને પાતળું કરે છે. પશ્ચિમમાં યુનિવર્સિટીમાં ભણતો વિદ્યાર્થી ભાગ્યે જ છ મહિને એકાદવાર માબાપને મળવા ઘરે જઈ શકે એવા નિયમો હોય છે. રોજ કેમ્પસ ઉપર એણે બારથી સોળ કલાક કામ કરવાનું હોય છે, જેના કારણે એનું શિક્ષણ ઘનિષ્ઠ બને છે. આપણા વિદ્યાર્થીઓ કૉલેજમાં રોજ અઢી ત્રણ કલાક માંડ હાજર હોય છે. પરીક્ષા નજીક ન હોય તો અઠવાડિયા કે મહિનાઓ સુધી પુસ્તક ના ઉઘાડે તો પણ એને કોઈ પૂછતું નથી. પરીક્ષાના દિવસોમાં થોડું વાંચવાથી પણ એ પાસ થઈ જાય

છે. પછી આ જ જાતના સંસ્કાર લઈને તે નોકરી ધંધે જાય છે. ત્યાં પણ એને કામ કરવા કરતાં પણ રજા પડે એની વધારે ઇંતેજારી હોય છે. આવતા વર્ષોમાં આપણે આ આદત બદલાય એની પણ તજવીજ કરવાની રહેશે. એ જો ન થાય તો 'આપણા ગ્રેજ્યુએટો માત્ર નોકરી વગરના છે એટલું નહીં, પરંતુ તેઓ નોકરી માટે લાયક નથી' એવું મહેણું આપણે સાંભળતા રહેવું પડશે.

કૉલેજનું શિક્ષણ ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં વધારે પડતું સસ્તું છે અને એના કારણે એની કાંઈ કિંમત નથી. આવી પણ એક દલીલ આપણે સમાજમાં સાંભળીએ છીએ. આ વાત તદ્દન ખોટી નથી. આજથી બત્રીસ વર્ષ પહેલાં હું કૉલેજમાં ભણતો હતો ત્યારે એક ટર્મની જે ફી ભરતો એમાં આજે કાંઈ ખાસ વધારો થયેલો નથી અથવા સરકાર તેમાં કોઈ વધારો કરી શકેલ નથી. એની સરખામણીમાં અમેરિકા અને ઈંગ્લેન્ડમાં એક સામાન્ય ડિગ્રી માટે પણ યુનિવર્સિટીના વિદ્યાર્થીને એક વર્ષની બાર હજાર ડૉલર જેવી ફી આપવી પડે છે. આપણે ત્યાં આ ફી પાંચસો રૂપિયાથી વધારે નથી. બીજી રીતે કહીએ તો કૉલેજના એક વર્ષમાં વિદ્યાર્થી જે ફી આપે છે એ રકમ એક સારી કંપનીના જીન્સ પેન્ટની કિંમતથી પણ ઓછી હોય છે. સ્વાભાવિક છે કે આવી સસ્તી ફીથી મળતા શિક્ષણનું મૂલ્ય પણ ઓછું જ આંકે. ગરીબ વિદ્યાર્થીઓને ફીમાં ભલે સરકાર રાહત આપે, પરંતુ કૉલેજના શિક્ષણની ફી ઊંચી હોવી જોઈએ કે જેથી વિદ્યાર્થીઓ ગરજાઉ બને.

આપણે ત્યાં શાળાના શિક્ષણને કૉલેજના શિક્ષણ સાથે ઘરકામની દૃષ્ટિએ મૂલવીએ તો આકૃતિ પીરામીડ જેવી થાય છે. શાળામાં વિદ્યાર્થી પુસ્તકો, નોટબુકો અને ઘરકામથી લદાયેલો હોય છે, જ્યારે કૉલેજમાં વિદ્યાર્થી પુસ્તકો, નોટબુક અને ઘરકામની બાબતમાં એકદમ હળવો હોય છે. આપણે આ પીરામીડને ઉલટો કરવાની પણ જરૂર છે. શાળામાં વિદ્યાર્થીને વધારે હળવા અને મુક્ત રાખવાની જરૂર છે. જ્યારે કોલેજના વિદ્યાર્થીઓ પાસે સખતપણે કામ લેવાની જરૂર છે. અમારી કૉલેજમાં એકવાર શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધામાં એક વિષય આપવામાં આવ્યો હતો : 'કૉલેજમાં ૮૦ પાનાની નોટ ભરાતાં એક વર્ષ લાગે. પછી ડીગ્રી જોરદાર જ હોય ને !' આમાં ભલે થોડી અતિશયોક્તિ હોય પરંતુ એનો કટાક્ષ સૌએ સમજવા જેવો છે.

આપણી યુનિવર્સિટીના અભ્યાસક્રમો પશ્ચિમની યુનિવર્સિટીના અભ્યાસક્રમોની સરખામણીમાં વધુ બંધિયાર અને બરડ છે. પશ્ચિમમાં આ અભ્યાસક્રમો ખૂબ લચીલા હોય છે જેમ કે આપણે ત્યાં કોઈ વિદ્યાર્થી યુનિવર્સિટીમાં અંગ્રેજી સાહિત્યને પોતાનો મુખ્ય વિષય રાખી સાથે ગૌણ વિષય તરીકે ફીઝીયોથેરાપી ભણવા માગતા હોય તો આ શક્ય નથી. પશ્ચિમમાં આ શક્ય છે એના કારણે વિદ્યાર્થીઓને પોતાના એપ્ટીટ્યુડ (મરજી અને રુચિ) પ્રમાણેના અભ્યાસક્રમો ભણવાની સગવડ રહે છે, અને એમાં યુનિવર્સિટીના શિક્ષણ બાદ સમાજને વધારે ઉપયોગી થાય છે. એટલું જ નહીં પણ વધારે સારા નાગરિક પણ બને છે. આપણે નવા યુગમાં પ્રવેશટાણે આપણા અભ્યાસક્રમોનું પણ પુનરાવલોકન કરવું પડશે.

આપણી શિક્ષણ અને પરીક્ષણ પદ્ધતિ લગભગ નિષ્ફળ જવાના આરે આવીને ઊભી છે. આટલી મોટી સંખ્યાને સંબોધવા, શિક્ષણ આપવા પ્રણાલિકાગત પદ્ધતિઓને દૂર કરી, અથવા એમાં સંશોધન કરી આપણે શિક્ષકોને આ માટે સજ્જ કરવા પડશે. આ કામ માત્ર કૉલેજ કે યુનિવર્સિટીનું નથી, પરંતુ સરકારે એના માટે છૂટથી સાધનો વાપરવાં પડશે. સરકાર અન્ય ક્ષેત્રમાં જે પ્રમાણમાં સાધનો વાપરે છે એવા જ પ્રમાણમાં આ ક્ષેત્રમાં પણ ખર્ચ કરે અને આને ખર્ચ ન ગણે પણ એક જાતનું રોકાણ ગણે તો આ વાત શક્ય બને. સરકારના વાર્ષિક બજેટનો સારો એવો હિસ્સો શિક્ષણમાં સાર્થક રીતે વપરાય એ જરૂરી છે. નવા સુધારેલા પગારોની માંગણીમાં હડતાલ પર ઉતરેલ અધ્યાપકોને સરકાર જ્યારે સાંભળવા પણ ન માગતી હોય ત્યારે આપણને એવું લાગે છે કે સરકાર શિક્ષણમાં થતા ખર્ચને માનવ મૂડી રોકાણ સમજતી નથી.

શિક્ષણક્ષેત્રે સરકારનો જે ભારે હસ્તક્ષેપ છે એ આવતા વર્ષોમાં ઘટે એની પણ સમાજે કાંઈ તજવીજ કરવી પડશે. સ્કૂલના પટાવાળાની નિમણૂકથી માંડીને યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરની નિમણૂંક અને કામના નિયમો, સાધનોની ખરીદીના નિયમો, વપરાશના નિયમો... આમ ડગલે ને પગલે સરકારની દખલ છે. સરકાર શિક્ષકો કે અધ્યાપકોના પગાર ચૂકવે એનો અર્થ એવો નથી કે કૉલેજો અને યુનિવર્સિટીઓ, પ્રધાનો અને અમલદારોની જાગીર બને. શિક્ષણ સંસ્થાઓમાં જેટલી વધારે મોકળાશ હોય, શિક્ષણના માળખા જેટલાં ઓછા જટિલ હોય એના પ્રમાણમાં શિક્ષણમાં મુક્ત વાતાવરણ બને છે. એમાં થતો ખર્ચ સરકાર

દ્વારા સમાજ પર થતો કોઈ ઉપકાર નથી એ વાત સરકારના પ્રધાનો અને અમલદારોએ આવતા વર્ષોમાં સમજવી પડશે ત્યારે જ શિક્ષણ સત્ત્વશીલ બનશે.

સાચા શિક્ષણ માટે એવું કહેવાયું છે કે 'આંકડા અને હકીકતો ભુલાઈ જાય પછી આપણી પાસે જે બાકી રહે તે શિક્ષણ'. અને ઉપનિષદોમાં કહ્યું છે કે 'સા વિદ્યા યા વિમુક્તયે' જે મુક્તિ અપાવે એ સાચી વિદ્યા. વિદ્યાના ક્ષેત્રને ચારે બાજુથી જે અનિષ્ટોએ ભીંસમાં લીધું છે એમાંથી આપણે એને જેટલું ઝડપથી મુક્ત કરીશું એટલી ઝડપથી એમાં સાચી વિદ્યા પ્રગટશે, અને પછી એ સાચી વિદ્યા આપણા સમાજને સાચી મુક્તિ અપાવશે.

❑

## દરિયો

ચૂપ ચૂપ હતા અમે બંને
પણ દરિયો ચૂપ નહોતો
એ તો બસ મસ્ત બનીને વહેતો'તો
કહેતો તો દરિયો આવો સમીપ
દરિયો એની ગહેરાઈનો દૂરથીજ પરિચય દેતો'તો
એ તો બસ મસ્ત બનીને વહેતો'તો
ક્યારેક સંકોચાતો ક્યારેક વિસ્તરતો
તરંગો સાથે હીલોળા લેતો'તો
એતો બસ મસ્ત બનીને વહેતો'તો
જોતા'તા અમે બંને દરિયાને
'હું' અને 'એ'
પણ લાગતું'તુ દરિયો અમને જોતો'તો
અરે, એવું લાગવાનો સવાલ જ ક્યાં હતો
એ તો બસ મસ્ત બનીને વહેતો'તો
ઈર્ષા થતી હતી અમને એ દરિયાની
લગાતુ'તુ અમને જલાવવાજ આ દરિયો વહેતો'તો
પણ ના, એ તો બસ મસ્ત બનીને વહેતો'તો
ધ્યાનથી સાંભળ્યું તો દરિયો
અમને જ કાંઈક કહેતો'તો
નહી તો તમેજ કહો શું કામ, શું કામ એ
આ રીતે આમ વહેતો'તો
અરે ભલા માણસ,
એ તો બસ મસ્ત બનીને વહેતો'તો

- શાહ સચિન એસ. (એફ.વાય.બી.કૉમ.)

# વાણિજ્ય વિદ્યાશાખામાં શિક્ષણ, શિક્ષણ આપવાની પદ્ધતિઓ અને મૂલ્યાંકનનું સ્વરૂપ

• નિવૃત્ત આચાર્ય **આર. એચ. વ્યાસ**

કોલેજોમાં અપાતા શિક્ષણના સ્તર કે ગુણવત્તા અંગે, અપનાવાતી પદ્ધતિઓ અંગે અને મૂલ્યાંકન અંગે અનેક પ્રકારે ટીકાઓ, વિવાદો અને સૂચનો છેલ્લાં કેટલાંક વર્ષોથી થતાં રહ્યાં છે. વાણિજ્ય વિદ્યાશાખામાં આવરી લેવાયેલ વિષયો, વિષયવસ્તુ, તે દરેકના વ્યાપ અને પ્રમાણ, શિક્ષણ કાર્યમાં અપનાવાતી પદ્ધતિઓ અને શિક્ષણાર્થીના મૂલ્યાંકનના સ્વરૂપ અને પદ્ધતિઓ તરફ આ પ્રકારની ચર્ચા કે ટીકાનો દોર સંધાયેલો રહ્યો છે. સ્વાભાવિકપણે આ બાબત શિક્ષણના મૂળભૂત હેતુઓ અને પૂર્વ જરૂરિયાતો (Basic purpose and pre-requisites of teaching) અંગે વિચારણા માગી લે છે.

શિક્ષણ એટલે શું ? શિક્ષણમાં શેનું વિતરણ કરવાનું ? જ્ઞાનનું કે માહિતીનું ? પ્રો. શ્રીનિવાસ આયંગરના શબ્દો અહીં ટાંકવા યોગ્ય લાગે છે : "Organised education has been an attempt on the part of society or of the leaders of society to prepare the coming generation for the task of tomorrow. Education then is not merely an insurance against uncertain challenges of the future, it is also a daring adventure into unknown possibilities." આમ, શિક્ષણ દ્વારા આવતી પેઢીને, આવતી કાલનાં કાર્યો કે જવાબદારીઓ માટે તૈયાર કરવાની રહે છે. તે અનેક ભાવિ સંભવિતતાઓ માટે કે તેમાં હિંમતપૂર્વકનું સાહસ છે.

શિક્ષણની પ્રક્રિયા દરમિયાન મુખ્યત્વે ત્રણ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું બને છે : (૧) માહિતી પ્રદાન (૨) તાત્ત્વિક મુદ્દાઓની સમજ અને વિચારશક્તિની ખિલવણી અને (૩) તાલીમ (development of the skill). વર્તમાન પરિસ્થિતિ એવી દિશામાં જઈ રહી જણાય છે કે માહિતી-પ્રધાન અને તાલીમ મુખ્ય પાસાં બની ગયાં છે, જ્યારે સૌથી અગત્યનું પાસું 'તાત્ત્વિક સમજ અને વૈચારિક શક્તિની ખિલવણી'નું ગૌણ બની ગયું છે, મોટે ભાગે તેનું અસ્તિત્વ જણાતું નથી.

શિક્ષણની પ્રક્રિયા દરમિયાન વાસ્તવમાં તો અધ્યાપક અને વિદ્યાર્થી બંનેને અભિપ્રેરણ મળવું જોઈએ. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીને પોતાના વિષય વિસ્તારમાં જરૂરી બાબતો અંગે તૈયાર કરવાનો હોય અને તેને વિષયના વિવિધ ચિંતનાત્મક કે વિચારણા માગી લે તેવાં પાસાં અંગે ઊંડાણમાં ઊતરવા માટેની ચાનક પૂરી પાડવાની હોય. શિક્ષણ આપતાં આપતાં અધ્યાપક પોતે પણ વિષયના ઊંડાણમાં ઊતરતો જાય અને તેનાં નવાં નવાં પાસાં અંગે વિચારતો થાય તથા વિદ્યાર્થીએ કેટલું આત્મસાત કર્યું છે તે અંગે પણ અધ્યાપક જાણકારી (Feedback) મેળવે, જેથી પોતાની અધ્યાપક તરીકેની ફરજ અને ક્ષમતામાં વિધેયાત્મક રીતે આગળ વધી શકે.

વાસ્તવમાં અધ્યાપકની વ્યાવસાયિક જવાબદારીઓ નીચેની રીતે વિચારી શકાય : **(૧) સ્વ પરત્વે :** પોતે પોતાના વિષય અને તેનાં વિવિધ પાસાં અને તેને સ્પર્શતી અનેકવિધ બાબતોના વર્તમાન પ્રવાહોના સતત સંપર્કમાં રહેવું, તેમાં ઉત્કૃષ્ટતા હાંસલ કરવી અને તે દ્વારા વિદ્યાર્થીઓના ઉત્તમ શ્રેય માટે કાર્યક્ષમ અસર વિદ્યાર્થીઓ પર પાડવી. **(૨) વિષય પરત્વે :** અધ્યાપકે આ માટે જરૂરી બધા જ સતત પ્રયત્નો દ્વારા માહિતીનો અભ્યાસ કરવો, તેનાં અનુસંધાનો જોવાં, મૂલ્યાંકન કરવું અને વર્ગખંડમાં છણાવટ કરવી. **(૩) સંસ્થામાંના સાથીઓ પરત્વે (વિભાગીય અને અન્ય) :** વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં પોતે સંસ્થાની ટીમના એક અંગ છે તે પણ ધ્યાનમાં રાખવું ઘટે છે. (૪) **સંચાલન સાથે સહકાર** દ્વારા શિક્ષણના હેતુ (વિદ્યાર્થી વિકાસ) માટે સંયુક્ત પ્રયત્નો પણ જરૂરી બને છે. **(૫) વિદ્યાર્થી પરત્વે :** માહિતી, જ્ઞાન, સમજ આપવા ઉપરાંત જરૂરી પાસાં અંગે ઘનિષ્ટ તાલીમ દ્વારા કુશળતા (Skill) કેળવવી, તર્કશક્તિ ખીલવવી, ખાસ ધ્યાન માગી લે તેવાં પાસાં અંગે વિચારી શકે, ઉકેલ સૂચવી શકે અને વિદ્યાર્થીની વ્યાવસાયિક કાર્યક્ષમતા મહત્તમ કક્ષાએ સિદ્ધ કરવાની દિશામાં જવું.

**વાણિજ્યના વિષયોનું શિક્ષણ : વિશિષ્ટતા અને પદ્ધતિઓ :** વાણિજ્ય વિદ્યાશાખા એક વ્યાવસાયિક વિદ્યાશાખા છે અને આવું શિક્ષણ મેળવ્યા બાદ વિદ્યાર્થીએ એટલી કાર્યક્ષમતા હાંસલ કરવાની અપેક્ષા સમાજ રાખે છે કે જેથી તે ખાસ કોઈ તકલીફ વગર પોતે અપનાવેલ કારકિર્દીમાં વ્યવસ્થિત રીતે ગોઠવાઈ શકે અને વિકાસ સાધી

શકે. આ સંદર્ભમાં બે બાબતો અંગે અવારનવાર વિવાદો કે ચર્ચાસ્પદ વિચારો રજૂ થતા રહ્યા છે. એક બાબત છે અભ્યાસક્રમમાં આવરી લેવાના વિષયો, તેની વિગતો અને વ્યાવસાયિક વ્યવહારુ જ્ઞાનની કે જાણકારીની અપેક્ષા. બીજી બાબત છે આ માટે શિક્ષણ આપવાની કઈ પદ્ધતિ ઉત્તમ ગણાય તે અંગેના વિવિધ અભિપ્રાયો.

પહેલી બાબત વિષયો, તેના વ્યાપ અને વ્યવહારુ તાલીમ અંગે થતી વિવિધ રજૂઆતો પૈકી એક રજૂઆત એવી છે કે વિદ્યાર્થીને પ્રથમ વર્ષે વિવિધ વિદ્યાશાખાના અંગોની સામાન્ય જાણકારી Foundation course – પાછળના અભ્યાસ-દ્વારા આપી તૈયાર કર્યા બાદ વ્યાવસાયિક વિષયો તરફ લઈ જવો, જેથી તેના તર્કશક્તિ, વિચારશક્તિ વધુ સારી રીતે ખિલી શકે અને વ્યાવસાયિક શિક્ષણ દ્વારા અપાતી તાલીમ વધુ કારગત નિવડી શકે. વધુમાં વ્યાવસાયિક અભ્યાસક્રમ બજારની જરૂરિયાતોને લક્ષમાં રાખીને જ તૈયાર કરવો, જેથી વિદ્યાર્થી તેની કારકિર્દીમાં વધુ સ્વીકૃત બને અને ઝડપથી ગોઠવાઈ શકે. પાયાની તાલીમની બાબત વર્તમાન (૧૦+૨+૩)ના માળખામાં મહત્ત્વનો ફેરફાર માગી લે છે. વ્યવહારુ અભ્યાસક્રમ અને તાલીમની બાબત અંગે રજૂ થતી એક મુશ્કેલી એ છે કે વિદ્યાર્થી વ્યવહારુ કાર્ય જાતે ન કરે ત્યાં સુધી અભ્યાસક્રમમાં ફેરફારથી હેતુ સિદ્ધ થઈ શકે ખરો ? વળી, આવી તાલીમ આપવા માટે જરૂરી પાયાની સગવડ (Infrastructure)નું શું ? આ અંગે તાલીમ (શિક્ષણ) આપવાની વિવિધ પદ્ધતિઓ કે તકનિકોનો ઉપયોગ કરવાનું સૂચન થતું હોય છે. જે આ પછીના મુદ્દાની ચર્ચામાં જોઈશું. અહીં એ નોંધવું જોઈએ વાણિજ્યક્ષેત્રે કાર્યરત ધંધાકીય એકમોનો અસરકારક સહકાર, end-product જેવા તાલીમાર્થીઓને સમાવવાની તેમના પક્ષે તૈયારી વગેરે અગત્યનો ભાગ આ ભજવી શકે.

**શિક્ષણ કે તાલીમ આપવા માટેની પદ્ધતિઓ કે તકનિક :**

**(૧) વર્ગખંડમાં વ્યાખ્યાન :** આ પ્રણાલિકાગત પદ્ધતિમાં અધ્યાપક વર્ગખંડમાં પોતાના વિષયના કોઈ અંગ કે પાસા અંગે વ્યાખ્યાન આપે છે. વ્યાખ્યાન દરમિયાન અધ્યાપક વ્યવહારુ બાબતો પણ રજૂ કરી શકે છે. આ છતાં આ પદ્ધતિ મુખ્યત્વે સૈદ્ધાંતિક રજૂઆત માટે વધુ ઉપયોગી સાબિત થાય છે. વ્યવહારુ પાસાં અંગે તાલીમ આપવામાં આ પદ્ધતિની ઊણપો છતી થાય છે. વ્યવહારમાં ખરેખર જરૂરી એવી વ્યાવસાયિક બાબતોની ફક્ત કાગળ ઉપર કે બોર્ડ ઉપરની રજૂઆતથી વિદ્યાર્થીને જે તે બાબત કે મુદ્દાની પૂરતી સ્પષ્ટતા થતી નથી. દા.ત. કર્મચારી સંચાલનમાં ઊભા થતા અનેક પ્રશ્નો અંગે શું નિર્ણય કે નિર્ણયો લેવા, તેની શું અસરો પેદા થઈ શકે છે તેનો સાચો ખ્યાલ જે તે વાસ્તવિક પરિસ્થિતિમાં મુકાયા વગર આવી શકે નહિ, બેંકમાંથી ધિરાણ મેળવવા માટેની કાર્યવાહી કેવી રીતે કરવી તેનો વાસ્તવિક ખ્યાલ વર્ગખંડમાંના વ્યાખ્યાનથી આવી શકે નહિ. સેલ્સમેન તરીકે અનેક પ્રકારના ગ્રાહકો જોડે વેચાણ વાર્તાના વિવિધ વળાંકોનો ખ્યાલ વાસ્તવિક ભૂમિકા વગર વર્ગખંડમાં આપવાનું ઘણું જ મુશ્કેલ હોય છે.

આમ, વ્યાખ્યાન પદ્ધતિ વ્યવહારુ તાલીમ માટે ઘણી બાબતોમાં ઊણી ઊતરવાની. તે માટે અન્ય પદ્ધતિ વિચારવાની થાય જ. પરંતુ સૈદ્ધાંતિક સમજ કે સંભવિત પરિસ્થિતિઓનો ખ્યાલ આપવા માટે વ્યાખ્યાન પદ્ધતિ ઉપયોગી છે જ.

**(૨) ટ્યૂટોરિયલ્સ :** વ્યાખ્યાન પદ્ધતિની પૂરક પદ્ધતિ તરીકે ટ્યૂટોરિયલનું મહત્ત્વ એકાઉન્ટન્ટની અને આંકડાશાસ્ત્ર જેવા વિષયો માટે ઘણું છે. ગણતરીઓમાં કુશળતા માટે, આ પદ્ધતિનો ઘણો સારો ઉપયોગ થઈ શકે. કોમર્શિયલ કોરસપોન્ડન્સ કે કૉમ્યુનિકેશન્સ જેવા વિષય માટે પણ ટ્યૂટોરિયલ્સનો ઉપયોગ ઘણો ફાયદાકારક સાબિત થઈ શકે છે. અન્ય વિષયોમાં પણ Feedback માટે ટ્યૂટોરિયલ્સ અનુકૂળ નીવડી શકે. ટ્યૂટોરિયલ્સમાં વિદ્યાર્થીઓની સીમિત સંખ્યાને કારણે જ આ શક્ય બની શકે. પરંતુ વ્યવહારમાં ગુજરાતમાં ઘણી અપેક્ષાઓ સાથે દાખલ કરેલ ટ્યૂટોરિયલ પદ્ધતિ સફળ નીવડી નથી, જેના મુખ્ય કારણોમાં ઘણી કોલેજોમાં વર્ગખંડોની અને સમયની અપર્યાપ્ત ઉપલબ્ધિ, ગ્રામ વિસ્તારોમાં વિદ્યાર્થીઓની કોલેજમાં વધુ સમય હાજર રહેવાની અનિચ્છા અને શિરમોરસમું કારણ તે પદ્ધતિનો યોગ્ય અને પૂરતો ઉપયોગ કરી અપેક્ષિત પરિણામો તરફ જઈ શકાશે કે કેમ તે અંગે સંબંધિત વર્ગોમાં પ્રવર્તતી અશ્રદ્ધા છે. અલબત્ત, વધતી જતી વિદ્યાર્થી સંખ્યા, વર્ગદીઠ વધુને વધુ વિદ્યાર્થીઓને સમાવવાનું વધતું જતું વલણ, સરકારની નીતિ પણ આ નિષ્ફળતા માટે જવાબદાર પરિબળો પૈકી ગણાવી શકાય.

**(૩) કેસ-સ્ટડી :** તબીબી વિદ્યાશાખામાં આ પદ્ધતિનો ઉપયોગ શિક્ષણ અને મૂલ્યાંકન માટે સફળતાથી થતો રહ્યો છે. સંચાલન અંગેના અભ્યાસક્રમો દા.ત. એમ.બી.એ.માં પણ આ પદ્ધતિનો સફળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવે છે. અલબત્ત, સંચાલનના અભ્યાસક્રમો માટે વ્યવહારુ

તાલીમ અને નિર્ણયકાર્ય (Decision making) અંગેની તાલીમ માટે આ પદ્ધતિમાં વિશિષ્ટ કેસ તૈયાર કરનાર નિષ્ણાતનું કામ ઘણું કપરું હોય છે. એકાઉન્ટિંગ અને કોસ્ટીંગ જેવા વિષયો માટે પણ આ પદ્ધતિનો ઉપયોગ કેટલેક અંશે થવા લાગ્યો છે. આમ છતાં, આ પદ્ધતિના ઉપયોગની સફળતાનો આધાર (i) મર્યાદિત વિદ્યાર્થી સંખ્યા (ii) યોગ્ય ક્ષમતાવાળો અભિપ્રેરિત વિદ્યાર્થી વર્ગ (iii) આ પદ્ધતિ દ્વારા તાલીમ આપવાનો અનુભવ અને ક્ષમતા ધરાવતો અધ્યાપક ગણ વગેરે ઉપર રહેલો છે. વધુમાં આ પદ્ધતિના ઉપયોગને અનુલક્ષીને અભ્યાસક્રમનું ઘડતર પણ વિશિષ્ટ રીતે કરવું જરૂરી છે અને સતત મૂલ્યાંકનની પદ્ધતિ પણ તેની પૂર્વશરત ગણી શકાય.

**(૪) અન્ય પૂરક પદ્ધતિઓ :** કોઈ ચોક્કસ ટૉપિક, પાસું કે ચર્ચાસ્પદ વિષય વિસ્તાર માટે આ પદ્ધતિનો ઉપયોગ થઈ શકે છે અને તેની નવીનતાને કારણે અમુક હદ સુધી ઉપયોગ ફાયદાકારક પણ સાબિત થઈ શકે છે. આમ છતાં આ પદ્ધતિ વ્યાખ્યાન અને ટ્યૂટોરિયલ પદ્ધતિની પૂરક પદ્ધતિ તરીકે જ ઉપયોગી બની શકે. આમાં સેમિનાર, વર્કશોપ વગેરેનો સમાવેશ થાય છે.

**મૂલ્યાંકન :** અભ્યાસ દરમિયાન કે વર્ષ કે સત્રના અંતે વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ એક એવું પાસું રહ્યું છે, જે અંગે ઘણી શંકા-કુશંકાઓ ઊભી થયા કરે છે.

સતત મૂલ્યાંકન શીખવે તે જ મૂલ્યાંકન કરે વગેરે જેવા અનેક વિચારો રજૂ થતા રહ્યા છે. મૂલ્યાંકનકારની ક્ષમતા, નિષ્ઠા અને મૂલ્યાંકન કાર્યમાં જોવાં મળતાં દૂષણો પણ ચર્ચાસ્પદ બન્યાં છે.

સતત મૂલ્યાંકન પદ્ધતિનો ઉપયોગ વર્ગમાં વધતી જતી વિદ્યાર્થી સંખ્યા જોતાં વ્યવહારમાં અમલમાં મૂકવાનું મુશ્કેલ લાગે છે. આમ છતાં, અધ્યાપક પોતે વર્ગખંડમાં આ પદ્ધતિનો ઉપયોગ કેટલેક અંશે કરી શકે છે. જો ટ્યૂટોરિયલ પદ્ધતિ કાર્યક્ષમ રીતે અમલમાં મૂકી શકાય તો આવી મુશ્કેલીઓનો વ્યાપ ઘટે છે.

'શીખવે તે જ મૂલવે' સિદ્ધાંતમાં આ વાત વાજબી લાગતી હોવા છતાં દૂષણોનો વ્યાપ જોતાં, અને સંખ્યા જોતાં તથા સ્વતંત્ર મૂલ્યાંકનની જરૂરિયાત ધ્યાનમાં લેતાં, અમલમાં મૂકવાનું મુશ્કેલ છે.

મૂલ્યાંકનમાં દષ્ટિગોચર થતાં કેટલાંક દૂષણોને અનુલક્ષીને પરીક્ષણની પદ્ધતિમાં અનેક ફેરફારો સૂચવાતા રહ્યા છે. હેતુલક્ષી પ્રશ્નો, ટૂંકા પ્રશ્નો અને લાંબા પ્રશ્નો (Essay Type) દ્વારા મૂલ્યાંકન કરવાની વાત રજૂ થતી હોય છે. મહદ્ અંશે હાલમાં તે અમલમાં મુકાતી પણ હોય છે.

Multiple પ્રશ્નપત્રોનો ઉપયોગ નવો નથી. આમ છતાં, કોલેજ શિક્ષણમાં તેનો ખાસ ઉપયોગ થતો નથી. છેલ્લાં પાંચ-સાત વર્ષથી આ પદ્ધતિનો ઉપયોગ મૂલ્યાંકન માટે કરવાનું સૂચન અવારનવાર થતું રહ્યું છે. પરીક્ષામાં નકલખોરી જેવા દૂષણને ટાળવા આ પદ્ધતિ ઘણી ઉપયોગી નીવડી શકે. અલબત્ત, ખર્ચનું પ્રમાણ વધે. પરંતુ કોમ્પ્યૂટરના જમાનામાં તેનો અમલ શક્ય બને. આ પદ્ધતિ અમલમાં મુકાય તો મૂલ્યાંકનકારે વધુ કાળજી રાખી પોતાની જવાબદારી નિભાવવી પડે. એ વાત સર્વવિદિત છે કે દૂષણો ટાળવા માટે ડમી નંબર, ઓબ્ઝર્વર્સની વ્યવસ્થા વગેરે પ્રથાઓ અમલમાં આવી છે.

આમ છતાં, નિષ્ઠાવાળો સમર્પિત અધ્યાપકવર્ગ ઉપરની અનેક બાબતો અંગે ઘણું કરી શકે છે. યુ.જી.સી. અને કેટલાંક વ્યાવસાયિક સંગઠનો પણ પોતાની રીતે અથવા સંબંધિત વર્ગો સાથે સહકારમાં ઘણું કરી શકે કે જેથી વિદ્યાશાખામાંના શિક્ષણ-મૂલ્યાંકનને યોગ્ય દિશા આપી શકાય.

નીચેની કેટલીક બાબતો કદાચ આ સંદર્ભમાં વધુ સારાં પરિણામો મેળવવામાં ઉપયોગી નીવડી શકે :

(૧) વર્ગખંડોમાં વ્યાખ્યાન દરમિયાન વિવિધ પાસાંઓને સ્પર્શતાં ઉદાહરણો આપવાં.

(૨) ભલે નાના પાયા પર, પણ કેટલાંક મહત્ત્વનાં પાસાં અંગે નાના જૂથને કેસ-સ્ટડી તાલીમ આપવી.

(૩) ટ્યૂટોરિયલ પદ્ધતિનો પૂરી શ્રદ્ધા સાથે ઉપયોગ કરી વિદ્યાર્થીઓને તેનું મહત્ત્વ અને ઉપયોગિતા સમજાવવી.

(૪) ટ્યૂટોરિયલ દરમિયાન વિદ્યાર્થી જાતે કામ કરે અને અધ્યાપક સતત દેખરેખ રાખતાં રાખતાં વૈયક્તિક માર્ગદર્શન જરૂર જણાય ત્યાં આપે. આ માટે એસાઈનમેન્ટ્સ તૈયાર કરી વિદ્યાર્થીઓને આપવાં.

(૫) ટ્યૂટોરિયલ્સને અંતિમ મૂલ્યાંકનના ભાગરૂપ બનાવવામાં આવે.

(૬) અવારનવાર અધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે વર્કશોપ કે ચર્ચાઓનું આયોજન થાય અને તેમાં ભાગ લેવાનું ફરજિયાત બનાવવામાં આવે.

(૭) અભ્યાસક્રમના વિવિધ પાસાંનું આયોજિત સમયબદ્ધ શિક્ષણ અપાય અને તે પણ જે તે સંદર્ભના હેતુઓ જળવાય તે રીતે.

(૮) અધ્યાપકવર્ગ પોતાના વિષય વિસ્તારમાં સતત માહિતગાર બને તે માટે યુ.જી.સી. પ્રેરિત રિફ્રેશર કોર્સિસનો ઉપયોગ કરવામાં આવે. ❑

# વૈજ્ઞાનિક અભિગમ

• પ્રા. રમેશભાઈ બી. શાહ

કોઈ પણ વિદ્યાશાખામાં અપાતા શિક્ષણનો એક ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ કે અભિગમ કેળવવાનો છે. આમાં પ્રથમ, વિજ્ઞાન વિશેની સ્પષ્ટતા જરૂરી છે. વિજ્ઞાન અને વૈજ્ઞાનિક પદ્ધતિ કોને ગણવાં તે વિશે મતભેદો પ્રવર્તે છે. આ લેખમાં વિજ્ઞાનની એક નોંધપાત્ર લાક્ષણિકતાના સંદર્ભમાં પ્રસ્તુત પ્રશ્નની ચર્ચા કરવામાં આવી છે.

ઐહિક ઘટનાઓને સમજવાનો વિજ્ઞાનનો એક ચોક્કસ અભિગમ છે. ચોક્કસ ઘટના અંગેનો ખુલાસો સ્વીકાર્ય બને તેની બે શરતો છે. એક, તે તર્કસંગત કે બુદ્ધિગમ્ય હોવો જોઈએ. બીજું, અનુભવોની કસોટીએ તે ખુલાસો પાર ઉતરવો જોઈએ. તેથી જે સિદ્ધાંતો રજૂ થાય તેની અનુભવાશ્રિત કસોટી શક્ય હોવી જોઈએ. જે કોઈ સિદ્ધાંતોની અનુભવોના આધાર પર ચકાસણી થઈ શકે તેમ ન હોય તે સિદ્ધાંત તર્કસંગત હોય તો પણ સ્વીકાર્ય બની શકે નહિ. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કે અભિગમને સમજવા માટે વિજ્ઞાનની આ લાક્ષણિકતાઓ ધ્યાનપાત્ર છે.

કોઈ વૈજ્ઞાનિકે કે વિદ્વાને ઘણા પ્રયોગો કે ચિંતન-મનન કરીને કોઈ સિદ્ધાંત રજૂ કર્યો હોય, એ વૈજ્ઞાનિક કે વિદ્વાનની ઘણી પ્રતિષ્ઠા હોય અને દેખીતી રીતે એ સિદ્ધાંત સાચો તથા તર્કસંગત જણાતો હોય તો પણ એ સિદ્ધાંતને કામચલાઉ અભિધારણા જ ગણવામાં આવે છે અને અનુભવોના આધારે કરેલી ચકાસણીમાં જો એ સિદ્ધાંત સાચો સાબિત ન થાય તો તેનો અસ્વીકાર કરવામાં આવે છે. વિજ્ઞાનમાં આ પરંપરા પ્રસ્થાપિત થઈ હોવાથી હવે કોઈ સિદ્ધાંતને સાચો ગણવાને બદલે, તે 'હજી સુધી ખોટો સાબિત થયો નથી, એવા નકારાત્મક શબ્દો દ્વારા તેના વિશે વાત કરવામાં આવે છે.

વિજ્ઞાન અને ધાર્મિક-સાંપ્રદાયિક શાસ્ત્રોની પરંપરા વચ્ચે આ બાબતમાં પાયાનો તફાવત છે. વિજ્ઞાનમાં કોઈ સિદ્ધાંતને અંતિમ સત્ય તરીકે સ્વીકારવામાં આવતો નથી. એ સિદ્ધાંત રજૂ કરનાર ગમે તેવો પ્રસિદ્ધ કે પ્રકાંડ વિદ્વાન હોય તોપણ તેને એક 'ઑથોરિટી' ગણીને કે તેને શાસ્ત્રપ્રમાણ ગણીને શ્રદ્ધાપૂર્વક તેને સ્વીકારી લેવામાં આવતો નથી. પ્રસિદ્ધ વિદ્વાને રજૂ કરેલા સિદ્ધાંતની અનુભવમૂલક કસોટી કરવામાં વિદ્વાન પ્રત્યે અનાદર દાખવવામાં આવ્યો છે એમ માનવામાં આવતું નથી. હકીકતમાં તો પ્રસ્તુત વિદ્વાનના સિદ્ધાંતને ચકાસણી યોગ્ય લેખવામાં આવ્યો તેમાં જ વિદ્વાન પ્રત્યેનો આદર વ્યક્ત થાય છે. વિજ્ઞાનને વરેલી વ્યક્તિઓ સત્ય માટે નિષ્ઠા દાખવે છે, વ્યક્તિ માટે નહિ.

ધાર્મિક કે સાંપ્રદાયિક અભિગમ તદ્દન જુદો છે. તેમાં શાસ્ત્રોના કર્તાઓને એક 'ઑથોરિટી' તરીકે સ્વીકારી લેવાના હોય છે, એ શાસ્ત્રોમાં અંતિમ સત્યો રજૂ થયેલાં છે એમ શ્રદ્ધાપૂર્વક સ્વીકારી લેવાનું હોય છે. તેમાં સુધારાને કોઈ અવકાશ નથી હોતો. ધર્મશાસ્ત્રોમાં કહેવાયેલી પારલૌકિક વાતોની ચકાસણી ઐહિક અનુભવોના આધારે કરવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. પરંતુ તેમાં ઐહિક બાબતો અંગે જે વિધાનો કરવામાં આવ્યાં હોય છે તે પણ શ્રદ્ધાપૂર્વક સ્વીકારી લેવાનાં હોય છે. શંકરાચાર્યે ભલે એવી રજા આપી હોય કે અગ્નિ ઠંડો છે એમ શાસ્ત્ર કહેતું હોય, પણ તમારો અનુભવ જુદું કહેતો હોય તો શાસ્ત્રવચનને સાચું ન માનશો, પરંતુ વ્યવહારમાં ધર્મશાસ્ત્રોના શબ્દોનો મારી મચડીને પણ એવો અર્થ કાઢવાની કોશિશ કરવામાં આવે છે જે અનુભવોની સાથે સુસંગત થાય. આમાં એ અભિપ્રેત હોય છે કે 'શાસ્ત્રકર્તાએ તો સત્ય જ કહેલું, પરંતુ આપણે સમજવામાં ભૂલ કરેલી.' ટૂંકમાં શાસ્ત્ર ખોટું ન જ હોઈ શકે એ સાંપ્રદાયિક અભિગમ છે.

આ ચર્ચામાંથી વૈજ્ઞાનિક અભિગમનું ધ્યાનપાત્ર પાસુ ફલિત થાય છે. આપણે આપણી માન્યતાઓ કેટલી તર્કસંગત છે તે તપાસવાની સાથે આપણા તેમજ બીજાઓના અનુભવોના સંદર્ભમાં એ માન્યતાઓની ચકાસણી કરતાં રહેવું જોઈએ. સાદી ભાષામાં કહીએ તો આપણા મનને ખુલ્લું રાખવું જોઈએ અને આપણી માન્યતાઓ કે આપણા વિચારોની વિરુદ્ધ જતા અનુભવો સાંપડે કે પ્રમાણો સાંપડે તો આપણી માન્યતાને બદલવા તૈયાર રહેવું જોઈએ.

એક ઉદાહરણ દ્વારા આ મુદ્દાને સ્પષ્ટ કરીએ. ગયા દસકાના ઉત્તરાર્ધમાં ગુજરાતમાં સળંગ ત્રણ દુષ્કાળો પડ્યા હતા. એ વખતે કેટલાક લોકો એવો મત રજૂ કરતા હતા કે ગુજરાતમાં જંગલો કપાઈ જવાથી વરસાદ ઓછો પડે છે. આવો મત રજૂ કરનારા એ ભૂલી ગયેલા કે ગુજરાતમાં સદીઓથી દુકાળો પડતા આવ્યા છે, અને એ બધાં વર્ષોમાં

ગુજરાતમાં આજની તુલનામાં ઘણાં ગાઢ જંગલો હતાં. ભૂતકાળના આ અનુભવના સંદર્ભમાં જો એ લોકોએ તેમની માન્યતાની ચકાસણી કરી હોત તો તે વખતે તરત જ ખોટી જણાઈ હોત. એ પછી દસેક વર્ષોથી ગુજરાતમાં પૂરતો વરસાદ થયો છે એ અનુભવ પણ આપણને થયો છે. આ અનુભવમાંથી એ સ્પષ્ટ થાય છે કે જંગલોના બીજા અનેક લાભો છે, પરંતુ તેમને વરસાદ સાથે કોઈ સીધો સંબંધ નથી.

સામાન્ય રીતે લોકો તેમની માન્યતાની વિરુદ્ધ જતા પુરાવા ખોટા છે એમ માનવા પ્રેરાતા હોય છે. તેમની માન્યતાની વિરુદ્ધ જતા અનુભવો પ્રત્યે તેઓ દુર્લક્ષ કરે છે અથવા એ અનુભવોનું અર્થઘટન તેમના વિચારોને અનુરૂપ નીવડે એ રીતે કરે છે. લોકોનું આ વલણ સાંપ્રદાયિક પરંપરાને અનુરૂપ છે, વિજ્ઞાનની પરંપરાને અનુરૂપ નથી.

ભારતમાં સાંપ્રદાયિક પરંપરા લોક માનસમાં દઢ થયેલી હોવાથી લોકો તેમની પૂર્વગ્રહ પ્રેરિત માન્યતાઓ અને વ્યવહારોને વળગી રહે છે, એટલું જ નહિ, વિજ્ઞાનોને હલકાં અથવા ઊતરતાં ગણે છે. આમાં ખૂબી એ છે કે જીવનની બધી સુખસગવડો ભોગવવા માટે વિજ્ઞાન પર આધારિત ટૅકનોલૉજી અને ઉપકરણોનો આપણે છૂટથી ઉપયોગ કરીએ છીએ. આપણા મંદિરો અને તીર્થસ્થાનોને પણ આધુનિક ટેકનોલોજીથી વધારે સગવડ ભરેલાં અને શોભાયમાન બનાવીએ છીએ, અને છતાં વિજ્ઞાનને ઉતરતા દરજ્જાનું ગણીએ છીએ. આના સંદર્ભમાં વિજ્ઞાન અને અધ્યાત્મને વિનોબાજીએ આપેલી ઉપમા ઘણી અર્થપૂર્ણ છે. અધ્યાત્મને તેમણે આંખની અને વિજ્ઞાનને પગની ઉપમા આપી છે. માણસે ક્યાં જવાનું છે તે આંખ દ્વારા નક્કી કરવાનું છે, પરંતુ ચાલવા માટે તો વિજ્ઞાનરૂપી પગનો જ ઉપયોગ કરવાનો છે. મુદ્દો એ છે કે જો આપણે ઐહિક વિશ્વમાં સારી રીતે જીવવા ઇચ્છતા હોઈએ તો વિજ્ઞાનોની સાધના કરવાનું મહત્ત્વનું છે અને વૈજ્ઞાનિક અભિગમને પ્રાકૃતિક અને સામાજિક વિજ્ઞાનો પૂરતો મર્યાદિત રાખવાનો નથી, આપણા રોજબરોજના વ્યવહારોમાં પણ તે અપનાવવાનો છે. અધ્યાપનના ક્ષેત્રમાંથી એક ઉદાહરણ લઈએ. અધ્યાપકોનો એ સામાન્ય અનુભવ છે કે આગલા વર્ષે જ નહિ, આગલા અઠવાડિયે શીખવવામાં આવેલી ઘણી બાબતો વિદ્યાર્થીઓ ભૂલી જાય છે. 'વિદ્યાર્થીઓને ભણવામાં રસ જ નથી' એવો મત વ્યક્ત કરીને અધ્યાપકો એ ઘટનાનો સાવ સરળ ખુલાસો આપતા હોય છે. કેટલાક વિદ્યાર્થીઓની બાબતમાં એ મત સાચો હોય છે, પરંતુ માનવીની યાદદાસ્ત અને શિક્ષણપ્રક્રિયા અંગે મનોવિજ્ઞાને જે સંશોધનો કર્યાં છે તે એ ઘટનાનો વધુ પ્રતીતિકર ખુલાસો આપે છે. મનોવિજ્ઞાન દ્વારા આપવામાં આવેલી સમજૂતીનો ઉપયોગ કરવામાં આવે તો અધ્યાપનકાર્ય વધારે અસરકારક બની શકે.

ઉપરોક્ત મુદ્દાને બીજી રીતે પણ ચર્ચી શકાય તેમ છે. વિદ્યાર્થીઓની યાદદાસ્ત અંગેનાં સંશોધનો ઇંગ્લેન્ડ-અમેરિકામાં થયાં છે. એ દેશોની શિક્ષણપ્રથા આપણા કરતાં સારી હોવા છતાં ત્યાંના અધ્યાપકોને પણ આપણા જેવો જ અનુભવ થયો. એ પ્રશ્નને વિદ્યાર્થીઓની ઉદાસીનતાનો પ્રશ્ન ગણીને બાજુ પર મૂકવામાં ન આવ્યો પણ તેનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવામાં આવ્યો. આ અનુભવમાંથી આપણને પ્રશ્નોને સમજવા માટેની વૈજ્ઞાનિક દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

---

## ક્ષમા

- ક્ષમા એ અંતરશત્રુ જીતવામાં ખડગ છે.
- પવિત્ર આચારની રક્ષા કરવામાં બખ્તર છે.
- શુદ્ધ ભાવે અસહ્ય દુઃખમાં સમપરિણામથી ક્ષમા રાખનાર મનુષ્ય ભવસાગર તરી જાય છે.

# શબ્દો : આયુધ અને ઓજાર

• પ્રા. બીપીનભાઈ શાહ

શબ્દો અમોઘ શક્તિવાહક સાધન પુરવાર થયા છે. શબ્દો સર્જનાત્મક અને સંહારક પરિણામોના સાક્ષી પણ બની રહે છે. એક કઠોર અને કર્કશ શબ્દ ધારદાર વાગ્બાણ બનીને મહાભારત સર્જે છે. કદીક શબ્દો હૃદય પર કદી ન રૂઝાય એવા ઘાવ પણ કરી નાખે છે. કવેળાએ ઉચ્ચારેલાં કવેણ સંસારમાં આગ પણ લગાડી દે છે. માનવજાતિની સંહાર લીલાઓના મૂળમાં પણ રોષ, વેર, ઈર્ષ્યા, લાલસા વગેરેને વ્યક્ત કરતા શબ્દોએ જે ભાગ ભજવેલા છે, તેનો ઇતિહાસ સાક્ષી છે. દ્રૌપદીના શબ્દ-ટીખળે મહાભારત સર્જ્યું તો કૈકેયીના શબ્દ-કારણે રામાયણના સર્જનની કથા સૌને વિદીત છે. આવાં પરિણામો શબ્દો જ્યારે આયુધો તરીકે ખપમાં લેવાય ત્યારે સ્વાભાવિક રીતે આવે છે.

શબ્દો એ સર્જનના માધ્યમ રૂપ ઓજાર પણ બની રહે છે. સુખ, શાંતિ, હર્ષ, ઉલ્લાસના વાચક શબ્દોએ જગતમાં સુખ, શાંતિ, કલ્યાણ અને સમૃદ્ધિને પ્રસરાવેલ છે. કવિ હૃદયમાંથી નિષ્પન્ન, તત્ત્વચિંતકના ચિંતનમાંથી પ્રતિપાદિત, પ્રભુપ્રેમમાં મગ્ન ભક્તના મન-સાગરમાંથી મોતી રૂપ શબ્દોએ માનવ સમાજને કેવી અદ્‌ભુત શાંતિ અર્પી છે ? શબ્દો નવસર્જન, નવરચના અને નવનિર્માણના નિમિત્ત બને છે. રાષ્ટ્રનિર્માણ, સમાજ-નિર્માણ અને પ્રતિભા-નિર્માણના મૂળમાં શબ્દો જ હોય છે. શૌર્ય, વીરતા, દેશદાઝના સ્પંદનો પણ શબ્દોના સહારે જ પ્રસરે છે.

શબ્દોનું માહાત્મ્ય આવું અદ્‌ભુત છે. એટલે જ માનવીએ હંમેશા એ બાબત સ્વીકારીને ચાલવું જોઈએ કે અન્ય માનવીઓ પોતાનાથી ભિન્ન સ્વભાવ તથા પ્રકૃત્તિ ધરાવે છે. તો તેઓ તમારાથી સહેજ જુદું વિચારે, વર્તે અને બોલે એને સહજ તથા સ્વાભાવિક ગણી લો. જો આ રીતે વિચારશો તો તમારી વાણીથી નિષ્પન્ન થનારા શબ્દો ફૂલ જેવા કોમળ બનીને સામેની વ્યક્તિને શાતા આપનારા બની રહેશે. તેને સુખ અને શાંતિનો અનુભવ કરાવશે. આપણી વાણીમાંથી નીકળતા સૌમ્ય શબ્દો સામેની વ્યક્તિના હૃદય પર અસર કરનારા, શીતળતાનો અનુભવ કરાવનારા અને મનને સુખકર લાગનારા બની રહે છે.

આનાથી વિપરિત શબ્દો જ્યારે આયુધોનું રૂપ ધારણ કરે છે ત્યારે બને છે. લોકો એકબીજાના દુશ્મન બનીને પરસ્પર મુકાબલો કરવા એવા તો તત્પર બને છે કે વૈરાગ્નિમાં બળબળતા તેઓ સાન-ભાન-વિવેક ભૂલીને નીતિ-નિયમ-સદાચારની મર્યાદાઓ ઉલ્લંઘીને જગત-શાંતિના દૂતો મટી શત્રુઓ બની જાય છે.

વાસ્તવમાં જ્યારે માનવજીવન પાણીના પરપોટા જેવું ક્ષણભંગુર છે. જિંદગી અત્યંત ટૂંકી છે, ત્યારે આપણા આ અણમોલ વિશ્વને કુરુક્ષેત્રમાં ફેરવવાના બદલે કર્મક્ષેત્ર અને ધર્મક્ષેત્રમાં પરિવર્તિત કરવાનો પ્રયત્ન કરીને સૌના સુખ, કલ્યાણ અને શાંતિ માટે સદાય તત્પર રહીએ તેમાં જ પ્રાણીમાત્રનું શ્રેય છે. આ શ્રેયમાર્ગ પર ચાલવાના એક સાધન તરીકે સૌમ્ય, શીતળ, મૃદુ અને શાંતિમય શબ્દમાળાનો ઉપયોગ કરીએ એ જ શ્રેષ્ઠ ઉપાય અને ઉકેલ છે.

❑

હે ભાઈ ! તારી જાત સાથે જ યુદ્ધ કર. બહાર યુદ્ધ કરવાથી શું ? એના જેવી યુદ્ધને યોગ્ય બીજી વસ્તુ મળવી દુર્લભ છે.

•

જગતના લોકોની કામનાઓનો પાર નથી,
તેઓ ચારણીમાં પાણી ભરવાનો પ્રયત્ન કરે છે.

# સ્વાભિમાન યા અભિમાન

• ચૌધરી હેમંતકુમાર (એસ.વાય.બી.કૉમ.)

મહાન મનુષ્ય હંમેશા માનવધર્મને મહાન ગણતો હોય છે. મહાન મનુષ્ય એ સાચા મનુષ્યનું પ્રતિબિંબ છે નહીં કે ફક્ત મનુષ્યનું. મહાન શબ્દને કિશોરવયથી સમજતો થયો.

આપણે મહાન માણસના ગુણો વિશે જાણીએ. જેવા કે દયા, ક્ષમા, ધીરજ, સ્વાભિમાનીપણું, શાંતિ, વીરતા, સહનશીલતા, સહિષ્ણુતા. આ ગુણો હોવા છતાં નમ્રતા દાખવનારો મનુષ્ય સ્વાભાવિક રીતે મહાન હોય જ.

ટૂંકમાં, જે વ્યક્તિ બીજાને મનથી મદદરૂપ થાય અને તેની પાસે કોઈ અપેક્ષા ન રાખે તો તેને મહાન જાણી શકાય.

દયા, ક્ષમા, ધીરજ, સહિષ્ણુતા, સહનશીલતા આ બધાના ધોરણ ખુબ ઊંચું છે માટે આ ગુણો મનુષ્યમાં હોય તો તે મનુષ્ય મટીને ભગવાન થઈ જાય. પણ એક ગુણ આજે પણ કેટલાક મનુષ્યોમાં જોવા મળતો હોય છે- તે છે 'સ્વાભિમાનીપણું'.

સૌપ્રથમ તો સ્વાભિમાની એટલે શું ? સ્વાભિમાની-પણું કોને કહેવાય ?

આનો ઉત્તર મારા મત મુજબ આપું તો સ્વાભિમાન એટલે એવું ભૂષણ કે જે મનુષ્ય ધારણ કરે તે પ્રામાણિક ગણી શકાય. આ ઉપરાંત આ ભૂષણ ધારણ કરવાથી બીજા કેટલાક દુર્ગુણોથી બચી શકાય છે. જેવાં કે લાલસા, અભિમાન કે અહંકાર. સ્વાભિમાનપણું એટલે ગમે તેવા સંકટમાં વ્યક્તિ હોય છતાં તે બીજાની વસ્તુને સ્પર્શ ન કરે અને પોતાની વસ્તુનો અમર્યાદિત ઉપયોગ કરીને સંકટમાંથી નીકળવાનો પ્રયત્ન કરે.

સ્વાભિમાનીપણાને સમજવા આપણે એક તર્કશીલ વાર્તા સમજવી પડશે.

આ વાત ચાર પાંચ દાયકા પહેલાંની છે. એક ગામમાં મૂલચંદ નામે એક વહેપારી રહેતો હતો. તે કપાસનો વેપાર કરતો હતો. આમ કરી તે પોતાની સાંસારિક ફરજ નિભાવતો હતો. તેના જીવન સિદ્ધાંતોમાં પ્રામાણિકતા છલોછલ હતી. તેના જેવા જ બીજા વેપારી અને મુલચંદ વચ્ચે આ જ તફાવત હતો. તે કોઈને પણ આર્થિક મુશ્કેલીમાં પણ મદદ કરતો, તેથી સ્વાભાવિક રીતે તેની પ્રતિષ્ઠા પણ સારી હતી.

અચાનક મૂલચંદના વેપારમાં ખોટ આવી. તે નુકશાન એટલું મોટું હતું કે તેને પોતાનું ઘર, જમીન, દુકાન, પત્નીના દાગીના બધું જ વેચવું પડ્યું. છેવટે તે પ્રામાણિક હતો. તે દરિદ્ર તો થયો પણ પોતાના સિદ્ધાંતોને વળગી રહ્યો. ઊગતા સૂરજને પૂજવાવાળી આ દુનિયાએ પણ તેની સાથે તેવો જ વર્તાવ કર્યો, તેના જુના સંબંધો પણ છેવટે નિરર્થક નીવડ્યા. મૂલચંદ ગામ છોડીને બીજે ચાલ્યો ગયો. અને ત્યાં એક તૂટેલા ખંડેરમાં પોતાનું રહેઠાણ બનાવ્યું. તેના બાળકો અને પત્ની ત્રણ દિવસથી ભૂખ્યા હતાં. હવે તેને ભીખ માગ્યા સિવાય બીજો કોઈ રસ્તો ન હતો. તે આમ તેમ ખોરાકની શોધમાં ભટકવા લાગ્યો. એટલામાં તેની દૃષ્ટિ એક સંન્યાસી પર પડી. તેણે વિચાર્યું કે આ સાધુ જ મારું સંકટ દૂર કરશે. તે સાધુ પાસે ગયો અને નમ્રતાપૂર્વક તેણે પોતાની આપવીતી સંભળાવી. ત્યાર બાદ સંન્યાસીએ ઉત્તર વાળતાં જણાવ્યું કે હું તો તને કોઈ મદદ કરી શકતો નથી પણ તું પેલો કાળો પથ્થર હટાવ અને જે નીકળે તે લઈ લે. મૂલચંદ તે જગ્યાએ ગયો અને તે પથ્થર હટાવ્યો. તેની આંખોમાં ચળકાટ આવી ગઈ, ત્યાં સોનાના સિક્કા-ઝવેરાતથી લદોલદ ચરુ હતા. પણ થોડા વિચાર બાદ તેણે તે પથ્થર પાછો લગાવી દીધો અને સાધુ પાસે આવ્યો. હવે મૂલચંદે કહેલું કથન આપણા માટે અને સાધુ માટે મહત્ત્વનું હતું. 'હે સંન્યાસી ! તેં મને માર્ગ બતાવ્યો પણ તે મારું નથી એટલે હું લઈ ન શકું.' આટલું બોલ્યા બાદ મૂલચંદ તે જ સ્થિતિમાં પાછો ચાલ્યો ગયો. સંન્યાસી તે સાંભળીને સ્તબ્ધ થઈ ગયો. તે સાધુ પર આની અસર તેને પણ સાચો માર્ગ બતાવી ગઈ. તે પોતાના પથ પરથી ભટકી ગયો હતો. આ ધનના સ્થળની તેને માત્ર જાણ હતી. માત્ર આટલી જાણકારીથી તેનામાં સાધુત્વનો અહંકાર આવી ગયો હતો. તેણે વિચાર્યું હતું કે હું તો સંન્યાસી છું મારાથી આ ધન ન લેવાય. મારા માટે આ શા કામનું ? આ વિચારમાં તેનો અહંકાર સ્પષ્ટ હતો. તેનામાં એટલું તો સંન્યાસીપણું હતું કે તેણે પોતાનો આત્મા અને હૃદયથી અલગ (તટસ્થ) રહીને વિચાર્યું. આટલું વિચાર્યા બાદ તે સ્થળ છોડીને ચાલ્યો ગયો.

આ વાર્તામાં મહાન કોણ ?

- કે જે સંસારનો ત્યાગ કરી સંન્યાસી જીવન ગાળવામાં પણ પોતાના દુર્ગુણોને ગાળી ન શક્યો.
- કે જે સંસારમાં રહીને આપત્તિ સહન કરીને પણ પોતાના સિદ્ધાંતોને વળગી રહ્યો.
- કે જે મદદ કરવામાં પણ પોતાનો અહં સંતોષે છે.
- કે જે બીજાને મદદ કરીને પણ પોતાના આપત્તિકાળમાં તેના પાસેથી કોઈ અપેક્ષા નથી રાખતો.

સાધુ ચાલતાં ચાલતાં પણ વિચાર કરવા લાગ્યો. એક સંસારી વ્યકિત કે જેણે આટલી મુશ્કેલીમાં હોવા છતાં બીજાની વસ્તુને સ્પર્શ સુદ્ધા ન કર્યો અને સહજપણે કહી દીધું કે તે મારું નથી એટલે હું ન લઈ શકું. આ વાક્ય એ સાધુના મનમાં રહેલી અહંકારની ઈમારતને તેના પાયામાંથી હચમચાવી નાખી.

મારો કહેવાનો અર્થ એટલો જ કે સંસાર ત્યજીને સંન્યાસી જીવન ગાળતા હોવા છતાં પણ અહંકાર, અહમ્ જેવો દુર્ગુણ નિર્મૂળ નથી કરી શકાતો કે જે દુર્ગુણ સંસારમાં રહેલો વ્યક્તિ સહજ રીતે નિર્મૂળ કરી શકે છે.

આ વાત હજી સ્પષ્ટ કરવા થોડું ઉલટાવીએ-જો મૂલચંદની જગ્યાએ તે સંન્યાસી હોત તો તે સ્થળે પહોંચ્યા પછી સંન્યાસી મૂલચંદ પાસે પાછો આવત ? અને મૂલચંદે કહેલું કથન તે કહી શકત ? હું કહું છું-ના. સંસાર છોડવાથી આપણા દુર્ગુણો દૂર થાય છે, પણ નષ્ટ થતાં નથી. અંતે તો તે માણસના વિચાર અને સ્વભાવ પર જાય છે. આ વાર્તામાં કેટલી વાતો સ્પષ્ટ થાય છે તે તો વાચકે જ નક્કી કરવાનું રહ્યું.

આજે પણ માણસના સ્વભાવ પર ધારણા કરવી એ ખોટી નીવડશે. આજે પણ એવા મનુષ્યો જોવા મળે છે કે જેમના વિચારો સરખા હશે, પણ સ્વભાવમાં ભિન્નતા હશે. એટલે તે વ્યક્તિ શું નિર્ણય લેશે. તે બીજું કોઈ જાણી શકતું નથી.

એક પ્રતિષ્ઠાવાળી વ્યક્તિ છે તે પ્રામાણિક હોવાથી ગામમાં તેનું માન છે. તે વ્યક્તિ ધંધાર્થે બહારગામ જાય છે ત્યારે તેને રસ્તામાં કિંમતી વસ્તુ નજરે પડે છે. ત્યારે તેના મનોમંથનની સંભાવના આપણે જાણી શકીએ છીએ. તેના ગુણોને આધીન વિચારીએ તો તે વસ્તુ ગ્રહણ કરશે નહિ. બીજી રીતે વિચારીએ તો જો તે વસ્તુ લઈ લે અને કોઈને જાણ ન થાય તો તેમાં તેનું મિશ્ર સ્વાભિમાન તો પોસાવાનું-તે વસ્તુથી આકર્ષાઈને વસ્તુ તો લેવી જ છે પણ પ્રતિષ્ઠાના ભોગે નહિ.

આ બંને પ્રવૃત્તિમાંથી તે કઈ પ્રવૃત્તિ કરશે તે કદાચ તે વ્યક્તિ સિવાય કોઈ કહી શકે નહિ. પરંતુ તે વ્યક્તિને ફક્ત તર્ક સિવાય બીજો કોઈ રસ્તો નથી. એવું પણ નથી કે મનુષ્યનો સ્વભાવ તેના વિચારો, ઘરનું વાતાવરણ, માતાપિતાનો સ્વભાવ પર આધાર રાખે છે.

હા, એક વાત કટુસત્ય હવે બનવા પામી છે કે મનુષ્યનું વાચન, તેનું પ્રશિક્ષણ, તેના વિચારો અને સ્વભાવ પર ઘણી ઘેરી અસર કરી શકે છે. મનુષ્યના સ્વભાવનું સંશોધન તર્કશાસ્ત્રની રીતે કરી શકાય. તેની સંભાવનાઓ શોધી શકાય. પણ તે સંભાવનાઓ પૈકી કઈ પ્રવૃત્તિ કરશે તે કદાચ આપણે વિચારેલી પ્રવૃત્તિઓમાંની એક પણ પ્રવૃત્તિ ન કરે એવું પણ બની શકે. માટે માણસના સ્વભાવ પર જેટલું વધારે લખીએ તેટલું ઓછું લખાતું જણાશે. હું તો માત્ર નિમ્નસ્તરનો વ્યક્તિ છું કે જે માત્ર થોડી સંભાવનાઓ વિચારીને માણસના સ્વભાવને જાણવાની જિજ્ઞાસાનું સર્જન કરી શકું. ❑

## જીંદગીની કિતાબ

જિંદગીના પાનાં એટલાં કોરાં,
અને લખાણ લખવા એમાં,
બે શબ્દો નામના તમારા,
યાદ આવ્યા, ત્યારે શાહી ખૂટી પડી,
અહીં તહીં શોધ કરી,
અને લખાણ લખવા ફરી,
બે શબ્દો નામના તમારાં,
શાહી ભરી આવ્યા, ને કલમ તૂટી પડી,
જરા વિચાર કરી, રક્ત,
હાથોમાં વહાવી, હોઠો પર અમારા,
બે શબ્દો નામના તમારા,
પ્રેમથી આવ્યા, ત્યારે કિતાબ છૂટી પડી,
જિંદગી વિખેરાઈ ગઈ, જાણે,
છૂટા કાગળ સાથે, જાણું,
નવ સમાશે હવે જિંદગીમાં,
મારી ફરી કદી નામ આપનું........

ભાવિન
(એફ.વાય.બી.કોમ.)

# યુદ્ધ

• શેખ નસરુદ્દીન (એસ.વાય.બી.કૉમ.)

યુદ્ધ એટલે કે બેથી વધુ જૂથ અતવા વ્યક્તિ વચ્ચે થતી લડાઈ. યુદ્ધની શરૂઆત આદિ માનવના સમયમાં થઈ એવું માનવામાં આવે છે. આદિ માનવના સમયમાં આદી માનવ અને પ્રાણીઓ વચ્ચે યુદ્ધ થતાં હતાં અને એ રીતે એ લોકો પોતાનો ખોરાક મેળવતા હતા અને પોતાનું જીવન ટકાવી રાખતા હતા. એ પછી એ લોકોનાં કુટુંબોનો વિકાસ થતો ગયો અને ધીરે ધીરે તે લોકો 'કબીલા'માં રહેવા લાગ્યા. અને તે લોકો 'કબીલા'માં વહેંચાતા ગયા. પછી અમુક પ્રશ્નોના કારણે બે કબીલા વચ્ચે યુદ્ધ થવાના શરૂ થયાં અને આવી રીતે યુદ્ધની શરૂઆત થઈ.

રાજા મહારાજાના કાળમાં યુદ્ધ તલવાર, ભાલા, તીર અને ગદા વડે થતું હતું. આવા યુદ્ધ સામ સામે થતા હતા અને લશ્કરની મોટી સંખ્યામાં જરૂર પડતી હતી. આવા યુદ્ધના અમુક નીતિ નિયમો હતા. સૂર્ય ઉદય થતાં શંખ વગાડવામાં આવતો હતો અને યુદ્ધ શરૂ થતું હતું. સૂર્યાસ્ત થાય ત્યારે પણ શંખ વગાડવામાં આતો હતો ત્યારે યુદ્ધ પૂર્ણ થતું હતું. અને બીજા દિવસે ફરીથી યુદ્ધ શરૂ થતું હતું. રાત્રિના સમયમાં કોઈ પણ પક્ષ એક બીજા ઉપર હુમલો કરતો ન હતો. બંને પક્ષો પોતાના તંબુમાં બીજા દિવસની તૈયારી કરતા હતા. અને દિવસ દરમિયાન ઘવાયેલા અને મૃત્યુ પામનારા શહીદોને પોતાના તંબુમાં લઈ જતા હતા.

તલવાર, ભાલાવાળા યુદ્ધમાં જે વ્યક્તિ ઘોડે સવાર હોય છે એ ઘોડે સવાર સૈનિકની સાથે યુદ્ધ કરતો હતો. અને એના કરતા નીચલી કક્ષાના વ્યક્તિ સાતે પણ તે યુદ્ધ કરી શકતો હોય છે. રથ ઉપર સવાર વ્યક્તિ રથ ઉપર સવાર વ્યક્તિની સાથે જ યુદ્ધ કરતો હતો તેની સાથે બીજી વ્યક્તિ યુદ્ધ કરી શકતી ન હતી. રથ ઉપર સવાર થનાર વ્યક્તિ રાજા, મહારાજા કે તેનો ભાઈ અથવા નજીકનો સંબંધી હોય છે.

પછી ભારતમાં મુઘલો આવ્યા અને પોતાની સાથે તોપ લાવ્યા. મુઘલોના સમય દરમિયાન બાદશાહ એટલે કે રાજા હાથી ઉપર સવાર થઈ યુદ્ધ કરતો હતો. આવા યુદ્ધમાં તોપના કારણે આધુનિકતાની શરૂઆત થઈ તોપના કારણે પ્રત્યક્ષ લડાઈનું પ્રમાણ ઘટ્યું. એક પક્ષ બીજા પક્ષ ઉપર દૂરથી હુમલો કરી સામેની સેનાનો સફાયો કરતો હતો. તોપના કારણે ઓછી સેના હોય તો પણ સામેવાળા ઉપર વિજય મેળવવું શક્ય બન્યું.

દુનિયાની સૌથી મોટી તોપ જયપુરમાં પહાડ ઉપર આવેલ એક એક કિલ્લામાં છે. આ તોપમાં ૧૫૦ કિલોનો ગોળો વપરાતો હતો. જે બહુ જ ઘાતક હતો. આ તોપનો ઉપયોગ ખૂબ જ ઓછી વાર થયો. આ તોપ જ્યારે ચલાવવામાં આવે ત્યારે તેની ૧૦૦ મીટરની અંદર ઉભેલા લગભગ બધી જ વ્યક્તિઓ બહેરા થઈ જતા હતા. અને તોપ ચલાવનાર વ્યક્તિ મૃત્યુ પામતો હતો. બીજી વાર જ્યારે આ તોપનો ઉપયોગ કરવામાં આવ્યો ત્યારે તેની બાજુમાં તળાવ બનાવવામાં આવ્યું. તેની ૧૦૦ મીટરના ડાયસની અંદર ખૂબ જ ઓછી વ્યક્તિઓને રાખવામાં આવી ત્યાં રહેતા લોકો પોતાના કાનમાં રૂનો ઉપયોગ કરતા હતા. તોપ ચલાવનાર વ્યક્તિ ઊંટ ઉપર બેસતો. જ્યારે તે ચલાવવામાં આવતી ત્યારે તોપ ચલાવનાર વ્યક્તિ ગોળો સળગાવી તળાવમાં કૂદકો મારતો જેના કારણે એના ભયંકર અવાજથી બચી જતો હતો. તે તોપન ગોળો જ્યાં પડતો ત્યાં ૧ કિલોમીટરનો વિસ્તાર લગભગ સાફ થઈ જતો હતો. અને ભયંકર વિનાશ સર્જતો હતો. એ જમાનામાં આ તોપ સૌથી શક્તિશાળી તોપ ગણાતી હતી.

ત્યાર પછી ભારતમાં સૌથી પહેલું રોકેટ ટીપુ સુલતાનના દારૂખાનાના રખેવાળે બનાવ્યું હતું. તે લગભગ ૨થી ૩ કિલોમીટર દૂર સુધી વાર કરવામાં સફળ ગયું હતું. ત્યાં સુધી ભારતમાં રોકેટ, તોપ અને બંદુકો યુદ્ધમાં જોવા મળતાં હતા. ત્યારથી જ યુદ્ધમાં અવનવા સાધનોનો સમાવેશ થવા લાગ્યો. યુદ્ધના નિયમો તૂટતા ગયા.

અને પછી એટલે કે ભારત આઝાદ થયું ત્યારે યુદ્ધમાં મશીનગન, રાયફલ, ટેન્ક વગેરેનો ઉપયોગ થવા લાગ્યો. દિવસ હોય કે રાત જ્યારે ઇચ્છો ત્યારે યુદ્ધ થઈ શકતું હતું.

હવે યુદ્ધમાં મિસાઈલ્સ, રોકેટ લોન્ચર, લડાકુ વિમાનો, ટેન્ક, સબમરીન અને અણુબોમ્બનો ઉપયોગ થાય છે. આજના સમયમાં યુદ્ધ માટે કોઈ સૈનિક પ્રત્યક્ષ રીતે બીજા સૈનિકો સાથે લડતો નથી. તે ફક્ત પોતાના મિસાઈલ્સ, રોકેટ, વિમાનો, ટેન્ક વગેરેથી હુમલો કરે છે. એક જ

વિમાન આખાને આખા શહેરનો વિનાશ નોતરી શકે છે. એક જ બોમ્બ ફેંકવાથી આખી શેરી નાશ પામે છે. અને અણુ બોમ્બ જેવા ઘાતકી સાધનો આખા દેશનો વિનાશ નોતરી શકે છે. અને આવા બોમ્બની અસર લાંબા સમય સુધી જોવા મળે છે. દા.ત, જાપાનમાં, હિરોશિમા અને નાગાસાકીમાં અત્યારે પણ બાળકો ખોડખાંપણવાળા પેદા થાય છે. હવે જે યુદ્ધ થાય છે. તેમાં કોમ્પ્યૂટર મહત્ત્વનો ભાગ ભજવે છે. હવે આવનાર સમયનાં યુદ્ધ માટે હથિયારોથી સજ્જ સૈનિકોની જગ્યાએ કોમ્પ્યૂટર પ્રોગ્રામરોની જરૂર છે. જે સામેના દેશના કોમ્પ્યૂટર તંત્રમાં ઘુસણખોરી કરી તેમની કોમ્પ્યૂટર પ્રણાલીને બેકાર કરી શકે.

હવે યુદ્ધની રીત સાવ જુદી થઈ ગઈ છે. આજે અમેરિકા કે જે દુનિયાનું સુપર પાવર છે. તેની પાસે અત્યંત આધુનિક સાધનો છે. જે હાલમાં દુનિયાના કોઈ પણ દેશ પાસે નથી. તેનો સાયબર નામનું વિમાન દુનિયાનું એક માત્ર એવું વિમાન છે જે દરેક સેટેલાઈટ ચેનલોમાં ઘૂસણખોરી કરી શકે છે. તે એફ.એમ. એ.એમ. લગભગ બધી જ ચેનલોમાં પોતે જે ઇચ્છે એ મુજબનું કામ કરાવી શકે છે. આ વિમાને ઇરાક સામેના યુદ્ધમાં પોતાની કામગીરીમાં ખઊબ સારી સફળતા મેળવી હતી. અમેરિકા પાસે જે ટેન્કરો છે તે રશિયાના ટેન્કરો ને પણ હંફાવી દે એવા છે. આજના સમયમાં આવા યુદ્ધના સાધનો હોવાથી અમેરિકા એક મજબૂત સર્વોપરી સત્તા બની રહી છે.

છતાં અમેરિકાને પણ હરાવી શકાય છે. તે માટે શસ્ત્રોથી સજ્જ સૈનિકો નહીં પણ કોમ્પ્યૂટર પ્રોગ્રામરોની જરૂર છે. કારણ કે અમેરિકાની લગભગ બધી જ કામગીરી કોમ્પ્યૂટર નેટવર્ક (ઇન્ટરનેટ) ઉપર એટલે કે જે અમેરિકાના સિક્રેટ એરિયામાં ઘૂસણખોરી કરી શકે તે આખા અમેરિકાની લશ્કરીતંત્રને નિષ્ફળ બનાવવામાં સફળ થશે.

અમેરિકાના લશ્કરી તંત્રમાં આવી ઘુસણખોરી એક અઠવાડિયામાં ૩૦૦ વાર થાય છે. તેનાથી અમેરિકાની ચિંતા વધવા લાગી છે. જો આવું ચાલતું રહેશે તો ૨૧મી સદીમાં અમેરિકાનું નામ પણ દુનિયામાં નહીં રહે. આવી રીતે ઘૂસણખોરી કરનાર વ્યક્તિઓ તે વ્યવસ્થામાં વાઈરસ પ્રોગ્રામ ફિટ કરી દેતા હોય છે. તેના કારણે આવી વ્યવસ્થા ઠપ થઈ જાય છે. અને માહિતી ગુમ થઈ જાય છે. આવા યુદ્ધને ટેકનોલોજીકલ યુદ્ધ કહેવામાં કાંઈ જ ખોટું નથી. આવા યુદ્ધમાં એક પણ વ્યક્તિને માર્યા વગર વિજય પ્રાપ્ત કરી શકાય છે.

દુનિયાના કેટલાક દેશો હવે એવી ટેકનોલોજીની શોધ કરી રહ્યા કે જેથી સામેવાળા સૈનિકને માર્યા વગર તેના પર વિજય મેળવી શકાય. આવી ટેકનોલોજીમાં અત્યાર સુધી શોધાયેલા યંત્રોમાં ગમ રાયફલ જેનામાં ગોળીની જગ્યાએ પીચકારી નીકળે અને સામે વાળી વ્યક્તિને ત્યાંજ જમાવી દે છે. તેને ઉખાડી શકાય છે. પણ ઉખાડવામાં ચારથી પાંચ કલાક લાગે છે. બીજી છે રબર શોટ રાયફલ તેમાં ગોળીની જગ્યાએ રબરની ગોળી છૂટે છે. આ રાયફલનો ઉપયોગ ટોળાને વિખેરવા માટે કેટલાક દેશોમાં થાય છે. ત્રીજી છે લેઝર લાઈટ રાઈફલ આ રાઈફલમાંથી લેઝર કિરણો નીકળે છે જેનાથી સામેની વ્યક્તિને સામે કંઈ દેખાતું નથી. અને એક છે, પેપર સ્પ્રે. આ સ્પ્રેનો ઉપયોગ ટોળાને વિખેરવા અમેરિકામાં મોટા પ્રમાણમાં થાય છે. આ સ્પ્રેમાં ઉપર છાંટવામાં આવે છે. આસ્પ્રે આંખમાં જતા આંખ બળવા લાગે છે અને જે જે અંગ ઉપર આ સ્પ્રે પડે છે. તેમાં સખત જલન લાગે છે. એવું લાગે છે કે કોઈએ મરચાનાં પાણીનો છંટકાવ કર્યો હોય. આ સ્પ્રેના છંટકાવના અડધા કલાક પછી વ્યક્તિ નોરમલ થઈ જાય છે. આવા અનેક સાધનો શોધાઈ ચૂક્યા છે. પણ આવા હથિયારોના શોદક દેશો તો એવું કહેવું છે કે 'અમે ફક્ત આવાં જ સાધનોની સાથે યુદ્ધમાં અમારા સૈનિકોને મોકલીશું નહીં કે એવાં સાધનો સામે જેથી તેમનો જીવ મુશ્કેલીમાં મુકાય. આથી આવા સાધનોનું કોઈ ખાસ મહત્ત્વ દેખાતું નથી.

આજે ભારત દુનિયાના કોઈ પણ દેશ સાથે યુદ્ધ કરવાની પૂરી ક્ષમતા ધરાવે છે, હાલમાં ભારતની પાસે અગ્નિ, પૃથ્વીથી લઈને હમણાં જ કરેલા અણુ બોમ્બ સુધી સંપૂર્ણ રેન્જના બોમ્બ, મિસાઈલ, અને વિમાનો છે. હાલમાં ભારત વિશ્વની છઠ્ઠી મહાશક્તિ છે.

૨૧મી સદીની આપણે ત્રણ રીતે કલ્પના કરી શકીએ. એક તો એ કે ૨૧મી સદીમાં સંપૂર્ણ શાંતિ રહે અને કોઈ પણ દેશ બીજા કોઈ પણ દેશ જોડે યુદ્ધ ન કરે. બીજી એ કે અણુ યુદ્ધ થાય અને વિશ્વની લગભગ ૬૦ થી ૬૫% વસ્તી નાશ પામે. ત્રીજી એ કે સાયબર યુદ્ધ થાય એટલે કે ફક્ત કોમ્પ્યૂટર દ્વારા જ વિજય મેળવી શકાય. અને ચોથો વિકલ્પ એ છેક પૃથ્વીનો કોઈ બીજા ગ્રહ સાથે યુદ્ધ થાય અથવા ધૂમકેતુ અથડાય.

ઇશ્વરને આપણે પ્રાર્થના કરીએ કે તે બધાને જ યુદ્ધથી બચાવે અને બધાના જીવની રક્ષા કરે. યુદ્ધ કરવાની માનવસહજ મૂળભૂત ભાવનાનો જ માનવમાત્રમાંથી નાશ થાય અને માનવ જ નહીં પણ દરેક જીવનું મંગલ કલ્યાણ થાય તેવી સદ્ભાવનાનો વિકાસ થાય. ❑

# કોમર્સ કોલેજમાં અંગ્રેજીનું શિક્ષણ

• ડૉ. વર્ષાબહેન શાહ

કૉમર્સ કૉલેજમાં અંગ્રેજી શીખવતાં શીખવતાં ભાષા અને સાહિત્ય વિશેના ઘણા ખ્યાલો સ્પષ્ટ થયા. વ્યક્તિ કે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે ભાષાનું જ્ઞાન અને આવડત અનિવાર્ય બની રહે છે. ભાષા સંસર્ગ, સંપર્ક કે અભિસંચાર માટેનું સર્વોત્તમ સાધન છે તે વિશ્વવ્યાપક સત્ય છે. માત્ર હાવભાવથી કે ઇશારાથી કે શરીરનાં કેટલાંક અંગોના હલનચલનથી કાંઈક કેટલુંક પ્રત્યાયન કરી શકાય છે, પણ માહિતીના આદાનપ્રદાન માટે તે કાર્યક્ષમ નથી. કેટલીક વાર ફક્ત નકશાઓ, ચિત્રો કે રેખાંકનો પણ માહિતી પૂરી પાડે છે. પણ આજના દશ્ય-શ્રાવ્ય સાધનો જેટલાં તે અસરકારક નથી. માહિતી-પ્રસારણ માટેનાં ગમે તે ઉપકરણો-જેવાં કે છાપાં, મેગેઝિનો, ટી.વી., રેડિયો-નો ઉપયોગ કરીએ પણ ભાષા જ તેના મૂળમાં છે તે સુવિદિત છે. જો ભાષા જ ન હોય તો વ્યવહાર-વિનિમય, એકબીજાનો સંપર્ક શક્ય જ નથી. મનુષ્ય સામાજિક પ્રાણી છે, તે એકલો એક દ્વીપ સમાન રહી શકતો નથી. એકબીજાની સાથે હળીમળીને જીવવા, આન્તરવ્યવહાર કરવા ભાષા એ પ્રાથમિક અને અનિવાર્ય જરૂરિયાત બની રહે છે.

ભાષા એટલે બોલી. એક જ સ્થળે રહેતો, એક જ સંસ્કાર અને સંસ્કૃતિ, સમાન પહેરવેશ અને વિચારસરણીવાળો મનુષ્યસમૂહ જે બોલે છે, પોતાને જરૂર પડતા શબ્દોનો ઉપયોગ અને પોતાના વિચારોને વ્યક્ત કરતી વાક્યરચના કે શૈલીનો જે ઉપયોગ કરે છે, તેને આપણે બોલી કે ભાષા કહીએ છીએ. સમય જતાં, પરિસ્થિતિ પ્રમાણે જરૂર પડતાં શબ્દો કે પ્રયોગો ઉમેરાતા જાય છે અને બિનજરૂરી અદશ્ય થતા જાય છે. આ બોલીને પ્રદેશ પ્રમાણે આપણે નામ આપીએ છીએ. જેમકે ગુજરાતમાં વસતા લોકો ગુજરાતી બોલે છે, પંજાબમાં રહેતા પંજાબી. વર્તમાન પરિપ્રેક્ષ્યમાં ભાષાઓ, આવી ભૌગોલિક સરહદોમાં સીમિત નથી રહી. હવે તો જ્યાં વસે ગુજરાતી ત્યાં હશે ગુજરાત. જગતના કોઈ પણ ભાગમાં વસતો ગુજરાતી, ગુજરાતી બોલે છે. વિજ્ઞાન અને ટેકનોલૉજીના આ યુગમાં, હવે પ્રદેશ-સ્થાન-ક્ષેત્ર કે સમયના ખ્યાલો, પુરાણા થવા લાગ્યા છે. ઓસરવા લાગ્યા છે. આજે આખી દુનિયાનાં બધાં જ રાષ્ટ્રો કે પ્રદેશોમાં માત્ર આવાગમન જ નહીં પણ નિર્વસન પણ શક્ય બન્યું છે. કેટલીક ક્ષણોમાં સાત સમુંદર પાર-અમેરિકા વસતા સ્નેહી સાથે વાત થઈ શકે છે. અહીંથી મોકલાતા સંદેશાઓ તે જ ક્ષણે ત્યાં ઝીલાય છે, ઝડપથી ઊડતાં વિમાનો દ્વારા થોડાક કલાકોમાં ત્યાં પહોંચી જવાય છે. ક્યાં છે સમય અને ક્ષેત્રનું અંતર ?

આના પરિણામે એક જુદો જ સમાજ ઊભો થઈ રહ્યો છે. આ મનુષ્યસમુહ એક ખાસ ભૌગોલિક પ્રદેશમાં રહેતો નથી. તેનું જીવન એક વિશિષ્ટ સંસ્કાર કે પ્રણાલિકાના સીમાડાથી બંધાયેલું નથી. તે આખા વિશ્વમાં ફેલાયેલો છે. આ એક ગ્લોબલ કૉમ્યુનિટિ-વિશ્વસમાજ છે જેને અરસપરસ વ્યવહાર માટે, આદાનપ્રદાન માટે એક કૉમન-સામાન્ય ભાષાની જરૂર પડે છે. આજના આ સમૂહની આન્તરદેશીય કે વૈશ્વિક ભાષાનું આગવું સ્થાન અંગ્રેજીને ફાળે જાય છે. આજે અંગ્રેજી વિશ્વની ભાષા છે. તેનાં કેટલાંક ઐતિહાસિક કારણો છે. અંગ્રેજોનું સામ્રાજ્ય એટલું ફેલાયેલું હતું કે જ્યાં સૂર્ય કદી અસ્ત થતો નહીં. રાષ્ટ્રસમૂહના બધા જ દેશો કે નવા વિશ્વના દેશો જેવા કે ઓસ્ટ્રેલિયા-અમેરિકા વગેરેની ભાષા અત્યારે અંગ્રેજી જ છે. જાપાનના લોકો ભલે અંગ્રેજી ન બોલે પણ કંઈક નવીન સંશોધન કરે કે તરત જ અંગ્રેજી ભાષાના માધ્યમ દ્વારા તેને વહેતું મૂકે. આ રીતે, જ્ઞાન અને માહિતીનો ખજાનો અંગ્રેજી ભાષા દ્વારા જ સુલભ છે.

અંગ્રેજી ભાષાના શિક્ષણને આપણી કેળવણીમાં પણ અગત્યનું સ્થાન અપાયું છે. સ્વતંત્રતા પછીના ભારતમાં પોતપોતાના પ્રાંતની ભાષાની સાથે સાથે, માતૃભાષાની લગોલગ, અંગ્રેજીનું શિક્ષણ આપવામાં આવે છે. વચમાં, થોડાં વર્ષો, શિક્ષણનું માધ્યમ તો માતૃભાષા જ હોવી જોઈએ તેમ, દેશદાઝથી પ્રેરાઈને કેળવણીકારો માનતા હતા અને સમગ્ર રાષ્ટ્રને સાંકળી લે તેવી રાષ્ટ્રભાષા હિન્દીની અનિવાર્યતા પણ સમજાઈ હતી, પણ વાસ્તવમાં પરિસ્થિતિ જુદી છે. અંગ્રેજી પ્રત્યેનું આકર્ષણ પ્રજામાં કેટલું છે, તે અંગ્રેજી માધ્યમની શાળાઓમાં પ્રવેશ મેળવવા કેટલી પડાપડી થાય છે તેના ઉપરથી સાબિત થઈ જાય છે. યુરોપમાં જેમ એક જમાનામાં ફ્રેન્ચમાં વાર્તાલાપ કરવો તે

સંસ્કારીપણાની નિશાની હતી તેમ આપણે ત્યાં પણ અંગ્રેજીમાં બોલવું એટલે સુશિક્ષિત હોવું, ગણાતું હતું. પોતે સુશિક્ષિત છે, સંસ્કારી કે સુધરેલા છે, તેમ બતાવવા, આ આકર્ષણ કદાચ શહેરી વિસ્તારોમાં વધુ હશે પણ અત્યારના વૈશ્વિક સંદર્ભમાં, અંગ્રેજી ભાષાએ, બધા જ વિસ્તારોમાં પોતાની મહત્તાને વ્યાપક બનાવી છે. સરકારના કેળવણી ખાતાનાં નીતિનિયમો, અંગ્રેજી કયા ધોરણથી શીખવવું તે વિશે ભલે બદલાતા રહે પણ લોકોના માનસતટપર અંગ્રેજીની છાપ અતિ ઊંડી છે.

વ્યાપાર અને વાણિજ્યનું વિજ્ઞાન કે શાસ્ત્ર શીખવતી કોમર્સ વિદ્યાશાખામાં અંગ્રેજીનું શિક્ષણ એક જરૂરિયાત બની રહે છે. અહીંયા અંગ્રેજી શિક્ષણનો હેતુ અંગ્રેજી સાહિત્યનું સર્જન કે છટાદાર પ્રવચન આપવાની કલા વિકસાવવાનો નથી, પણ તેનું ધ્યેય વ્યવહાર કે ઉપયોગનો હેતુ પાર પાડવાનો છે. હેતુ છે ભાષાનું એક કૌશલ્ય, આવડત કે દક્ષતા કેળવવાનો જે માધ્યમ વડે બાહ્ય, અંતિમ ધ્યેય પૂરો પાડી શકાય. વિદ્યાર્થી જ્યારે વ્યાપારી બને ત્યારે નિશ્ચિત, ધાર્યા લાભ અસરકારક રીતે ઉપજાવી શકે તે માટેનું યોગ્ય, જરૂરી ઓજાર-સાધન, અંગ્રેજી ભાષા બની રહે તેટલું શિક્ષણ તેને અપાય છે. આ ઉપરાંત અંગ્રેજી ભાષાને લાયબ્રેરી લેન્ગવેજ તરીકે ઓળખવામાં આવે છે. આનો અર્થ ગ્રંથાલયમાં જ બોલાતી ભાષા એમ નથી થતો પણ પુસ્તકાલયમાં રહેલાં મોટા ભાગનાં કે મહત્ત્વનાં પુસ્તકો જે ભાષામાં લખાયેલાં હોય, તે ભાષાનું જ્ઞાન, જેની મદદથી પોતાને મનપસંદ વિષયોને લગતી માહિતી, તે ભાષાના પુસ્તકોમાંથી મેળવી શકાય. આજે જે જ્ઞાનનો વિસ્ફોટ થયો છે તે અંગ્રેજી ભાષામાં ઝીલાયો છે. કૉમર્સના વિદ્યાર્થીઓને એટલું તો અંગ્રેજી વાંચતાં-સમજતાં-ગ્રહણ કરતાં આવડવું જ જોઈએ જેથી તે અંગ્રેજી ભાષામાં પ્રાપ્ય માહિતી અને જ્ઞાનનો, પોતાના ક્ષેત્રમાં ઉપયોગ કરી શકે. શીખેલી ભાષાનો, જીવનમાં સફળતા મેળવવા ઉપયોગ કરી શકાય એ જ પ્રયોજન પર્યાપ્ત બને છે.

આથી જ કોમર્સ વિદ્યાશાખામાં અંગ્રેજી ભાષાનું જ્ઞાન એક કૌશલ્ય કે દક્ષતા બની રહે છે. વાણિજયનાં કોઈપણ ક્ષેત્રમાં પ્રવેશ કરવા વિદ્યાર્થી કાર્યક્ષમ બને છે. ભાષાની એને એટલી તાલીમ મળે છે કે જેથી વાણિજ્ય વર્તુળમાં તે સફળતાથી સંચાલન કરી શકે છે, માહિતી અને જ્ઞાનનું વ્યવસ્થિત આદાનપ્રદાન કરી શકે છે. સંપૂર્ણ વાણિજ્ય પત્રવ્યવહાર-ગ્રાહક અને દુકાનદાર વચ્ચેનો સામાન્ય પત્રવ્યવહાર હોય કે બેંક સાથેનો પત્રવ્યવહાર હોય કે જાહેર ક્ષેત્રની સંયુક્ત શેરભંડોળવાળી કંપનીઓના સેક્રેટરી સાથેનો પત્રવ્યવહાર હોય-અંગ્રેજી ભાષામાં જ શીખવવામાં આવે છે. વાણિજ્ય અને ઉદ્યોગ ક્ષેત્રે મહત્ત્વનું સ્થાન ધરાવતા વ્યાપારી-અહેવાલો જેમનું સર્વેક્ષણ કરી, તારવણી કાઢી,ભલામણો કરવાની હોય છે. જેના દ્વારા સંચાલન કરવામાં આવે છે તેની તાલીમ પણ અંગ્રેજી ભાષા દ્વારા અપાય છે. આમ, અંગ્રેજી ભાષાની તાલીમ કે શિક્ષણ, સાહિત્યના રસાસ્વાદ માટે નહીં પણ ચોક્કસ ઉપયોગના સાધન તરીકે છે.

હવે સવાલ એ થાય છે કે અંગ્રેજીનું આવું અને આટલું જ શિક્ષણ, વર્તમાન પરિપ્રેક્ષ્યમાં કેટલું કામિયાબ થઈ શકે ? અંગ્રેજી ભાષા ભલે આપણને શાસનકર્તાઓ તરફથી વારસામાં મળી છે પણ છે તો એ પરદેશી ભાષા જ. અત્યારે એ આપણા ઘરોમાં કે આજુબાજુ મહદ્અંશે બોલાતી નથી, તે આપણી રોજિંદા-વ્યવહારની ભાષા નથી. એટલે જ ગમે તેટલું આકર્ષણ કે તેના મહત્ત્વની સમજણ હોય, છતાં અંગ્રેજીનું શિક્ષણ, સામાન્ય વિદ્યાર્થી માટે અઘરું થઈ પડ્યું છે. સામાન્ય રીતે, માતૃભાષાના સંદર્ભમાં, ભાષા શીખવવાની પ્રક્રિયા આ પ્રમાણે હોય છે. પહેલાં બોલતા સાંભળવી, પછી બોલવી, પછી નિશાળમાં વાંચવી અને લખવી. બાળક પહેલાં, પોતાની આસપાસ બોલાતી ભાષા સાંભળે છે, પછી સહજ રીતે બોલવા લાગે છે, પાછળથી નિશાળમાં જઈને વાંચતો, લખતો થાય છે. પરદેશી ભાષા શીખવાની પ્રક્રિયા સાવ જુદી પડે છે. પહેલાં સાંભળવી પડે છે, શબ્દોના અવાજ અને ઉચ્ચારો પકડવા પડે છે, પછી વાંચતા શીખાય, પછી લખતા અને બોલવાનો તો અંતિમ અને અઘરો તબક્કો હોય છે. આપણા ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાર્થીઓ પણ સારું અંગ્રેજી બોલી નથી શકતા તે એક કમનસીબી છે. મારો એક સાહિત્યપ્રેમી વિદ્યાર્થી હંમેશાં કહેતો કે 'અંગ્રેજી સાહિત્ય જ્યારે સંસ્કૃત સાહિત્યની જેમ, ગુજરાતીમાં શીખવવામાં આવશે ત્યારે હું અંગ્રેજી સાહિત્ય શીખીશ !' આ રીતે, સામાન્ય વિદ્યાર્થીને અંગ્રેજીનું શિક્ષણ મુશ્કેલ લાગે છે અને તેથી તેના પ્રત્યે અણગમો પણ ઉત્પન્ન થાય છે. તેથી જ આજે અંગ્રેજીના શિક્ષણનું સ્તર કથળતું જાય છે. અને તે ઉતરતું સ્તર, શિક્ષણશાસ્ત્રીઓનો ચિંતાનો વિષય બની રહ્યું છે.

આ યુગના મહાન તત્ત્વચિંતક, બર્ટ્રાન્ડ રસેલ કહેતા કે આજનું શિક્ષણ વ્યક્તિને માત્ર ૧૧થી ૬ શું કરવું તે શીખવે

છે, એટલે વ્યવસાય કે રોજગારી લક્ષ્ય છે. પણ સમગ્ર જીવન કેમ જીવવું તે તો કલા અને સાહિત્યના અભ્યાસ દ્વારા જ સમજી શકાય. વ્યક્તિના જીવનમાં જે ખૂટતું હોય તે સાહિત્યના અભ્યાસ દ્વારા પ્રાપ્ત થઈ શકે છે, કારણ કે સાહિત્ય એ સમગ્ર જીવનનું પ્રતિબિંબ છે. સર્વ સામાજિક-ધાર્મિક-સાંસ્કૃતિક પરંપરાઓ સાહિત્યમાં ઝીલાય છે અને માનવીય મૂલ્યોને વાચા અપાય છે. સાહિત્યમાં થયેલા અખિલ અસ્તિત્વના સ્વરૂપનું નિરૂપણ, વાસ્તવિકતાનો યથાર્થ બોધ કરાવે છે. પરિણામે પ્રસન્નતા પમાય છે. સાહિત્યના અભ્યાસથી આપણી સમગ્ર વૈચારિક પ્રક્રિયાનું ઘડતર થાય છે જેના ફળરૂપે વ્યક્તિ આંતરિક શક્તિ, સુખ અને સમૃદ્ધિ પામી શકે છે. માત્ર બાહ્ય વૈભવની તાલીમ નહીં, પણ આંતરિક શક્તિ જે વ્યક્તિ કે સમાજને તંદુરસ્ત રાખે છે, તે સાહિત્યના અભ્યાસથી પ્રાપ્ત થાય છે. સાહિત્યમાં ઝીલાયેલા જીવન અનુભવોનો આસ્વાદ લેતાં લેતાં વ્યક્તિમાં પણ એક અનોખી રસદૃષ્ટિ અને સૌંદર્ય દૃષ્ટિ ઘડાય છે જેનાથી તેના સીમિત વ્યક્તિગત જીવનમાં અનંતનો સાક્ષાત્કાર થાય છે. કવિ માઘે, ક્ષણે ક્ષણે નૂતન દેખાય તે સૌંદર્ય એમ વ્યાખ્યા કરી છે તે પ્રમાણે પેઢીએ, પેઢીએ જે નવીન અર્થસંકેત કરે તે સનાતન સાહિત્યનો અભ્યાસ આજના વિજ્ઞાનયુગમાં ખૂબ જ અર્થપૂર્ણ છે.

આથી જ સાહિત્યનો અભ્યાસ સવિશેષ પ્રસ્તુત છે. અંગ્રેજી ભાષાનું માત્ર ખપ પૂરતું, ઓજાર તરીકેનું એક માધ્યમ તરીકેનું જ્ઞાન કે કૌશલ્ય પૂરતું નથી. સાહિત્યના અભ્યાસથી માનવસંબંધોની સમજણ વધે છે અને વસુધૈવ કુટુંબકમ્ ની ભાવના દૃઢ બને છે. જીવન પ્રત્યેનો એક નૂતન અભિગમ ઘડાય છે. નૈતિક મૂલ્યોની કિંમત કરતા થઈએ છીએ, માણસ માણસ પ્રત્યે કુણો પડે છે, એકતા અનુભવે છે અને અંતે માત્ર માહિતી ભેગી કરતો રોબોટ કે કોમ્પ્યૂટર મશિન બની રહેવાને બદલે આંતરસમૃદ્ધિથી સુસજ્જ, સંવેદનશીલ, સૌંદર્યપ્રેમી, સત્યશોધક ઉમદા માનવી બને છે. કૉમર્સ કોલેજમાં અંગ્રેજી કે કોઈપણ ભાષાનું સાહિત્ય આપણે શીખવીશું ?

❑

---

## હે પરમાત્મા !

અમને મોક્ષ આપવા કરતાં
સત્પુરુષના જ ચરણનું ધ્યાન કરીએ અને
તેની સમીપ જ રહીએ એવો યોગ આપ.
હે પુરુષચરણ !
અમે તારામાં અને સત્પુરુષમાં કંઈ ભેદ હોય એમ સમજતા નથી;
તારા કરતાં અમને તો સત્પુરુષ જ વિશેષ લાગે છે;
કારણ કે તું પણ તેને અધીન જ રહ્યો છે;
અને અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળી શક્યા નહીં; એ જ
તારું દુર્ધરપણું અમને સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઉપજાવે છે;
કારણ કે તું વશ છતાં પણ તેઓ ઉન્મત્ત નથી;
અને તારાથી પણ સરળ છે.

શ્રીમદ્ રાજચંદ્ર

# માનવ અધિકારો

• ડૉ. ઈલા પાઠક

૧૯૯૮નું વર્ષ માનવ અધિકારોની સુવર્ણજયંતી વર્ષ તરીકે ઉજવાયું. ૧૯૪૮માં સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાએ પહેલીવાર માનવ અધિકારોનો ખરડો સ્વીકાર્યો હતો. ત્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ૫૦ દેશો સભ્યો હતા. ૧૯૯૮માં ફરીથી આ ખરડાને વિસ્તારીને વિયેના જાહેરનામા તરીકે સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાએ સ્વીકાર્યો. આ સમયે સામાન્ય સભામાં ૧૭૦ દેશો સભ્યો હતા, જેમાં ચીન પણ સામેલ હતું.

૧૯૪૮માં માનવ અધિકારોનો ખરડો સ્વીકારાયો તેની ભૂમિકા માનવમાત્રને જન્મસિદ્ધ સમાનતાના અને વૈયક્તિક ગરિમા સાચવવાનો અધિકાર છે અને તેના દ્વારા વિશ્વમાં સ્વાતંત્ર્ય, ન્યાય અને શાંતિનાં મૂલ્યો સચવાય તે હતી. માનવ અધિકાર પર આક્રમણ થાય તો કાયદામાં તેને રક્ષણ મળવું જોઈએ, જેથી માનવીઓ ભય અને ભૂખથી થરથરતાં રહે નહીં. સ્વતંત્ર દેશો વચ્ચે પરસ્પર બંધુભાવ કાયમ રહે, સંયુક્ત રાષ્ટ્રસંઘના સહકારમાં વૈશ્વિક માનવ અધિકારોનું સંગોપન થાય અને મૂળગત સ્વાતંત્ર્ય અકબંધ રહે તેવી ભાવના સાથે ૧૯૪૮નો માનવઅધિકાર ખરડો સ્વીકારાયો.

સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભામાં સ્વીકારાયેલા આ ખરડાની પ્રસ્તાવનામાં જાહેરાત છે કે દરેક દેશોના જનસમૂહો, તેના સમાજના દરેક જૂથ અને વ્યક્તિઓ માનવઅધિકારોના આ વૈશ્વિક ઢંઢેરાને સતત ખ્યાલમાં રાખશે, તે વિશેની જાણકારી પ્રસરાવશે અને એ અધિકારોનું સમર્થન કરશે. આ ૧૯૪૮ના ઢંઢેરાનો પ્રથમ અનુચ્છેદ લખાયો ત્યારે ભારતીય પ્રતિનિધિ મંડળમાં ગુજરાતના શ્રીમતી હંસાબહેન મહેતા ત્યાં હાજર હતાં. પ્રથમ અનુચ્છેદના શરૂઆતના શબ્દો છે : 'સર્વ માનવો મુક્ત જન્મે છે અને અધિકારોમાં તેમજ ગરિમામાં સમાન છે.' પહેલો જે મુસદ્દો તૈયાર કરાયો હતો તેમાં આ શબ્દો હતા : 'સર્વ પુરુષો મુક્ત જન્મે છે અને...' શ્રીમતી હંસાબહેન મહેતાએ ધ્યાન ખેંચ્યું કે સામાન્ય રીતે પુરુષોમાં સ્ત્રીઓ સામેલ છે તેવું અભિપ્રેત જરૂર હોય પણ તે શબ્દ (પુરુષો) ખરડામાં હશે તો ક્યારેક કોઈક સવાલ ઊઠાવી શકશે કે પ્રથમ ખરડામાં સ્ત્રીઓને સામેલ નહોતી કરી કે કેમ. આથી સૂચન કર્યું કે 'પુરુષો' ને બદલે 'માનવો' શબ્દ વાપરવો. લંબાણપૂર્વકની ચર્ચાને અંતે પહેલા અનુચ્છેદનો મુસદ્દો બદલાયો અને 'પુરુષો' ને બદલે 'માનવો' મુકાયું. આમ, સ્ત્રીઓને માનવી ગણીને તેને સમાન અધિકારો અપાય તેવી લડત પહેલા વૈશ્વિક ઢંઢેરાથી જ આરંભાઈ.

૧૯૮૯માં આ પ્રથમ વૈશ્વિક ઢંઢેરા પછી થયેલી રાજકીય ઊથલપાથલોને લક્ષ્યમાં લઈને ફરીથી માનવ અધિકારો વિશે એક પરિષદ બોલાવવાનું સંયુક્ત રાષ્ટ્રસંઘમાં વિચારાયું. ૧૯૯૩માં વિયેનામાં પરિષદ ભરવાનું નક્કી થયું તે પહેલાં ત્રણ પ્રાથમિક પૂર્વતૈયારીની સમિતિની બેઠકો બોલાવવાનું પણ જાહેર કરવામાં આવ્યું. કાર્યસૂચિમાં પાંચ મુદ્દાઓ સમાવાયા : (૧) ૧૯૪૮ પછી વિશ્વમાં માનવ અધિકારો સંદર્ભે થયેલી પ્રગતિનું માપ કાઢવું, (૨) પ્રગતિમાં આવેલા અવરોધો તપાસવા અને તે દૂર કરવાના રસ્તા ખોલવા, (૩) વિકાસ અને આર્થિક-સામાજિક-સાંસ્કૃતિક તેમજ નાગરિક-રાજકીય અધિકારો વચ્ચેની કડી તપાસવી, (૪) સંયુક્ત રાષ્ટ્રસંઘની પદ્ધતિ અને તેના તંત્રનું મૂલ્યાંકન કરવું, (૫) માનવ અધિકાર પ્રક્રિયા માટે જરૂરી ફંડ તેમજ અન્ય સંસાધનો નક્કી કરવાં.

વૈશ્વિક માનવઅધિકારોના ૧૯૪૮ના ઢંઢેરામાં સ્ત્રીઓના અધિકારોનો ઉલ્લેખ ન હતો. સ્ત્રી તરીકે સ્ત્રીને જ સહેવા પડે તેવા અત્યાચારોને તેમાં સમાવાયા ન હતા. આથી સ્ત્રી- સમૂહો તે વિશે ઉદ્વિગ્ન હતાં જ. તેમાં આ કાર્યસૂચિમાં ફરીથી તેમને સ્ત્રી-વિષયક કોઈ ઉલ્લેખ જોવા મળ્યા નહીં. આથી સ્ત્રીસમૂહોએ પોતાની વાતો જાહેર કરી કરીને કહેવાનો નિર્ણય લીધો. પૂર્વતૈયારીની સમિતિની બેઠકોમાં પોતાની વાતો પહોંચાડવાના નિર્ધાર સાથે ઝુંબેશો શરૂ થઈ. ૧૯૭૫માં આંતરરાષ્ટ્રીય નારી વર્ષ ઉજવાયું અને ૧૯૮૫ સુધી નારી દશકો ઉજવાયો ત્યારથી વિશ્વની સ્ત્રીઓ કાર્યરત થઈ હતી. ૧૯૯૧થી તેમણે સ્ત્રી વિરુદ્ધ થતા અત્યાચારના વિરોધમાં ૧૬ દિવસની પ્રક્રિયાઓ કરવાની ઝુંબેશ ઉપાડી. ૨૫ નવેમ્બર સ્ત્રી અત્યાચાર વિરોધી દિવસથી ૧૦ ડિસેમ્બર, માનવ અધિકાર દિવસ સુધીના ૧૬ દિવસો જાગ્રત સ્ત્રી-સમૂહોએ વિશ્વમાં ઠેર ઠેર ઉજવવા માંડ્યા. યુ.એસ.એ.માંની બે સ્ત્રી સંસ્થાઓ, ઈન્ટરનેશનલ વિમેન્સ ટ્રીબ્યુન સેન્ટર અને સેન્ટર ફોર ગ્લોબલ લીડરશીપ દ્વારા સંયુક્ત રાષ્ટ્રસંઘ માનવઅધિકારની પરિષદમાં તેના દરેક સ્તરે સ્ત્રીઓના અધિકારોને આવરી લે તેવી રજૂઆતો કરવામાં આવી.

વિશ્વમાં સર્વત્ર સ્ત્રી વિરુદ્ધ અત્યાચાર થાય છે અને સંસ્કૃતિ, જાતિ તેમજ વર્ગની વિશેષતાને નામે તે પ્રચલિત છે તે સર્વને માનવ અધિકારોનો ભંગ ગણવામાં આવે અને તેના વિરોધમાં પગલાં લેવામાં આવે તેવું આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકારાય તેવી માગણી મૂકવામાં આવી. આવી અરજી સંયુક્ત રાષ્ટ્રસંઘને થોડા જ સમયમાં ૧૦૦૦થી વધુ સ્વૈચ્છિક સંસ્થાઓએ ૨૩ ભાષાઓનાં ૧૦ લાખથી વધુ સહીઓ એકત્ર કરીને પહોંચાડી.

'સ્ત્રીના અધિકાર માનવ અધિકાર છે' તે નામે આ ચળવળ ઓળખાય છે. વિયેનામાં પરિષદ ભરાઈ તે પહેલાંની પૂર્વતૈયારીની બેઠકોમાં દરેક પ્રદેશની સ્ત્રીઓએ પણ આવી રજૂઆતો કરી હતી. વિયેનામાં સંયુક્ત રાષ્ટ્રસંઘની ચર્ચાઓમાં ભાગ લેવા આવેલા સર્વનું ધ્યાન દોરવા એક નારી અદાલતનું આયોજન થયું. તેમાં પાંચ મુખ્ય વિષયો લેવામાં આવ્યા. કુટુંબમાં સ્ત્રીના માનવઅધિકાર પર તરાપ, સ્ત્રીના દેહની અખંડિતતા પર તરાપ, યુદ્ધો દરમિયાન સ્ત્રી પર થતા અત્યાચાર, સ્ત્રીઓના સામાજિક, આર્થિક માનવ અધિકારો પર તરાપ અને રાજકીય ભેદભાવ તેમજ દમન વિષયો રજૂ થયા અને કાર્યવાહીઓ થઈ. સ્ત્રીઓ બલિ બને છે તેમાંથી તેને ઉગારવા સંયુક્ત રાષ્ટ્રસંઘ કટિબદ્ધ થાય તેવી એક હાકલ હતી. બીજી હાકલ હતી સ્ત્રીઓની સામેલગીરી સંયુક્ત રાષ્ટ્રસંઘના સર્વ સ્તરે, તંત્રના દરેક પાસામાં લેવા માટેની.

વિયેના પરિષદની પૂર્વતૈયારી રૂપે આફ્રિકા પ્રદેશની બેઠક ટ્યૂનિસિયાના ટ્યુનિસમાં નવેમ્બર ૧૯૯૨માં, દક્ષિણ અમેરિકામાં કોસ્ટારિકામાં જાન્યુઆરી ૧૯૯૩માં અને એશિયાની થાઈલેન્ડના બેંગકોકમાં એપ્રિલ ૧૯૯૩માં થઈ. આ દરેક બેઠકોમાં તેમજ વિયેનાની પરિષદમાં સ્વૈચ્છિક સંસ્થાઓની હાજરી અને સંખ્યા મહત્ત્વનાં બની રહ્યાં. સૌથી વધુ વિવાદાસ્પદ બની તે માનવ અધિકારની વ્યાખ્યા. દરેક માનવી માણી શકે અને રક્ષાવી શકે તે માનવ અધિકાર એવી વ્યાખ્યાનો આગ્રહ રખાયો. 'વિયેના જાહેરનામા' તરીકે ૧૯૯૩માં પ્રસિદ્ધ થયેલા સંયુક્ત રાષ્ટ્રસંઘના જાહેરનામામાં બે મુખ્ય પ્રકારના માનવ અધિકારોનો ઉલ્લેખ છે. નાગરિક-રાજકીય અધિકારો સાથે આર્થિક-સામાજિક-સાંસ્કૃતિક અધિકારો સાંકળી લેવામાં આવ્યા. આ બંને પ્રકારના અધિકારો વ્યક્તિમાત્રને ભય અને ગરીબીમાંથી મુક્ત કરવાની નેમ રાખે છે.

નાગરિક-રાજકીય અધિકારોમાં જીવતા રહેવાનો અધિકાર, સ્વાતંત્ર્યનો અને સલામતીનો અધિકાર સમાય છે. અકારણ જેલમાં પૂરવું, અટકમાં રાખવું કે જુલ્મ કરવો સ્વીકાર્ય નથી, તેની સામે તટસ્થ રીતે અદાલતમાં કાર્યવાહી મેળવવાનો અધિકાર હોય. સ્વતંત્ર વિચારનો, અંતરાત્માના અવાજનો અને ધર્મના સ્વાતંત્ર્યનો અધિકાર હોય, વાણી સ્વાતંત્ર્ય રક્ષાય.

આર્થિક, સામાજિક અધિકારો રક્ષવા દરેક રાજ્યે નાગરિકોની જીવનશૈલી વિકસતી જાય તેમ સુધારવી-અન્ન, વસ્ત્ર, રહેઠાણ, ઔષધ અને સારવાર, કુટુંબનું રક્ષણ, સામાજિક સલામતી, શિક્ષણ અને રોજગાર દરેકને પહોંચે તેવું આયોજન કરી તેનું અમલીકરણ થાય તે જોવું. આયોજનમાં કોઈ ભેદભાવ ન રહે તેનો ખ્યાલ રાખવો.

સામાન્ય રીતે લોકમાધ્યમો ફક્ત નાગરિક-રાજકીય અધિકારોની ચર્ચા કરતાં રહેતાં હોવાથી એવી છાપ ઊઠી છે કે માનવ અધિકારો તેમાં જ સમાઈ જાય છે. આથી દેશની ફોજદારી પાંખની ચર્ચા જ વિશેષ થાય છે. સમાજનું ધ્યાન આર્થિક-સામાજિક-સાંસ્કૃતિક અધિકારો તરફ તેમ જ અન્ન, વસ્ત્ર, રહેઠાણ, સારવારના રોજગાર વગેરે પણ માનવ અધિકારો છે તે તરફ દોરવાની જરૂર છે.

૧૯૯૩ની વિયેના પરિષદમાં સમગ્ર માનવ અધિકારો વૈશ્વિક, અવિભાજ્ય અને આંતરસંબંધો ધરાવતા પરસ્પરાવલંબી છે તેવું સ્વીકારાયું છે. વિયેના પરિષદમાં રાજ્ય સરકારોના પ્રતિનિધિઓ ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓના ઘણા સભ્યો હતા તેથી પણ આ જાહેરાતનું વધુ વિસ્તૃત અને વધુ અપેક્ષાઓવાળું બન્યું છે તેવું કહેવાય છે.

જાહેરનામું સ્વીકારાયું પછી તેના અમલીકરણનું શું ? તેના અમલીકરણનાં નાણાં કોણ ઊભાં કરશે ? આવા સવાલો ઊભા થાય. રાજ્ય સરકારો પર તે જવાબદારી નાખવામાં આવી છે અને દેશોની સરકારો તે માટે જુદું ભંડોળ ફાળવે તેવી અપેક્ષા પણ છે. આ દિશામાં પહેલા પગલાં તરીકે ધોરણો નક્કી કરવાનું મોટું કામ થયું છે, રાજ્ય સરકારો તે દિશામાં પ્રવૃત્ત થાય તે વિશે નાગરિક સમૂહો તેમને સંભારી આપી શકે, ટપારી શકે અને પરિણામો મેળવી શકે. ભારતે આંતરરાષ્ટ્રીય બેઠકોમાં અન્ય દેશો સાથે પોતાની માનવ અધિકારોમાંની નિષ્ઠા જાહેર કરી છે તેથી ભારતમાં વિયેના જાહેરનામું પ્રસ્તુત બને છે. આંતરરાષ્ટ્રીય સંઘો જેમ અન્ય દેશોની તેમ ભારતની માનવ અધિકારો પ્રત્યેની નિષ્ઠાની ચકાસણી જાહેરનામામાં સ્વીકારાયેલા ધોરણોથી કરશે. સંયુક્ત રાષ્ટ્રસંઘ તે વિશે પ્રતિબદ્ધ છે ત્યારે ભારતીય નાગરિકોએ પોતાના માનવ અધિકાર અકબંધ રાખવા કટિબદ્ધ રહેવું જરૂરી છે. ❑

# કોલેજની શિક્ષણ પૂરક પ્રવૃત્તિઓ-સિદ્ધિઓની ઝલક




સ્ટાફ ટી કલબ તરફથી નવા નિમાયેલા
આચાર્યશ્રીનું અભિવાદન કરતાં
**પ્રા. વર્ષાબહેન શાહ**



અમદાવાદ જિલ્લા સહકારી સંઘના પ્રમુખ
**શ્રી દશરથભાઈ પટેલનું** સહકારી શિક્ષણ અને
તાલીમ શિબિરની પૂર્ણાહૂતિ પ્રસંગે સ્વાગત



લાયન્સ કલબ ઓફ અમદાવાદ (મેઈન)ના
સહયોગથી યોજાયેલ વ્યક્તિત્વ વિકાસ શિબિરના
પૂર્ણાહૂતિ પ્રસંગે પ્રવચન કરતા
**આચાર્યશ્રી એ. એમ. પટેલ**




લાયન્સ કલબ ઓફ અમદાવાદ (સાઉથ)ના
સહયોગથી યોજાયેલ વ્યક્તિત્વ વિકાસ શિબિરના
ઉદ્દઘાટન પ્રસંગે પ્રવચન કરતા
**આચાર્યશ્રી સૌરભભાઈ ચોકસી**


# કોલેજની વિવિધ સ્પર્ધાઓ




રંગોળી સ્પર્ધા

રંગોળી સ્પર્ધા



મહેંદી સ્પર્ધા

મહેંદી સ્પર્ધા



# નશો નોંતરે નાશ

• નિરવકુમાર શાહ (એફ.વાય.બી.કૉમ.)

લ્યો ! ત્યારે મિત્રો હવે વાત કરવાની છે નશા મુક્તિની...

કહેવાયું છે કે વિશ્વની અતિ પ્રાચીન એકવીસ સંસ્કૃતિ છે અને તમે જાણતા હશો તેમ ઓગણીસમી સદીનો વિકાસ થાય તે પહેલાં જ અટકી ગયો. તેનું કારણ તેમાં ન હતી દુશ્મનોની તલવાર કે ન હતું દેશદ્રોહીઓનું કપટ, પરંતુ તેનું કારણ હતું મદ્યપાન... પ્રો. આર્નોલ્ડ ટોયન્બીએ સાચું જ કહ્યું છે કે વિશ્વના વિનાશ માટે માત્ર શરાબ પૂરતો છે.

આજે નાના બાળકને તેના પિતા તેડીને પણ પાનના ગલ્લે લઈ જાય છે. અરે ! હજુ તો તે ચાલતાં પણ નથી શીખ્યું અને પાનના ગલ્લે જાય છે. તો જ્યારે તે મોટો થશે ત્યારે શું તે પાનના ગલ્લે નહીં જાય ? શું તે પણ પોતાના પિતાની આદતોને નહીં અનુસરે ? અરે, જ્યારે નાનું બાળક રોતું હોય ને ત્યારે પણ તેને નશો આપવામાં આવે છે. મજુરો જ્યારે કામે જાય છે ત્યારે બાળક રડે નહીં તે માટે બાળકને અફીણ પીવડાવવામાં આવે છે અને બાળક સૂઈ જાય છે. બાળકને રડતું બંધ કરવા બીજા ઘણા રસ્તા છે. અરે, થોડું થોડું અફીણ આપવામાં આવે છે પરંતુ તે થોડું અફીણ જ આગળ જતાં તેના મગજના વિકાસમાં અવરોધ ઊભો કરે છે.

પ્રો. હોલિસ તો એમ પણ કહે છે કે બંદૂકની ગોળી, જંતુઓ અને વાયરસ કરતાં પણ ધૂમ્રપાન વધુ ખતરનાક છે.

કેટલાંક તો એવાં પણ લોકો છે કે પોતાનું તન, મન, ધન સર્વસ્વ સમાજસેવામાં અર્પણ કરી દે છે. તો કેટલાંક એવાં પણ હોય છે કે પોતાનું સર્વસ્વ એ શરાબરૂપી સાગરમાં ડુબાડી દે છે. પાનમસાલા અને ગુટખાની કંપનીવાળા જોરશોરથી જાહેરાતો કરે છે અને આજના યુવાનો તે ખરીદે પણ છે. પરંતુ પાનમસાલાવાળા લોકો નીચે જે જાહેર ચેતવણી આપે છે તે કોઈ વાંચતું જ નથી.

અરે, આજનું બાળક એ તો કાલનું ભવિષ્ય છે. અને જો ભવિષ્ય જ નશાના બાટલામાં બંધ થશે તો...

તમાકુ હાનિકારક છે તે બધા લોકો જાણે છે. પરંતુ તેનાથી કેટલું મોટું નુકસાન થાય છે તે મુઠ્ઠીભર માનવો જ જાણી શકે છે. સર્વેક્ષણના આધારે એવું પણ નોંધાયું છે કે વિશ્વમાં પ્રતિવર્ષે ૭૦ લાખ કેન્સરના કેસો બંધાય છે. છતાં માણસને ન શોભે તેવી નફ્ફટાઈથી યુવક અને યુવતીઓ નશાનું સેવન કરી રહ્યા છે.

આજે કોલેજ અને નિશાળોની બહાર ક્યાંક ને ક્યાંક ચરસ, ગાંજો, વિગેરે માદક પદાર્થો મળતા રહે છે. દીકરો કે દીકરી કોલેજે જવા નીકળે ત્યારે માબાપ પાસે પૈસા માંગે છે. માબાપ તેમને પૈસા માંગે તેટલા આપે છે. પણ એ પૈસાનો કયા માર્ગે ઉપયોગ થાય છે તે જાણવાની ક્યારેય તસ્દી લીધી છે ? ના... મા-બાપનો અધૂરો પ્રેમ મેળવનારા બાળકો આ વ્યસનનો ભોગ બને છે. આશારામ બાપુ એ કહ્યું છે કે...

*'જહાજોસે ટકરાનેવાલા તુફાન હોતા હૈ*
*તુફાનસે ટકરાનેવાલા યુવાન હોતા હૈ'*

પણ શું તમને લાગે છે કે આજનો યુવાન તુફાન સામે ટકી શકશે ? અરે એ નશાની ચુંગાલમાંથી છૂટે તોય ઘણું છે.

એક ગીતમાં પણ કહેવાયું છે કે...

**'दम मारो दम मिट जाए गम !**
**बोलो सुबह शाम हरे कृष्ण हरे राम ॥**

અરે, જ્યાં સુધી ખિસ્સામાં પૈસા હોય ત્યાં સુધી યુવાનો દમ મારી મારી પોતાના ગમને ભૂલવાનો પ્રયત્ન કરે છે. અને સપનાની દુનિયામાં રાચે છે. પરંતુ જ્યારે તેઓ વાસ્તવિક જિંદગીમાં આવે છે ત્યારે તેઓ ઘણું બધું ખોઈ બેઠા હોય છે.

આજના યુવાનો કુસ્તીના અખાડામાં ઓછા અને પાનના ગલ્લા પર વધુ જોવા મળે છે. એનું કારણ શું ? ઝેર પીને જીવવા કરતાં મરવું વધુ સારું છે. નશો કરીને આનંદ મળતો નથી પરંતુ આપણા યુવાનોની શારીરિક ક્ષમતાનો જરૂર વ્યય થાય છે. મિત્રો ! આજના યુવાનોની તાકાત નશાને બદલે સામાજિક કાર્યોમાં રોકાઈ હોત તો ભારત જેવો એક પગે પણ માંડ માંડ ઊભો રહેલો દેશ ચોક્કસ પ્રગતિને પંથે પળત.

એક દારૂડિયો જ્યારે એક બોટલ દારૂ પીવે છે ત્યારે માત્ર દારૂ જ પીતો નથી, પરંતુ તેના પ્રત્યેક ઘૂંટમાં એક પત્નીની આશા, મા-બાપના સંસ્કાર અને એક બાળકનું

નિર્દોષ સ્મિત બળીને ભસ્મ થઈ જાય છે. એક બંદૂકની ગોળી તો માત્ર એક માણસને મારી શકે છે, પરંતુ એક શરાબની પ્યાલી કેટલાંય કુટુંબોનો નાશ કરે છે.

'એમ કહેવાય છે કે દારૂ પીનાર વ્યકિત ક્યારેય વૃદ્ધ બનતો નથી, કારણ કે દારૂડિયો અડધેથી જ પોતાની જીંદગી ટૂંકાવી દે છે. પોતાના ફેફસાંને પોતાના હાથે જ અગ્નિદાહ આપી દે છે. ...'

તમાકુ જેવાં માદક દ્રવ્યો માત્ર સેવન કરનારને જ નહીં, પરંતુ જોડે બેસનારને, સાથે રહેનારને, દરેકને નુકસાન પહોંચાડે છે. તમાકુમાં ૪૦૦૦ જુદાં જુદાં નુકસાનકારક તત્ત્વો હોય છે. તે પીનારને કે પીવડાવનારને પણ કદાચ ખ્યાલ નહીં હોય.

કોઈ દુશ્મનને મારવો હોય તો તેને બંદૂકથી મારવાની જરૂર નથી, પરંતુ એક વખત સાથે બેસાડી નશીલો પદાર્થ આપી દો ત્યાર બાદ તે ખુદ પોતાની જીંદગી ટૂંકાવી દેવા તૈયાર થઈ જશે.

જેમ ઉધઈ ધીરે ધીરે લાકડાને ફોલી ખાય છે તેમ તમાકુ ધીરે ધીરે માનવશરીરને ખોખલું કરી નાંખે છે. લોકોને હોંશે હોંશે તમાકુ, ગુટખા ચવડાવનારા તમાકુના શેઠિયાઓ ક્યારેય તે ઝેર પોતે નથી પીતા. તેઓ આ યુવાશક્તિને અવળા માર્ગે દોરી તેમની પાસેથી પૈસા પડાવવા માંગે છે.

ધુમ્રપાનથી બાળકો થવાની શક્યતા ઓછી રહે છે અને બાળકો થાય તો અમુક સમયગાળા પછી તે મૃત્યુ પામે છે અથવા અપંગ અને ખોડખાંપણવાળા જન્મે છે. જ્યારે સિગારેટ સળગાવવમાં આવે છે ત્યારે તેના એક છેડે અગ્નિ અને બીજા છેડે મોત હોય છે જેનો માણસ ધુમાડો બનાવી પોતાના શરીરમાં ઉતારે છે.

ભારતમાં ધુમ્રપાનથી દર મિનિટે ૨ થી વધુ લોકો મૃત્યુ પામે છે. ૩૦ વર્ષની ઉંમરનો માણસ રોજ ૧ પેકેટ સિગારેટ પીએ તો સરેરાશ ૬ થી ૮ વર્ષનું આયુષ્ય ઓછું થાય છે. દર વર્ષે ૨૦,૦૦૦ લોકોના પગ તમાકુથી કપાવા પડે છે.

શરૂઆતમાં વ્યક્તિ માનસિક તનાવથી દૂર રહેવા દારૂ પીવે છે. પછી મૂડ લાવવા અને પછી પોતાની જિંદગીને એક નવી દુનિયામાં રાખવા માટે...

કહેવાયું છે કે દારૂડિયો દારૂ પીવે છે, પણ એ માયકાંગલો શું દારૂને પીવાનો, પણ દારૂ દારૂડિયાને પી જાય છે. તમે જોયું હશે કે ક્યાંકને ક્યાંક લખ્યું હોય છે કે, 'ધુમ્રપાન કરવાનો નિષેધ છે.' પરંતુ તે જ લખાણ ઉપર પાનમસાલાની પીચકારી વાગેલી હોય છે.

ડ્રગ્સ : આમ તો ડ્રગ્સ એટલે દવા થાય પરંતુ ડ્રગ્સ એટલે એવો પદાર્થ જે શરીર માટે ઉપયોગી નથી, છતાં એને લેતાં એનું વ્યસન સરળતાથી થઈ જાય છે. પાછળથી તે છોડાવવું ખૂબ જ અઘરું છે.

પરંતુ વ્યસનથી પીડાતી વ્યક્તિને વ્યસનમુક્ત કરી શકાય છે. તેને સતત વ્યસનના ખરાબ પરિબળોની જાણ કરતા રહો. બીજાને થયેલા નુકસાનની જાણ કરો. વ્યસન બંધ કરાવતી વખતે ક્યારેય તેની સાથે ઝઘડા ન કરવા જોઈએ. પરંતુ તેને જેની ખોટ છે તે ખોટ પૂરી કરી તેને પ્રેમથી સમજાવી શકાય.

જુના વ્યસનીઓને સામાન્ય રીતે નશાનું સેવન બંધ કરવામાં થોડો વધુ સમય લાગે છે. પરંતુ નવા વ્યસનીઓને તેમાંથી મુક્ત કરવા વધુ સમય નથી લાગતો. નશાથી મોત નહીં પરંતુ રિબાવવાનો સમય વધુ લાંબો બને છે. છેલ્લાં ૨૦ વર્ષમાં ૬૦૦૦ અબજથી વધુ સિગારેટનું ઉત્પાદન થાય છે.

નશામાં ચુર વ્યક્તિ કહે છે કે સિગારેટ મારા માટે યમરાજ બનીને આવી છે તો કેટલાક કહે છે બીડી એ સ્વર્ગની સીડી છે. કેટલાંક કહે છે કે અમે મારા જીવનની તમામ ઉત્તમ તકોને સિગારેટના ધૂમાડામાં ફૂંકી મારી છે.

માણસ જયારે દુ:ખી થવાની હઠ પકડે છે ત્યારે ભગવાન પણ લાચાર બની જાય છે.

ઘણાની હાલત તો દુર્યોધન જેવી હોય છે કે જેને ખબર હતી કે પોતે ખોટું કરી રહ્યો છે અને અંત પણ ખરાબ છે છતાં એ છોડી શક્યો ન હતો.

ભારત જેવા દેશ માટે ૩ (P) મુશ્કેલી સર્જે છે.

Povery - ગરીબી

Population - વસ્તીવધારો

Pollution - પ્રદુષણ

પરંતુ સમગ્ર વિશ્વ માટે તો Smokingનો માત્ર (S) જ મુશ્કેલી સર્જી રહ્યો છે.

આ બધી વાતોમાં સહમત બધા થાય છે, પરંતુ તેનો અમલ કરવામાં આવે ત્યારે તેમને સમજાતું નથી કે શું કરવું? જો નશારૂપી રાક્ષસનો નાશ કરવો હોય તો ક્યારેય પોતાના હૃદયને નિરાશ ન કરશો, ક્યારેય ગલ્લે ન જશો કે પોતાના બાળકોને પણ ગલ્લે ન મોકલશો. ગલ્લાવાળાઓને સારી નોકરી બતાવી ગલ્લા બંધ કરાવો.

મિત્રો, આ વાતને વીંછીનો ડંખ સમજીને પણ સહજ તેનું પાલન કરશો તો જ નશારૂપી અજગરના મુખમાંથી સહીસલામત બહાર આવી શકશો. ❑

# પ્રેમ અને સત્ય

• દિનેશકુમાર પટેલ (ટી.વાય.બી.કોમ.)

પ્રેમ અને સત્ય બે અલગ અલગ ઘટનાઓ નથી. એક ઘટનાના જ બે પ્રકાર છે. સત્યને પામી લઈએ તો પ્રેમ પ્રગટ થઈ જાય છે. પ્રેમને પામી લઈએ તો સત્ય સાક્ષાત્ મળી જાય છે. સત્યની શોધમાં નીકળો તો મંજીલ પર પહોંચીને પ્રેમના મંદિરમાં પણ પ્રવેશ થઈ જાય છે. તમે શોધવા નીકળો સત્યને અને મળી જશે પ્રેમ. પ્રેમની યાત્રા કરો, પ્રેમના મંદિર પર પહોંચીને સત્ય પણ મળી જશે. પ્રેમ અને સત્ય સમુદ્રના બે કિનારા જેવા છે. પ્રેમ અને સત્ય પરમાત્માનાં બે નામ છે.

પરંતુ જગતમાં બે પ્રકારના વ્યક્તિ છે. એક છે કે જે સત્યને પામવાનું સુગમ માને છે. પ્રેમ પરિણામમાં મળશે. જ્યારે બીજા છે જેઓ પ્રેમ પામવાનું સુગમ માને છે. સત્ય પરિણામમાંથી મળશે. એટલે જ જ્ઞાન અને ભક્તિ બે મૌખિક માર્ગ છે. સ્ત્રી અને પુરુષ બે જુદા જુદા વિભાજન છે.

ઘણાં પુરુષો છે, જેમની પાસે સ્ત્રીઓ જેવા પ્રેમથી ભરેલા હૃદય છે. ઘણી સ્ત્રીઓ છે જેમની પાસે પુરુષો જેવા સત્ય શોધવાવાળા તર્ક છે. આપણે પોતાનો પરિચય સારી રીતે કરી લેવો જોઈએ. પરમાત્માનો પરિચય પાછળથી થશે જ. પોતાનો પરિચય સારી રીતે કરી લેજો. જેવો તેવો માર્ગ ના મેળવશો કે જે તમારી સાથે બંધ બેસતો ના હોય. તમને સહેલાઈથી ઓળખી શકે એ જ તમારો સાચો માર્ગ છે.

જે સત્યની શોધનો ઉપાય છે તે જ પ્રેમની શોધની બાધા છે. અને પ્રેમની શોધનો જે ઉપાય છે તે જ સત્યની શોધની બાધા છે. બંને એક જગતમાં ભિન્ન ભિન્ન રીતે ચાલે છે, જે રહે છે એક બાજુ. જેવી રીતે કોઈ પશ્ચિમથી ચાલે છે ભારત આવવા, બીજો કોઈ પૂર્વથી ચાલે છે ભારત આવવા. એવી જ રીતે જે ઈંગ્લેંડથી ચાલ્યો તે પૂર્વની તરફ આવી રહ્યો છે જે જાપાનથી ચાલ્યો તે પશ્ચિમ બાજુ આવી રહ્યો છે. બંને ભારત આવી રહ્યા છે. બંને એક જગ્યાએ પહોંચશે, પરંતુ બંનેને ચાલવાનું સ્થાન અલગ અલગ છે.

સત્યની શોધમાં જે અંતિમ ફળ છે. ત્યાં 'તૂ' પૂરું થાય છે, અને 'મે'નો વિસ્ફોટ થાય છે. 'अहं ब्रह्मास्मि' હું જ બ્રહ્મ છું, બીજું કોઈ બ્રહ્મ નથી. સત્યની શોધમાં 'પર'થી મુક્ત થવાનો ઉપાય છે.

સત્યનો શોધક 'તૂ'ને પડતું કરે છે એટલે જ મહાવીર અને બુદ્ધ પરમાત્માનો સ્વીકાર નથી પામતા. તૂ પરમાત્મા એટલે પર. પરમાત્મા એટલે જેના ચરણોમાં પૂજા કરવી છે. અર્ચના કરવી છે. પરમાત્માના મંદિરમાં તો માત્ર ધ્યાનની જ એક માત્ર ગૂંજ છે.

દુનિયા જો સત્યમાં ધાર્મિક હોવા માગે છે. તો આપણે બાળકોને પોતાના ધર્મમાં બળજબરીથી પ્રવેશ કરાવવાની પુરાણી પ્રવૃત્તિ છોડી એમના માટે દ્વાર ખુલ્લાં રાખવાં જોઈએ. એમને કોઈ વાર મંદિરમાં, કોઈ વાર મસ્જિદમાં, કોઈ વાર ગુરુદ્વારામાં પરમાત્માને શોધવા જવા દો. માત્ર એમને તમે એક તક આપો કે તમારે શોધવાના છે પરમાત્માને !

સત્ય અને પ્રેમ મેળવવા માટે બંનેમાંથી કોઈ એક પ્રવૃત્તિ કરો તો બીજી મળી જશે. સત્ય અને પ્રેમના માર્ગમાં કાંટા છે. સત્ય જેને મેળવવું છે તેને કાંટામાંથી ગુજરવું પડશે. 'સત્યની પાછળ સિંહાસન છે.' ❑

## દિલ કે રિશ્તે

*ખુદા રખે સલામત ઈન રિશ્તોં કો*
*ખુશ રખે હંમેશા દિલ કે ઈન હિસ્સો કો*
*ન આયે પતઝડ કભી દિલ કી બહાર મેં*
*ન તૂટે દિલ ભી કિસીકા કિસી કે પ્યાર મેં*
*પ્યાર સે ભી પ્યારી હો એસી જીંદગી દે*
*જો ચાહે એક ખુશી કો ઉસે હર ખુશી દે*
*ન તોડ અય ખુદા બને બનાએ દિલકે રિશ્તે*
*ન બના દેના એક સપના ઈન હંસી કિસ્સે કો*
*મજબૂર બનાએ દુનિયા તો મગરુર ના હો જાયે*
*એક પલ ભી જી ન પાયે સહ કે યે સારે ગમ*
*ઐસી હાલત મેં જીના પડે તો નિકલ જાએ હમ*
*સચ્ચે દિલ સે યે હકીકત બયાં કર રહે હૈ હમ.*

કુ. શબાના પરવીન નશીરૂદ્દીન શેખ
(ટી.વાય.બી.કોમ.)

# ભારતીય અંગ્રેજી મહિલા નવલકથાકાર-અનિતા દેસાઈ

• પ્રા. ધીમંત સોની

ભારતમાં અંગ્રેજી શિક્ષણની શરૂઆત પછીના કાળમાં ભારતના શિક્ષિત લોકો ધીરેધીરે અંગ્રેજી સાહિત્યના પરિચયમાં આવતા ગયા અને પ્રભાવિત થતા ગયા. યુરોપના વિચારકો અને સર્જકોનો પ્રભાવ ભારતની શિક્ષિત જનતા ઉપર વર્તાવા માંડ્યો. અંગ્રેજી શિક્ષણનો વ્યાપ વધતાં ભારતમાં અંગ્રેજી વાચક વર્ગમાં પણ વૃદ્ધિ થઈ. ભારતના વિચારકો, રાજકીય નેતાઓ અને સર્જકો અંગ્રેજી ભાષામાં લખતા ગયા. અને તે રીતે ભારત અને બીજા દેશો વચ્ચે વિચારોની આદાનપ્રદાન પ્રક્રિયા વેગીલી બની. અંગ્રેજી શિક્ષણની શરૂઆતના કાળમાં અંગ્રેજી સાહિત્યનો પ્રભાવ ભારતના લેખકો પર સ્વાભાવિક રીતે જ વર્તાતો રહ્યો. ભારતમાં અંગ્રેજીમાં સર્જન કરતા કવિઓ, લેખકો, નાટ્યકારો વગેરેમાં અંગ્રેજી સાહિત્યનો પ્રભાવ ૧૯મી સદીમાં ખૂબ જ જોવા મળે છે. પરંતુ ધીરે ધીરે અંગ્રેજી સાહિત્યના પ્રભાવથી દૂર થઈ ભારતીય લેખકો પોતાની સંવેદનાને પોતાની રીતે પોતાના પરિવેશમાં ભારતીયતાની છાપ સ્પષ્ટ રીતે દેખાય તે રીતે વ્યક્ત કરતા ગયા. બીજા વિશ્વયુદ્ધ પછી ભારતના લેખકોએ રચેલા અંગ્રેજી સાહિત્યમાં ભારતીયતાનો ભાવ વધુ સ્પષ્ટ થાય છે. ભારતીય અંગ્રેજી-સાહિત્ય એ ભલે અંગ્રેજી ભાષામાં રચાયું હોય પણ તેમાં પ્રગટ થતી સંવેદના, જીવન અને વિચાર ભારતીય સંસ્કૃતિના છે. આમ, અંગ્રેજી સાહિત્યમાં ભારતની અસ્મિતા પ્રગટ થવા માંડી.

ભારતમાં અંગ્રેજી ભાષામાં લખાતી નવલકથા એ નવતર સાહિત્ય-પ્રયોગ છે. પ્રાચીન સાહિત્યમાં મહાકાવ્ય, નાટક, ગદ્ય, પદ્ય વગેરે જોવા મળે છે. પણ નવલકથા જોવા મળતી નથી. એક રીતે જોઈએ તો વિશ્વ સાહિત્યમાં પણ નવલકથાનું આગમન ઘણું મોડું થયેલું છે. યુરોપના સાહિત્યના પ્રભાવ હેઠળ અંગ્રેજી ભાષામાં નવલકથા લખવાની શરૂઆત ભારતમાં ૧૯મી સદીમાં થઈ. પ્રાદેશિક ભાષાઓમાં સૌપ્રથમ નવલકથાઓમાં લખવાનો પ્રયાસ બંગાળમાં થયો. ભારતીય અંગ્રેજી સાહિત્યમાં સૌ પ્રથમ નવલકથા બંકીમચંદ્રની 'રાજમોહન્સ વાઈફ' (૧૮૬૪) છે. બંગાળમાં બંકીમચંદ્ર, રવીન્દ્રનાથ ટાગોર અને શરદચંદ્ર એ ત્રણ સાહિત્યકારો નવલકથાના ક્ષેત્રે અગ્રણી રહ્યાં.

નવલકથા ક્ષેત્રે ભારતીય અંગ્રેજી સાહિત્યમાં અનેક યશસ્વી લેખકોએ પોતાનું પ્રદાન કરેલ છે. આજે આર. કે. નારાયણ, રાજારાવ, મુલ્કરાજ આનંદ જેવા ભારતીય નવલકથાકારો વિશ્વવિખ્યાત થયા છે. પરંતુ મહિલા નવલકથાકારોનું ભારતીય અંગ્રેજી-સાહિત્યમાં પ્રદાન પણ એક વિશિષ્ટ છાપ ઊભી કરે છે. અંગ્રેજી સાહિત્યમાં જેઈનઓસ્ટેન, જ્યોર્જ એલિયટ, બ્રોન્ટેસીસ્ટર્સ, વર્જીનીયા વુલ્ફ વગેરે મહિલા નવલકથાકારોએ હવે પોતાની આગવી પરંપરા ઊભી કરી છે. તે રીતે ભારતીય અંગ્રેજી સાહિત્યમાં પણ મહિલા નવલકથાકારો જેવા કે કમલા માર્કન્ડેય, રૂથ જાબવાલા, અનિતા દેસાઈ, શશી દેશપાંડે, નયનતારા સહગલ વગેરેના નામ વિશિષ્ટ રીતે તરી આવે છે. સાહિત્ય એ સમાજનું પ્રતિબિંબ છે. તેમાં મનુષ્યજીવનની સંવેદના અને સમાજિક ચેતના પ્રગટ થાય છે. નવલકથા એ એવું સ્વરૂપ છે કે જેમાંથી જીવનની વાસ્તવિક તાસીરનો ખ્યાલ મળી શકે. ભારતીય અંગ્રેજી સાહિત્યમાં લખાયેલ નવલકથામાં પણ જે તે સમયના ભારતીય સમાજની તાસીર સ્પષ્ટ રીતે ઉપસી આવે છે. ભારતીય અંગ્રેજી નવલકથાકારોએ ભારતના સમાજને, ભારતના પ્રશ્નોને, ભારતીય પ્રજાજનોને જીવન તરફના દૃષ્ટિકોણને પોતાની નવલકથામાં યથાર્થ રીતે વ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો જ છે. પરંતુ મહિલા નવલકથાકારોની વિશેષતા એ છે કે તેમાં મહિલાઓની નજરે ભારતીય સમાજ તથા ભારતીય જીવનનું દર્શન પ્રગટ થયું છે. મહિલાઓ તરફનું વલણ એ મહિલા સાહિત્યકારોની કૃતિઓમાં વિશેષ રીતે પ્રગટ થયું છે. બંગાળના તોરુદત્ત ભારતીય અંગ્રેજી સાહિત્યમાં સૌપ્રથમ નવલકથાકાર છે. ફ્રેન્ચ અને અંગ્રેજી ભાષા સફળ રીતે લખતા તોરુદત્તનું એકવીસ વર્ષની ઉંમરે (૧૮૭૭)માં અવસાન થયું. તેમની અપૂર્ણ અંગ્રેજી નવલકથા 'બીનાકા' તેમના મૃત્યુ પછી બંગાળ મેગેઝીન (૧૮૭૮)માં પ્રસિદ્ધ થઈ. તેમના સમયનાં બીજાં મહિલા નવલકથાકાર રાજલક્ષ્મી દેવીએ 'ધ હિન્દુ વાઈફ' નામની નવલકથા લખી. તથા કૃપાબાઈએ 'કમલા-અ સ્ટોરી ઓફ હિન્દુ વાઈફ' (૧૮૭૯)માં નવલકથા પ્રગટ કરી. ૨૦મી સદીની શરૂઆતમાં પ્રગટ થયેલી ભારતીય અંગ્રેજી નવલકથા

પ્રણાલિગત રોમાન્સ પ્રકારની વાર્તાઓને બદલે વાસ્તવિક જીવનનું પ્રતિબિંબ પાડતી નવલકથાઓ બની. કોનેલિયા સોહરાબજીની નવલકથા 'લવ એન્ડ લાઈફ બીહાઈન્ડ ધ પર્દા'માં સ્ત્રીના જીવનની, ખાસ કરીને વિધવાના જીવનની વ્યથા, સામાજિક પ્રણાલિકાઓ, કરતૂતો વગેરેનો ભોગ બનેલી સ્ત્રીના જીવનની કથા નિરૂપિત થાય છે. સ્વાધીનતાના અભાવમાં જીવન જીવતી નારી ધીરજ, સહનશીલતા, ભલાઈ અને સ્ત્રીત્વની ભાવના વગેરે ગૌરવપ્રદ બાબતોનું જતન કેવી રીતે કરે છે તેનું પણ વર્ણન જોવા મળે છે. ૧૯૪૪માં પ્રગટ થયેલ ઈકબાલુન્નિસા હુસેનની નવલકથા 'પર્દા એન્ડ પોલીગમી'માં તે જમાનાના મુસ્લિમ સમાજની પ્રવર્તમાન રૂઢીઓ અંગે અંગુલિનિર્દેશ કર્યો છે. ૨૦મી સદીની શરૂઆતથી માંડીને લગભગ બીજા વિશ્વયુદ્ધ સુધીની પ્રગટ થયેલી નવલકથાઓમાં ભારતીય સમાજમાં અંધશ્રદ્ધા, સામાજિક-દૂષણો વગેરેનું નિરૂપણ વિશેષ દેખાય છે. એમ કહી શકાય કે આ નવલકથાઓ સુધારાવાદી હતી. એ લેખકોનો પ્રયાસ સમાજનું ધ્યાન આ દૂષણો તરફ દોરી સુધારવાનો હતો. અર્વાચીન ભારતીય અંગ્રેજી નવલકથામાં અમિતા દેસાઈ વિશિષ્ટ રીતે આગળ તરી આવે છે અને જેમની નવલકથાઓનો વાચકવર્ગ વિદેશોમાં ઘણો વિશાળ છે.

૧૯૩૭માં જન્મેલા અનિતા દેસાઈને તેમની કૃતિ 'ક્લીઅર લાઈટ ઑફ ડે' ને ૧૯૮૦નું 'બુકર પ્રાઈઝ' એનાયત થયું હતું. તેમની યશસ્વી નવલકથા 'ફાયર ઓન માઉન્ટેઈન' સાહિત્ય અકાદમી એવોર્ડથી નવાજવામાં આવી હતી. છેલ્લા ત્રણ દાયકાના ભારતીય નવલકથાના સાહિત્યમાં આર. કે. નારાયણ, રાજારાવ, મુલ્કરાજ આનંદ અને અનિતા દેસાઈ-એ નામો અત્યંત પ્રબળ રીતે આપણું ધ્યાન ખેંચે છે. વિદેશમાં પણ તેમનો વાચક વર્ગ છે.

'ક્લીઅર લાઈટ ઑફ ડે'માં તારા અને બિમ એ બે બહેનોની વાત છે. તારાએ રાજકારણી સાથે લગ્ન કર્યું છે, અને બે બાળકોની માતા છે. પણ તેને જીવનમાં કશુંક ખૂટતું લાગે છે. જીવનમાં સુખની ઊણપ લાગ્યા કરે છે. બિમ અપરિણીત છે. દિલ્હીની કોલેજમાં વ્યાખ્યાતા છે. તેની પાગલ કાકી અને મંદબુદ્ધિ ભાઈની દેખભાળ કરવા માટે તેણે લગ્ન કર્યા નથી. બીજો ભાઈ રાજા એક મુસ્લિમ છોકરી સાથે લગ્ન કરીને ઘર છોડી ગયો છે. તારા તેના પિતાના ઘરે આવી છે. તે સમયની ઘટનાઓ, વાતચીતો, ભૂતકાળની સ્મૃતિઓ વગેરે દ્વારા આ બે સ્ત્રી પાત્રોના મનનું વિશ્લેષણ નવલકથામાં દિલચશ્પ રીતે થયું છે.

૧૯૬૩માં પ્રગટ થયેલી 'ક્રાય ધ પીકોક' અને ૧૯૬૫માં પ્રગટ થયેલી 'વોઈસીસ ઈન ધ સીટી' એ બે નવલકથાઓ દ્વારા અનિતા દેસાઈએ ભારતીય અંગ્રેજી નવલકથાને વિશ્વના સાહિત્યમાં આગવું સ્થાન અપાવે તેવી સાહિત્યિક સિદ્ધિ પ્રાપ્ત કરી છે. અગાઉની નવલકથામાં કમલા માર્કન્ડેય તથા ઝાબવાલાની નવલકથાઓમાં સામાજિક ભૂમિકા, આર્થિક પ્રશ્નો, રાજકીય પરિસ્થિતિ, સાંસ્કૃતિક સંઘર્ષ જેવા મુદ્દાઓ નવલકથાઓનું વિષયવસ્તુ બનતા. પરંતુ અનિતા દેસાઈએ પોતાની કૃતિઓને માનવીની અંતઃચેતના અને સંવેદના પ્રગટ કરતી સાહિત્યકૃતિઓ બનાવી છે. ઘટનાઓ કરતાં પાત્રોની વિશેષ માવજત થઈ છે. આધુનિક વિશ્વસાહિત્યના પ્રવાહોથી ભારતીય સાહિત્યકારો પણ અળગા રહી શકે નહિ. વ્યક્તિની અંતઃચેતનાનો બાહ્યજગત સાથેનો સંઘર્ષ સતત નિરૂપિત થયેલા પાત્રોની મનઃચેતનાનું નિર્દિષ્ટ રૂપે નિરૂપણ એ એમની નવલકથાઓની વિશેષતા છે.

'ક્રાય ધ પિકોક'માં વાત છે માયા નામની યુવતીના ગૌતમ સાથેના લગ્નજીવનની. નવલકથાની ઘટનાઓનું સ્થળ દિલ્હી છે. દિલ્હીના જુદા જુદા સ્થળોનું વર્ણન, ત્યાંના લોકોની જીવનશૈલીના વર્ણનો, તેનું વાતવરણ વગેરે સંપૂર્ણ ભારતીય વાતાવરણનો ખ્યાલ આપે છે. માયા વિશિષ્ટ પ્રકારનું પાત્ર છે. તે જિંદગીનો મર્મ પામવા સતત પ્રયત્નશીલ છે. તેનો પતિ અત્યંત સમૃદ્ધ અને અત્યંત વ્યસ્ત વકીલ છે. પણ માયા સૌની સાથે હોવા છતાં એકલવાયી લાગે છે. આ એકલવાયાપણું એને જાણે કે કોરી ખાય છે. ગૌતમ અને માયા પતિ-પત્ની હોવા છતાં બંનેના વ્યક્તિત્વ તદ્દન ભિન્ન છે. નવલકથાની શરૂઆતમાં માયાનો કૂતરો 'ટોટો'ના મૃત્યુનું વર્ણન છે. 'ટોટો'નું મૃત્યુ એ માયાની અને ગૌતમની દૃષ્ટિએ અલગ અલગ બાબત છે. નવલકથાના પાત્રોની અંતઃચેતનાનો નવલકથાકાર આપણને પરિચય કરાવે છે. વર્જીનીયા વુલ્ફની 'સ્ટ્રીમ ઓફ કોન્સિયસનેસ' પ્રકારની શૈલીમાં લખાયેલી આ નવલકથામાં પાત્રોની અંતઃચેતનાનું નિરુપણ થયેલ છે. માયાની માતા મૃત્યુ પામી છે. તેનો ભાઈ અર્જુન પિતાથી અલગ થઈ ન્યુયોર્કમાં રહે છે. માયાના જીવનમાં અનેક વર્ષો લખનૌમાં પિતાજીની કાળજીભરી હૂંફ વચ્ચે પસાર થયાં અને ત્યારબાદ ગૌતમ સાથે તેનું લગ્ન થયું. પણ વિધિ જાણે કે તેની પાછળ જ પડે છે. વિધિની પકડમાંથી

તે છટકી શકતી નથી. જીવનની આ કરુણતામાંથી તેનું કુટુંબ કે કોઈ તેને છોડાવી શકતું નથી. માયા સંજોગો સાથે સમાધાન સાધવાના-જીવનની ગુણવત્તાને અસ્તિત્વના સત્યને પામવાના પ્રયાસો છોડી દે છે. ગૌતમ પોતાની રીતે સ્નેહાળ છે. પણ આંતરિક ભૂમિકા પર ગૌતમ સાથે માયાનું અનુસંધાન નથી. છિન્નબદ્ધ મનોદશામાં જીવતી માયા છેક પાગલપણાની સ્થિતિમાં આવી જાય છે. તે પોતાના સૌંદર્યને અરીસામાં નિહાળે છે, અને તે પોતાની જાતને પૂછે છે.

"This is insanity but who what is insane... ?

I myself or the world aroused me ?"

માયાનું વર્ણન અનિતા દેસાઈએ આ નવલકથામાં કલાત્મક રીતે કર્યું છે.

તેમની બીજી નવલકથા 'વૉઈસીસ ઈન ધ સીટી'માં ઘટનાસ્થળ દિલ્હીને બદલે કલકત્તા છે. આ શહેર ઘોંઘાટ, ધુમાડો, બિમારી, વ્યથા અને મૃત્યુનું જાણે કે પ્રતીક છે.

કલકત્તામાં કાલિકાનું મંદિર છે. કાલિને મૃત્યુને દેવી માનવામાં આવે છે. તેનો પણ પ્રતીકાત્મક રીતે નવલકથામાં ઉલ્લેખ થયો છે. અમલા તથા નિરોધના જીવનમાં બનતી ઘટનાઓ એમના જીવનનો આંતરિક સંઘર્ષ વગેરે જાણે કે બહારનું જગત અને પાત્રની મનઃસ્થિતિ વચ્ચે અનુસંધાન સાધે છે. મોનિશા અને નિરોધની કથા એ આધુનિક જગતની સ્પર્ધાની કથા તથા સંવેદનશીલ વ્યકિતઓની વેદનાની કથા છે. નિરોધને જીવનમાં કંઈક પામવું છે. પણ તેને મળે છે નિષ્ફળતા. તે કહે છે કે....

"I want to fail quickly then I want to see it I have the spirit to start moving again towards my next failure. I want to move from failure to failure step by step to rock, bottom. I want explore the depth."

મોનિશાને સ્વતંત્ર જીવન જીવવું છે પણ મળે છે હતાશા. પરિણામે તે આત્મહત્યા કરે છે. વારંવાર ગુસ્સે થયા કરે છે અને કહે છે કે...

"The city is a city on its haundches tooth lessly grining." કૌટુંબિક સંબંધો, લગ્નજીવનના સંબંધો, સ્પર્ધાત્મક જગતમાં સફળતા મેળવાના પ્રયાસો-આ બધા વચ્ચે જીવનનો અર્થ પામવાનો પ્રયાસ વગેરે બાબતો આધુનિક જીવનનાં લક્ષણો છે. એની વચ્ચે અટવાતાં પાત્રોની મનઃચેતના વ્યક્ત કરવાનો પ્રયાસ અનિતા દેસાઈએ કલાત્મક રીતે કર્યો છે.

'બાય બાય બ્લેક બર્ડ' નવલકથામાં બ્રિટનમાં વસતા વિદેશીઓની માનસિક સ્થિતિનું વિશ્લેષણ છે.

'ફાયર ઓન ધ માઉન્ટેન' ત્રણ વિભાગમાં વહેંચાયેલી નવલકથા છે. નવલકથાની નાયિકા નંદા કૌલના મનની આંતરિક સ્થિતિનું તેમાં નિરૂપણ છે. વૃદ્ધ ઉંમરની નંદા કૌલ પોતાની ભ્રામક સ્થિતિમાં જીવે છે. તેને એકલવાયાપણું ગમે છે. બહારની દુનિયા તેના મનને પરેશાન કરી મૂકે છે. બાહ્ય દુનિયાની કોઈ પણ ઘટના તેના મન ઉપર માનસિક દબાણ કેવી રીતે પેદા કરે છે. તેનું વિશ્લેષણાત્મક નિરુપણ નવલકથામાં છે. આધુનિક જગતમાં માનવીની છિન્ન મનોદશાનું નિરૂપણ નંદાકૌલના પાત્ર દ્વારા થયેલું છે. નંદા કૌલ છેલ્લે પોતાની યુવાકાળની મિત્ર ઈલા દાસ સાથે સમય પસાર કરે છે. નંદા કૌલને યુવાનીમાં પડેલી યાતનાની સ્મૃતિ જાણે જીવનસાથી બની ગઈ છે. તે ભૂતકાળ ભૂલી શકતી નથી. ઈલા દાસ ઉપર થયેલ બળાત્કારની તથા તેની હત્યાની ઘટના તેના મનને ફરીવાર આઘાત પહોંચાડે છે. તે અત્યંત વિહ્વળ છે. અને તેના આઘાતમાં તે મૃત્યુ પામે છે. સમગ્ર નવલકથામાં નારીના મનની સ્થિતિ અને વેદના મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ નિરૂપવાનો આ નવલકથામાં પ્રયાસ છે.

ભારતીય અંગ્રેજી-સાહિત્યમાં નવલકથાકારોએ ભારતીય જીવનને નારીની દૃષ્ટિને મૂલવવાનો તથા ભારતીય સામાજિક સંદર્ભમાં પ્રેમ, હૂંફ અને લાગણીના સંદર્ભમાં અને લગ્નજીવનના પરિપ્રેક્ષ્યમાં સમજવાનો પ્રયાસ કર્યો છે. નારીની વેદના અને વ્યથા સાથે તેના ગૌરવપૂર્ણ ગુણોનું પણ વિશ્લેષણ આ નવલકથાઓના નારી પાત્રોમાં જોવા મળ્યું છે. પરંપરાગત સમાજથી માંડીને આધુનિક યુગ સુધી ભારતીય નારીની બદલાતી જતી ભૂમિકા અને બદલાતા જતા મનોવલણનો રસમય અભ્યાસ ભારતીય અંગ્રેજી નવલકથામાં કથાનકમાંથી થઈ શકે એવી ક્ષમતા તેમાં રહેલી છે. ❑

**જે ક્રોધથી, હાસ્યથી, લોભથી કે ભયથી**
**અસત્ય બોલતો નથી તેને બ્રાહ્મણ કહી શકાય.**

# રોકાણના સંદર્ભમાં પી/ઈ રેશિયો-એક સામાન્ય ખ્યાલ

• પ્રા. એમ. બી. ગાંધી

પ્રાઈસ ટુ અર્નિંગ રેશિયો અથવા ટૂંકમાં જેને પી/ઈ રેશિયો કહે છે તેનો ઉપયોગ શેરના બજારભાવની આગાહી કરવામાં બહુ થાય છે. કોઈ પણ શેરનો ભાવ વધુ પડતો છે કે ઓછો છે કે વાજબી છે તેનો અંદાજ મેળવવા માટે તેનો ઉપયોગ થાય છે. માત્ર ભારતમાં જ નહીં, વિશ્વભરનાં નાણાતંત્રોનું આ એક માનીતું સાધન છે. પહેલું ભારતમાં જેટલો સરળ અભિગમ અપનાવાય છે એટલો બીજે ક્યાંય અપનાવાતો નથી. ઘણા વિશેષજ્ઞો રોકાણનો નિર્ણય કરતી વખતે ૧૦ (દસ) કે પંદર (૧૫) ના પી/ઈ રેશિયોને સીમા ગણે છે. પરંતુ આવો અભિગમ ઘણીવાર આખા નિર્ણયને ખોટો ઠેરવે છે. પરિણામે શેર બજારમાં નુકસાની સહન કરવાની આવે છે, એટલે જ પી/ઈ રેશિયોને ઝીણવટથી તપાસવાની આવશ્યકતા રહે છે. પી/ઈ રેશિયો પર કયાં બળો અસર કરે છે તેનું વિશ્લેષણ કરવાનો પ્રયત્ન અહીં કર્યો છે.

પી/ઈ રેશિયોની ગણતરી શેરના વર્તમાન બજારભાવને શેર દીઠ કમાણીથી ભાગીને મેળવવામાં આવે છે. (શેર દીઠ કમાણી એટલે વ્યાજ, કરવેરા તેમજ પ્રેફ. ડિવિડન્ડ બાદ કર્યા પછીના નફાને ઇક્વિટી શેરની સંખ્યા વડે ભાગતાં પ્રાપ્ત થયેલ કમાણી) જેમ કે કંપનીના શેરનો ભાવ રૂ. ૫૦ હોય અને શેર દીઠ કમાણી રૂ. ૫ (પાંચ) હોય તો ૧૦ (દસ)નો પી/ઈ રેશિયો છે એમ કહેવાય.

સૈદ્ધાંતિક રીતે તો પી/ઈ રેશિયોને કંપનીમાંના રોકાણકારના વિશ્વાસને પામવાનું સાધન ગણવામાં આવે છે. ૧૦ (દસ)નો પી/ઈ રેશિયો એટલે રોકાણકાર કંપનીની શેર દીઠ કમાણીનું દસ ગણું રોકાણ કરવા માંગે છે. એ અર્થમાં ઊંચો પી/ઈ રેશિયો રોકાણકારોના વધુ વિશ્વાસનો નિર્દેશ કરે છે. અન્ય એક વ્યાખ્યા કહે છે કે પી/ઈ રેશિયો કંપનીના વિકાસનો નિર્દેશ કરે છે.

જો કે વધુ પી/ઈ રેશિયો એટલે વધુ પડતો મોંઘો અને ઓછો પી/ઈ રેશિયો એટલે સસ્તો શેર એવી સીધી સાદી ધારણા ઘણીવાર ખતરનાક સાબિત થઈ શકે છે. પ્રત્યેક કિસ્સામાં વિશ્લેષકે અપાર વિગતોમાં ઊતરવું પડે છે એ પછી ચિત્ર સ્પષ્ટ થાય છે. બજારનાં પરિબળોના આધારે કોઈ ચોક્કસ સ્ક્રીપનો પી/ઈ રેશિયો જે હોય તેને વાસ્તવિક પી/ઈ રેશિયો સાથે સરખાવવો જોઈએ. આ સંદર્ભે એ જાણવું જરૂરી છે કે વાસ્તવિક રેશિયો પર કયાં પરિબળો અસર કરે છે. સાથે સાથે ઉદ્યોગના પી/ઈ રેશિયોને પણ જોવો જોઈએ.

ઉદ્યોગના કુલ મૂડીરોકાણને ઉદ્યોગની કુલ કમાણી દ્વારા ભાગો એટલે ઉદ્યોગનો પી/ઈ રેશિયો મળે. આ પી/ઈ રેશિયો જે તે કંપનીઓના પી/ઈ રેશિયો નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ઉદ્યોગની સમસ્યાઓ, ભાવિ સંજોગો, ખતરાઓ વગેરેનું પ્રતિબિંબ ઉદ્યોગના પી/ઈ રેશિયોમાં જોવા મળતું હોય છે. વધુ નફાકારકતાવાળા ઉદ્યોગના પી/ઈ રેશિયો વધુ હોય છે જેમ કે ઑટોમોબાઈલ, બાંધકામ, સિમેન્ટ, પોલાદ, વીજળી, દવા, હોટલ વગેરેના પી/ઈ રેશિયો ઊંચા છે. એ જ પ્રમાણે કેટલીક સમસ્યાઓથી પિડાતા ખાતર, ચા, ખાંડ, સોલવન્ટ એક્સ્ટ્રેશન, ટાયર, ગ્રેનાઈટ, મિની સ્ટીલ, મોલ્ડેડ લગેજ, લેધર, શિપિંગ, લેમિનેટ્સ વગેરે ઉદ્યોગના પી/ઈ રેશિયો નીચા છે. આમ નિશ્ચિત સમયે ઉદ્યોગની પ્રકૃતિ પ્રમાણે તેનો પી/ઈ રેશિયો અને કંપનીનો પી/ઈ રેશિયો નક્કી થાય છે.

જો કે ઉદ્યોગનો પી/ઈ રેશિયો તો માત્ર ઉદ્યોગની વર્તમાન સ્થિતિનો નિર્દેશ કરે છે. અને નવી કોઈ ઘટના બને તો પી/ઈ રેશિયો પણ તે પ્રમાણે બદલાય છે. સોફ્ટવેર ઉદ્યોગમાં ૧૯૯૪-૯૫ની શરૂઆત સુધી અચોક્કસ પરિસ્થિતિ હતી. હવે તેના ભાવિ સંજોગો ઉજળા બન્યા છે. વિશ્વમાં સોફ્ટવેર પેદાશોના ભાવ વધી રહ્યા છે એટલે તેનો પી/ઈ રેશિયો પણ વધી રહ્યો છે. એ જ પ્રમાણે એક જ ઉદ્યોગની કંપનીઓના પી/ઈ રેશિયો એક જ હોય એ જરૂરી નથી.

ઘણી બધી મર્યાદાઓ હોવા છતાં ઉદ્યોગનો પી/ઈ રેશિયો રોકાણ માટે યોગ્ય સ્ક્રીપ નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ઉદ્યોગના પી/ઈ રેશિયોને આધારે સંબંધિત સ્ક્રીપની તાકાત વધે કે ઘટે છે. જો કે આ પી/ઈ રેશિયોને બધી કંપનીઓ માટે જડ રીતે લાગુ પાડવો જોઈએ નહિ. દા.ત. એસીસી કંપનીને જે પી/ઈ રેશિયો લાગુ પડે એ બધી નાની-મોટી સિમેન્ટ કંપનીઓને લાગુ પાડી શકાય નહિ. આ સંદર્ભે રોકાણકારોએ કહેવાતા વિશ્લેષકો અને

બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલાં આર્થિક સામયિકોથી ચેતતા રહેવાની જરૂર છે. કંપનીના પી/ઈ રેશિયોને જે પરિબળો અસર કરે છે તે નીચે ટેબલ કે ચાર્ટ સ્વરૂપે દર્શાવ્યા છે :

**પી/ઈ રેશિયો પર અસર કરતાં બળો**

હકારાત્મક :

- સારા, ગતિશીલ જાણીતા સ્થાપકો
- સારો ટ્રેક રેકોર્ડ
- ઉદાર ડિવિડન્ડ-બોનસનીતિ
- સારો બજાર હિસ્સો-બ્રાન્ડ નેઈમ
- વિકાસની સારી તકો, વિસ્તરણ, વિવિધીકરણ, યોજનાઓ
- મજબૂત નાણાકીય સ્થિતિ, વધતા જતા વેચાણ, નફો, શેર દીઠ કમાણી
- બોનસ કેન્ડિડેટ
- બજારમાં માનીતિ
- ઉદ્યોગનો પી/ઈ રેશિયો ઊંચો હોય

નકારાત્મક :

- નવાસવા સ્થાપકો
- ખરાબ ટ્રેડ રેકોર્ડ
- સંકુચિત નીતિ
- નવી કંપની-ટ્રેડિંગ કંપની
- એકઠી થયેલી ખોટ
- કથળેલી નાણાકીય સ્થિતિ
- વારંવાર મૂડીબજારમાં આવતી કંપની
- નાની કંપની
- ડિબેન્ચરનું બાકી રાખેલ કન્વર્ઝન (રૂપાંતર)
- સંચાલકો વચ્ચેના ઝઘડા
- વિકાસ યોજનાઓનો અભાવ

અહીં એ સ્પષ્ટ છે કે પી/ઈ રેશિયોનો આધાર મુખ્યત્વે સંચાલકોની દૂરંદેશી અને સક્રિયપણા પર છે. કારણ કે એના પર જ કંપનીના ભાવિ વિકાસનો આધાર રહેલો છે. કોઈ એક કંપનીના પી/ઈ રેશિયા પર બજારના સેન્ટીમેન્ટની પણ સારી એવી અસર રહે છે. જે કંપનીઓ વારંવાર મૂડીબજારમાં દોડી આવતી હોય તેને બજાર આવકારતું નથી. ૧૯૯૫માં એસ્સાર, લોઈડ, હેમ્કો વગેરે કંપનીના પી/ઈ રેશિયો નીચા રહેવાનું કારણ આ જ છે. જે કંપનીઓ ડિવિડન્ડ કે બોનસ આપવામાં કંજૂસ હોય તેમના પી/ઈ રેશિયો પણ નીચા હોય છે. આ નીતિ અખત્યાર કરનાર કંપનીઓમાં બિરલા, ગોએન્કા, થાપર, સિંઘાનિયા, મોદી વગેરે ગ્રુપની કંપનીઓનો સમાવેશ થાય છે.

શેરની પ્રવાહિતા (લિક્વીટી)ની અસર પણ પી/ઈ રેશિયો પર પડે છે. જે કંપનીઓ ટ્રેડિંગ કામકાજ કરતી હોય અને સ્થાપકો નવા હોય તેમના પી/ઈ રેશિયો નીચા હોય છે. જેમની એકઠી થયેલી ખોટ મોટી હોય તેમના શેરોમાં સતત વેચવાલી રહે છે. એટલે એના પી/ઈ રેશિયો પણ ઘટતા જાય છે.

જે કંપનીઓ રાઈટ કે પબ્લિક ઈસ્યુ લાવવાની હોય તેના ભાવને ઓપરેટરો દ્વારા કૃત્રિમ રીતે ઊંચા ન ચઢાવાય તો પી/ઈ રેશિયો ઘટતો જાય છે. એ જ પ્રમાણે જેમના ડિબેન્ચરોનું કન્વર્ઝન (રૂપાંતર) પેન્ડિંગ (બાકી) હોય તેના પી/ઈ રેશિયો પણ ઘટે છે. કારણ કે કન્વર્ઝન પછી ઈક્વિટી મૂડીમાં વધારો થતાં શેર દીઠ આવક ઘટવાની હોય છે, અને એ ઘટતાં બોનસ આવવાની શક્યતા પણ પાછળ ઠેલાઈ જાય છે.

સંશોધન (રીસર્ચ) આધારિત મૂડીરોકાણનો ખ્યાલ વધતો જાય છે. એ જોતાં પી/ઈ રેશિયોનો આધાર વર્તમાન શેર દીઠ કમાણી કરતાં વધુ તો ભવિષ્યની શેર દીઠ કમાણી પર રહે છે. આ રમત એવી છે કે જેઓ ભાવિના ગર્ભમાં પહેલું ડોકિયું કરી શકે તેમની જીત થાય છે. બીજા એ ભવિષ્ય વાંચીને રોકાણ કરે એ અગાઉ તેઓ (ડોકિયું કરનારા) રોકાણ કરી લે છે. ગ્રાહકોપયોગી ઇલેક્ટ્રોનિક કંપનીઓના પી/ઈ રેશિયો કેમ નીચા છે ? કારણ કે તેમાં સ્પર્ધા વધવાની છે અને તેથી કમાણી ઘટવાની છે. કોઈ કંપનીનું પરિણામ એકદમ સારું આવે ત્યારે તેના ભાવ કેમ ઘટે છે, કારણ કે બજારે તે પરિણામને અગાઉથી ડિસ્કાઉન્ટ કરી લીધા હોય છે.

રોકાણનો નિર્ણય કરતી વખતે વર્તમાન પી/ઈ રેશિયો શેને આભારી છે એ પણ જોવાનું રહે છે. એ પછી એ શોધવાનું રહે છે કે વર્તમાન પી/ઈ રેશિયો વધુ પડતો છે, વાજબી છે કે ઓછો છે. સાથે સાથે રોકાણ ટૂંકા, મધ્યમ કે લાંબા ગાળા માટે કરવાનું છે એનું ધ્યાન રાખવાનું હોય છે.

ઊંચો પી/ઈ રેશિયો હોય એટલે તે શેર ફૂલ્લી પ્રાઈસ્ડ છે એમ માનવું ન જોઈએ. જો કંપનીની ભાવિ નફાશક્તિ અગાઉથી ડિસ્કાઉન્ટ થઈ જાય તો પી/ઈ રેશિયો બહુ ઊંચો હોય છે. પરંતુ જ્યારે ભાવિ કમાણીનો વિચાર કરીએ ત્યારે વર્તમાન પી/ઈ રેશિયો બહુ નીચો લાગતો હોય છે.

હાઈ પી/ઈ રેશિયો ભવિષ્યમાં બોનસ આવવાની શક્યતાનો નિર્દેશ કરે છે.

રોકાણકારે નીચા પી/ઈ રેશિયોથી આકર્ષાઈ જવું જોઈએ નહિ. આવી કંપનીનો વહીવટ બરાબર ચાલતો ન હોય, તેનો વિકાસ કથળી ગયો હોય પરિણામે આવી કંપનીઓ રોકાણકારોમાં પ્રિય ન થઈ પડે તે સ્વાભાવિક છે. નીચો પી/ઈ રેશિયો એ દર્શાવે છે કે કંપની કોઈ સમસ્યાઓથી પીડાય છે. અલબત્ત, ઘણીવાર નીચા પી/ઈ રેશિયોવાળી સ્ક્રીપો ભવિષ્યમાં સોનાની ખાણ જેવી પુરવાર થાય છે. જો કે મોટે ભાગે એવું બને છે કે આવી સ્ક્રીપો પર રોકાણકારોનું ધ્યાન ગયેલ હોતું નથી.

ઘણો પ્રચાર કર્યા છતાં શેરબજારમાં ઘણી નવી નોંધાયેલ (લિસ્ટેડ) કંપનીઓના પી/ઈ રેશિયો નીચા હોય છે. નવા સવા પ્રમોટરોને (સ્થાપકોને) રોકાણકારોમાં વિશ્વાસ જગાવતાં વાર લાગે છે. એ લાંબે ગાળે જ પ્રાપ્ત થાય છે. આ સંદર્ભે સોફ્ટવેર સોલ્યુશન કંપનીનો કિસ્સો નોંધવા જેવો છે, કંપની કોમ્પ્યૂટર સોફ્ટવેરની આયાત-વેચાણ અને સર્વિસીંગનું કામ કરે છે. તે ૧૯૯૪-૯૫ના વર્ષમાં મૂડી-બજારમાં આવી હતી. માર્ચ ૧૯૯૮ સુધી તેનો ભાવ ૧૧(અગિયાર)ના પી/ઈ રેશિયોએ લગભગ ૧૪૦ થી ૧૫૦ની વચ્ચે રહેતો હતો. જો કે વારંવારની સારી કામગીરીને કારણે આ સ્ક્રીપ ખૂબ પ્રકાશમાં આવી અને જાન્યુ. '૯૯માં રૂ. ૬૨૫ (છસોપચીસ)ના ઊંચા મથાળે માત્ર નવ માસમાં પહોંચી ગઈ. ટૂંકમાં, પી/ઈ રેશિયોનો ઉપયોગ કંપનીની એકંદર સમીક્ષાની સાથે કરવો જોઈએ. સાથે સાથે ઉદ્યોગની સ્થિતિ પણ ધ્યાનમાં લેવી જોઈએ.

❑

---

## મહિયર

પનઘટે છલકાતી ગાગર સાંભરે<br>
દી' ઊગે ને રોજ સહિયર સાંભરે.<br>
છેડલો ખેંચી શિરામણ માંગતો,<br>
વાસીદું વાળું ને દિયર સાંભરે.<br>
ત્રાડ સાવજની પડે ભણકારમાં,<br>
રાતના થરથરતું પાધર સાંભરે.<br>
ઢોલિયે ઢાળું હું મારા દેહને,<br>
બાથમાં લૈ લેતી નીંદર સાંભરે.<br>
કાંબિયું ખખડે ને હું ચોંકી ઊઠું,<br>
ઝાંઝરો રણકે ને જંતર સાંભરે.<br>
તાણ ભાભુજીએ કીધી'તી નકર,<br>
કોણ બોલ્યું તું કે મહિયર સાંભરે ?<br>
મા ! મને ગમતું નથી આ ગામમાં,<br>
હાલ્ય, બચકું બાંધ આયર સાંભરે.

• તન્વી દેસાઈ (ટી.વાય.બી.કૉમ.)

# હે માનવ 'તું'

• પ્રિ. એ. એમ. પટેલ

વાત્સલ્યમયી માતાને કૂખે જન્મી હેત અપાર પામ્યો છે ઘણો
જનક કેરા સંસ્કારોથી પ્રાણ પાંગર્યો છે ખરો,
તો પણ તું કંઈ નથી, તારે 'તું' થવાનું બાકી છે.
વડીલોના સદ્‌ભાવથી પ્રેરણા પામ્યો છે ઘણો,
મૈત્રી અને નિર્દોષ પ્રેમભાવથી પુલકિત થયો છે ખરો,
તો પણ તું કંઈ નથી, તારે 'તું' થવાનું બાકી છે.
સુજ્ઞોએ ભલે વાવ્યો એક લઘુ છોડ તરીકે તને,
ગુરુજનોએ પણ ગુણરૂપી ખાતર-પાણીથી ઉછેર્યો છે તને,
તો પણ તું કંઈ નથી, તારે 'તું ' થવાનું બાકી છે.
મિત્રોની ઉષ્માથી પ્રજ્વલિત થયો છે ઘણો,
કોઈના કંટક તારા માટે થયા છે વાડ ખરા,
તો પણ તું કંઈ નથી, તારે 'તું' થવાનું બાકી છે.
સંસારના રાહે પ્રીતિ, પ્રેમ પામે છે તું ઘણો,
ભલે સંસાર-સુવાસની પ્રસન્નતા માણતો હોય ઘણો,
તો પણ તું કંઈ નથી, તારે 'તું' થવાનું બાકી છે.
બન્યો છે તું એક શિશુનો મુગ્ધ વાલી ખરો,
ભલે તું તેના પર અદકેરી હેતની વાદળીઓ વરસાવતો,
તો પણ તું કંઈ નથી, તારે 'તું' થવાનું બાકી છે.
મંદિરે મંદિરે દર્શન કર્યાં પણ મૂર્તિધારી ન મનમાં જરા,
પદવી ધરી પદારથ પામી પરોવ્યું મન તે ધનમાં ખરા,
તો પણ તું કંઈ નથી, તારે 'તું' થવાનું બાકી છે.
આ તુચ્છ જીવનના અરણ્યની કેડી છે કાંટાળી ઘણી,
તું હોય ભલે પ્રગતિના સોપાન સર કરવા ભણી,
તો પણ તું કંઈ નથી, તારે 'તું' થવાનું બાકી છે.
કેડીની શરૂઆત છે અને પંથ ઘણો લાંબો છે,
માત્ર એકાદ-બે ક્ષિતિજ આંબી પુલકિત બન્યો છે ખરો,
તો પણ તું કંઈ નથી, તારે 'તું' થવાનું બાકી છે.
મીટ માંડીને, પ્રેરણા પામીને, જોઈ લે ગાંધી, સરદાર, નહેરુને,
તારા નામના ગુણને પામવા મથતો હોય ભલે,
તો પણ તું કંઈ નથી, તારે 'તું' થવાનું બાકી છે.

•

# આર્થિક વિકાસ અંગેના ડૉ. સેનના વિચારો

• પ્રા. શિલ્પા ત્રિવેદી

૧૯૯૮ની સાલના નોબલ પારિતોષિક વિજેતા ડૉ. અમર્ત્ય સેને કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રમાં જે કંઈ પ્રદાન કર્યું છે તે વિકસતા દેશો માટે ઘણું ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે. આમ તો ઘણા અર્થશાસ્ત્રીઓએ વિકાસ અને વૃદ્ધિ માટેનાં પરિબળોને તપાસી, તે અંગેના પોતાના વિચારો રજૂ કરી, કેવી રીતે વિકસતા રાષ્ટ્રોને આગળ લાવી શકાય કે તેમનો વિકાસ કરી શકાય તે અંગે દિશાસૂચન કર્યું છે. પરંતુ ડૉ. સેનનું દિશાસૂચન એક નવા જ પરિબળ તરફ જતું જણાય છે. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ સ્મિથથી મિલ સુધી અને તે પછી પણ તમામ અર્થશાસ્ત્રીઓએ વિકાસ અંગેની ચર્ચા કરી છે. પરંતુ ડૉ. સેન દ્વારા ભારતના આર્થિક વિકાસને ઘણા વિશાળ ફલક પર તપાસવામાં આવ્યો છે. તેમાં આર્થિક તેમ જ સામાજિક તકો (Economic and Social opportunities) અને વ્યક્તિની ક્ષમતા (Human Capability) કેન્દ્રસ્થાને છે. તેમના મતે આ બંને વિકાસના અંગભૂત ઘટકો છે.

## આર્થિક વિકાસ અને સામાજિક તકો

ડૉ. સેનનું પ્રદાન સમજતાં પહેલાં આ બંને વિભાવનાની વ્યાખ્યા તેમણે શું કરી છે અને તે કેવી રીતે ઉપયોગી સાબિત થઈ શકે તે ભારતના આર્થિક વિકાસના સંદર્ભમાં સમજવું જરૂરી છે. ડૉ. સેન આર્થિક વિકાસની કંઈક જુદી જ વ્યાખ્યા આપે છે અને તેના માટે સામાજિક તકોને જરૂરી ગણે છે.

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ (સ્મિથથી મિલ સુધી) માને છે કે વિકાસ એટલે 'વાસ્તવિક માથાદીઠ આવકની વૃદ્ધિ'. આ અર્થશાસ્ત્રીઓ વિકાસ માટે એક બાજુ આવક, સંપત્તિ અને બીજાં આર્થિક પરિબળોને ધ્યાનમાં લે છે અને બીજી બાજુ વિકાસ માટે આર્થિક નીતિઓ, જે મૂળભૂત હેતુઓને સિદ્ધ કરે છે તે ધ્યાનમાં લે છે.

ડૉ. સેનના મત મુજબ 'આર્થિક વિકાસ એ વ્યક્તિની સ્વતંત્રતાનો વિસ્તાર છે, જેના દ્વારા લોકો જીવનને માણી શકે છે.' વ્યક્તિ સમક્ષ જીવન જીવવા માટેના જેટલા વધુ વિકલ્પો સર્જાય તેટલી વ્યક્તિની સ્વતંત્રતા વધે છે. વ્યક્તિઓ તેમને મળતી સ્વતંત્રતાનો ઉપયોગ કરી શકે તે માટે તેમની ક્ષમતામાં વધારો થવો જોઈએ. આમ, વિકાસની પ્રક્રિયાનું કેન્દ્રીય લક્ષણ વ્યક્તિની ક્ષમતા છે. ક્ષમતા એટલે વ્યક્તિની વિકલ્પો ઝડપી લેવાની શક્તિ અથવા વ્યક્તિ જે થવા માંગે છે અથવા જે પ્રકારનું જીવન જીવવા ઇચ્છે છે તે સિદ્ધ કરવાની શક્તિ.

ડૉ. સેનના મત મુજબ ગરીબી માટે વાસ્તવિક ક્ષમતાઓનો અભાવ જવાબદાર છે. જો કે વિકાસ માટેના એક મહત્ત્વના પરિબળ તરીકે વ્યક્તિની ક્ષમતાના વિસ્તરણ પરત્વે પરંપરાગત સાહિત્યમાં સંપૂર્ણપણે દુર્લક્ષ સેવવામાં આવ્યું છે એમ તો નહીં કહી શકાય, પરંતુ તેમણે આર્થિક વૃદ્ધિની પ્રાપ્તિ અને તેની સાથે સંકળાયેલાં પરિબળો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જો કે ડૉ. સેન સ્વીકારે છે કે વ્યક્તિની ક્ષમતાના વિસ્તરણ પર આર્થિક વૃદ્ધિની અસર ચોક્કસ પડે છે. પરંતુ તેમના મતે બીજાં પણ બે પરિબળો છે, જે ક્ષમતાને અસર પહોંચાડે છે.

## શિક્ષણ અને સ્વાસ્થ્ય

ડૉ. સેનના મત મુજબ શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવાં પરિબળોએ વર્તમાન વિકાસના સાહિત્યમાં અગત્યનું સ્થાન મેળવ્યું છે, કારણ કે આ બંને પરિબળો ખૂબ અગત્યનાં પરિબળો છે, જેના લીધે વ્યક્તિની સ્વતંત્રતા, એટલે કે આર્થિક તકોનો ઉપયોગ કરવાની ક્ષમતા વધે છે. ડૉ. સેન વિકાસ માટે પ્રાથમિક શિક્ષણને વધુ મહત્ત્વનું ગણે છે, પરંતુ તેના તરફ દેશમાં સતત ઉપેક્ષા સેવાઈ છે. આપણી આર્થિક નીતિઓમાં પણ શિક્ષણ અને સ્વાસ્થ્ય અંગે ઉપેક્ષા સેવાઈ છે. ડૉ. સેનના મતે, શિક્ષણ અને સ્વાસ્થ્ય અંગે સુધારા ખૂબ જરૂરી છે, કેમ કે તેના દ્વારા લોકોની આર્થિક તકોનો ઉપયોગ કરવાની ક્ષમતામાં વધારો લાવી શકાય છે અને ક્ષમતાના વધારા દ્વારા આર્થિક વિકાસ શક્ય બને છે.

**(૧) આંતરિક મહત્ત્વ : (Intrinsic importance) :**

શિક્ષિત અને સ્વસ્થ કે તંદુરસ્ત હોવું તે પોતે જ એક મૂલ્યવાન સિદ્ધિ છે, જે પ્રત્યક્ષ રીતે અસરકારક સ્વતંત્રતાને મહત્ત્વની બનાવે છે.

**(૨) સાધનકીય વ્યક્તિગત ફાળો : (Instrumental Personal Roles) :**

બીજાની સરખામણીમાં શિક્ષિત અને સ્વસ્થ વ્યક્તિ પોતાને અને બીજાને ઘણીબધી બાબતમાં મદદરૂપ થઈ શકે

છે. દા.ત., શિક્ષિત અને તંદુરસ્ત વ્યક્તિ સરળતાથી નોકરી મેળવી શકે છે, આર્થિક તકોનો ઉપયોગ કરી શકે છે. જેના લીધે આવક અને આર્થિક સાધનોનું વિસ્તરણ થાય છે, જે વ્યક્તિની સ્વતંત્રતામાં વધારો કરે છે.

**(૩) સાધનકીય સામાજિક ભૂમિકા (Instrumental Social Roles) :**

ઊંચા શિક્ષણ દ્વારા વ્યક્તિ સામાજિક જરૂરિયાતો જેવી કે સ્વાસ્થ્યની કાળજી કે સામાજિક સુરક્ષિતતાની માંગણી કરવાની હિંમત કેળવી શકે છે, આ માંગ દ્વારા ઘણી બધી સગવડોનું વિસ્તરણ થાય છે, જેને લોકો માણી શકે છે અને સાથે સાથે પ્રાપ્ય સેવાઓના વધુ સારા ઉપયોગમાં તેઓ ફાળો આપે છે તેમ પણ કહી શકાય.

**(૪) સાધનકીય પ્રક્રિયાનો ફાળો (Instrumental Process Roles) :**

શાળામાં જવાની પ્રક્રિયા પણ વિકાસ માટે એટલી જ લાભદાયી નીવડે છે. દા.ત., બાળમજૂરીની ઘટના શાળામાં ન જવાની પ્રક્રિયા સાથે જોડાયેલી છે. જો આ અનિષ્ટને દૂર કરવું હોય તો શાળામાં જવાની પ્રક્રિયા શરૂ કરાવવી પડે, જેનાથી બાળકો બીજાના સંપર્કમાં આવે અને તેમને વિકાસની તકો મળે. આનાથી આગળ ડૉ. સેન કહે છે કે આવી તકો છોકરીઓને પણ મળવી જોઈએ.

**(૫) સત્તાયુક્ત અને વહેંચણીયુક્ત ફાળો (Empowerment & Distributive Roles) :**

ખૂબ ઊંચું શિક્ષણ અને શૈક્ષણિક સિદ્ધિઓ વ્યક્તિની સત્તામાં વધારો કરવાની સાથે સામાજિક જૂથોમાં પણ વધારો કરે છે. જૂથોની રચના દ્વારા કોઈપણ કાર્ય કરવાની વ્યક્તિ તેમ જ જૂથોની ક્ષમતા વધે છે. વળી શિક્ષણ, ખાસ કરીને સ્ત્રીશિક્ષણ જાતિગત અસમાનતા દૂર કરે છે.

ટૂંકમાં, ડૉ. સેનના મતે, શિક્ષણ અને સ્વાસ્થ્યના લાભ કોઈ એક વ્યક્તિ પૂરતા મર્યાદિત નથી, પરંતુ એક વ્યક્તિના શિક્ષણ અને સ્વાસ્થ્ય દ્વારા સમગ્ર સમાજ લાભ મેળવી શકે છે, જેમ કે કોઈ એક ચોપડીના વાચનથી અન્ય તમામના જ્ઞાનમાં વધારો થાય છે, જાહેરાત દ્વારા લોકોમાં જાગૃતિ લાવી શકાય છે. તેવી જ રીતે કોઈ એક વ્યક્તિ દ્વારા આર્થિક તકોનો ઉપયોગ અન્ય લોકો માટે તકો ખુલ્લી કરે છે. ડૉ. સેનના મતે, ભારતના અલ્પવિકાસ માટે ભારતની આર્થિક નીતિમાં શિક્ષણ અને આરોગ્ય સેવાઓ અંગેની ઉપેક્ષા જવાબદાર છે.

**સરકાર, રાજ્ય અને બજાર :**

વિકાસ માટે સરકારનો હસ્તક્ષેપ કે બજારપ્રવૃત્તિ એ બેમાંથી શું ઉપયોગી થઈ શકે તે પ્રશ્નનો જવાબ સમજતાં પહેલાં સરકાર અને રાજ્ય વચ્ચે શું તફાવત છે તે સમજવું જરૂરી છે. અહીં સરકાર એટલે ફક્ત સત્તા પર હોય તે પક્ષ કે પાર્ટી. પરંતુ રાજ્યનો ઘણો વિશાળ અર્થ કરવામાં આવ્યો છે, રાજ્યમાં સરકારનો તો સમાવેશ થાય છે જ, તે ઉપરાંત વિધાનસભા, ચૂંટણીઓ માટે યોજાતી રાજકીય પ્રવૃત્તિઓ, વિપક્ષો, મૂળભૂત રાજકીય હકો વગેરે તમામનો સમાવેશ ડૉ. સેને રાજ્યમાં કર્યો છે.

ડૉ. સેન કહે છે કે શરૂઆતથી જ બજાર-વ્યવસ્થાને ઉત્તમ માનવામાં આવી છે અને એમાં પણ ખાસ કરીને હરિફાઈયુક્ત બજારને ઘણી સારી વ્યવસ્થા ગણવામાં આવે છે, પરંતુ સેનના મતે, આ વ્યવસ્થામાં અવારનવાર થોડાક લોકો દ્વારા નફાના હેતુથી અછતનું સર્જન કરવામાં આવે છે અને સમાજના ઘણા લોકોને સહન કરવું પડે છે. ડૉ. સેન કહે છે કે બજારવ્યવસ્થા કે સરકારનો હસ્તક્ષેપ—આ બંનેની સરખામણી કરતાં પહેલાં આ અંગેની સ્પષ્ટ સમજ જરૂરી છે. કેમકે હરિફાઈના આધારે કે પ્રવેશની મુક્તતાને આધારે બજારના ઘણા પ્રકાર છે. એ જ રીતે રાજકીય પદ્ધતિના આધારે, કાયદાકીય પદ્ધતિના આધારે, સત્તા પર હોય તે પક્ષની સત્તા અને વિપક્ષોની પ્રવૃત્તિના આધારે સરકારના પણ ઘણા પ્રકાર છે. સેન એવા નિષ્કર્ષ પર આવે છે કે વાસ્તવમાં સમાજ માટે સરકાર અને બજારનું પરસ્પરાવલંબન ઉત્તમ છે, કેમ કે બજારનાં કાર્યો અને સફળતા એ સરકારની કામગીરી પર આધારિત છે. કોઈપણ બજાર કાયદાકીય પીઠબળની ગેરહાજરીમાં સફળતાપૂર્વક કાર્ય કરી શકે નહીં. આપણે જાણીએ છીએ કે યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન બજારપ્રથાનો વિકાસ, કાયદો અને વ્યવસ્થાની સ્થાપનાને આભારી હતો. તેણે વેપારી અને આર્થિક કરારોને સંરક્ષણ પૂરું પાડ્યું હતું. તેવી જ રીતે જાપાન અને જર્મની જેવા મૂડીવાદી દેશોનો કિસ્સો જોતાં પણ જણાય છે કે તેમનો વિકાસ સરકારની પ્રવૃત્તિને આભારી છે. દક્ષિણ કોરિયા, તાઈવાન, હોંગકોંગ, સીંગાપોર તેમ જ તાજેતરનાં વર્ષોમાં ચીન અને થાઈલેન્ડ વગેરે દેશોમાં બજાર આધારિત આર્થિક વિકાસ એ સરકારની પ્રવૃત્તિ અને નીતિઓને આભારી છે, જેને 'પૂર્વ એશિયાના ચમત્કાર' તરીકે ઓળખવામાં આવે છે.

ડૉ. સેનના મત મુજબ વિકાસ માટે રાજ્યનો હસ્તક્ષેપ અનિવાર્ય છે, કેમ કે રાજ્યના હસ્તક્ષેપની ગેરહાજરીમાં તો બજાર-વ્યવસ્થા પણ યોગ્ય રીતે કાર્ય કરી શકતી નથી.

### સ્ત્રીઓ અંગેના ડૉ. સેનના વિચારો

ડૉ. સેન અર્થતંત્રના વિકાસ અંગેની ચર્ચા કરે છે અને તે અંગે સામાજિક-આર્થિક તકો, વ્યક્તિની ક્ષમતા, શિક્ષણ-સ્વાસ્થ્ય જેવાં પરિબળોને મહત્ત્વનાં ગણે છે. તેની સાથે-સાથે તેઓ સ્ત્રીઓની વર્તમાન હાલતની ચર્ચા કરી વિકાસ માટે સ્ત્રીઓને પણ તકો મળવી જોઈએ તેવું જણાવે છે, એટલે કે અર્થતંત્રના વિકાસ માટે સ્ત્રીઓનો વિકાસ કરવો અનિવાર્ય છે, તેમ સૂચવે છે અને સ્ત્રીઓને કેવી સગવડો મળવી જોઈએ તે અંગે પોતાનો અભિગમ વ્યક્ત કરે છે. આ અંગે તેઓ સૌ પ્રથમ જાતિગત-અસમાનતાની વાત કરે છે.

### જાતિગત અસમાનતાઓ

ઘણા બધા સમાજોમાં અને ખાસ કરીને ભારતમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે અસમાનતા ખૂબ ધ્યાન ખેંચે તેવી બાબત છે. સ્ત્રી અને પુરુષના શિક્ષણમાં તફાવત એ આવી અસમાનતાનો એક ભાગ છે, પરંતુ તે ઉપરાંત લગભગ દરેક સમાજમાં સ્ત્રીને પુરુષની સરખામણીમાં ખૂબ જ ખરાબ માવજત (ટ્રીટમેન્ટ) અપાય છે, જેમ કે તેને પોતાની ક્ષમતાના વિકાસ માટે કોઈ તક પૂરી પાડવામાં આવતી નથી, આહાર અંગે અસમાનતા, સ્વાસ્થ્ય-સગવડ કે અસ્તિત્વ અંગે પણ વ્યવસ્થિત માવજત અપાતી હોતી નથી. આ તમામને કારણે સ્ત્રી અને પુરુષના સરેરાશ આયુષ્યમાં તફાવત જોવા મળે છે.

બીજા દેશોની સરખામણીમાં ભારતમાં સ્ત્રી-પુરુષ ગુણોત્તરમાં અસમાનતા વિશેષ જોવા મળે છે. યુરોપ અને ઉત્તર અમેરિકાની સરખામણીમાં ભારતનો સ્ત્રી-પુરુષ ગુણોત્તર ખૂબ નીચો જોવા મળ્યો છે. આ સમસ્યા ફક્ત ભારતમાં જ છે તેવું નથી, અન્ય કેટલાક દેશોમાં પણ આ સમસ્યા જોવા મળે છે, પરંતુ ભારતમાં આ સમસ્યા વધુ ગંભીર છે. ભારતનો સ્ત્રી-પુરુષ ગુણોત્તર વિકસિત રાષ્ટ્રોની સરખામણીમાં તો ઓછો છે જ પરંતુ વિકસતા રાષ્ટ્રોની સરખામણીમાં પણ ઓછો છે. લગભગ બધા જ વિકસતા દેશોનો સ્ત્રી-પુરુષ ગુણોત્તર ૧ કરતાં ઓછો છે. જેમ કે

- ઉત્તર આફ્રિકા ૦.૯૬ છે (એટલે કે ૧૦૦૦ પુરુષોએ ૯૬૦ સ્ત્રીઓ જોવા મળે છે.
- ચીન ૦.૯૪ છે (એટલે ૧૦૦૦ પુરુષોએ ૯૪૦ સ્ત્રીઓ)
- બાંગ્લાદેશનો આ ગુણોત્તર ૦.૯૪ છે.
- ભારતનો આ ગુણોત્તર ૦.૯૩ છે. જે સૌથી ઓછો જોવા મળ્યો છે.

આ ગુણોત્તર દર્શાવે છે કે ભારતમાં સ્ત્રીઓની અછત છે, અને તેના કારણમાં તમામ પ્રકારની અસમાનતાઓ જેવી કે શિક્ષણની અસમાનતા, સ્વાસ્થ્ય સગવડની અસમાનતા, આહાર અંગેની અસમાનતા, તેમજ તેના અસ્તિત્વ સામેનો સમાજનો વિરોધ જેવાં પરિબળો જવાબદાર છે. તેના લીધે સ્ત્રીઓને વિકાસ માટેની કે પોતાની ક્ષમતાને વધારવા માટેની કોઈ તક સમાજ દ્વારા કે કુટુંબ દ્વારા પૂરી પાડવામાં આવતી નથી.

### અસમાનતા-વિભિન્ન નાત-જાત અને ધર્મમાં

સ્ત્રી-પુરુષોનો ગુણોત્તર નીચો હોવા પાછળ મુખ્ય કારણ સમાજમાં પ્રવર્તતી છોકરી (બાળકી) માટેની અરુચિ કે તિરસ્કાર છે. જો કે સેન નોંધે છે કે ભારતમાં તમામ રાજ્યોમાં આ ગુણોત્તર નીચો જોવા મળ્યો નથી. સ્ત્રી-પુરુષ ગુણોત્તરમાં મોટો તફાવત, ખાસ કરીને ઉત્તર ભારતમાં જોવા મળ્યો છે. દા.ત. હરિયાણાનો સ્ત્રીપુરુષ ગુણોત્તર ૦.૮૭ (એટલે કે ૧૦૦ પુરુષે ૮૭ સ્ત્રીઓ) છે. તેમજ પંજાબમાં આ ગુણોત્તર ૦.૮૮, ઉત્તર પ્રદેશમાં અને રાજસ્થાનમાં ૦.૯૧ જોવા મળ્યો છે. તેની સામે દક્ષિણ ભારતમાં સ્ત્રી-પુરુષ ગુણોત્તર પ્રમાણમાં ઊંચો જોવા મળ્યો છે. જેમ કે તામિલનાડુમાં ૦.૯૭, આંધ્રપ્રદેશમાં અને કર્ણાટકમાં ૦.૯૬ છે. જ્યારે નોંધપાત્ર બાબત એ છે કે કેરાલાનો આ ગુણોત્તર એક કરતાં વધુ છે જે લગભગ યુરોપ અને ઉત્તર અમેરિકા જેટલો છે અને તે ૧.૦૪ કરતાં વધુ છે, તેનું કારણ શિક્ષણ છે. આપણે જાણીએ છીએ કે ભારતમાં તમામ રાજ્યોમાં સૌથી વધુ શિક્ષણદર (Literacy Rate) કેરાલામાં છે.

ડૉ. સેન જણાવે છે તેમ જુદાં જુદાં રાજ્યોમાં કે જુદાં જુદાં નાત-જાત અને ધર્મમાં આ ગુણોત્તર જુદો જુદો જોવા મળ્યો છે. કારણ કે વિભિન્ન નાત-જાતના રિવાજો જુદા જુદા હોય છે. સ્ત્રીઓ અંગેના વિચારો કે અભિગમો જુદા જુદા હોય છે, જેમ કે સ્ત્રી-પુરુષ ભાગીદારોની ભાવનામાં તફાવત, શિક્ષણમાં તફાવત, સંપત્તિ અંગેના અતિશય નિયંત્રિત હક્કો, પ્રજનન અંગેના નિર્ણયોમાં છોકરાનું વર્ચસ, બાળકીના જન્મ અંગેની અરુચિ વગેરે બાબતોમાં તફાવત જોવા મળે છે. તેથી સ્વાભાવિક છે કે સ્ત્રી તરફી વિચાર

ધરાવતા સમાજમાં સ્ત્રી-પુરુષ ગુણોત્તર ઊંચો જોવા મળશે અને સ્ત્રીવિરોધી અભિગમ ધરાવતા સમાજમાં આ ગુણોત્તર નીચો જોવા મળશે.

ડૉ. સેને અર્થતંત્રના વિકાસ માટે સ્ત્રીઓના વિકાસને અનિવાર્ય ગણ્યો છે. સ્ત્રીના વિકાસ માટે તેની સામાજિક પ્રગતિ જરૂરી છે. સમાજમાં સ્ત્રીઓની પ્રગતિ કરવી હોય તો સ્ત્રીશિક્ષણને મહત્ત્વ આપવું જોઈએ, સ્ત્રીઓને તમામ પ્રકારની સ્વતંત્રતા આપવી જોઈએ, તેમજ તેમને પોતાની ક્ષમતા વધારવા માટેની તકો આપવી જોઈએ.

ડૉ. સેનની આ વાત સાચી છે. આપણે પણ અનુભવ્યું છે કે જ્યાં સ્ત્રીશિક્ષણ મોટા પ્રમાણમાં હશે અથવા સ્ત્રી શિક્ષિત અને સાધનસંપન્ન હશે ત્યાં બાળકોના શિક્ષણ, સ્વાસ્થ્ય અને આહાર અંગે સજાગ હશે. જેથી તે પોતાનાં કાર્યો દ્વારા પોતાના સંતાનને સારું ભવિષ્ય આપી શકશે. આ બાબત આપણે કેરાલાના જીવંત દાખલા દ્વારા જોઈ શકીએ છીએ. ટૂંકમાં, સ્ત્રીને જો વિકાસની તક આપવામાં આવે તો એક વિકસિત, સભ્ય અને સુસંસ્કૃત સમાજની રચના કરી શકાય.

❑

## બ્રહ્મા

બ્રહ્માના કહેવાથી વિષ્ણુ સ્વરૂપ શ્રી દક્ષ પ્રજાપતિએ પોતાની પ્રિય પુત્રી 'ઉમા'ને શ્રી શંકર ભગવાન સાથે, 'સ્વાહા'ને અગ્નિદેવ સાથે, અને 'સ્વધા'ને પિતૃદેવ સાથે પરણાવી હતી. ધર્મદેવ સાથે '૧૩' કન્યાઓ પરણાવી હતી. (૧) શ્રદ્ધા (૨) દયા (૩) મૈત્રી (૪) શાંતિ (૫) તૃષ્ટિ (૬) પુષ્ટિ (૭) ક્રિયા (૮) ઉન્નતિ (૯) બુદ્ધિ (૧૦) મેધા (૧૧) લજ્જા (૧૨) તિતિક્ષા (૧૩) મૂર્તિ.

શ્રી. દક્ષે પોતાની ૨૭ કન્યાઓ 'ચન્દ્રદેવ'ની સાથે પરણાવી હતી. જે જ્યોતિષશાસ્ત્રમાં નક્ષત્રોરૂપે વિદ્યમાન છે. (૧) કૃતિકા (૨) રોહિણી (૩) મૃગશીર્ષ (૪) આન્દ્રા (૫) પૂનર્વસુ (૬) પુણ્ય (૭) અશ્લેષા (૮) મેઘા (૯) પૂર્વાફાલ્ગુની (૧૦) ઉત્તરાફાલ્ગુની (૧૧) હસ્ત (૧૨) ચિત્રા (૧૩) સ્વાતિ (૧૪) વિશાખા (૧૫) અનુરાધા (૧૬) જયેષ્ઠા (૧૭) મુલા (૧૮) પૂર્વાષાઢા (૧૯) ઉત્તરાષાઢા (૨૦) શ્રવણ (૨૧) ઘનિષ્ઠા (૨૨) શતભિશાખા (૨૩) પૂર્વાભાદ્રપદ (૨૪) ઉત્તરાભાદ્રપદ (૨૫) રેવતી (૨૬) અશ્વિની (૨૭) ભરણી. આ ૨૭ કન્યાઓ દક્ષની વહાલી પુત્રીઓ હતી.

• તન્વી દેસાઈ (ટી.વાય.બી.કોમ.)

## રાતનો ઉજાગરો

હળવી હલકથી હાલ્ય ઓ છોરી,
તું શાને ઉલાળે છે ઘાઘરો ?
પહેલી નજર્યુંમાં પરખાય ઓ ગોરી,
તારી આંખ્યુંમાં રાતનો ઉજાગરો !
સોળમું વરસ બેઠું રોમે રોમમાં,
સોઢંતા ફૂલ જાણે લાગ્યાં;
તારોય શું વાંક ભલી છોરી તારા દલડામાં,
પ્રીત્યુંના કોડ હવે જાગ્યા.
જાત્યને સંભાળ છોરી તાણી ન જાય,
આ ઉંમરનો વાસંતી વાયરો,
પહેલી નજર્યુંમાં પરખાય ઓ છોરી,
તારી આંખ્યુંમાં રાતનો ઉજાગરો !

ગોર્યો ને વરતો કરતાં કરતાં હવે,
સોળમું વરસ તુને બેઠું;
દલડામાં ઊઠશે કેટલાયે તરંગુ,
થાશે એકલતા ક્યાં સુધી વેઠું ?
સોણલામાં જેનાં રાત્ય કાઢી ઓ ગોરી,
કહે, કેવો છે તારો એ શામળો ?
પહેલી નજર્યુંમાં પરખાય ઓ છોરી,
તારી આંખ્યુમાં રાતનો ઉજાગરો !

નરેન્દ્ર ઠક્કર **'આકાશ'** (ટી.વાય.બી.કૉમ.)

## મન

તમને યાદ કરતું હૃદય, તમને જોયાં પછી,
હરખમાં, ને હરખમાં, ખુદને પણ ખોઈ બેઠું..;
જીવનનું એ જ એકમાત્ર સુખ એવું હતું,
ખોયાં પછી થયું કે, સાચવવા જેવું હતું;
વફાના ક્યારામાં ખીલેલા પુષ્પને,
બેવફાનું એક સ્મિત કરમાવી ગયું;
આવનાર પળની, કોને ક્યાં-કશી ખબર હશે ?
એટલું જ કહી શકું કે
એમની કબર પાસે જ, અમારી કબર હશે;
સિદ્ધિ આ નજર પામશે, સૂર્યાસ્ત કે સૂર્યોદય હશે !!!
દેહ બળી જશે ક્યારેક, પણ જીવંત વ્યથિત હૃદય હશે !!!

રાજ 'મન' (એફ.વાય.બી.કૉમ.)

## મૂર્તિ

વરસોથી જોતો વાટ આજે દિલમાં નિરખું છું,
એ મૂર્તિ કેટલી સુંદર એને નિરખ્યા કરું છું.
એને સ્પર્શો તો પડી જશે ડાઘ માટે દૂરથી નિરખ્યા કરો,
એના હોઠ ગુલાબની પાંદડીઓ એને નિરખ્યા કરું છું.
ગુલાબ જેવા ગાલ એને હાથ લાગશે તો કરમાય જાય છે,
નયનો પર કરશો વાત તો નજરો ઢળી જાય છે.
વરસોથી જોતી વાટ આજે દિલમાં નિરખું છું,
એના હસ્ત છે. ચંદનની ડાળ જેવા નાજુક નિરખું છું.
એના પગમાં ફુલો બીછાવીને નીરખ્યા કરું છું,
એના પગનાં ઝાંઝરો રણકાર આજે સાંભળું છું.
આજે દુલ્હન થઈને મૂર્તિ બીજાની થઈ જાએ નિરખ્યા કરું છું.

ફાલ્ગુની આર. પટેલ (ટી.વાય.બી.કૉમ.)

# દિશાશૂન્ય યૌવન

• મુકેશ એ. ગોવાણી (ટી.વાય.બી.કોમ.)

યૌવન એટલે જીવનની વસંત. કુદરતમાં વસંત પ્રતિવર્ષ આવે છે, જ્યારે મનુષ્યના જીવનમાં વસંત તો એક જ વાર આવે છે. યૌવન એક પ્રચંડ શક્તિ છે. તેનામાં નવું સર્જન કરવાની તમન્ના હોય છે, મહેચ્છા હોય છે. આદર્શોને વ્યવહારમાં ઉતારવાનો ઉત્સાહ હોય છે, ઉમંગ હોય છે. યૌવનશક્તિ તે અણુશક્તિ જેવી છે, તે સર્જનાત્મક અને વિનાશાત્મક હોય છે. પણ શસ્ત્ર સારું કે ખરાબ નથી હોતું. એના વાપરનારનું ધ્યેય જ સારું કે ખરાબ હોય છે, તેમ યૌવન પાસે વિશાળ કાર્યક્ષેત્ર છે. યૌવનને કશું બુરું, અધુરું કાર્ય પસંદ નથી, તે તો માત્ર ઉન્નતિ અને પૂર્ણ કાર્યોમાં જ રાચતું હોય છે. તેને સામાજિક વહેમો, અજ્ઞાનતા, જડતા, સંકુચિતતા, કોમવાદ આ બધું સ્વીકાર્ય નથી.

યુવાન તે દેશનું સાચું ધન છે. રાજકીય ક્રાંતિમાં યુવાન જ મોખરે રહ્યો છે. સમાજસુધારા, સમાજસેવા, પ્રૌઢશિક્ષણ વગેરે લોકોપયોગી કાર્યોમાં યુવાનોનો ફાળો જ મોટો હોય છે. શક્તિનાં પૂંજ જેવો આજનો આ યુવાન અનેક આશાઓ, અરમાનો અને કલ્પનાઓ ચણીને બેઠો છે. પરંતુ, આ યુવાન આજે દિશાશૂન્ય બની ગયો છે. યુવાનને દિશાશૂન્ય બનાવનાર અનેક પરિબળો છે, જેવાં કે, પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ, યુવકોના વિકાસ માટેનાં વાતાવરણનો અભાવ, ગંદવાડથી ખદબદતું રાજકારણ, લાગવગીયું પોલીસતંત્ર, તકવાદી અને તકલાદી શિક્ષણ અને પશ્ચિમનું અનુકરણ કરી નિર્માણ પામતાં આપણાં અશ્લીલ ચલચિત્રો મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

આજના દુષ્ટ ગણાતા રાજકારણીઓ મજબૂર અને લાચાર યુવાનોને પોતાના હાથા બનાવીને પોતાની મેલી મકસદ પૂરી કરે છે. આ ઉપરાંત અંધારી આલમના બેતાજ બાદશાહો, જેઓને દુષ્ટ રાજકારણીઓનો સંપૂર્ણ સાથ છે, તેઓ કેફી દ્રવ્યો અને માદક પીણાઓના વેપાર માટે યુવાનોને ગુમરાહ બનાવે છે. વળી, પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ અને તેમાંથી નિર્માણ પામતાં અશ્લીલ ચલચિત્રો જ યુવાનને ગુમરાહ બનાવી સમાજ વિરોધી પ્રવૃત્તિ કરવા તરફ દોરી જાય છે અને યુવાનને કેફી દ્રવ્યો અને માદકપીણાના સેવનની લતે લગાડી દે છે. આપણું પોલીસતંત્ર સમાજને અહિત કરતી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપતાં સહેજેય ખચકાતું નથી. આજનું શિક્ષણ લાગવગીયા પ્રવેશ, ચોરકાંટ પરીક્ષાઓ, ખોખલી પદવીઓ અને લુચ્ચા પગારોવાળી નોકરીથી ખદબદે છે. વળી, ભારતમાં બેકારી, મોંઘવારી, હડતાલ, સામાજિક કુરિવાજો જેવાં પ્રશ્નો તો છે જ. આવાં જ પરિબળો યુવાનને દિશાશૂન્ય બનાવી દેશને પતનની દિશામાં ધકેલી દેશે તો એમાં નવાઈ નહીં !

આજના આ દિશાશૂન્ય યૌવન માટે દેશમાં સાચા શિક્ષણ અને એ શિક્ષણ પુરું પાડનારા સારાં શિક્ષણકારોની તાતી જરૂરિયાત છે. જો યૌવનને શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ પણ આપવામાં આવે તો યૌવન સાચી દિશા મેળવી પ્રગતિશીલ બની શકે છે. આ માટે શિક્ષણકારોએ આજથી જ સંકલ્પ કરવો પડશે કે સમયની ચિંતા કર્યા વિના આ દિશાશૂન્ય યૌવનને જયાં સુધી પ્રગતિશીલ દિશામાં ન લાવું ત્યાં સુધી જંપીશ નહીં.

દેશની આ મહામૂલી મૂડીનો ઉપયોગ જો સારી રીતે કરવામાં આવે તો આ યુવાધન જ આપણા ભારત દેશને સમૃદ્ધ, સુખી અને સર્વોપરી બનાવી શકશે. યુવાન તે સમાજનો રક્ષક છે. એની સામે કાર્યક્ષેત્ર નહિ હોય તો તે વિઘાતક કાર્યમાં રોકાઈ જશે. બુદ્ધિશાળીની ફરજ થઈ પડે છે કે આ પ્રચંડ શક્તિને યોગ્યમાર્ગે વાળવી. યુવાન જીવનની યશકલગી છે. આવા શક્તિ અને સામર્થ્યનાં પૂંજમાં સંયમ અને સુકાન હોય તો જીવન ધન્ય બને.

**Y** : YOGI

**O** : OPTIMIST

**U** : UNITY

**T** : TRUST WORTHY

**H** : HEALTHY

❑

# ગુજરાત યુનિવર્સિટી ક્રિકેટ ચેમ્પિયન ટીમ (બહેનો)



૧૯૯૬-૯૭

૧૯૯૭-૯૮





૧૯૯૮-૯૯

સતત નવમા વર્ષે ગુજરાત યુનિવર્સિટી ચેમ્પિયન... ક્રિકેટ ટીમ

# ગૌરવવંતા ખેલાડીઓ



કોમલ કંસારા
ગુ. યુનિ. અને ગુ.
સ્ટેટના ક્રિકેટ ખેલાડી



અજયસિંહ યાદવ
કરાટે ગોલ્ડ મેડલ,
નેશનલ કોમ્પીટીશન



સીમા તિરમીઝી
ગુ. યુ. કબડ્ડી, ખોખો,
ફેન્સીંગ ખેલાડી



પ્રીતિ વર્મા
ગુ.યુ. ક્રિકેટ (કેપ્ટન)
ગુ.સ્ટે. (વા.કે.)



નેહલ ગાંધી
ગુ.યુ. અને ગુ. સ્ટેટના
ક્રિકેટ ખેલાડી



પ્રીતિ પટેલ
ગુજરાત સ્ટેટ ખેલાડી



અવનિકા પટેલ
ગુજરાત સ્ટેટ
ખેલાડી



દલવીરસીંગ શીખ
ગુ.યુ.કબડ્ડી, વેઈટ
લીફટીંગ ખેલાડી



ભૂમિ કારિયા
ગુ.યુનિ અને ગુ. સ્ટેટ
ક્રિકેટ ખેલાડી



સેજલ ઠક્કર
ગુજરાત સ્ટેટ ક્રિકેટ
ટીમના ખેલાડી



સુષ્મા પરમાર
ગુ. યુ. અને ગુ. સ્ટેટ
ક્રિકેટ ટીમના ખેલાડી

# ગૌરવવંતા ખેલાડીઓ



મોનિકા ત્રિપાઠી
ગુ.યનિ. ક્રિકેટ
ટીમના ખેલાડી



નેહા શાહ
ગુજરાત યુનિ. ક્રિકેટ
ટીમના કેપ્ટન



હેતલ પટેલ
ગુજરાત યુનિ. ક્રિકેટ
ટીમના ખેલાડી



તૃપ્તિ ત્રિવેદી
ગુ.યુ.ક્રિકેટના ખેલાડી
ટાઈકોન્ડો-ગોલ્ડમેડલ



રૂપલ પટેલ
ગુ. યુનિ. વોલીબોલ
ટીમના ખેલાડી



સંગીતા પટેલ
ગુ. યુનિ. વોલીબોલ
ટીમના ખેલાડી



પાયલ પંચાલ
ગુ.યુ.ક્રિકેટ ટીમના
ખેલાડી, સ્ટે. પ્લેયર



જીગીષા પટેલ
ગુ. યુ. અને વેસ્ટ ઝોનના
ક્રિકેટ ટીમના ખેલાડી



રવિના ઉપાધ્યાય
ગુજરાત યુનિ. ક્રિકેટ
ટીમના ખેલાડી



શિલ્પા ભોજકર
ગુ.યુનિ.ખોખો (કેપ્ટન)
ક્રિકેટ ટીમના ખેલાડી



હિરલ શુકલ
ગુજરાત યુનિ. ક્રિકેટ
ટીમના ખેલાડી



પ્રતીક્ષા પટેલ
ગુજ. સ્ટેટ ક્રિકેટ
ટીમના ખેલાડી

# ગૌરવવંતા ખેલાડીઓ



**યુસુફ શેખ**
ગુ.યુ. અને ગુ. સ્ટે.
ચેસ ચેમ્પિયન



**સીમા શાહ**
ગુજરાત યુનિ. ક્રિકેટ
ટીમના ખેલાડી



**શ્રુતિ શાહ**
ગુજરાત યુનિ. ક્રિકેટ
ટીમના ખેલાડી



**કેયૂર ગાંધી**
રાઈફલ શૂટીંગ
ગુ. સ્ટેટ ચેમ્પિયન



**હીમાની પટેલ**
ગુજરાત યુનિ. ક્રિકેટ
ટીમના ખેલાડી



**રાજશ્રી પટેલ**
ગુજરાત યુનિ. ક્રિકેટ
ટીમના ખેલાડી



**નીમેષ મોદી**
વેઈટ લીફટીંગ
ગુ.સ્ટેટ ચેમ્પિયન



**સીમા પરદેશી**
શૂટીંગ
ગુ. સ્ટેટ ચેમ્પિયન



**જાગૃતિ દેસાઈ**
ગુજરાત યુનિ. ક્રિકેટ
ટીમના ખેલાડી



**નાઝીમા શેખ**
ગુજરાત યુનિ. ક્રિકેટ
ટીમના ખેલાડી



**સ્મીતા ઠાકુર**
ગુજરાત યુનિ. હોકી
ટીમના ખેલાડી



**પૂર્વાંગ નાયક**
કરાટે : ગુજ. સ્ટેટ અને
નેશનલ ચેમ્પિયન

# કાંસાની વીંટીમાં નારી રૂપી હીરો

• એન. જે. પંડિત (એસ.વાય.બી.કૉમ.)

સૃષ્ટિનું સર્જન એ આદમ અને ઈવથી થયું એટલે કે સૃષ્ટિ એ સ્ત્રી અને પુરુષના સહકારને કારણે અસ્તિત્વમાં આવી છે. જેમ એક રથને ચલાવવા માટે બે સમાન પૈડાંની જરૂર પડે તેમ જ સ્ત્રી અને પુરુષના સહકાર અને સમજદારીથી તેમના અને સમાજના બધા જ રથો ચાલી શકે છે. પણ, સમાજે સ્ત્રીઓ પર અલગ અલગ પ્રકારના નિયમો, બંધનો, દબાણો એક અદ્રશ્ય જાળની જેમ નાખી દીધા છે કે જેથી સ્ત્રીઓએ બધા નિયમો, બંધનો, દબાણોમાંથી નીકળે, તો સમાજમાં પુરુષોનું સ્થાન નીચે જાય અને આ પુરુષોના અહમને પોષવા માટે જ સમાજને કાંસા જેવો એટલે કે દુષ્કર્મ, અધર્મ, અભિમાની સમાજ કે જે સ્ત્રીઓને અમુક રિવાજ જેવા કે ઘૂંઘટપ્રથા, દિકરીને દૂધ પીતી કરવી, સતી પ્રથા વગેરે જેવા રીત-રિવાજોના બંધનથી સ્ત્રીઓને બાંધી દીધી છે. આમ, સ્ત્રીઓને કાંસાની વીંટી જેવા દુષ્કર્મો, અધર્મ, પાપની વચ્ચે એક સહન-શીલતાની મૂર્તિનું રૂપક આપી અને તેને હીરાની ઉપમા આપી છે.

કેટલાક લોકો કહે છે કે હવે એકવીસમી સદીની સ્ત્રીઓ ઘણી સ્વતંત્ર છે, એટલે કે તેમના પર રીતરિવાજો નામના બોજાને ઘટાડવામાં આવ્યો છે. પણ, શું સમાજમાં સ્ત્રી સાચે જ સ્વતંત્ર છે ? તેના નિર્ણયો શું તે જાતે જ કરે છે ? શું સમાજ તેના દરેક નિર્ણયો સ્વીકારે છે ? આ પ્રશ્નોનો જવાબ માત્ર ના જ આવે છે, કારણ કે સ્ત્રીઓ સ્વતંત્ર રીતે અને લગ્ન કર્યા વિના રહે એ આ સમાજ સ્વીકારશે નહીં, કારણ કે આપણા સમાજમાં ડોસો કુંવારો મરે પણ ડોસી કુંવારી ન મરે તેવી કહેવત છે અને તે સાચી જ છે કારણ કે સ્ત્રી કુંવારી શા માટે રહી ? એવા તો કયા સંજોગોને અનુરૂપ થવા તે સ્ત્રીએ લગ્ન ન કર્યા ? આમ, સમાજ એ સ્ત્રીની ટીકા કરશે. હવે, એ વાત પણ માનવા યોગ્ય છે કે સમાજમાં સ્ત્રીની દુશ્મન સ્ત્રી જ છે. પણ, ક્યારે ? જ્યારે બે સ્ત્રીઓની વચ્ચે એક પુરુષનો ઉમેરો થાય એટલે કે જ્યારે પુરુષ રૂપી બુલડોઝરનું એક સળંગ દીવાલરૂપી બે સ્ત્રીઓ, જે બે અલગ અલગ પાત્રના સ્વરૂપમાં હોય, તેમની વચ્ચે બુલડોઝર ફેરવવાનું કામ માત્ર પુરુષનું જ છે માટે જ બે સ્ત્રીઓ વચ્ચે તે પુરુષનું પાત્ર એ કકળાટનું પાત્ર સાબિત થાય છે.

કેટલાક પુરુષો પોતાના અભિમાનના કીચડથી સ્ત્રીને છાંટા ઉડાડવામાં પાછા પડતા નથી અને કહે છે કે સ્ત્રીની બુદ્ધિ એ પગની પાની સુધી છે. પણ એ કીચડ જાણતું નથી કે સ્ત્રીની બુદ્ધિ પગની પાની સુધી નહીં પણ માથાથી પગની પાની સુધી છલોછલ ભરેલી હોય છે. અને વધુમાં સજાવટના શબ્દોને ઉમેરીને કહે છે કે સ્ત્રીઓમાં કશું જ જ્ઞાન અને બુદ્ધિનો છાંટો પણ નથી, પણ એ જ્ઞાનીઓને ખબર છે કે સ્ત્રીઓ હવે પ્રગતિ કરી રહી છે અને એ પ્રગતિ પુરુષોથી ક્યાંથી સહન થાય ? કારણ કે તેઓ એવું જ માને છે કે સ્ત્રીનું કામ એ બાળકો સંભાળવાનું અને ઘરને ચલાવવાનું છે પણ હવે, સ્ત્રીઓ બહારની પ્રવૃત્તિઓની સાથે ઘરની પ્રવૃત્તિ અને બાળકોનો ઉછેર કરીને તેમને શારીરિક અને માનસિક રીતે તૈયાર કરે છે કે જેથી, બાળકોને માતાના પ્રેમની સાથે તેમને સામાજિક શિક્ષણ પણ મળી રહે.

મારા મત પ્રમાણે સ્ત્રી પુરુષ સમોવડી બની છે. એવું કહેવું ખોટું જ છે, કારણ કે સ્ત્રી પુરુષ સમોવડી હતી જ પણ તે જાગૃત ન હતી અને હવે તેણે જાગૃતિની સાથે પોતાનામાં રહેલી શક્તિઓનું જ્ઞાન કરાવ્યું છે. તેથી હવે સ્ત્રી પ્રગતિથી કંઈ આગળ નીકળી ગઈ છે. સ્ત્રીમાં બધી જ શક્તિઓ પહેલેથી જ હાજર હતી, પણ પુરુષોએ એ શક્તિઓને ખિલવવામાં મદદ કરવાને બદલે હંમેશા તે શક્તિઓને નાસીપાસ કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. પુરુષ કોઈ પણ સ્વરૂપ હોઈ શકે-એટલે કે ભાઈ સ્વરૂપે, પિતા સ્વરૂપે કે પુત્ર સ્વરૂપે. પુરુષ એ એક એવું પ્રાણી છે જે ક્યારેય પણ, કોઈ પણ સ્ત્રી-એ ભલેને પોતાની બહેન હોય, માતા હોય, પત્ની હોય કે પુત્રી પણ હોય તે ક્યારેય સ્વીકારશે નહીં કે તેમના ઘરમાનું કોઈ પણ સ્ત્રીપાત્ર એ સમાજમાં-એમના સમાજમાં-નોકરી કરે અને તેમના પગ ઉપર ઊભી રહે. પુરુષ એ ગમે તેટલો વ્યવહારિક હોય, સારો હોય પણ જ્યારે તેની અને તેની પત્ની વચ્ચે પુરુષનો અહમ આવે છે ત્યારે તે પુરુષ તેના અહમની રક્ષા માટે સ્ત્રીની થોડીક પણ પ્રગતિ કોઈ પણ પ્રકારે સહન કરવા તૈયાર હોતો નથી અને આને કારણે જ જ્યાં પતિ-પત્નીમાંથી જો પત્ની નોકરી કરતી હોય તો ત્યાં હંમેશા પુરુષના મુખે

સાંભળવા મળશે જ કે 'હું તારા પૈસા ઉપર આધાર રાખતો નથી', અને આમ જ સ્ત્રીઓનું શોષણ થાય છે. તેમજ જ્યારે તે સ્ત્રી પર આ રીતનું શાબ્દિક દબાણ વધી જાય છે ત્યારે અંતમાં તે સ્ત્રીના પતિશ્રી તેમને 'છૂટાછેડા' નામનો ધમકીયુક્ત કાગળ તે સ્ત્રીની સામે રાખીને તે પુરુષની ઈચ્છિત પ્રવૃત્તિઓ કરાવી દે છે. અને આમ જ, સ્રીઓને ઘરની ચાર દીવાલોમાં બેસાડી, તેમની પ્રગતિ, ઈચ્છા, મનોકામનાનું ગળું દબાવી દે છે.

સ્ત્રીઓની પ્રગતિ એ માત્ર મહિલા મંડળ રચવાથી નહીં પણ, તે મહિલાઓએ પોતાની જાતે જ પ્રગતિ માટે આત્મનિર્ભર બનવું જોઈએ. આ દરમ્યાન સ્ત્રીઓએ ધ્યાન રાખવું કે જે પુરુષ સ્ત્રીઓથી નફરત કરતો હોય તે પુરુષની સામે એક બલા બનવું જોઈએ, કારણકે એવા પુરુષો જ સ્ત્રીઓને અબલા ગણે છે. આપણો ઇતિહાસ સાક્ષી છે એ બધી સ્ત્રીઓનો કે જેમણે પોતાના પતિની આજ્ઞા માની અને અગ્નિની પરીક્ષા આપી અને અંતમાં પણ તે જ સ્રીને ધરતીમાં જ સમાઈ જવું પડ્યું. તે કોના કારણે ? જ્યારે સાવિત્રી જેવી પતિવ્રતા સ્ત્રીએ યમ જોડેથી પણ પોતાના પતિના પ્રાણ પાછા લઈ લીધા. તે કોના માટે ? ભારત દેશની સ્ત્રીઓ તેમને ગર્વથી યાદ કરે છે. નારી એ પ્રેમ, મમતા અને આદર સન્માન એક અનેરુ રૂપ છે. નારી એ કોઈ પણ પ્રકારે પુરુષને સહારો આપવા તૈયાર છે, પણ જ્યારે પુરુષ જ તેના માન-સન્માનનો ખ્યાલ રાખ્યા સિવાય તે એક કૂતરા સમાન કોઈ પર પ્રેમ આવે ત્યારે અને હડકાયાપણું આવે ત્યારે જે કૃત્ય કરે છે તેવું જ વર્તન પુરુષ જાતિમાં પણ જોવા મળે છે.

સમાજમાં એવી સ્ત્રીઓ છે કે જેમનો પતિ મૃત્યુ પામ્યો છે અને એવી પણ સ્ત્રીઓ છે કે જેમના પતિએ તેમના અહમ્‌ને પોષવા માટે તે સ્ત્રીઓને ત્યજી દીધી હોય. ત્યારે, તેવી સ્ત્રીઓ એ સમાજ માટે બોજારૂપ બનીને કલંક સમાન છે. કારણ કે આપણા આ સમાજમાં સ્ત્રીઓનું ખરાબ કૃત્ય એ પાપ ગણાય છે, જ્યારે પુરુષનું ખરાબ એ પાપ નહીં. ... એ પાપ નહીં પણ ભૂલ ગણાય છે. સમાજમાં દરેક વ્યવહારનું પાલન કરવું સ્રી માટે અનિવાર્ય ગણાય છે, જ્યારે પુરુષ સહેલાઈથી છટકી જાય છે. અને આમ જ સમાજના દરેક વ્યવહારનું પાલન કરવું સ્ત્રી માટે અનિવાર્ય ગણાય છે જ્યારે પુરુષ સહેલાઈથી છટકી જાય છે અને આમ જ સ્ત્રીઓનું શોષણ થતું આવ્યું છે અને થતું આવે છે. પણ જો સ્ત્રીઓ કાબેલ અને સ્વાભિમાની બની 'થતું આવ્યું છે' એ વાક્યને બદલે 'નહીં જ થાય' એ વાક્યમાં ફેરવી શકે છે અને તે માટે બધી જ સ્ત્રીઓએ એક થઈ અને નવી ચેતના રૂપી જમીન પર, વર્તમાન રૂપી ઈંટોથી, સ્વપ્નોને વાસ્તવિકતા બનાવી અને પ્રેમરૂપી પાયો નાંખી તેમની પ્રગતિની ઈમારત બનાવી શકે.

❑

---

## આંખો

મુશ્કેલીમાંથી માર્ગ કાઢી આપતી આંખો.
આંખોથી માણસ ઓળખાય આખો ને આખો.
જબાન ન બોલે ત્યાં બધુ બોલે છે આંખો.
પ્રેમ નો એકરાર એક પળમાં કરે તે આંખો.
પ્રિયતમને નજર સામે રાખતી આ આંખો.
રાત્રે સપનામાં પણ પ્રિતમને દેખાડતી આંખો.
હૃદય સાથે સીધો સંબંધ ધરાવતી આંખો.
શરમને પણ શરમાવતી શરમાળ આંખો.
એક ઈશારામાં સમજાવી દેનારી આંખો.
નવવધુની શરમ નું ઘર છે આંખો.
માણસની બધી મુશ્કેલીની જડ છે આંખો.
ક્યારેક મસ્તીભરી તો ક્યારેક 'શાંત' છે આંખો.

- હાર્દિક વી. ઠક્કર (એસ.વાય.બી.કોમ.)

## ઈશ્વર

સ્મિત બનીને છલકાય છે તું
સૂરજ બનીને ચમકે છે તું
ચાંદ સિતારાની ગઝલ છે તું
કોઈ હૃદયના સ્પંદન છે તું
આંખમાંથી વરસતી અમી છે તું
ચાહતમાં છવાય છે તું
સ્વપ્ન અને સિદ્ધિમાં વસે છે તું
હૃદયે હૃદયે વસે છે એક તું

- શાહ મલય કે. (એફ.વાય.બી.કોમ.)

# ખુરશીદાસ બેંતાળીશી : (ખુરશીનો મહિમા)

● ઠક્કર નરેન્દ્ર સી. 'આકાશ' (ટી.વાય.બી.કોમ.)

*કાજ તનયા સંકટ હરન, સાક્ષાત્ દેવી સમાન;*
*દારિદ્રય હરજે મારું, કરજે અતિ ધનવાન.*

પરથમ સમરું લક્ષ્મી માત; જેણે આપ્યા રૂપિયા હાથ. ॥૧॥
રૂપિયા કેરી લેખણ લીધી; લખવાની શરૂઆત કીધી. ॥૨॥
ખુરશી માતને લાગું પાય; જેનાં ગુણગાન ગાયા માંય. ॥૩॥
ભારત દેશમાં રામનગર; નગરમહીં બાપુનું ઘર. ॥૪॥
બાપુના ઘેર જનમ લીધો; ત્યાંથી જગમાં પ્રવેશ કીધો. ॥૫॥
પહેલી ચોપડીમાં દાખલ થયા; પાંચ વરસ પહેલીમાં રહ્યા. ॥૬॥
હવે આવ્યા બીજી માંય; સમજણ કાંઈ પડે નાંય. ॥૭॥
ભણવાનું હવે છોડી દીધું; શેઠ ઘરમાં વૈતરું કીધું. ॥૮॥
નાની ઉંમરે લગન કીધાં; સળગતા અંગારા માથે લીધા. ॥૯॥
એકમાંથી 'અગિયાર' થયા; પૂરું કરવાના હોશ ના રહ્યા. ॥૧૦॥
હવે વધારે રળવું પડે; એ માટે કાંઈ કરવું પડે. ॥૧૧॥
હપ્તા વસૂલી શરૂ કીધી; 'ડૉન' કેરી ઉપાધિ લીધી. ॥૧૨॥
માર-કાપ તો રોજની થઈ; દયા બયા કાંઈ આવે ન'ઈ. ॥૧૩॥
અરધી આવક પોલીસને જાય; એથી અમારું દિલ દુભાય. ॥૧૪॥
થયું નેતાનો ભેખ જ ધરું; લોકના પૈસા ઘરમાં ભરું. ॥૧૫॥
જેણે કરવું ના કોઈ કામ; મારે તે ખુરશીને સલામ. ॥૧૬॥
પાલિકા જંગમાં ઊભા રહ્યા; બાહુબળથી જીતી ગયા. ॥૧૭॥
ઉપરવાળાએ કીધી મ્હેર; ઘરમાં થઈ લીલા લ્હેર. ॥૧૮॥
સાંકડો મહોલ્લો છોડી દીધો; સોસાયટીમાં વાસ જ કીધો. ॥૧૯॥
પાંચ વરસ જયાં પૂરાં થાય; વંડામાં બે સ્કૂટર સોહાય. ॥૨૦॥
વિધાનસભાની ચૂંટણી આવી; અમ કાજે એક તક લાવી. ॥૨૧॥
જેને તાકાત નાણાં ને હાથની; તેને ચિંતા હોય શી વાતની ? ॥૨૨॥

ચૂંટણીમાં અમે ઊભા રહ્યાં; 'દેવીકૃપાએ' જીતી ગયા. ॥૨૩॥
મંત્રીપદું પામ્યા અમે; ગાડી-બંગલો કોને ન ગમે ? ॥૨૪॥
મનમાં અમે તો લીધી ટેક; રોજની રળવી પેટી એક. ॥૨૫॥
ઘરમાં જ ધંધો શરૂ કીધો; કાર્યાલયનો બેડરૂમ કીધો. ॥૨૬॥
પુત્રો નિગમોના ચેરમેન બનાવ્યા; રખડેલને ઠેકાણે લગાવ્યા. ॥૨૭॥
જમાઈઓને કોન્ટ્રાક્ટ આપ્યા; ચારામાંથીયે પૈસા છાપ્યા. ॥૨૮॥
કરોડો જ્યાં આમ તેમ કર્યા; સાંસદ બનવા લાયક ઠર્યા. ॥૨૯॥
પ્રજા તિજોરી ભર્યે જાય; અમ પ્રયત્ને ખાલી થાય. ॥૩૦॥
ભુવા સહુ સંસદમાં ભેગા મળ્યા; નાળિયેર સ્વગૃહે રવાના કર્યાં. ॥૩૧॥
ધન્ય હો ભારતની પ્રજા; જેના પ્રતાપે અમને મજા. ॥૩૨॥
ભ્રષ્ટાચાર થયો શિષ્ટાચાર; એનો અમને લાભ અપાર. ॥૩૩॥
ફાંદનો ઘેરાવો વધતો જાય; જોઈ મનમાં હરખ નવ માય. ॥૩૪॥
માઈક ઉલાળ્યાં ને કૂદાકૂદ કીધી; સરકારી ખર્ચે ઊડાઊડ કીધી. ॥૩૫॥
રજતતુલાએ ખુદને તોલાવ્યા; સ્વીસ બેંકમાં ખાતાં ખોલાવ્યાં. ॥૩૬॥
અમે દાસ જ ખુરશી તણા; સ્પર્શીને હરખીએ ઘણા. ॥૩૭॥
ખુરશીની લાગી જે લગન; ચાટ્યા વિના પચે ના અન્ન. ॥૩૮॥
દેવોના ફોટા કૂવામાં નાંખ્યા; ખુરશી માતને ગોખલે સ્થાપ્યા. ॥૩૯॥
જય જય ખુરશી માત તમારી; અમ પર ઊતરી કૃપા તમારી. ॥૪૦॥
જે સો વાર બેંતાળીશી વાંચે; પ્રાપ્ત કરે જે કાંઈ યાચે. ॥૪૧॥
જે ખુરશીનો દાસ જ થાય; તેના ઘેર લક્ષ્મી સદાય. ॥૪૨॥

*ખુરશી મા વંદન કરું, સાષ્ટાંગ લાગું પાય;*
*સત્તાવન પેઢી મારી, મારા જ રસ્તે જાય. મારા...*

❑

વર્ણવ્યવસ્થા જન્મગત નથી, પણ કર્મગત છે.
કર્મથી જ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર થવાય છે.

# નોકરી અંગે આનુષંગિક ખર્ચની કપાત અથવા પ્રામાણિત કપાત

• પ્રા. એસ. પી. મહેતા

આવકવેરાના કાયદા અનુસાર નોકરી કરતી વ્યક્તિના પગારની આવકના શીર્ષક નીચે આવકની ગણતરી કરતી વખતે નીચેની રકમો ખાસ કપાત તરીકે બાદ આપવામાં આવે છે :

(૧) પ્રમાણિત કપાત [કલમ ૧૬ (i)]

(૨) મનોરંજન ભથ્થું [કલમ ૧૬ (ii)]

(૩) વ્યવસાય વેરો [કલમ ૧૬ (iii))

નોકરી કરનાર કર્મચારીએ નોકરીની ફરજો બજાવવા માટે તેમજ નોકરીના સ્થળે જવા-આવવા માટે જે ખર્ચ કરવો પડે છે તે ખર્ચ અંગે તેમના પગારની કરપાત્ર આવકની ગણતરી કરતાં પહેલા પ્રમાણિત કપાત તરીકે કેટલીક રકમ બાદ આપવામાં આવે છે. નાણાપ્રધાન શ્રી યશવંત સિંહાએ નાણાં ધારો (૨) ૧૯૯૮, તા. ૧-૬-૧૯૯૮ના રોજ સંસદમાં રજૂ કરતાં પ્રમાણિત કપાતની ગણતરી અંગે સુધારો સૂચવ્યો હતો, જે સંસદમાં નાણા ધારો (૨) ૧૯૯૮ પસાર થતાં અમલમાં આવ્યો છે. આ સુધારા મુજબ પ્રમાણિત કપાત [કલમ ૧૬ (i)] અંગે ત્રિસ્તરીય માળખું નક્કી કરવામાં આવ્યું છે, જે નીચે મુજબ છે.

જે કર્મચારીની પગારની આવક પ્રમાણિત કપાતની રકમ બાદ કર્યા પહેલાં, (અ) રૂ. ૧ લાખથી વધુ ન હોય તેમને પગારના ૩૩$^1/_3$ ટકા અથવા રૂ. ૨૫,૦૦૦ બેમાંથી જે ઓછી રકમ હોય તે (બ) પગારની અવક રૂ. ૧ લાખથી વધુ પરંતુ રૂ. ૫ લાખથી વધુ ન હોય તેમને રૂા. ૨૦,૦૦૦ અને (क) પગારની આવક રૂ. ૫ લાખથી વધુ હોય તેમને શૂન્ય.

નાણા પ્રધાન દ્વારા પ્રમાણિત કપાત અંગે કરવામાં આવેલ સુધારો તેની મૂળ વિચારધારા કરતાં જુદો પડે છે, જેથી તે સુધારો તાર્કિક લાગતો નથી. આ ઉપરાંત રૂ. ૫ લાખથી વધુ પગારની આવક મેળવનાર કર્મચારીને પ્રમાણિત કપાતનો લાભ ન આપવાનો નિર્ણય કોઈ પણ રીતે ન્યાયી લાગતો નથી. આ બાબત અંગે કેટલીક વિગતો અને હકીકતો જોવી જરૂરી ગણાશે.

### પ્રમાણિત કપાતની શરૂઆત

પ્રમાણિત કપાતની શરૂઆત નાણા ધારો, ૧૯૭૪ (આકારણી વર્ષ ૧૯૭૫-૭૬)થી કરવામાં આવી હતી. પ્રમાણિત કપાતની શરૂઆત નીચેની પાંચ વિગતો ધ્યાનમાં લઈને કરવામાં આવી હતી.

(૧) કર ભરનાર કર્મચારી તેમની ફરજ સહેલાઈથી અદા કરી શકે તે માટે જરૂરી પુસ્તકો, મેગેજિન વિ. ખરીદે છે. તે અંગે કરેલ ખર્ચ માટે મર્યાદિત કપાત આપવામાં આવતી હતી.

(૨) બંધારણના આર્ટિકલ્સ ૨૭૬(૨) નીચે રાજ્ય સરકારો દ્વારા કર્મચારીઓ, વ્યવસાયી વ્યક્તિઓ, ધંધાદારી વ્યક્તિઓ વિગેરે પાસેથી વસૂલ કરવામાં આવતા વ્યવસાય વેરાની ચુકવણીના ખર્ચ અંગે રાહત આપવામાં આવતી હતી.

(૩) જે કર્મચારીઓ પોતાની માલિકીની મોટર કે અન્ય વાહન ધરાવતા હોય અને તેનો ઉપયોગ નોકરીના હેતુ માટે થતો હોય તેમને મર્યાદિત પ્રમાણમાં ખર્ચ અંગે કપાત આપવામાં આવતી હતી.

(૪) કર્મચારીની નોકરીની શરતોને આધીન તેમની ફરજ બજાવવા માટે તેમણે કરેલ કેટલાક ખર્ચાઓ અંગે તેમના પગારની આવકમાંથી ચોક્કસ મર્યાદામાં રહીને તે ખર્ચ અંગે કપાત આપવામાં આવતી હતી.

(૫) મનોરંજન ભથ્થાં જેવા અન્ય ભથ્થાં અંગે મળતી કપાતની રકમ.

ઉપરોક્ત પાંચ કપાતોને બદલે કાયદામાં સરળતા લાવવાના ઉદ્દેશથી પ્રમાણિત કપાતની શરૂઆત કરવામાં આવી હતી. નાણાધારો, ૧૯૭૪ના સ્પષ્ટીકરણ નિવેદનના મુદ્દા નંબર ૨૧માં [93 ITR (ST) 130 to 138 inter alia] વધુ સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે 'પગારદાર કરદાતાની ગણતરી સરળ રીતે થઈ શકે તે હેતુથી કર્મચારીઓ તેમની ફરજ સહેલાઈથી બજાવી શકે તે માટે ઉપર જણાવેલ વિગતો નંબર (૧) થી (૫) માં જણાવેલ કપાતોને બદલે એક જ કપાત તરીકે પ્રમાણિત કપાત આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત 'સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટ ટેક્ષીસ (CBDT)'ના પરિપત્ર નંબર ૧૩૮ તા. ૧૭મી જુલાઈ ૧૯૭૪માં જણાવ્યા મુજબ કર્મચારીઓને તેમના પગારની કરપાત્ર આવકની ગણતરી માટે ઉપર જણાવેલ વિગતો (૧) થી (૫) માટે જે અલગ કપાતો આપવામાં આવે છે, તેને બદલે પ્રમાણિત કપાતનો લાભ આપવો. આમ નાણા ધારો ૧૯૭૪ અને આવકવેરા વિભાગનો પરિપત્ર કર્મચારીઓને તેમની ફરજ બજાવવા અંગે જે ખર્ચાઓ થાય છે તે અંગે પ્રમાણિત કપાત આપવાનું જણાવે છે.

## પ્રમાણિત કપાતની રકમ :

પ્રમાણિત કપાતની શરૂઆત થયાના વર્ષથી ચાલુ આકારણી વર્ષ દરમ્યાનની કપાતની રકમ નીચેના ટેબલમાં દર્શાવેલ છે.

| ક્રમ | આકારણી વર્ષ | પ્રમાણિત કપાતની ટકાવારી (પગારના) | મહત્તમ રકમ રૂ. | નોંધ |
|---|---|---|---|---|
| ૧. | ૧૯૭૫-૭૬ થી ૧૯૮૦-૮૧ | ૨૦% | ૩,૦૦૦ | – |
| ૨. | ૧૯૮૧-૮૨ | ૨૦% | ૩,૫૦૦ | – |
| ૩. | ૧૯૮૨-૮૩ | ૨૦% | ૫,૦૦૦ | – |
| ૪. | ૧૯૮૩-૮૪ | ૨૫% | ૫,૦૦૦ | – |
| ૫. | ૧૯૮૪-૮૫ થી ૧૯૮૬-૮૭ | ૨૫% | ૬,૦૦૦ | – |
| ૬. | ૧૯૮૭-૮૮ અને ૧૯૮૮-૮૯ | ૩૦% | ૧૦,૦૦૦ | – |
| ૭. | ૧૯૮૯-૯૦ થી ૧૯૯૩-૯૪ | $૩૩\frac{૧}{૩}$% | ૧૨,૦૦૦ | આ વર્ષ ૧૯૯૩-૯૪માં સ્ત્રી કર્મચારીની પગારની આવક રૂ. ૭૫,૦૦૦થી ઓછી હોય તો મહત્તમ રકમ રૂ. ૧૫,૦૦૦ ગણવી. |
| ૮. | ૧૯૯૪-૯૫ થી ૧૯૯૬-૯૭ | $૩૩\frac{૧}{૩}$% | ૧૫,૦૦૦ | આ વર્ષ ૧૯૯૪-૯૫થી ૧૯૯૭-૯૮ દરમ્યાન સ્ત્રી કર્મચારીની આવક રૂ. ૭૫,૦૦૦ થી ઓછી હોય તો મહત્તમ રકમ રૂ. ૧૮,૦૦૦ ગણવી. |
| ૯. | ૧૯૯૭-૯૮ | $૩૩\frac{૧}{૩}$% | ૧૫,૦૦૦ | કર્મચારીની આવક રૂ. ૬૦,૦૦૦ થી ઓછી હોય તો મહત્તમ રકમ રૂ. ૧૮,૦૦૦ ગણવી. |
| ૧૦. | ૧૯૯૮-૯૯ | $૩૩\frac{૧}{૩}$% | ૨૦,૦૦૦ | – |
| ૧૧. | ૧૯૯૯-૨૦૦૦ | (અ) $૩૩\frac{૧}{૩}$%<br>(બ) $૩૩\frac{૧}{૩}$%<br>(ક) – | ૨૫,૦૦૦<br>૨૦,૦૦૦<br>શૂન્ય | પગાર રૂ. ૧ લાખ થી વધુ ન હોય.<br>પગાર રૂ. ૧લાખથી વધુ પરંતુ રૂ. ૫ લાખથી વધુ નહિ.<br>પગાર રૂ. ૫ લાખથી વધુ. |

નોંધ :

(૧) પ્રમાણિત કપાતની ગણતરી માટે પગારનો અર્થ પગાર ઉપરાંત ફી, કમીશન, સવલતો, ગ્રેજ્યુટી વિ.નો સમાવેશ થાય છે, પરંતુ આવકવેરાના કાયદા હેઠળ કરમુક્ત હોય તેવી કોઈપણ ચુકવણીનો સમાવેશ થશે નહિ.

(૨) પાછલા વર્ષ દરમ્યાન કર્મચારીએ એક કરતાં વધુ નોકરી બદલી હોય તો બધા જ માલિકો પાસેથી મળેલ પગારની કુલ રકમ પ્રમાણિત કપાતની રકમ નક્કી કરવા માટે ધ્યાનમાં લેવી.

(૩) પ્રમાણિત કપાતનો લાભ મેળવવા માટે કર્મચારીએ પાછલા વર્ષ દરમ્યાન તેની ફરજ બજાવવા માટે કરેલ ખર્ચનો કોઈ પુરાવો આપવાનો હોતો નથી.

(૪) જો કોઈ કર્મચારીને તેની ફરજો બજાવવા માટે માલિક તરફથી કોઈ વાહનવ્યવહારની સગવડ આપવામાં આવી હોય તો પણ તેવા કર્મચારીને પ્રમાણિત કપાતનો લાભ મળશે.

(૫) પેન્શન મેળવનાર કર્મચારીને પણ પ્રમાણિત કપાતનો લાભ મળશે.

(૬) જો કર્મચારી પાછલા વર્ષ દરમ્યાન નોકરીમાંથી નિવૃત્ત થયો હોય તો તે વર્ષ માટેની પ્રમાણિત કપાત તેણે કરેલ નોકરીના સમયના પ્રમાણમાં પ્રાપ્ત થશે.

(૭) પ્રમાણિત કપાતની રકમ આવકવેરાનો કાયદો ૧૯૬૧ પ્રકરણ VI-A માં દર્શાવેલ કોઈપણ મંજૂર કરેલ કપાત પહેલા બાદ કરવામાં આવશે.

(૮) કંપનીના ડિરેક્ટરો અને કંપની વચ્ચે માલિક અને નોકરનો સંબંધ ન હોવાથી કંપનીના ડિરેક્ટરોને મળેલ પગારમાંથી પ્રમાણિત કપાતનો લાભ પ્રાપ્ત થઈ શકશે નહિ. [CIT V. Durga kumar Nanda (1995) 211-ITR 639 (ori)]

(૯) એલ. આઈ. સી.ના વિકાસ અધિકારીઓને વધુ કાર્ય અંગે જે ઉત્તેજન આપવા જે બોનસ આપવામાં આવે છે તેનો સમાવેશ પગારમાં કરવામાં આવશે અને તેને આધારે પ્રમાણિત કપાતની ગણતરી કરવામાં આવશે [K. A. Choudary V. CIT (1990) 183 ITR 29 (AP)]

## આકરણી વર્ષ ૧૯૯૯-૨૦૦૦થી પ્રમાણિત કપાતમાં થયેલ ફેરફારની યોગ્યતા

નાણા પ્રધાન શ્રી યશવંત સિંહાએ આકારણી વર્ષ ૧૯૯૯-૨૦૦૦થી પ્રમાણિત કપાત અંગે આપેલ ત્રિસ્તરીય (three tier) માળખા અંગેની કેટલીક બાબતો માટે નીચેના મુદ્દાઓ વિચારણા માંગી લે છે.

(૧) સામાન્ય રીતે વધુ પગાર મેળવતા કર્મચારીઓએ પોતાની ફરજ બજાવવા માટે અને વધુ કાર્યક્ષમ બનવા માટે પ્રમાણમાં અન્ય કર્મચારીઓ કરતાં વધુ ખર્ચ કરવો પડે છે. આવો વધુ ખર્ચ કરનાર કર્મચારીની આવક વાર્ષિક રૂ. ૫ લાખથી વધુ હોય તો પ્રમાણિત કપાતનો લાભ તેમને મળશે નહિ. આમ પ્રમાણિત કપાત શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશનો ભંગ થાય છે.

(૨) આવી જ રીતે પગાર રૂ. ૧ લાખથી વધુ અને રૂ. ૫ લાખથી વધુ ન હોય તેવા કર્મચારીઓને મહત્તમ કપાતની રકમ રૂ.. ૨૦,૦૦૦ છે. જ્યારે પગાર રૂ. ૧ લાખથી ઓછો હોય તેમની મહત્તમ કપાતની રકમ રૂા. ૨૫,૦૦૦ છે. જે વધુ આવક મેળવનાર કર્મચારીએ વધુ ખર્ચ કર્યો હોવા છતાં પ્રમાણિત કપાતની રકમમાં ઘટાડો થાય છે જે કોઈ પણ રીતે યોગ્ય ન ગણાય.

(૩) જો કોઈ કર્મચારીને પાછલા વર્ષ દરમ્યાન કામચલાઉ રીતે રૂ.૫ લાખથી વધુ પગાર મળે તો તેને તે વર્ષ માટે પ્રમાણિત કપાતનો લાભ પ્રાપ્ત થશે નહિ. કેટલાક સંજોગોમાં કર્મચારીને પાછલા વર્ષ દરમ્યાન પગારનું એરિયર્સ પ્રાપ્ત થતું હોય છે, જેથી તેમનો પગાર રૂ. ૫ લાખથી વધી જતો હોય છે, આવા સંજોગોમાં કર્મચારીને તે વર્ષ દરમ્યાન પ્રમાણિત કપાતનો લાભ મળશે નહિ. ખાસ કરીને પાંચમાં વેતન પંચની ભલામણોનો સ્વીકાર થયો હોવાથી નાણાકીય વર્ષ ૧૯૯૮-૯૯ (આકારણી વર્ષ ૧૯૯૯-૨૦૦૦) દરમ્યાન કર્મચારીઓને પગારના એરિયર્સની રકમ મળવાની હોવાથી કેટલાક કર્મચારીઓને પ્રમાણિત કપાતના લાભથી વંચિત રહેવું પડશે. આવી જ રીતે આકરણી વર્ષ ૧૯૯૯-૨૦૦૦ દરમ્યાન મોટા ભાગના હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના ન્યાયાધિશોને પણ પ્રમાણિત કપાતનો લાભ મળશે નહિ.

આમ કામચલાઉ રીતે વર્ષ દરમ્યાન રૂ. ૫ લાખથી વધુ પગારને લીધે કર્મચારીને પ્રમાણિત કપાતનો રૂ. ૨૦,૦૦૦નો લાભ મળશે નહિ, અને તેઓ ૩૦ ટકા આવકવેરાના સ્લેબમાં આવતા હોવાથી કર્મચારી દીઠ રૂ. ૬,૦૦૦નો વધુ આવકવેરો ચૂકવવો પડશે.

(૪) સરકારી આંકડાઓ મુજબ વાર્ષિક રૂ. ૫ લાખથી વધુ પગાર મેળવનાર કર્મચારીઓની સંખ્યા ભારતમાં ખૂબ જ નજીવી છે. આથી આ ફેરફારથી પ્રમાણિત કપાતનો લાભ ન મેળવનાર કર્મચારીઓની સંખ્યા ખૂબ જ ઓછી રહેશે. સરકાર દ્વારા આ રીતે કરવામાં આવતો બચાવ વાજબી નથી. વાસ્તવમાં કાયદા મુજબ દરેક કર્મચારીઓને એક સરખા ગણવા જોઈએ. આવકવેરાના કાયદાના નિષ્ણાત શ્રી નાની પાલખીવાલાએ યોગ્ય રીતે જ જણાવ્યું છે કે 'Tax and equity one strangers; but they need not be sworn enemies.'

(૫) સરકારના નવા અભિગમ મુજબ આવકવેરાનો કાયદો બને તેટલો સરળ થવો જોઈએ તેમ નક્કી કરવામાં આવ્યું છે, આથી જે આવકવેરાનું પત્રક (Return of Income) માટે 'સરળ' ફોર્મની શરૂઆત કરી છે. પ્રમાણિત કપાત અંગે આકરણી વર્ષ ૧૯૯૮-૯૯માં બધા જ કર્મચારીઓ માટે પગારના ૩૩$\frac{૧}{૩}$ ટકા અથવા રૂા. ૨૦,૦૦૦ (બેમાંથી જે ઓછી રકમ હોય) એમ સરળ ગણતરી હતી તે બદલીને આકરણી વર્ષ ૧૯૯૯-૨૦૦૦માં પગારની જુદી જુદી આવક ધ્યાનમાં લઈને ત્રણ તબક્કામાં ગણતરી કરવાનું લાવીને કાયદાની સરળતામાં ઘટાડો કર્યો છે.

નાણાધારો ૧૯૯૯ કે તે પછીના નાણાધારામાં પ્રમાણિત કપાત અંગે જરૂરી સુધારા કરવા જોઈએ.

❑

---

## ભૂલી ગયા

(ગઝલ)

*જખ્મના દરિયે અમે ડૂબી ગયા,*
*જામમાં એ; ઘાવ સૌ રૂઝી ગયા.*
*જ્યાં ગયો ત્યાં સ્વાર્થના રિશ્તા હતા,*
*ડાયરીમાં નામ સૌ મૂકી ગયા.*
*કોણ કોનું છે જગતમાં જઈને*
*કાચના સંબંધ સૌ તૂટી ગયા.*
*જિંદગીને દાવમાં ફેંકી અમે,*
*લૂંટનારાઓ બધું લૂંટી ગયા.*
*ભાગ્યમાં એક દશકો શાપનો,*
*દોસ્ત જેવા દોસ્ત પણ ભૂલી ગયા.*
*જ્યાં હશે ગાલિબ ને ઘાયલ જીગર*
*મયકદાના દ્વાર ત્યાં ખુલી ગયાં.*

કુ. જ્યોતિ પરીખ (એફ.વાય.બી.કોમ.)



વાર્ષિકોત્સવનો
આનંદ આસ્વાદતા
પ્રેક્ષકો





# કૉલેજમાંથી નિવૃત્ત થયેલા અધ્યાપકો



પ્રા. અંજનીબહેન ઉપાધ્યાય
અર્થશાસ્ત્રના અધ્યાપક
(સ્વૈચ્છિક નિવૃત્તિ)



ડૉ. સુરેશભાઈ શુકલ
અંગ્રેજી વિભાગના અધ્યક્ષ



પ્રા. ગીતાબહેન શાહ
અર્થશાસ્ત્રના અધ્યાપક
(સ્વૈચ્છિક નિવૃત્તિ)

## નિવૃત્ત થયેલા કર્મચારીઓ



શ્રી મહેન્દ્રભાઈ શાહ
(હેડ ક્લાર્ક)



શ્રી વર્ષાબહેન પટેલ
ગ્રંથપાલ (સ્વૈચ્છિક નિવૃત્તિ)



શ્રી ચીમનભાઈ પટેલ
કાર્યાલય અધિક્ષક



શ્રી ગૌરીબહેન ઉપાધ્યાય
(ક્લાર્ક)



શ્રી નટવરભાઈ દેસાઈ
(કલાર્ક)



શ્રી નવીનભાઈ શાહ
(હેડ કલાર્ક)



શ્રી મહાશંકર પુરોહિત
(સેવક)

## સ્વર્ગસ્થ



પ્રા. સનતભાઈ મહેતા
(એકાઉન્ટન્સીના અધ્યાપક)



રાજશ્રીબહેન રાઠોડ
(ગ્રંથપાલ)



માલાજી ઠાકોર
(સેવક)



રામટહેલ યાદવ
(સેવક)

# વિદાય, અભિલાષા, ઓળખાણ

• પ્રિ. એ. એમ. પટેલ

## વિદાય

શું આપ્યું અને શું લીધું તેનો કોઈ હિસાબ નહીં,
તમે જે પામ્યા તે જીવનનું ભાથું રે,
પરીક્ષા તો થતી રહેશે ડગલે પગલે જીવનમાં,
પામજો સફળતાનાં શિખરો ઉમંગભર્યા જીવનમાં,
શીખ આપીએ અમે તમને સ્વીકારજો પ્રેમથી,
કરજો બાદબાદી દુર્ગુણની અને સરવાળા સ્નેહના,
કરજો ભાગાકારો વેરના અને ગુણાકારો સદ્‌ગુણના,
પ્રભુને પણ પ્રાર્થના છે કે વરસાવજે વાદળો હેતનાં,
આશીર્વાદ છે અમારા તમને ભવસાગર તરી જજો પુરુષાર્થથી.

## અભિલાષા

મારે નથી જોઈતી ધનદોલત
જોઈએ છે પ્રેમ અપાર તારો
એ પણ ન અપાય તો હે પ્રભુ,
સાબૂત રાખજે હૈયું અને હાથ મારા.

## ઓળખાણ

આપણા સૌનો દેશ છે પ્યારો
એમાં વળી હું કોણ ? ને તું કોણ ?
ક્યાં પડી છે દેશની કોઈને ?
સ્વાર્થતણા સૌ છે પુજારી
વાત કરે સેવાની ને કરણી દાઉદની
ક્યાં જઈ અટકશે કહાણી દેશની ?
બની છે પ્રજા રાંક આ દેશની
આવશે કોઈ ? પયગંબરતણી રાહ જોવાની ?

❑

# આજની યુવાની ક્યા માર્ગે ? • અસામદી નૂરમહંમદ હબીબભાઈ (એસ.વાય.બી.કૉમ.)

દેશ જેટલો પ્રગતિ કરી રહ્યો છે તેટલો જ યુવાન અધોગતિ તરફ જઈ રહ્યો છે. દેશની આર્થિક અને સામાજિક એમ બંને પ્રકારની પરિસ્થિતિને લીધે યુવાન અનેકનો ગુલામ બની ગયો છે. આજનો યુવાન આળસુ બની ગયો છે. આજના યુવાનની સ્થિતિ એટલી બધી કંગાળ બની છે કે તે પોતાનું અસલી રૂપ ભૂલી ગયો છે. આ માટે યુવાનો નહિ પણ દેશની બદલાતી જતી પરિસ્થિતિ જવાબદાર છે. આપણો દેશ એકવીસમી સદીમાં પ્રવેશ કરી રહ્યો છે તેમ યુવાનો વ્યસની બની પોતાના શરીરમાં રોગોને પ્રવેશવા માટે આજ્ઞા આપી રહ્યા છે.

શ્રી ઝવેરચંદ મેઘાણીએ કહ્યું છે તેમ 'ઘટમાં ઘોડા થનગને ને આતમ વીંઝે પાંખ અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ'. યુવાની એટલે ધસમસતો આવેશ, યુવાની એટલે અણદીઠેલી ભોમ ખેડવા માટેની આકાંક્ષા અને અભિલાષાઓના પુંજ. યુવાની એ એવો સમય છે કે આવેગ આકાંક્ષા અવિરત વહ્યા કરે છે. આવી યુવાની જ્યાં રચનાત્મક કાર્યોમાં વાળવાની જગ્યાએ અધોગતિના માર્ગે ચાલે તે દેશ કે સમાજ માટે લાંછનરૂપ છે.

વિજ્ઞાનની શોધખોળને કારણે અદ્યતન ટૅકનોલૉજીના આ જમાનામાં જન્મેલી આજની આ યુવા પેઢી સતત ગતિશીલતાની ઉપાસક બનેલી છે. આજનો માનવ એવા માર્ગે ચડી ગયો છે કે તે પોતાના સમાજને ભૂલી ગયો છે. તે સમાજના રૂઢિગત બંધનોને તોડીને જાણે સમાજથી આઝાદી મેળવવા ઇચ્છતો હોય એમ લાગી રહ્યું છે. પહેલાના જમાનામાં યુવા પેઢી સમાજના રૂઢિગત નિયમોમાં પુરાઈને રહેતી હતી. જ્યારે આજના આ કળિયુગના જમાનામાં જાણે સમાજ માનવે ઘડેલા રૂઢિગત નિયમોમાં પુરાઈને રહે છે. આ શું બતાવે છે? માનવ પોતાના ખરા રૂપને ખોઈ બેઠો છે. તેની સાથે સાથે તે સમાજને ગળી જવા બેઠો છે.

આજની યુવા પેઢીનો ઉછેર કેટલી ભૌતિક સુખ સગવડો અને સાધનો વચ્ચે થાય છે તેનો તમને ખ્યાલ છે? જાહેરાતનાં માધ્યમો જેવાં કે ટી.વી., સિનેમાગૃહ વગેરે જેવાં પ્રચાર માધ્યમો બાળકના મન પર માઠી અસર કરે છે. અને તેને એક એવો ધક્કો વાગી જાય છે કે તે જીવનમાં કદી ઊભો થઈ શકતો નથી. એક બાજુ ડિસ્કો ડાન્સ ચાલુ હોય અને બીજી બાજુ બાળકનો અભ્યાસ ચાલુ હોય તો તે અભ્યાસ કરવાનું મૂકીને ડિસ્કો ડાન્સ કરવા લાગી જાય છે. ધીરે ધીરે તેને અભ્યાસ પર અરુચિ લાગે છે. આને કારણે તેની રુચિ બદલાય છે. આવા ભૌતિક રાક્ષસો વચ્ચે ઉછરેલો બાળક યુવાનીમાં પ્રવેશતાં તે રાક્ષસો જેવું જ વલણ કરવાનો છે. તે યુવાનીમાં પ્રવેશતાં જ પોતાના આદર્શોને એક બાજુ મુકી દે છે. ત્યારે તે તરત જ ભ્રષ્ટાચાર, અનીતિ, વ્યસન, અપ્રામાણિકતા, દાંભિકતા, અસત્યમાં ધકેલાઈ જાય છે અને જીવનના સઘળા આદર્શો પુસ્તકના પાને પુરાઈને રહે છે. પરિણામે નિરાશાની મોટી ખાઈમાં ધકેલાઈ જાય છે. આજનો યુવાન સુખી હોય તો વધારે સુખી બનવા પ્રયત્ન કરે છે. માનવતાના મૂલ્યને ઓછું આંકી પૈસાના મૂલ્યને વધારે મહત્ત્વ આપી બેઠો છે. તેથી આજનો યુવાન ગમે તેવાં ખરાબ કાર્યો કરવા પ્રેરાય છે. બીજાનું ખૂન, પરસ્ત્રીને પોતાનું ધન ગણવું જેવા મહા પાપોનું કલંક તેના શિરે સવાર થઈ ગયું છે. એટલે જ તે ભ્રષ્ટાચારને શિષ્ટાચાર ગણે છે.

આજના યુવાનો આતંક તરફ વળી રહ્યા છે. તેનું કારણ છે ટી.વી., દેશનું વાતાવરણ વગેરે કારણોને લીધે યુવાન પેઢી આતંક તરફ જાય છે. દરેક દેશ પોતાની સરહદોને વીંટળાઈને સૈનિકો રાખતા હોય છે. દેશમાં હુલ્લડો થાય ત્યારે તે દેશમાં શાંતિ જાળવવાને બદલે તે પ્રજા પર જુલ્મ ગુજારતા હોય છે. બાળપણમાં જ્યારે આ બધું બાળક જુવે છે. તો તેના કુમળા મગજ પર માઠી અસર પહોંચે છે અને તે યુવાન થાય છે ત્યારે પોતાના પર બીજી વાર જુલ્મ ન થાય-બીજી રીતે કહીએ તો પોતાનું વેર વાળવા માટે તે દેશના દુશ્મનોમાં ભળી જાય છે અને છેવટે તે આતંકવાદી બની જાય છે. ધીરે ધીરે તે બીજા યુવાનોને પોતાના ધંધામાં આવવા પ્રેરે છે. આ શું છે ? આપણા દેશની મોટામાં મોટી કમજોરી છે કે આવા નવજવાનોને આતંકવાદી બનતા અટકાવી શકાતું નથી. આથી જ કહેવાય છે કે આતંક એક કેન્સર છે. જો દેશને લાગી જાય તો તે દેશનો સર્વનાશ નોતરે છે.

આજનો યુવાન લાંચરુશ્વત તરફ વળ્યો છે. આના

માટે જવાબદાર દેશ, સમાજ કે યુવાન છે. સૌપ્રથમ જવાબદાર તેનું ઘર, તેના માતા પિતા છે. બાળક નાનું હોય ત્યારે રડતું હોય ત્યારે તેની માતા તેને શાંત કરવાને માટે પોતાના વાત્સલ્યથી શાંત રાખવાને બદલે તે એક રૂપિયાની નોટ આપી દે છે અને બાળક રડતું બંધ થઈ જશે. આમ તેના ઘરમાંથી ભ્રષ્ટાચારની શરૂઆત થાય છે. દેશના કેટલાય યુવાનો પોતાનું કામ કઢાવી આપવા માટે પટાવાળાથી પ્રધાનમંત્રી સુધી પૈસા આપીને પોતાનું કામ કરાવી લેતા હોય છે. જો દેશનો પ્રધાનમંત્રી ખિસ્સામાં કાગળ (નોટો) ભરતો હોય તો દેશના યુવાનો પોતાના ખિસ્સામાં કાગળ ભરવાના જ.

યુવાનો જ પોતાના સમાજનું, દેશનું ઘડતર કરી શકે છે. યુવાનો જ દેશને પ્રગતિશીલ, વિકાસશીલ બનાવી શકે છે. યુવાનો જ દેશને પછાત રાખી શકે છે. જેટલો યુવાન મહેનતુ તેટલો દેશ વિકસે છે. જેટલો યુવાન પછાત એટલો દેશ પછાત રહે છે. આ બધી શક્તિ, હિંમત, સૂઝ, બૂઝ બધુ યુવાનોમાં જ છે. તો આપણે બધાએ યુવાનોને અવળા માર્ગે જતા રોકવા જોઈએ. આપણે આપણા દેશની એક અમૂલ્ય સંપત્તિને સાચવવી જોઈએ. યુવાનો આપણા દેશની એક અમૂલ્ય સંપત્તિ છે. જો યુવાનોને આપણે અત્યારે નહીં અટકાવીએ તો આવતી પેઢી આપણને કદી માફ નહીં કરે. કેટલાક અધિકારીઓ લાગવગ પર જીવતા હોય છે. તેમને આપણે તેમના પદથી નીચે પછાડવા પડશે, વ્યસન ફેલાવનાર દ્રવ્યોના ઉત્પાદન કરનારાઓ ઉપર પ્રતિબંધ મૂકવો જોઈએ. જે કુત્રિમ કીડાઓ આપણા અમૂલ્ય ધનને સડાવી નાખતા હોય તેમને નાબૂદ કરવા પડશે તો જ આપણે આજના યુવાનોને નાબૂદ થતા અટકાવી શકીશું.

❑

---

## દેખાતું નથી

ક્રોધને દયા દેખાતી નથી.
ઈર્ષાને ઇન્સાફ દેખાતો નથી.
ભાગ્યને સંજોગ દેખાતો નથી.
ધનને મુશ્કેલી દેખાતી નથી.
વ્હેમને વિશ્વાસ દેખાતો નથી.
લાંચને ધરવ દેખાતો નથી.
આશાને નિરાશા દેખાતી નથી.
સત્તાને સંયમ દેખાતો નથી.
ત્યાગને લાલચ દેખાતી નથી.
ભૂલને કબૂલાત દેખાતી નથી.
પ્યારને ખાર દેખાતો નથી.
નાસ્તિકને શ્રદ્ધા દેખાતી નથી.
શૂરવીરને શત્રુ દેખાતો નથી.
એદિને ઉદ્યોગ દેખાતો નથી.

વેરને વિનાશ દેખાતો નથી.
લોભને સંતોષ દેખાતો નથી.
ઈચ્છાને અપમાન દેખાતું નથી.
જુઠાને શરમ દેખાતી નથી.
ભીખને તિરસ્કાર દેખાતો નથી.
દુઃખને આનંદ દેખાતો નથી.
બુદ્ધિને હરીફ દેખાતો નથી.
ભૂખને પરીક્ષા દેખાતી નથી.
ગર્વને જ્ઞાન દેખાતું નથી.
કામાંધને કલંક દેખાતું નથી.
કાયરને ફતેહ દેખાતી નથી.
આળસુને કામ દેખાતું નથી.
મનુષ્યને શાંતિ દેખાતી નથી.

- નિરજ આર. ઠક્કર (ટી.વાય.બી.કોમ.)

# ઓહ ! જિંદગી કેવી સુંદર છે !

• ત્રિવેદી મનીષા જે. (ટી.વાય.બી.કૉમ.)

ખરેખર જિંદગી ખૂબ જ સુંદર છે. પણ તેની પ્રતીતિ આપણને ત્યારે જ થાય છે જ્યારે આપણે સ્વસ્થ અને પ્રસન્ન હોઈએ. એક જ માણસને જિંદગી એક વાર સુંદર લાગે છે, તો બીજી વાર એ જ જિંદગી કદરૂપી લાગે છે. તેનું કારણ શું ? તેનું કારણ તેનું મન છે. મન સ્વસ્થ, સુખી અને પ્રસન્ન હોય તો આપણને આપણી જિંદગી સુંદર લાગે છે. ખરું જોતાં જિંદગી મૂળભૂત રીતે તો સુંદર જ હોય છે. પણ જિંદગીની સુંદરતા-અસુંદરતા મનના વલણ ઉપર અવલંબે છે. ઊંડે ઊંડે નિરીક્ષણ કરીએ તો માણસને સામાન્ય રીતે જીવવું વધુ ગમે છે, કેમ ? સંસારમાં સુખ ખોબે ખોબે વેરાયેલું છે. જિંદગી છે, એટલે સુખ અને દુઃખ તો આવવાના જ. મરી ગયા પછી માણસને નથી હર્ષિત કરતું સુખ કે નથી દુઃખી કરતું દુઃખ. કપરી પરિસ્થિતિમાં પણ જો વ્યક્તિ સ્થિર બુદ્ધિ રાખે તો તેમાંથી નીકળવાનો તેને કોઈને કોઈ માર્ગ મળી જ જાય છે. આથી વિકટ પરિસ્થિતિમાં પણ જેને જિંદગી સુંદર અને જીવવા લાયક લાગે છે તે જ આગળ વધી શકે છે. તે સમયે વ્યક્તિએ જિંદગીની ઊજળી બાજુને જ જોવી જોઈએ ને ઊજળી બાજુને જોવાથી આપણને બધું જ ઊજળું દેખાશે.

કુદરત તો વસંત અને પાનખરમાં સમભાવથી જ વર્તે છે, પણ આપણે કુદરતને સમભાવથી નથી જોતા, આપણે દુઃખથી વ્યગ્ર હોઈએ ત્યારે વસંતમાં ખીલેલી કુદરત પણ આપણને સુંદર નથી લાગતી અને જો આપણે અમુક ઉપલબ્ધિને કારણે સુખસાગરમાં તરતા હોઈએ ત્યારે પાનખર પણ વસંત કરતાં સુંદર લાગે છે. બધું જ મનના કારણ પર અવલંબિત છે.

માણસ જ્યારે સંસારથી કંટાળી જાય છે, કજિયા-કંકાસથી અકળાઈ જાય છે, જવાબદારીનો બોજો સહન કરવા માટે માનસિક રીતે અપંગ બની જાય છે ત્યારે તેને પોતાની જિંદગી ભારરૂપ લાગે છે અને તે આપઘાતનો વિચાર કરે છે. ઘણી વાર કંટાળીને કહે છે કે હવે તો મરી જાઉં તો સારું. આ તે કંઈ જિંદગી છે ? આવી વ્યક્તિઓ સંસારનું કે જિંદગીનું સૌંદર્ય જોઈ શકતા નથી. આથી તેમને જો આશાવાદી વ્યક્તિ મળી જાય તો તેમની જીવનદૃષ્ટિ બદલાઈ જાય છે. આ જ કારણથી માણસે જો જિંદગીની મઝા માણવી હોય તો સદા પ્રસન્ન રહેનાર વ્યક્તિઓનો સહવાસ મળવો જોઈએ. હું તો એમ માનું છું અથવા કહું તો યથાર્થ છે 'જેમ હું દૂધ રૂપી જિંદગી પીઉં છું, તેમ તેમ મને અનુભૂવ થાય છે કે શર્કરા તો દૂધરૂપી એ જિંદગીની નીચે જ છે.' એટલે કે જિંદગી છેક છેવાડામાં પણ ઉપર જેવી જ સુંદર છે.

ઈશ્વરનું સર્જન સુંદર જ હોઈ શકે. જેનું મન સુંદર અને પ્રફુલ્લિત હોય છે તે જિંદગીને સતત ચૂસ્યા કરે છે. જિંદગી કંઈ શેરડીના સાંઠા જેવી નથી કે પછી અંતમાં કૂચા જેવી બની જાય. એ તો મીઠી દ્રાક્ષ જેવી છે, જે ગળામાં મીઠાસ મૂકીને નીચે ઊતરી જાય છે. ફક્ત સુખમાં અને અનુકૂળ પરિસ્થિતિમાં જ જિંદગી સુંદર ન લાગવી જોઈએ. દુઃખમાં પણ જ્યારે જિંદગી સુંદર લાગે છે ત્યારે જ આપણે જિંદગીનો મર્મ સમજી શકીએ છીએ. તમે જેવા રંગના કાચમાંથી જિંદગી જોશો તેવા રંગની જિંદગી તમને જણાશે, દેખાશે.

આથી, જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી જિંદગીને ભરપૂર માણીએ. 'આજનો લહાવો લીજિએ, કાલ કોણે દીઠી છે' એવી મનોવૃત્તિ રાખીએ ત્યારે જ જિંદગીને ભરપૂર રીતે માણી શકાય. ❑

## આનંદ

પહેલાં જે આનંદ હતો,
તે હવે ક્યાં છે.
તે હું શોધી રહ્યો છું.
વિસરાઈ ગયેલી યાદો
પરથી ધૂળ ખંખેરી રહ્યો છું.
એ ઉલ્લાસ, એ મસ્તી
ક્યાંક મળી જાય,
તેની રાહ જોઈ રહ્યો છું.
જાણે અજાણે, રસ્તે જતા
સામે મળે તેવાં
સપનાં જોઈ રહ્યો છું.
મને ખબર છે કે
તે મને મળશે તો પણ
હું તેની યાદમાં ખેંચાઈ રહ્યો છું.

- પટેલ જીતેન્દ્ર એ. (ટી.વાય.બી.કૉમ.)

# દેશ હજી સાચા અર્થમાં આઝાદ થયો નથી

• રાવલ અમિત પી. (એસ.વાય.બી.કોમ.)

અબ્રાહમ લિંકને કહ્યું છે કે 'જો ગુલામીને સારી ગણાય તો દુનિયામાં કાંઈ જ ખરાબ રહેતું નથી.'

આ શબ્દોમાં ગુલામી એટલે શું ? અને આઝાદી એટલે શું ? બંનેનો જવાબ મળે છે. જ્યારે દેશ અંગ્રેજોના શાસન તળે હતો ત્યારે અંગ્રેજોનો ગુલામ હતો. ગુલામી ગમે તેટલી સ્વરૂપવાન હોય તો પણ તે બદતર છે અને આ દેશના અનેક નેતાઓએ દેશની પ્રજામાં આઝાદીનો મંત્ર ફૂંક્યો. એ મંત્ર એવો તો આગવેગે પ્રસરી ગયો કે ચોમેર તેનો ભડકો થયો. ઘેર ઘેર આઝાદીનો પવન ફૂંકાયો. નાનાં શું મોટાં એ રંગથી રંગાઈ ગયાં.

બસ, બધાંને પંખીની માફક મુક્ત અને આઝાદ બનીને ગગનમાં મસ્ત વિહાર કરવો હતો. જ્યાં કોઈની રોકટોક ન હોય... બસ આનંદ અને આનંદ જ હોય.

મહાત્મા ગાંધી, જવાહર, સરદાર પટેલ, સુભાષચન્દ્ર, ઝાંસીની રાણી, વીર ભગતસિંહ, કિનારીવાલા જેવા અનેકોએ દિલતોડ મહેનત કરી, દેશભક્તિની જ્યોત હૈયે એવી તો જગવી કે એક દિવસ અંગ્રેજો આ દેશ છોડીને આપણને આઝાદી આપીને ચાલ્યા ગયા... અને ભારતના લોકોએ ગાયું કે :

*'પંખી બની ઉડકે ફિરું મસ્ત ગગનમેં*
*આજ મૈં આઝાદ હૂં દુનિયા કે ચમન મેં'*

લોકો આનંદથી અડધા અડધા થઈ ગયા. આનંદમાં પાગલ બની ઝૂમવા લાગ્યા. ઘણાં વર્ષો સુધી જે આઝાદીની રાહ જોઈ હતી તેની પ્રાપ્તિ થતાં અનહદ આનંદ છલકાયો.

આ આનંદની ભરતી શમે ના શમે ત્યાં તો લોકોને થયું અરે, આ શું ? આપણે જે આઝાદી માટે લોહી રેડ્યાં, વર્ષો સુધી તપસ્યા કરી તે આ જ આઝાદી છે ? ૧૯૪૮માં મહાત્મા ગાંધીનું ખૂન થયું ! આખીયે માનવજાતિનું જેણે પ્રતિનિધિત્વ કર્યું તેનો આ રીતે અંત ? ખુદ મોતને પણ શરમાવું પડે તેવી સ્થિતિ હતી આ, બસ ત્યાંથી જ લોકો એકી અવાજે પોકારી ઊઠ્યા કે - 'દેશ હજી સાચા અર્થમાં આઝાદ થયો નથી.'

પેલા ગુલામીના પિંજરમાંથી લોકો જેવા બહાર નીકળ્યા ત્યાં તો શું જોયું ? સામે જ શિકારી હાથમાં તીર-કામઠાં લઈને ઊભા છે ?

પ્રશ્ન એ થાય કે કયો શિકારી ?

અંગ્રેજ નામે શિકારી ?

પણ ના... ના... ના... ના...

અંગ્રેજો આ દેશમાં હતા. એમને ભૂતકાળ બનતાં વાર ન લાગી. જ્યારે આ દેશના લોકો જ એકબીજાના દુશ્મન બની એકબીજાને નડે-કનડે ત્યારે રાવ કે ફરિયાદ કોને જઈને કરવાની ?

આમ, લોકો પોતે જ પ્રાપ્ત કરેલી આઝાદીને નજર સમક્ષ મૃત્યુ તરફ ધકેલાતી જોઈને રડી પડ્યા. પણ આ રુદનનો અર્થ શો ?

કવિ દેવદાસ શાહ 'અમીર' કહે છે કે –

*'ગમે તે થાય પણ અશ્રુવહનને રોકવું પડશે,*
*વ્યથાઓ વ્યક્ત કરવાને બીજું કૈં ગોતવું પડશે.'*

અંગ્રેજ નામે ભોમિયો કોઈ મુસાફરને લૂંટે તો માની શકાય. ખુદ પોતાના જ માણસો દ્વારા થતી લૂંટ જોઈ લોકો છળી મર્યા.

*'ડાળ આ વિશ્વાસની તૂટી જશે ન્હોતી ખબર,*
*રાહબર મારા મને લૂંટી જશે ન્હોતી ખબર,*
*વાસ્તવિકતા આખરે તો વાસ્તવિકતા હોય છે,*
*કલ્પનાના મ્હેલ સૌ તૂટી જશે ન્હોતી ખબર.'*

આજે આ ભારતવર્ષમાં ચોમેર અટ્ટહાસ્ય વેરતી વરવી ભૂતાવળો માનવીના પ્રાણપ્રશ્નો જેવી ભટકી રહી છે, ત્યારે પ્રશ્ન થાય છે કે આપણે આઝાદ થયા છીએ ખરા ? આપણે આઝાદીનો આવો અર્થ તો કર્યો જ નથી.

કવિ ઉમાશંકરે કહ્યું કે :

*'દેશ તો આઝાદ થાતાં થઈ ગયો,*
*તેં શું કર્યું ?'*

ગરીબી, બેકારી, મોંઘવારી, શોષણવૃત્તિ, સત્તાની સાઠમારી, ચારિત્ર્યભ્રષ્ટતા કેટકેટલા અવગુણોથી આપણી પ્રજા ઓશિયાળી બની ગઈ. વ્યસનોથી નિર્બળ બનેલી પ્રજા આઝાદીને પચાવી ન શકી. આઝાદીનું રૂપાંતર સ્વકીય ગુલામીમાં કરી નાખ્યું. ગુલામીથી ટેવાઈ ગયેલો દેશ ફરીથી

ગુલામીમાં પોતાના જ હાથે રચાયેલી ગુલામીમાં સબડી રહ્યો છે આજે...

અરે, આજના રાજકારણની વાત કરીએ તો છાશવારે સરકારો તોડી પાડવી એ લોકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે આદર્શ છે. પક્ષપલટો કરી સત્તા હાંસલ કરવામાં સહેજેય નાનપ નથી. પૈસાની રેલમછેલ કરીને પ્રધાનો પણ ખુલ્લા બજારમાં વેચાય છે. પક્ષનિષ્ઠા કે દેશપ્રેમ જેવું ક્યાંયે દેખાતું નથી.

સ્વતંત્ર ભારતમાં ખુદ માણસ પોતાના હૃદયનો ગુલામ બન્યો છે. આઝાદીનો આવો વરવો અર્થ પ્રજાએ ક્યારેય નિહાળ્યો નથી.

ક્યાં છે આઝાદી ?

ચારે તરફ માત્ર સવાલો જ સવાલો છે. ઉત્તરો ક્યાંય શોધ્યા જડતા નથી.

એક અંગ્રેજ લેખકને પૂછવામાં આવ્યું કે માનવ શું છે? તો તેણે કહ્યું કે :

*માનવ વાઘથીય વધુ ક્રૂર છે.*
*માનવ નાગથી પણ વધારે ઝેરી છે.*
*માનવ ગધેડાથીય વધુ મૂર્ખ છે.*
*માનવ વાનરથીય વધુ તોફાની છે.*

આજના માણસની સાચી સ્થિતિ આવી છે. માણસે પોતે જ આઝાદીને ખતમ કરી દીધી છે અને હવે કસ્તૂરી મૃગની માફક આઝાદીની શોધ આદરી રહ્યો છે.

ખેર, હવે તો ખુદને હાથે જ હણાયેલી આઝાદીની લાશ તેને મળશે તે નક્કી છે.

અને છેલ્લે :

*'નિકલે થે કહાં જાને કે લિયે,*
*પહુંચે હૈં કહાં માલૂમ નહિ,*
*રાહોં મેં ભટકતે કદમોં કો,*
*મંઝિલ કા નિશાઁ માલૂમ નહિ.'*

❑

---

## 'તને ક્યાં ખબર છે !'

તારા દર્શન વિનાની સવાર કેવી લાગે છે,
તને ક્યાં ખબર છે !
વગર શસ્ત્રે ઘાયલ કર્યો છે તેં આંખોથી,
તને ક્યાં ખબર છે !
દૂર હોવા છતાં તું હોય છે સદા પાસે મારી,
તને ક્યાં ખબર છે !
કેટલો તડપું છું તારા વિરહમાં,
તને ક્યાં ખબર છે !
પહેલી નજરમાં જ થયો હતો પ્રેમ મને
તને ક્યાં ખબર છે !
વિસરાઈ જાય છે આ દુનિયા જ્યારે જોઉં છું તને,
તને ક્યાં ખબર છે !
હશે તારી નફરતની સીમા પણ નથી મારા પ્રેમની
તને ક્યાં ખબર છે.
ઝંખી છે અને ઝંખતો રહીશ તને છેલ્લા શ્વાસ સુધી,
તને ક્યાં ખબર છે !

રાવલ અમિત પી. (એસ.વાય.બી.કોમ.)

# પ્રવૃત્તિલક્ષી પડતર પદ્ધતિ (Activity Based Costing System)

• પ્રા. જ્યોતિબહેન શાહ

આધુનિક ઔદ્યોગિક જગતની પૂર્ણ હરીફાઈમાં ટકી રહેવા માટે ધંધાકીય એકમ પાસે એક જ ઓજાર છે કે તે તેની વસ્તુની પડતર કિંમતમાં ઘટાડો કરે. પડતરમાં ઘટાડો કરવા માટે પ્રત્યક્ષ ખર્ચ તેમજ પરોક્ષ ખર્ચમાં ઘટાડો કરી શકાય. પરંતુ પ્રત્યક્ષ ખર્ચમાં ઘટાડો કરવો શક્ય નથી, કારણકે તે ખર્ચ બાહ્ય પરિબળો પર આધારિત છે. તેથી એકમે પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે તેના પરોક્ષ ખર્ચને અંકુશમાં રાખી તેમાં ઘટાડો કરવા પ્રયત્ન કરવા જોઈએ.

સામાન્ય રીતે પડતર હિસાબી પદ્ધતિમાં સાચી પડતર નક્કી કરવા માટે પરોક્ષ ખર્ચની ફાળવણી મહત્ત્વની બાબત છે. અત્યાર સુધી કોઈ પ્રણાલિકાગત આધાર લઈને જુદા જુદા પરોક્ષ ખર્ચની ફાળવણી કરીએ છીએ. દા.ત., પ્રાથમિક ખર્ચ પર અમુક ટકા લેખે કારખાના ખર્ચ ફાળવવો અથવા કામદાર કલાક દરનો ઉપયોગ કરવો. પરંતુ આ પ્રણાલિકાગત ફાળવણીની પદ્ધતિ ઘણે ભાગે પરોક્ષ ખર્ચની સાચી ફાળવણી દર્શાવતી નથી. ખાસ કરીને જે કંપનીમાં વિવિધ પેદાશોનું ઉત્પાદન થતું હોય તેમાં આ પદ્ધતિઓ દ્વારા થતી ફાળવણી યોગ્ય ન હોવાથી સાચી પડતર નક્કી થઈ શકતી નથી.

આ પરિસ્થિતિમાં સુધારો કરવા હાર્વર્ડ બિઝનેસ સ્કૂલના કેપ્લાન અને કુપરે એક નવી પદ્ધતિની રજૂઆત કરી છે, જેને પ્રવૃત્તિલક્ષી પડતર પદ્ધતિ કહે છે. તેઓ જણાવે છે કે કોઈ પણ વસ્તુની પડતર નક્કી કરવા માટે પડતરને બે ભાગમાં વિભાજિત કરવામાં આવવી જોઈએ. (૧) લાંબાગાળાનો ચલિતખર્ચ (૨) ટૂંકાગાળાનો ચલિતખર્ચ.

તેમના કહેવા મુજબ જે ખર્ચ ટૂંકાગાળા માટે સ્થિર ખર્ચ છે તે લાંબાગાળે ચલિત થતો હોવાથી વ્યૂહાત્મક નિર્ણય લેવો હોય તો આ પ્રણાલિકાગત પડતર પદ્ધતિ બિનઉપયોગી નીવડે છે.

**વ્યાખ્યા :**

અમેરિકાની કોસ્ટ એન્ડ વર્ક્સ એકાઉન્ટન્ટ ઇન્સ્ટિટ્યૂટે તેની નીચે મુજબ વ્યાખ્યા આપેલ છે.

"પ્રવૃત્તિલક્ષી પડતર પદ્ધતિ એટલે પરોક્ષ પ્રવૃત્તિઓમાંથી મળેલ લાભને આધારે પડતરના એકમો પર પરોક્ષ ખર્ચ (પડતર)ની ફાળવણી કરવી."

પ્રવૃત્તિલક્ષી પડતર પદ્ધતિ મુજબ પરોક્ષ ખર્ચની ફાળવણી દરેક વસ્તુએ ભોગવેલી પ્રવૃત્તિના લાભના પ્રમાણમાં થવી જોઈએ. આ પડતર પદ્ધતિ એ માન્યતા પર આધારિત છે કે દરેક પ્રવૃત્તિ પરોક્ષ ખર્ચ માટે નિમિત્ત બને છે માટે પ્રવૃત્તિ અને વસ્તુને એવી રીતે સાંકળવા જોઈએ કે જેનાથી દરેક પ્રવૃત્તિનો ખર્ચ દરેક વસ્તુને તેની પ્રવૃત્તિની માંગને આધારે ફાળવવામાં આવે.

આ પદ્ધતિ પડતર ચાલકને ફાળવણીના આધાર તરીકે ગણે છે.

પડતર ચાલક એટલે એ પ્રવૃત્તિ જે પડતર ઉત્પન્ન કરે છે.

દા. ત.,

| **મુખ્ય પ્રવૃત્તિઓ :** | **મુખ્ય પડતરના ચાલકો :** |
|---|---|
| ૧. ઇન્સ્પેક્શન | ૧. ઇન્સ્પેક્શનની યોજનાઓ<br>૨. સારી ગુણવત્તાનો અભાવ<br>૩. સાધનોનો ઉપયોગ |
| ૨. યંત્ર નિભાવખર્ચ | ૧. યંત્ર બગડી જવાની સંખ્યા<br>૨. મૂડી ખર્ચ<br>૩. નિભાવ માટેનું સમયપત્રક |
| ૩. કર્મચારી સંચાલન | ૧. ભરતીની પ્રવૃત્તિ<br>૨. તાલીમની જરૂરિયાત<br>૩. ઔદ્યોગિક સંબંધનું વાતાવરણ. |
| ૪. ઉત્પાદન નિયંત્રણ | ૧. ઇજનેરી ફેરફારો<br>૨. યંત્રોમાં ફેરફારની સંખ્યા<br>૩. ઓર્ડર બોર્ડના ફેરફારો |

આ પદ્ધતિમાં જુદા જુદા ખર્ચાઓને તેમની સમાનતાને આધારે જુદા જુદા પડતર જૂથોમાં વહેંચી દેવામાં આવે છે. અને ત્યારબાદ તેમને વસ્તુની માંગને આધારે ફાળવવામાં આવે છે.

દા. ત., માલસામાન પ્રાપ્તિ અંગેના ખર્ચા અંગેનું એક પડતર જૂથ બનાવી શકાય, જેમાં ઓર્ડર મૂકવાનો ખર્ચ, ઈન્સ્પેક્શન ખર્ચ, માલસંગ્રહનો ખર્ચ વગેરે ખર્ચા ફાળવી શકાય અને દરેક વસ્તુ માટે આ ખર્ચ કેટલા પ્રમાણમાં કરવો પડે છે તેને આધારે જુદી જુદી વસ્તુઓ ખાતે ખર્ચ ફાળવી શકાય. (માગણીપત્રના પ્રમાણમાં)

**લક્ષણો :**

(૧) ખર્ચની જુદા પ્રકારની ફાળવણી કરવામાં આવી છે.
 (અ) લાંબાગાળાનો ચલિતખર્ચ
 (બ) ટૂંકાગાળાનો ચલિતખર્ચ

(૨) પડતર વર્તનની ભાત, જથ્થો, વિવિધતા, સમય અને બનાવો સંબંધિત છે.

(૩) પડતર ચાલક નક્કી કરવામાં આવે છે.

(૪) પરોક્ષ ખર્ચાઓની પડતરજૂથ મુજબની વહેંચણી કરવામાં આવે છે.

આ પદ્ધતિ જુદા જુદા હેતુ માટે થતા ખર્ચના મહત્ત્વ પર ભાર મૂકે છે અને અમુક નિર્ણય અંગે કયો ખર્ચ કે પડતર સંબંધિત છે તેની ઓળખ આપે છે. ધંધાની મહત્ત્વની પ્રવૃત્તિઓ દ્વારા જ ખર્ચ થાય છે તેની અને તે ખર્ચ ઉપસ્થિત કરનાર પરિબળોની યોગ્ય રજૂઆત કરવામાં આવે તો તેના દ્વારા પરોક્ષ ખર્ચાઓ કેવી રીતે ઉદ્ભવે છે તેનો આધાર સમજી શકાય અને તેના દ્વારા ફક્ત એવી બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય જેના દ્વારા નફાકારકતા વધારી શકાય.

આ પદ્ધતિ નીચે જણાવેલ ધારણાઓ પર આધારિત છે.

(૧) એકમની બધી જ પ્રવૃત્તિઓ ઉત્પાદન અને માલની ડિલિવરીને મદદ પૂરી પાડવા માટે જ ચાલે છે.

(૨) બધા જ પરોક્ષ ખર્ચાઓ જુદા પાડી શકાય છે અને વસ્તુ સાથે સંબંધિત કરી શકાય છે.

આ પદ્ધતિ કોઈ ઔદ્યોગિક એકમમાં વિકસાવવી હોય તો નીચે મુજબનાં પગલાં લેવાં પડે.

(૧) એકમમાં કેટલી પ્રવૃત્તિઓ થઈ રહી છે તે જાણવું. દા. ત. ઉત્પાદનની પ્રવૃત્તિ, વહીવટી પ્રવૃત્તિ, વેચાણ-પ્રવૃત્તિ વગેરે.

(૨) પ્રવૃત્તિની પડતરને અસર કરતાં પરિબળો શોધવાં. દા. ત., ઉત્પાદન પ્રવૃત્તિમાં વીજળી બિલ, કેટલી પાળી ઉત્પાદન કાર્ય ચાલે છે તેના પર આધારિત છે.

(૩) પ્રત્યક્ષ માલસામાન, મજૂરી અને પરોક્ષ ખર્ચને લગતી સચોટ માહિતી એકઠી કરવી.

(૪) કોઈ એક વસ્તુની જુદી જુદી પ્રવૃત્તિ માટેની માંગ નક્કી કરવી (પડતર ચાલકની મદદથી)
 દા. ત., વસ્તુ 'અ'ના ઉત્પાદન માટે મહિના દરમ્યાન ૨૦ માલસામાન માગણીપત્ર ઈસ્યુ કરવામાં આવે છે.

(૫) પ્રવૃત્તિના ખર્ચને વસ્તુ દીઠ તેની માંગને આધારે ફાળવવો.

**પદ્ધતિના લાભો :**

(૧) વસ્તુની પડતર નક્કી કરવા માટે નક્કર આધાર પૂરો પાડે છે.

(૨) પડતરને નિયંત્રિત કરવામાં ઉપયોગી છે.

(૩) વ્યૂહાત્મક નિર્ણય લેવા માટે ઉપયોગી છે.

(૪) આ પદ્ધતિ સંચાલનને વસ્તુનું નવું સ્વરૂપ આપવામાં મદદ કરે છે.

(૫) સંચાલકોનું ધ્યાન અને શક્તિ જે સુધારી શકાય તેવી પ્રવૃત્તિઓ તરફ વાળે છે.

**મર્યાદાઓ :**

(૧) જે એકમમાં પ્રવૃત્તિ દીઠ ખર્ચ નક્કી ન થઈ શકતો હોય ત્યાં બિનઉપયોગી નીવડે છે.

(૨) આ પદ્ધતિ ખર્ચાળ છે.

(૩) ખરેખર વાસ્તવિકતા એ છે કે પરોક્ષ ખર્ચને કોઈ એક પ્રવૃત્તિ સાથે સીધી રીતે સાંકળી શકાતો નથી.

❑

જે સરળ હોય, મુમુક્ષુ હોય અને અદંભી હોય,
તે જ સાચો શણગાર છે.

# મેરી માનો જાદુગર

• મૂળ લેખક : આનાતોલ ફ્રાન્સ, અંગ્રેજી પરથી અનુ. : પ્રા. વર્ષાબહેન શાહ

રાજા લુઈના સમયમાં બારનેબસ નામનો એક ગરીબ જાદુગર રહેતો હતો. તે હતો તો કેમ્પીનો નિવાસી, પણ હમેશાં અંગકસરત અને હાથચાલાકીના ખેલો કરતો એક શહેરથી બીજે શહેર ફરતો રહેતો.

જ્યારે ખુશનુમા દિવસ હોય ત્યારે તે ચોકમાં કે કોઈ આંગણામાં પોતાની જૂની અને જર્જરિત જાજમ પાથરતો. આજુબાજુ રમતાં છોકરાંઓને અને નવરાઓને, એક જૂના જાદુગર પાસેથી પોતે શીખી લીધેલા હસામણા શબ્દો, તેમાં એક અક્ષરનોય ફેરફાર કર્યા વિના એ જ રીતે બોલીને ભેગા કરીને તે ચિત્રવિચિત્ર અંગવિન્યાસ કરતો-એની નાકની દાંડી પર કાચની રકાબી સમતોલ ધરી રાખતો. પહેલાં તો આસપાસનું ટોળું એની તરફ બહુ ધ્યાન આપતું નહીં, પણ જ્યારે પોતાના હાથ અને માથું જમીન પર ટેકવી તાંબાના છ ગોળા હવામાં ઉછાળી પોતાના પગથી તે સૂર્યપ્રકાશમાં ચમકતા ગોળાને પકડી લેતો અથવા પોતાની જાતને એકદમ પાછળ ફેંકી પગની જોડે ડોક અડકાડી લગભગ ગોળ ફરતા પૈડા જેવો થઈ બાર ચપ્પુઓનો ખેલ કરતો ત્યારે તેના પ્રેક્ષકો વાહવાહ પોકારી ઊઠતા અને તેની નાની જાજમ પર પૈસા વરસવા માંડતા.

આમ છતાં કેમ્પીના એ બારનેબસને, પોતાની આવડત પર જીવનગુજારો કરતા લોકોની જેમ પોતાનો જીવનનિર્વાહ કરવામાં ઠીક મુશ્કેલી પડતી. પરસેવો પાડી રોટલો કમાતાં એને ભાગે બાબા આદમના વાંકે મનેખમાત્રને નસીબે માંડેલી આબદા વધુ પડતી આવતી હતી.

વધુમાં પોતે ધારે તેટલું કામ તે રોજ કરી શકતો નહીં; કારણ પોતાની અદ્ભુત શક્તિઓ બતાવવા, વૃક્ષોની જેમ એને પણ દિવસના અજવાળાની અને સૂર્યની હૂંફની જરૂર પડતી. શિયાળાના દિવસોમાં એ પણ ખરી પડેલાં પાંદડાંવાળા વૃક્ષ જેવો થઈ જતો-અડધો મૃતપ્રાય. શિયાળાની થીજી જતી જમીન આ જાદુગર માટે આફતરૂપ હતી. મેરી દ ફ્રાન્સે ઉલ્લેખેલ સીકાડાની જેમ વસમી ઉષ્માહીન ઋતુમાં ઠંડી અને ભૂખ તેને પણ પજવતી. પણ તે હૃદયનો ભોળો હોવાથી ચૂપચાપ બધું વેઠી લેતો.

સંપત્તિના ઉદ્ગમસ્થાન કે મનુષ્યોની અસમાન પરિસ્થિતિ વિષે તેણે કદી બહુ વિચાર કર્યો નહતો. એ હૃદયપૂર્વક માનતો હતો કે જો આ દુનિયા ખરાબ છે તો આની પછીની દુનિયા જરૂર સારી હશે અને આ શ્રદ્ધા જ એને ટકાવી રાખતી હતી. તે પેલા ચતુર લોકો જેવો ન હતો કે જેઓ પોતાના આત્માનો શેતાન સાથે સોદો કરે છે. તે માત્ર દંભ કરવા માટે કદી ભગવાનનું નામ લેતો નહીં. તે એક પ્રામાણિક માણસની જેમ જીવતો. તેને પત્ની હતી. તે પોતાના પાડોશીની પત્ની પ્રત્યે કદી લાલસા સેવતો નહીં. કારણ શાસ્ત્રમાં લખાયેલી સેમસનની કથા આપણને શીખવે છે કે સ્ત્રી એ શક્તિશાળી માણસોની શત્રુ છે.

ખરી વાત તો એ હતી કે એનું મન વિષયવાસના તરફ ઢળેલું જ ન હતું. સ્ત્રીસુખ જતું કરવા કરતાં દારૂ છોડતી વખતે એને વધારે દુઃખ થયું હતું. આમ જુઓ તો એ દારૂડિયો ન હતો, પણ ઋતુ જ્યારે હૂંફાળી હોય ત્યારે દારૂ પીવો તેને ગમતો. ભગવાનથી ડરતો માતામેરીનો પરમભક્ત એ સરળ-સરસ માણસ હતો. જ્યારે એ દેવળમાં જતો ત્યારે માતા પાસે ઘૂંટણિયે પડીને પ્રાર્થવાનું એ કદી ચૂકતો નહીં.

'હે મા ! ભગવાનની ઇચ્છાવશ જિવાતા મારા જીવનનું તું રક્ષણ કરજે; અને જ્યારે મારી આંખ કાયમને માટે મીંચાય ત્યારે એટલું ધ્યાન રાખજે કે મને સ્વર્ગનું સુખ મળે.'

વરસાદ પછીની એક સાંજે તે પોતાની જૂની જાજમમાં વીંટળાયેલા જાદુના સામાનથી લદાયેલો, ભૂખ્યો, થાકેલો, રાત પસાર કરવાની જગ્યા શોધવા જતો હતો ત્યારે તેણે એક પાદરીને પોતાની જ દિશામાં જતો જોયો. બારનેબસે પાદરીને પ્રણામ કર્યા અને બંને એક જ બાજુ જતા હોવાથી વાતોએ વળગ્યા.

પાદરીએ પૂછ્યું, 'કેમ ભાઈલા ! આમ લીલાં વસ્ત્રો કેમ પહેર્યાં છે ? કોઈ રહસ્યમય નાટકમાં વિદૂષકનું કામ કરી રહ્યો છે કે શું ?'

'ના રે બાપજી,' તેણે કહ્યું. 'મારું નામ બારનેબસ છે અને મારો ધંધો હાથચાલાકીનો છે. રોજ બે વાર પેટ ભરાય તો દુનિયાનો ઉત્તમ ધંધો એને જ કહું !'

પાદરીએ જવાબ આપ્યો, 'શું ભલા માણસ, જેમતેમ બોલતો હઈશ ? અમારા પાદરીના વ્યવસાયથી ઉત્તમ વ્યવસાય દુનિયામાં બીજો છે કયો ? પાદરીઓ પ્યારા પ્રભુ,

માતામેરી અને સંતોની ધાર્મિક ઉજવણી કરે છે અને એમનું આખું જીવન જ અનંત પ્રભુપ્રાર્થના જેવું હોય છે, ખબર છે તને ?'

બારનેબસે જવાબ આપ્યો : 'બાપજી, હું એક અબુધની જેમ ઉતાવળે બોલી ગયોને ! મારી સ્થિતિની સરખામણી તમારી સ્થિતિ સાથે થઈ જ ન શકે. આમ તો નાકની દાંડીએ લાકડી સમતોલ રાખી નાચતા જવું એ તાળીઓ પડાવે તેવું કામ છે પણ તમારી મહત્તાની તોલે એ આવે કાંઈ ? બાપજી, મને થાય છે હું પણ તમારી જેમ પ્રભુની ભક્તિમાં મસ્ત રહું, ખાસ કરીને મા મેરીની સેવામાં; તેનો હું પરમ પૂજારી છું. સીસોનથી બુવે સુધી લગભગ ૬૦૦ નગરમાં સૌ લોકો મને ઓળખે છે તે આ મારી કલાને કારણે. તે મારે છોડી દેવી છે, જો મને પાદરી થવાનું સદ્ભાગ્ય મળે તો.'

બજાણિયાની સરળતા પાદરીને સ્પર્શી ગઈ. આ બારનેબસ એ સદ્ભાગી માણસોમાંનો એક છે એમ તે પામી ગયા. આપણા પ્રભુએ આવા સરળ લોકો માટે જ કહ્યું છે કે આ વિશ્વમાં શાંતિ હમેશાં તેમની સાથે રહેશે. અને તેથી જ તે પાદરી કહેવા માંડ્યા :

'મિત્ર બારનેબસ ! ચાલ મારી સાથે. હું પણ એક મઠનો મહંત છું. તને જરૂર પાદરી બનાવીશ. કદાચ પ્રભુની જ એવી ઇચ્છા હશે. તેણે મેરીને ઈજિપ્તના રણમાં માર્ગદર્શન આપ્યું. એણે જ મારો અને તારો સંગાથ કરી આપ્યો. હવે તું પણ મુક્તિમાર્ગનો પ્રવાસી બની શકીશ.'

આ રીતે બારનેબસ પાદરી બન્યો. જે મઠમાં તે રહેતો હતો ત્યાંનો એકેએક રહેવાસી પોતાની કળા અને આવડત પ્રમાણે, પોતાના જ્ઞાન અને પોતાની હેસિયત વડે પ્રભુના દિવ્ય સ્વરૂપની ઉપાસનામાં મસ્ત રહેતો.

મહંત હંમેશાં મેરી માતાની પ્રશંસા કરતાં વિદ્વત્તાભર્યાં પુસ્તકો લખવામાં પ્રવૃત્ત રહેતા. પાદરી મોરીસ આ બધા પ્રબંધગ્રંથોને ચર્મપત્ર પર ઉતારવામાં મગ્ન રહેતા. પાદરી એલેક્ઝાન્ડર આ પત્રોને, સિંહાસન પર વિરાજેલાં મેરીમાતાનાં ચિત્રોથી શણગારતા. તેવા એક ચિત્રમાં મેરીમાતાના ચહેરાની આસપાસ પ્રકાશતા તેજના વર્તુળની ચારેબાજુ સાત કબૂતર ઊડતાં હતાં. પવિત્ર આત્માની એ સાત ભેટ હતી. ભય, પવિત્રતા, જ્ઞાન, સત્તા, ન્યાય, મેધા અને ડહાપણ. માતામેરીની મૂર્તિની સાથે બીજી પણ સોનેરી વાળવાળી કુમારિકાઓ હતી. નમ્રતા, દક્ષતા, નિવૃત્તિ, પ્રતિષ્ઠા, અક્ષતા અને આજ્ઞાધીનતા. એના પગ આગળ બે નાની સફેદ મૂર્તિઓ નગ્નાવસ્થામાં પ્રણામ કરતી ઊભી હતી. તે મૂર્તિ એટલે પોતાની મુક્તિ માટે પ્રાર્થી રહેલા આત્માઓ. બીજા એક પાના પર પાદરી એલેક્ઝાન્ડરે માતામેરીની સાથે ઈવને પણ ચીતરી હતી, જેથી આપણે એક સાથે, પાપ અને તેનો ઉદ્ધાર, સ્ત્રીની માનહાનિ અને દેવીનું પદગૌરવ અનુભવી શકીએ. એ પુસ્તકમાં બીજાં પણ કેટલાંય અમૂલ્ય ચિત્રો હતાં. ખળખળ વહેતું ઝરણું, પૂર્ણ ખીલેલું કમળ, ચંદ્રની શીતળ ચાંદની, પરમ તેજસ્વી સૂર્ય, રક્ષિત ઉદ્યાન, સ્વર્ગનો દરવાજો અને પ્રભુનું નિવાસસ્થાન એ બધાં માતામેરી માટેનાં પ્રતીકચિત્રો હતાં.

પાદરી મારબોર્ડ પણ મા મેરીનાં લાડકાં બાળકોમાંના એક હતા. આખો દિવસ તે પથ્થરમાંથી માની મૂર્તિ કંડારવામાં રોકાયેલા રહેતા અને તેથી તેમની-ભ્રમરો-દાઢી વાળ હંમેશાં સફેદ લાગતાં અને આંખો અશ્રુભીની લાગતી. તે સુખી પાદરી હતા. મારબોર્ડે માતાજીની એક ભવ્ય મૂર્તિ બનાવી હતી. તેમના કપોલની આસપાસ પ્રભામંડળ ચમકતું હતું. તેમણે હાથમાં મોતીનો ગોળો ધારણ કરેલો હતો. પાદરીએ ઘણી કાળજીપૂર્વક માના પગ ઢંકાય તેમ વસ્ત્રોની ગડીઓ ગોઠવી હતી. મઠમાં કેટલાય કવિઓ હતા જેમણે માને ઉદ્દેશીને કેટલાંય સ્તુતિનાં અને પ્રશસ્તિનાં કાવ્યો લખ્યાં હતાં. માની પ્રશસ્તિ માટેનો આટલો વૈભવ અને મહેનતનાં આવાં મીઠાં ફળ જોઈને બારનેબસને પોતાના અજ્ઞાન અને ભોળપણ માટે ભારે દુઃખ થતું.

એક દિવસ મઠના બગીચામાં ટહેલતાં ટહેલતાં ઊંડો નિઃશ્વાસ નાખી એ વિચારવા લાગ્યો. 'હાય ! હું પણ કેવો અભાગિયો છું કે જેમને મેં મારા હૃદયનો સમસ્ત પ્રેમ અર્પણ કર્યો છે તેમની સેવા હું બીજા પાદરીઓની જેમ સરસ રીતે બજાવી શકતો નથી. ખરે જ ! હું એક અજ્ઞાની મૂર્ખ માણસ છું. મને વિદ્વત્તાભર્યાં પ્રવચનો આપતાં, પ્રબંધગ્રંથો લખતાં કે સુંદર ચિત્રો, ભવ્ય શિલ્પો કે અર્થપૂર્ણ કાવ્યો, કાંઈ કહેતાં કાંઈ આવડતું નથી. માતા ! મારી પાસે કાંઈ જ નથી. નથી કલા કે નથી આવડત. હું તારી સેવા કેમ કરીને કરું ?' આ રીતે કેટલોય વખત બારનેબસ વિલાપ કરતો રહ્યો.

એક દિવસ સાંજે બધા પાદરીઓ વાર્તાલાપ કરી રહ્યા હતા ત્યારે બારનેબસે એક પાદરીને કોઈક પાદરીની વાત કહેતાં સાંભળ્યો. આ પાદરીને પ્રભુની 'આવા મેરીઆ' પ્રાર્થના સિવાય બીજી કોઈ સ્તુતિ આવડતી નહીં. બીજા બધા સાધુઓ તેનો એ માટે ઉપહાસ કરતા હતા. પણ એના મૃત્યુ

પછી 'આવા મેરીઆ'ના પાંચ અક્ષરોના પ્રતીકરૂપે પાંચ ગુલાબ એના મુખમાંથી ફૂટ્યાં હતાં. આ રીતે એની પવિત્રતા પ્રગટ થઈ હતી-પ્રત્યક્ષ થઈ હતી. આ હકીકત સાંભળીને બારનેબસને ફરી એકવાર માની કૃપાની પ્રતીતિ થઈ. તેમ છતાં આ સુંદર અદ્‌ભુત ચમત્કારના ઉદાહરણથી તેને આશ્વાસન મળ્યું નહીં. એનું હૃદય તો મા પ્રત્યેના ઉત્કટ પ્રેમ અને અદમ્ય લાગણીઓથી ભાવાવેશમાં હતું. તેને પોતાને સ્વર્ગમાં રહેલી પવિત્ર માનાં ગુણગાન ગાવાં હતાં.

તે એને માટેનો માર્ગ શોધતો જ રહ્યો. પણ પ્રત્યેક દિવસે તેના દુઃખમાં વધારો થતો જતો હતો. અચાનક એક સવારે તે આનંદમાં આવી જઈ પથારીમાંથી કૂદ્યો અને દેવળમાં દોડી ગયો. ત્યાં તે કલાકથી પણ વધુ સમય એકલો જ રહ્યો. સાંજે વાળુ કરીને પણ તે પાછો ત્યાં જ ગયો અને તે દિવસથી જ્યારે દેવળ ખાલી હોય ત્યારે પોતાનો બધો જ સમય ત્યાં વિતાવતો. હવે તે દુઃખી ન હતો અને કદી નિસાસા નાખતો નહીં. પણ તેની આવી વિલક્ષણ વર્તણૂકે બીજા પાદરીઓમાં કુતૂહલ જગાડ્યું. તેઓ એકબીજાને પૂછવા લાગ્યા-શા માટે વારંવાર પાદરી બારનેબસ કોઈ ન હોય ત્યારે દેવળમાં જાય છે ? આથી મહંતે-જેમની ફરજ સર્વ પાદરીઓની સંભાળ રાખવાની હતી-બારનેબસનું દેવળમાં નિરીક્ષણ કરવાનું નક્કી કર્યું. એક દિવસ જ્યારે બારનેબસ દેવળમાં એકલો હતો ત્યારે મહંત અને બીજા બે પાદરીઓ દેવળમાં શું થઈ રહ્યું છે તે જાળિયાના સળિયાની પાછળ છુપાઈને જોવા લાગ્યા.

તેમણે જોયું તો બારનેબસ માતાની મૂર્તિની આગળ પોતાના હાથ અને માથું જમીનપર ટેકવીને પગ વડે તાંબાના ૬ ગોળા અને બાર ચપ્પુઓ ઉછાળીને ખેલ કરી રહ્યો હતો. મેરીમાને ખુશ કરવા માટે, તેમને ચરણે પોતાની હાથચાલાકીની કળાને નિવેદિત કરી રહ્યો હતો. એ જ ખેલોએ તેની પહેલાંની જિંદગીમાં તેને કીર્તિ કમાવી આપી હતી.

બારનેબસ પોતાનું સર્વ કલાકૌશલ્ય માને ચરણે ચડાવી રહ્યો છે તે સમજ્યા વિના જ ત્રણે વૃદ્ધ પાદરીઓ આ તો પવિત્રતાનો અનાદર થયો એમ સમજી ચિત્કાર કરી ઊઠ્યા. મહંતને ખબર હતી કે બારનેબસને નિષ્કપટ આદમી છે, છતાં તેમને પણ લાગ્યું કે એણે પોતાની સુધબુધ ખોઈ નાખી છે. ત્રણે જણા બારનેબસને દેવળમાંથી કાઢી મૂકવા બૂમ પાડવા જતા હતા, ત્યાં તેમણે જોયું કે માતા મેરી પોતાના પવિત્ર સ્થાન ઉપરથી ધીરેથી નીચે ઊતરીને પોતાના ભૂરા વસ્ત્રના એક છેડાથી ખેલ કરનારના કપાળ પરથી રેલાઈ રહેલો પરસેવો મમતાપૂર્વક લૂછી રહ્યાં હતાં !

તે વખતે મહંત સાષ્ટાંગ પ્રણામ કરી નીચેના શબ્દો બોલ્યા 'નિર્મળ હૃદયવાળા જ પરમસુખી, મહા ભાગ્યશાળી છે, તેમને જ ઈશ્વરનાં દર્શન થાય છે.'

'તથાસ્તુ' કહી નીચે પડી નમન કરી રહેલા બીજા પાદરીઓએ પડદો પાડ્યો.

❑

---

## કર્મગતિ વિચિત્ર છે

નિરંતર મૈત્રી, પ્રમોદ, કરુણા અને ઉપેક્ષાભાવના રાખશો.
મૈત્રી એટલે સર્વ જગતથી નિર્વૈરબુદ્ધિ,
પ્રમોદ એટલે કોઈપણ આત્માના ગુણ જોઈ હર્ષ પામવો,
કરુણા એટલે સંસારતાપથી દુઃખી આત્માના દુઃખથી અનુકંપા પામવી, અને
ઉપેક્ષા એટલે નિઃસ્પૃહભાવે જગતના પ્રતિબંધને
વિસારી આત્મહિતમાં આવવું.
એ ભાવનાઓ કલ્યાણમય અને પાત્રતા આપનારી છે.

- શ્રીમદ્ રાજચંદ્ર

# 'નામું નિવાર્ય કે અનિવાર્ય ?'

• પ્રા. રોહિતભાઈ ગાંધી

**નામું શા માટે ?**

આ પ્રશ્ન ઘણા બધાને પુછાયો છે. આશ્ચર્ય થાય કે ૯૯ ટકા લોકો પદ્ધતિસર અને નિયમિત રીતે લખવામાં આવતા નામાથી થતા લાભોથી અજ્ઞાત હતા.

એક મોટી બેંકના મુખ્ય અધિકારીને પૂછવામાં આવેલ પ્રશ્ન-'વેપારીઓ અને ઉદ્યોગપતિઓને તમારી એક માત્ર સલાહ શી છે ?'

તેમનો જવાબ - નવો ધંધો શરૂ કરનાર વ્યક્તિએ શરૂઆતથી જ હિસાબના ચોપડાઓ લખવાની કોઈ વ્યવસ્થિત પદ્ધતિ સ્થાપવી જોઈએ. જો તે વ્યક્તિ કદાચ આવી પદ્ધતિની સ્થાપના અંગે ખર્ચ કરી શકે તેમ ન હોય તો તેણે વેપાર-ઉદ્યોગ શરૂ કરવાનો વિચાર જ છોડી દેવો જોઈએ.

નવા સ્થપાનારા ઔદ્યોગિક એકમો પૈકી બંધ થતા મોટા ભાગના એકમો હિસાબો રાખવાની અપૂરતી વ્યવસ્થાને કારણે જ બંધ થતા હોય છે.

નામું એ વેપાર કે ઉદ્યોગની 'આરસી' (MIRROR) છે. નામું એ ઉદ્યોગની આર્થિક પરિસ્થિતિનું પ્રતિબિંબ પાડે છે. એમ કહેવાય છે કે માણસ માટે ચોખ્ખી હવાનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ વેપારી એકમ માટે નામાના હિસાબી ચોપડાઓની જાળવણીનું છે.

**ઉદ્દેશો :**

નામું વ્યવસ્થિત રાખવાથી નીચે દર્શાવેલા હેતુઓ પાર પડે છે :

૧. ધંધાનો નફો કે નુકસાન નક્કી કરી શકાય છે.
૨. ચૂકવવાપાત્ર અને વસૂલ કરવા પાત્ર ખાતાંઓની માહિતી મેળવી શકાય છે.
૩. ખર્ચ કરતાં આવકો કે આવકો કરતાં ખર્ચનો વધારો કે ઘટાડો શોધી શકાય છે.
૪. ધંધાની નાણાકીય પરિસ્થિતિનો ખ્યાલ મેળવી શકાય છે.
૫. ભવિષ્ય અંગેનું ચોક્કસ આયોજન કરવાનો હેતુ પાર પડે છે.
૬. વિવિધ કાયદાઓ જેવાં કે આવકવેરો, વેચાણવેરો, એકસાઈઝ ડ્યુટી અને મજૂર કાયદાઓ વગેરે જરૂરિયાતો પૂરી કરવા માટે.
૭. વસ્તુની પડતર નક્કી કરવા માટે.
૮. ધંધામાં રોકેલી મૂડી પરના વળતરનો દર જાણવા માટે.
૯. મૂડીરોકાણ અને તેના પ્રકાર વિશેની માહિતી મેળવવા માટે.
૧૦. અન્ય ધંધાની સાથે સરખામણી કરવા માટે.
૧૧. પેઢીમાં પડતી મૂડીભંડોળની તંગી નિવારવા માટે.
૧૨. હિસાબોની ચોકસાઈ, પદ્ધતિસરતા વગેરે ગુણો વિકસાવવા માટે.

ઉપરોક્ત ઉદ્દેશો પાર પાડવાના હેતુસર નીચે દર્શાવેલાં પગલાં લેવાં જરૂરી છે :

૧. સારી નામાપદ્ધતિની વિચારણા નિષ્ણાતની સલાહ મુજબ અને અમલ.
૨. હિસાબી ક્ષેત્રના નિષ્ણાત અને કાર્યક્ષમ વ્યક્તિની ભરતી કરવી જોઈએ.
૩. હિસાબો નિયમિત રીતે લખાવા જોઈએ.
૪. હિસાબોની સામયિક ચકાસણી-દેખરેખની વ્યવસ્થા અનિવાર્ય છે.
૫. સાહસિકે નિયમિત અને ચોક્કસ માહિતી પૂરી પાડવાની વ્યવસ્થા ગોઠવણી જોઈએ.

**નામું લખવાની પદ્ધતિ**

નામું લખવા માટે વૈજ્ઞાનિક, સંપૂર્ણ તથા વ્યાપક રીતે સ્વીકૃત પદ્ધતિ તરીકે -

૧. દ્વિનોંધી નામા પદ્ધતિ અને
૨. દેશી નામા પદ્ધતિનો ઉલ્લેખ કરી શકાય.

હિસાબો ઉપર દર્શાવેલ બે પૈકી ગમે તે પદ્ધતિ દ્વારા રાખવામાં આવે, પરંતુ નીચે દર્શાવેલ મુદ્દાઓ અંગે ધ્યાન રાખવું જરૂરી છે :

૧. જરૂરી હિસાબી ચોપડાઓ, પત્રકો અને સ્ટેશનરી સ્ટોકમાં રાખવી.
૨. બધી જ હિસાબી નોંધ રોજ-બરોજના ધોરણે જ રાખવી.
૩. રોકડની વસુલાતની બધી જ રકમ હિસાબનીશે નિયમિત માલિક પાસે જમા કરાવવી.

૪. લેણદારોને ચૂકવવાની રકમની યાદી ૧૫ દિવસ પહેલાં મેળવીને જરૂરી રકમની જોગવાઈ કરવી.
૫. નિયમિત સમયના અંતરે કાચું સરવૈયું, વેપાર તથા નફાનુકસાન ખાતું તૈયાર કરવાં.
૬. રોકડ પ્રવાહ પત્રક દર છ મહિને તૈયાર કરવું.
૭. નિયમિત ધોરણે બેંક સિલકમેળ બનાવીને મેળવણી કરવી.
૮. કરવેરા નિષ્ણાતની સલાહ મુજબ જરૂરી આયોજન કરવું.
૯. નાણાકીય સંસ્થા તથા બેંકના અધિકારીઓ સાથે વખતો વખત મુલાકાત ગોઠવીને તેઓને જરૂરી માહિતી પૂરી પાડવી.
૧૦. આવકજાવક તથા ખરીદ-વેચાણના આંકડાઓ નિયમિત રીતે મેળવીને તેના પર દેખરેખ રાખવી-નિયંત્રણ રાકવું.
૧૧. ખરેખર તથા અંદાજિત ખર્ચની સરખામણી કરવી અને જો તફાવત મોટો હોય તો તે અંગે માલિકનું ધ્યાન દોરવું.
૧૨. બિલ, વાઉચર વગેરે સંપૂર્ણ માહિતી સાથે જ બનાવવાં.
૧૩. કાયમી મિલકતોની ખરીદી અંગે યોગ્ય આયોજન અને નાણાંની જોગવાઈ કરવી.
૧૪. સ્ટોકપત્રક નિયમિત અને વ્યવસ્થિત રાખવાં તથા તેની ચકાસણી કરવી.
૧૫. બેંક, સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓને નિયમ મુજબ જરૂરી માહિતી અને પત્રકો મોકલવા અંગે તકેદારી રાખવી.
૧૬. ચૂકવવાપાત્ર રકમો પાક્યા તારીખ પહેલાં જ ચૂકવી દેવી અન્યથા લેણદારોને અગાઉથી માહિતી આપવી.
૧૭. લેણદારોને આપેલા ચેકો નકારાય નહિ તેની કાળજી રાખવી. આગામી તારીખના ચેકો આપવા નહિ.
૧૮. કોઈ પણ ચુકવણી કરતી વખતે તરત જ નોંધ કરવી અને રસીદ મેળવી લેવી. ખર્ચા માલિકની મંજૂરી મેળવીને જ ચૂકવવા અને વાઉચર પ્રથાનો આગ્રહ રાખવો.

જો ઉપરોક્ત માર્ગદર્શક સિદ્ધાન્તોનો અમલ કરવામાં આવે તો -

-નાણાંની તંગી નિવારી શકાશે.
- બિનજરૂરી માનસિક તાણ તથા ક્ષેત્રીય તંગદિલી નિવારી શકાશે.
- સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થશે.
- સાહસમાં તમારી સફળતા વાસ્તવિક બનશે.

ઉપરોક્ત તમામ બાબતો ત્યારે જ સફળ થશે કે જયારે વ્યવસ્થિત અને નિયમિત રીતે હિસાબો રાખવામાં આવ્યા હશે.

**હિસાબનીશની પસંદગી :**

જે વ્યક્તિ હિસાબો રાખે તેને હિસાબનીશ કહેવાય. આ વ્યક્તિની પસંદગી કરતી વખતે યોગ્ય કાળજી રાખવી જોઈએ. હિસાબનીશમાં નીચે દર્શાવેલ ગુણો હોય તે અપેક્ષિત છે :

૧. હિસાબોનું વિસ્તૃત અને આધુનિક જ્ઞાન.
૨. પ્રમાણિકતા.
૩. સારા હસ્તાક્ષર.
૪. વધુ અને લાંબા સમય સુધી કામ કરવાની ક્ષમતા.
૫. ચોક્સાઈ.
૬. નિયમિતતા
૭. ઊંચું ચારિત્ર્ય અને નીતિમત્તા.

સંક્ષેપમાં કુશળ અને કાબેલ હિસાબનીશ ધંધાકીય એકમની એક કિંમતી અસ્કામત છે.

❑

આ મારું છે, એવો સંકલ્પ જે છોડે છે તે મમત્વને છોડે છે. જેને મમત્વ નથી તે જ સાચો માર્ગદષ્ટા છે.

•

સૂતેલાઓની વચ્ચે જાગૃત રહેવું જોઈએ. તીવ્ર બુદ્ધિવાળા પંડિતે આયુષ્યનો વિશ્વાસ ન કરવો જોઈએ.

# એક ઘુંટાતી અભીપ્સા, મોંઘવારી, શૂન્યતા

● કુ. રીટા પરમાર (એસ.વાય.બી.કૉમ.)

## એક ઘુંટાતી અભીપ્સા

આ દુનિયામાં સત્ય શું, તે સમજાતું નથી.
સગાં, સ્નેહી, સહોદર અને, સ્નેહીજનો શું સાચા ?
સંસારની છેલ્લી સફરમાં, કોઈ સાથ દેતું નથી.
વૃક્ષ લીલું હોય તો પક્ષીઓ, આનંદથી કિલ્લોલ કરે,
સુકાઈ ગયેલા વૃક્ષ પર, કોઈ માળા બાંધતું નથી.
ફરવા ગયા'તા બાગમાં, ફૂલો બધા ખીલ્યાં હતાં,
મુરઝાઈ ગયેલા ફૂલને, કોઈ સ્પર્શ કરતું નથી.
આનંદ અને ઉલ્લાસથી, સાથ સુખીનો કર્યો,
પરિણામ શું આવ્યું તે, કોઈ પૂછશો નહીં.
ફક્કડ બનીને તોરમાં, આ વિશ્વમાં ફરતા હતા,
બતાવી લાલચ બાંધી હવે, કોઈ મને છોડતું નથી.
અનેક રસોના કસ ચૂસતાં હવે તો ઉબ આવે છે,
મળે જો અમૃતનો પ્યાલો, તો એક ઘૂંટ ભરી લઉં.

## મોંઘવારી

જનતા તણું દુઃખ જગતમાં
કોઈ સાંભળતું નથી.
મધ્યમ વર્ગના માનવ તરફ,
કોઈ ધ્યાન ધરતું નથી.
મોંઘવારી ચક્કી મહીં,
પીસાઈ રહ્યો છે માનવી.
તેલ કાઢે છે શરીરનું,
છતાં કાંઈ વળતું નથી.
મિજબાનીઓ ને પાર્ટીઓમાં,
ભોજન ઊડે મનભાવતાં,
ભૂખ્યા પેટે ભમતા ઘણા,
કોઈ ધ્યાન ધરતું નથી.
જ્યમ તેલ હોય દિપક મહીં તો,
તૈયાર થાય સૌ બાળવા,
પણ જો નિર્ધન બને માનવી તો,
કોઈ સંઘરતું નથી.

✡

## શૂન્યતા

શૂન્યતાના શહેરમાં હું એકલી,
બસ પડછાયા તણી સોબત હતી.
ઝંખનાનો ઓરડો અકબંધ ને,
સાવ સૂની આતમાની છત હતી,
શૂન્યતાના શહેરમાં હું એકલી,
બસ પડછાયા તણી સોબત હતી.
વૃક્ષની જેમ કેમ સૂકાતી ગઈ
ભીંજાવાની તાપમહીં આદત હતી,
શૂન્યતાના શહેરમાં હું એકલી,
બસ પડછાયા તણી સોબત હતી.
ફૂલની જેમ કેમ મુરઝાતી ગઈ
પોઢવાની રણમહીં આદત હતી,
શૂન્યતાના શહેરમાં હું એકલી,
બસ પડછાયા તણી સોબત હતી.
શાહીની જેમ હું ખાલી થતી ગઈ
લખવાની કવિતણી આદત હતી,
શૂન્યતાના શહેરમાં હું એકલી,
બસ પડછાયા તણી સોબત હતી.

# માનવ સંપત્તિના હિસાબો (Human Resource Accounting)

• પ્રો. એસ. એ. ચિંતામન

**પ્રસ્તાવના :**

ધંધામાં કામ કરતા કર્મચારીઓ ઔદ્યોગિક એકમની મૂલ્યવાન અસ્કામત છે. ધંધાની નફાકારકતાનો આધાર કર્મચારીઓની કાર્યક્ષમતા પર રહેલો હોવાથી કર્મચારીઓને ધંધાની મૂલ્યવાન અસ્કામત ગણવામાં આવે છે. પરંતુ જ્યારે વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવે છે ત્યારે ધંધાની દૃશ્ય તેમજ અદૃશ્ય મિલકતો જેવી કે પાઘડી, મકાન, યંત્રો, ફર્નિચર, સ્ટોક, દેવાદારો તેમજ રોકડ કે બેંક સિલકની માફક કર્મચારીઓને મિલકત તરીકે પાકા સરવૈયામાં દર્શાવવામાં આવતી નથી.

નામાની આધુનિક વિચારસરણી મુજબ ધંધાની માનવસંપત્તિનું યોગ્ય મૂલ્ય નક્કી કરીને માનવ સંપત્તિ ગણી હિસાબી ચોપડે દર્શાવવી જોઈએ. જો હિસાબી ચોપડે પાકા સરવૈયામાં માનવસંપત્તિ દર્શાવવામાં આવે તો આવા હિસાબોને માનવસાધનોના હિસાબો કહેવામાં આવે છે.

અમેરિકન એકાઉન્ટિંગ એસોસીએશને ૧૯૭૩માં માનવસાધનોના હિસાબોની વ્યાખ્યા આપી છે. જે મુજબ 'માનવ સંપત્તિને લગતી માહિતી. ઓળખવાની, માપવાની તેમજ તે માહિતી હિત ધરાવતા પક્ષકારો સમક્ષ રજૂ કરવાની પ્રક્રિયા એટલે માનવસંપત્તિના હિસાબો.'

જ્યોર્ડ આર. એલ. વુડ્રુફના મત મુજબ 'માનવસંપત્તિના હિસાબો એ એક સાહસમાં રોકાણ પામેલ અને અહેવાલમાં દર્શાવવાનો એક પ્રયત્ન છે, જે હાલની રૂઢિગત હિસાબી પદ્ધતિમાં નોંધવામાં આવતું નથી.'

ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી માનવ સંપત્તિના હિસાબોનાં લક્ષણો નીચે મુજબ છે :

(૧) માનવ સંપત્તિના હિસાબોએ એકમમાં કામ કરતા કર્મચારીઓનું મૂલ્ય નક્કી કરીને આ મૂલ્ય હિસાબી ચોપડે નોંધવાની એક નવી ટેકનિક છે.

(૨) આ પદ્ધતિમાં માનવી એ ઔદ્યોગિક એકમની મૂલ્યવાન અસ્કામત છે. એ સિદ્ધાંતનો સ્વીકાર કરીને હિસાબી ચોપડે કર્મચારીઓને સંપત્તિ તરીકે દર્શાવવામાં આવે છે.

(૩) આ પદ્ધતિમાં માનવમૂલ્ય કર્મચારીઓની ઉપયોગિતાને ધ્યાનમાં લઈને આંકવામાં આવે છે.

(૪) હિસાબની દૃષ્ટિએ આ પદ્ધતિમાં મૂલ્યાંકન કરવાના હેતુથી કર્મચારીઓને નીચેના ચાર પ્રકારમાં વહેંચવામાં આવે છે :

(i) કાયમી કુશળ કર્મચારી ધન.

(ii) ટેમ્પરરી બિનકુશળ અને રોજિંદા કર્મચારીઓ.

(iii) કોન્ટ્રેક્ટ બેઝ પર રખાતા કર્મચારીઓ.

(iv) એપ્રેન્ટિસશિપ યોજના હેઠળના કર્મચારીઓ.

આ ચાર પૈકી કાયમી કુશળ કર્મચારીઓની ઉપયોગિતા ધ્યાનમાં લઈને તેમનું મૂલ્ય આંકવામાં આવે છે.

(૫) આ પદ્ધતિમાં માનવમૂલ્ય આંકવા માટે નીચેની મહત્ત્વની પદ્ધતિઓ ધ્યાનમાં લેવામાં આવે છે :

(i) માનવને મૂડીખર્ચ ગણીને કાયમી મિલકત તરીકે દર્શાવવાની પદ્ધતિ.

(ii) રોકાણના દૃષ્ટિબિંદુને ધ્યાનમાં લઈને મૂલ્યાંકનની પદ્ધતિ.

(iii) માનવને ચાલુ મિલકત ગણીને મહેસૂલી ખર્ચ તરીકે માંડીવાળવાની પદ્ધતિ.

(૬) કેટલાક લેખકોના મત મુજબ માનવ સંપત્તિના હિસાબોમાં (i) એકમના કર્મચારીઓ અને અધિકારીઓ ઉપરાંત (ii) એકમ સાથે સંકળાયેલા ગ્રાહકો તથા રોકાણકારો કે શેર હોલ્ડરોનો પણ સમાવેશ થવો જોઈએ.

## માનવ સંપત્તિના મૂલ્યાંકનની પદ્ધતિઓ :

### (૧) ઐતિહાસિક પડતર પદ્ધતિ (Historical Cost) :

આ પદ્ધતિનો વિકાસ બ્રુમેટ તથા પાઈલે કરેલ છે. આ પદ્ધતિ મુજબ કર્મચારીઓ માટેના ખર્ચની રકમ ધ્યાનમાં લઈને કર્મચારીનું મૂલ્ય આંકવું જોઈએ. કર્મચારીઓના ખર્ચમાં ભરતીનો ખર્ચ, તાલીમનો ખર્ચ, પસંદગીનો ખર્ચ તથા તેના વિકાસ પાછળ કરવામાં આવતા ખર્ચનો સમાવેશ થાય છે. આ પદ્ધતિમાં કર્મચારી પાછળ કરવામાં આવતા કુલ ખર્ચની રકમ મિલકત તરીકે દર્શાવવામાં આવે છે. તથા અન્ય મિલકતોની માફક તેમાંથી ઘસારો માંડી વાળવામાં આવે છે. જો કર્મચારી નોકરી છોડી દે અથવા મૃત્યુ પામે તો બાકીની પડતરની રકમ માંડી વાળવામાં આવે છે. આ પદ્ધતિ ખૂબ જ સરળ છે તથા પડતરના

સિદ્ધાંતોનું પરિપાલન આ પદ્ધતિમાં જોવા મળે છે.

આ પદ્ધતિની મુખ્ય મર્યાદા એ છે કે આ પદ્ધતિમાં કર્મચારી પ્રાપ્ત કરવાનો ખર્ચ જ ધ્યાનમાં લેવામાં આવે છે. કર્મચારીના કારણે ભવિષ્યમાં થતા લાભોનો વિચાર કરવામાં આવતો નથી. ઘસારો ગણવા માટે કર્મચારીનું અંદાજી આયુષ્ય પણ સરળતાથી નક્કી થઈ શકતું નથી.

**(૨) પુનઃસ્થાપના પડતરપદ્ધતિ (Replacement Cost) :**

આ પદ્ધતિમાં પડતર કિંમત ધ્યાનમાં લેવામાં પુનઃ-સ્થાપના કિંમત ધ્યાનમાં લેવામાં આવે છે. એક મિલકતના બદલે બીજી મિલકત વસાવવા પાછળ થતા ખર્ચને પુનઃ-સ્થાપના પડતર કહેવામાં આવે છે. આ પદ્ધતિમાં હાલનાં કર્મચારીને બદલે બીજા કર્મચારીને લાવવા માટે ખર્ચ થાય તે ખર્ચની રકમ ધ્યાનમાં લઈ પાકા સરવૈયામાં કર્મચારીઓ મિલકત તરીકે દર્શાવવામાં આવે છે.

આ પદ્ધતિના મુખ્ય લાભોમાં (i) ઐતિહાસિક પડતર પદ્ધતિ કરતાં આ પદ્ધતિ વધુ સારી ગણાય છે. કારણ કે આ પદ્ધતિમાં બદલાતી જતી ભાવસપાટી ધ્યાનમાં લેવાથી મૂલ્યાંકન યોગ્ય રીતે થઈ શકે છે. (ii) માનવશક્તિ આયોજન માટે આ પદ્ધતિ ખૂબ જ ઉપયોગી છે. આ પદ્ધતિના કારણે નવા કર્મચારીઓ મેળવવાનો ખર્ચ કેટલો થશે તે જાણી શકાય છે. (iii) આ પદ્ધતિના કારણે કર્મચારીઓની ભરતી, તાલીમ તેમજ વિકાસને લગતાં ખર્ચનાં ધોરણો નક્કી કરી શકાય છે.

આ પદ્ધતિની મર્યાદાઓમાં (i) પડતરના સિદ્ધાંત મુજબ પડતર ધ્યાનમાં લઈ મિલકતનું મૂલ્યાંકન થવું જોઈએ. આ પદ્ધતિમાં પુનઃસ્થાપના કિંમતે મૂલ્યાંકન થતું હોવાથી પડતરના સિદ્ધાંતોનો ભંગ થાય છે. (ii) માનવ મિલકતની પુનઃસ્થાપના કિંમત નક્કી કરવાનું કાર્ય મુશ્કેલ છે. સરખી કાર્યક્ષમતા ધરાવતા વ્યક્તિનું મૂલ્યાંકન કરવાનો પ્રશ્ન મુશ્કેલ છે. (iii) આ પદ્ધતિમાં વ્યક્તિલક્ષી મૂલ્યાંકન થઈ શકે છે પરંતુ સામૂહિક મૂલ્યાંકન થઈ શકતું નથી.

**(૩) વૈકલ્પિક ખર્ચ કે હરાજીની પદ્ધતિ (Opportunity Cost or Competitive Bidding Method) :**

આ પદ્ધતિમાં કર્મચારીનો વૈકલ્પિક ખર્ચ ધ્યાનમાં લઈને કર્મચારીનું મૂલ્યાંકન કરવામાં આવે છે. એક સ્થાન પરથી બીજા સ્થાન પર કર્મચારી જાય છે અને જે ખર્ચ આવે તે ખર્ચને વૈકલ્પિક ખર્ચ કહેવામાં આવે છે. આ ખર્ચને કર્મચારીનું મૂલ્ય ગણીને પાકા સરવૈયામાં દર્શાવાય છે. કંપનીમાં એક કરતાં વધુ વિભાગ હોય અને એક વ્યક્તિ એક વિભાગમાંથી બીજા વિભાગમાં જાય ત્યારે બીજો વિભાગ તે વ્યક્તિને વધુમાં વધુ જે રકમ ચૂકવે તેને વૈકલ્પિક ખર્ચ કહેવામાં આવે છે.

આ વૈકલ્પિક ખર્ચને ધ્યાનમાં લઈ કર્મચારીની કિંમત નક્કી થાય છે.

આ પદ્ધતિની મુખ્ય મર્યાદા એ છે કે આ પદ્ધતિમાં વ્યક્તિલક્ષી મૂલ્યાંકન થતું હોવાથી બધાં જ કર્મચારીઓના મૂલ્યાંકન માટે આ પદ્ધતિ ઉપયોગી નથી. આ પદ્ધતિ જે ધંધામાં વૈકલ્પિક તક હોય તે જ ધંધા માટે ઉપયોગી છે.

**(૫) પગારની મૂડીકરણની પદ્ધતિ (Capitalization of Salary) :**

આ પદ્ધતિમાં સમાન પગાર ધરાવનાર જૂથના કર્મચારીઓના સરેરાશ પગારને ધ્યાનમાં લઈને તેઓની ભવિષ્યની કમાણી નક્કી કરવામાં આવે છે. ભાવિ કમાણીનું વર્તમાન મૂલ્ય અમુક ચોક્કસ દરે નક્કી કરવામાં આવે છે. આ વર્તમાન મૂલ્યને ધ્યાનમાં લઈને કર્મચારીઓનું મૂલ્ય સરવૈયામાં દર્શાવવામાં આવે છે. આ પદ્ધતિમાં ભાવિ કમાણી ધ્યાનમાં લેવામાં આવે છે. યોગ્ય વટાવનો દર નક્કી કરવાથી આ પદ્ધતિમાં કર્મચારીઓના જૂથનું મૂલ્યાંકન કરી શકાય છે.

**(૫) વર્તમાન મૂલ્ય અભિગમ (Present Value Approach) :**

આ પદ્ધતિમાં વર્તમાન મૂલ્ય નક્કી કરીને કર્મચારીઓને સરવૈયામાં દર્શાવવામાં આવે છે. પગારના મૂડીકરણની પદ્ધતિમાં કર્મચારીઓની ભાવિ કમાણીનું વર્તમાન મૂલ્ય નક્કી કરવામાં આવે છે. જ્યારે આ પદ્ધતિમાં કર્મચારીઓની ભાવિ કમાણી ધ્યાનમાં લેવામાં આવે છે. કર્મચારીઓ કંપનીની ભવિષ્યની કમાણીમાં કેટલો ફાળો આપી શકશે તેનો વિચાર આ પદ્ધતિમાં કરવામાં આવતો હોવાથી આ પદ્ધતિને આર્થિક મૂલ્યની પદ્ધતિ પણ કહેવામાં આવે છે. આ પદ્ધતિમાં (i) કંપનીની કમાણીમાં કર્મચારીઓનો ફાળો તથા (ii) વટાવનો દર એમ બે બાબતો ધ્યાનમાં લઈને વર્તમાન મૂલ્ય નક્કી કરવામાં આવે છે. કંપનીની ભાવિ કમાણી અનિશ્ચિત હોવાથી આ પદ્ધતિમાં કર્મચારીઓનું મૂલ્યાંકન કરતી વખતે અનેક ધારણાઓ કરવામાં આવે છે. આ પદ્ધતિ માટે જુદી જુદી વ્યક્તિઓએ રજૂ કરેલ મૉડેલ નીચે મુજબ છે :

(૧) લેવ અને સ્વાર્ટઝ મોડેલ.

(૨) એરીક ફ્લેમ હોલ્ત્ઝ મોડેલ.

(૩) જેગી લાઉઝ મોડેલ.

**(૧) લેવ અને સ્વાર્ટઝ મૉડેલ :** વર્તમાન મૂલ્યના અભિગમ માટેનું પ્રથમ મૉડેલ ૧૯૭૧માં લેવ અને સ્વાર્ટઝે વિકસાવ્યું. આ મૉડેલમાં એવું અનુમાન કરવામાં આવે છે કે કર્મચારી તેની નિવૃત્તિ સુધી ધંધામાં ચાલુ રહેશે. આ અનુમાનને આધારે આ મૉડેલમાં માનવ સંપત્તિનું મૂલ્ય નીચે મુજબ નક્કી કરવામાં આવે છે :

(i) આ મૉડલમાં બધા જ કર્મચારીઓને કુશળતા અને ઉંમરના આધારે વિવિધ જૂથમાં વહેંચવામાં આવે છે.

(ii) દરેક જૂથ માટેની સરેરાશ કમાણી નક્કી કરવામાં આવે છે.

(iii) દરેક જૂથ તેમના નિવૃત્તિના સમય સુધી કુલ કમાણી કેટલી કરશે તે નક્કી કરવામાં આવે છે.

(iv) કુલ કમાણીને મૂડી પડતરના દરે વટાવીને આ કમાણીનું વર્તમાન મૂલ્ય નક્કી કરીને માનવસાધનોનું મૂલ્ય નક્કી થાય છે. વર્તમાન મૂલ્ય ગણવા માટે નીચેના સૂત્રનો ઉપયોગ થાય છે.

$$v = \frac{I(t)}{(1+R)^{\text{વર્ષ}}}$$

જ્યાં V = મૂલ્ય, I = નિવૃત્તિ સુધીની વાર્ષિક કમાણી R = વટાવનો દર, t = નિવૃત્તિ વય.

આ પદ્ધતિની મુખ્ય મર્યાદાઓમાં (i) પગારમાં વિવિધ પરિબળોને કારણે ફેરફાર થાય છે. અને આ પદ્ધતિમાં પગારને આધારે વર્તમાન મૂલ્ય નક્કી કરવામાં આવે છે જે યોગ્ય નથી. (ii) પગાર પર અસર કરતાં પરિબળોને આ પદ્ધતિમાં ધ્યાનમાં લેવાતાં નથી. (iii) કર્મચારી નિવૃત્તિ સમય સુધી ધંધામાં ચાલુ રહેશે એમ માનીને આ પદ્ધતિમાં મૂલ્યાંકન થતું હોવાથી કર્મચારી વહેલા નિવૃત્ત થાય કે મૃત્યુ પામે તો ભાવિ કમાણીનો અંદાજ વધુ ગણાય છે.

ભારતમાં ભેલ કંપનીએ માનવસંપત્તિનું મૂલ્યાંકન કરવા માટે આ મૉડેલનો ઉપયોગ કર્યો હતો.

**(૨) ફ્લેમ હોલ્ત્ઝ મૉડેલ :** લેવ અને સ્વાર્ટઝના મૉડેલમાં એવું અનુમાન કરવામાં આવે છે કે કર્મચારી નિવૃત્તિ સમય સુધી કંપનીમાં ચાલુ રહેશે. આ અનુમાન સાચું ન હોવાથી ફ્લેમ હોલ્ત્ઝે ૧૯૭૧માં બીજું મૉડેલ રજૂ કર્યું. આ મૉડેલમાં નીચેનાં અનુમાનો કરવામાં આવે છે.

(i) કર્મચારીઓ નિવૃત્તિ કે મૃત્યુ પહેલા નોકરી છોડી શકે છે.

(ii) કર્મચારીઓ જુદા જુદા હોદ્દા પર કામ કરી શકે છે.

આ મૉડેલમાં માનવસંપત્તિનું મૂલ્ય નીચે મુજબ ગણવામાં આવે છે.

(i) દરેક વ્યક્તિ કેટલા સમય સુધી નોકરી કરશે તેનો અંદાજ કાઢવામાં આવે છે.

(ii) દરેક વ્યક્તિ તેના નોકરીના ગાળા દરમિયાન કયા કયા હોદ્દા પર કામ કરશે તેનો અંદાજ કાઢવામાં આવે છે.

(iii) દરેક વ્યક્તિ કયા હોદ્દા પર કેટલા સમય સુધી કામ કરશે તે અંદાજાય છે.

(iv) બધાં જ પરિબળો મુજબ કર્મચારીનું મૂલ્ય નક્કી કરીને નક્કી કરેલા વટાવના દરેક વર્તમાનમૂલ્ય કરીને પાકા સરવૈયામાં આ મૂલ્ય દર્શાવાય છે.

આ પદ્ધતિની મર્યાદાઓમાં (i) આ પદ્ધતિમાં પણ પગાર પર અસર કરતાં વિવિધ પરિબળો સંપૂર્ણપણે ધ્યાનમાં લેવામાં આવતાં નથી. (ii) આ મૉડેલમાં વ્યક્તિગત રીતે કર્મચારીનું મૂલ્ય આંકવામાં આવે છે. કર્મચારીઓ જૂથમાં કામ કરતા હોવા છતાં આ મૉડેલમાં કર્મચારીઓના જૂથનું મૂલ્ય આંકી શકાતું નથી.

**(૩) જેગી-લાઉઝ મૉડેલ :** આ મૉડેલમાં વ્યક્તિગત રીતે કર્મચારીની નોકરીની મુદત નક્કી કરવા માટે કર્મચારીઓને જુદા જુદા જૂથમાં વહેંચવામાં આવે છે. અને દરેક જૂથનો નોકરીનો સમય નક્કી કરીને તેના આધારે જૂથની કમાણી નક્કી કરવામાં આવે છે. જૂથની કમાણીને વટાવના દરે વટાવીને વર્તમાન મૂલ્ય નક્કી કરીને પાકા સરવૈયામાં દર્શાવાય છે.

આ પદ્ધતિની મુખ્ય મર્યાદા એ છે કે આ પદ્ધતિમાં પગાર પર અસર કરતાં પરિબળો ધ્યાનમાં લેવામાં આવતા નથી.

**(૬) કર્મચારી વર્તણૂક પરિવર્તન પદ્ધતિ (Beha-vioural Variables Method) :**

કંપનીના સંચાલકોની નીતિ તથા વર્તણૂક તેમાં કામ કરતા કર્મચારીઓની વર્તણૂક પર અસર કરે છે. આ પદ્ધતિમાં સંચાલકીય નીતિને કારણે કર્મચારીઓની વર્તણૂક પર કેવી અસર થાય છે તે ધ્યાનમાં લઈને કર્મચારીની ગુણવત્તા નક્કી કરવામાં આવે છે. અને તેના આધારે કર્મચારીનું મૂલ્ય આંકવામાં આવે છે. સંચાલકીય નીતિ

અને વર્તણૂક કર્મચારીઓ પર અસર કરે છે. આથી આ પદ્ધતિને વર્તણૂક પરિવર્તન કહેવામાં આવે છે.

જે એકમના સંચાલકો આપખુદશાહી વલણ અપનાવે છે તે એકમની ઉત્પાદકતા અને નફાકારકતા પર અસર થાય છે. તેમાં ઘટાડો જોવા મળે છે. અને જે એકમના સંચાલકો લોકશાહી વિચારસરણી ધરાવતા હોય તેવા એકમની નફાકારક્તા તથા ઉત્પાદક્તામાં વધારો જોવા મળે છે.

**(૭) કર્મચારીઓના પ્રયત્નો પર વળતરની પદ્ધતિ (Return on Efforts Employed) :**

આ પદ્ધતિમાં દરેક કર્મચારી કે અધિકારી ખરીદી, ઉત્પાદન તથા વેચાણ જેવી મહત્ત્વની બાબતોમાં કેટલા અને કેવા પ્રયત્નો કરે છે તેનું માપ કાઢવામાં આવે છે. આ માપ કાઢવા માટે દરેક કર્મચારીના હોદ્દાને ધ્યાનમાં લઈને ગુણ નક્કી કરવામાં આવે છે. આ ગુણના આધારે કર્મચારી કે અધિકારીઓના પ્રયત્નોના કુલ ગુણ નક્કી થાય છે. જેના આધારે કર્મચારીઓના સમૂહ માટે પ્રયત્નોના કુલ ગુણ નક્કી કરવામાં આવે છે. જે તે વિભાગના નફાનો કુલ પ્રયત્નો વડે ભાગીને પ્રયત્નના એકમ દીઠ નફો નક્કી કરવામાં આવે છે. પ્રયત્નો પર કેટલા ટકા વળતર કે નફો આવે છે તે નક્કી કરીને કર્મચારીનું મૂલ્ય નક્કી કરવામાં આવે છે.

**(૮) પાઘડીનું મૂલ્ય વધારવાની પદ્ધતિ (Increase in the Value of Goodwill Method) :**

ધંધાની પાઘડીનું મૂલ્યાંકન કરતી વખતે આડકતરી રીતે માનવ સાધનોનું મૂલ્ય ધ્યાનમાં લઈ પાઘડીની રકમ પાકા સરવૈયામાં દર્શાવાય છે. પરંતુ પાઘડીનું મૂલ્યાંકન દર વર્ષે આંકવામાં આવતું નથી. તથા પાઘડી ધીમે ધીમે માંડી વાળવામાં આવે છે. આથી માનવસંપત્તિનું મૂલ્ય નક્કી કરીને આ મૂલ્ય પાઘડીમાં ઉમેરીને પાકા સરવૈયામાં દર્શાવી શકાય. આ પદ્ધતિમાં પાઘડીનું મૂલ્યાંકન એકમમાં કામ કરતા કર્મચારીઓની ઉપયોગિતા તેમજ કાર્યક્ષમતાને ધ્યાનમાં લઈને કરવામાં આવે છે. પાઘડીનું મૂલ્ય વધારવા માટે (i) ધંધાના કર્મચારીઓ તેમજ (ii) ધંધા બહારના રોકાણકારો, ગ્રાહકો, વેપારીઓ અને બંને પ્રકારની માનવ-સંપત્તિ ધ્યાનમાં લેવામાં આવે છે. તેના પરિણામે ધંધાનું મૂલ્ય સાચી રીતે દર્શાવી શકાય છે. પાઘડીની કિંમત વધારવાની પદ્ધતિ એ કર્મચારીઓના મૂલ્યાંકનની આડકતરી પદ્ધતિ છે. આ પદ્ધતિ કરતાં માનવસંપત્તિનું મૂલ્ય પ્રત્યક્ષ રીતે આપવાની પદ્ધતિઓ વાજબી પદ્ધતિ ગણી શકાય.

**ઉપસંહાર :** માનવસંપત્તિનું મૂલ્ય આંકતી વખતે અનેક પ્રશ્નો ઉપસ્થિત હોવા છતાં માનવ સંપત્તિને સરવૈયામાં મિલકત તરીકે દર્શાવવાના કારણે તથા માનવ મૂલ્ય નક્કી કરવાના પરિણામે હિસાબોની ઉપયોગિતામાં નીચે મુજબ વધારો થઈ શકે છે :

(i) માનવસંપત્તિ સહિતની કુલ રોકાયેલી મૂડી પર વળતરનો દર જાણી શકાય છે.

(ii) માનવ આયોજન માટે માનવસાધનોનું મૂલ્ય ઉપયોગી છે.

(iii) સાધનોના ઉપયોગની તપાસ શક્ય બને છે.

(iv) ધંધાના પ્રશ્નો ઉકેલવા માટે આ પદ્ધતિ ઉપયોગી છે.

(v) અહેવાલમાં સાચી માહિતી આપવા માટે આ પદ્ધતિ ઉપયોગી છે.

દુનિયામાં સૌપ્રથમ યુ.એસ.એ.ના આર. જી. બેરી કોર્પોરેશને માનવસંપત્તિના હિસાબો રજૂ કર્યા હતા. જ્યારે ભારતમાં ભેલ (BHEL) કંપનીએ માનવસંપત્તિના હિસાબો રજૂ કર્યા હતા. માનવ સંપત્તિના હિસાબો એ નવી ટેકનિક હોવા છતાં આ અંગેનો વિકાસ કરીને આ પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ.

❑

પોતાના કે બીજાના માટે જે માણસ પાપ-કર્મો કરે છે તેનાં ફળ તો તેને એકલાને જ ભોગવવાં પડે છે, તે વખતે બંધુઓ બંધુતા દાખવી શકતા નથી.

# માનવસંબંધોનું રાજકારણ

• પ્રા. નિલેશ પી. સથવારા

માનવસંબંધોનો ઉદ્‌ભવ અને વિકાસ મનુષ્યના અંગત ભાવસ્વરૂપ પર આધારિત છે. સામાન્ય રીતે આપણે માનીએ છીએ કે રાજકારણી અને સજ્જનતા, સૌજન્ય, સદ્‌ગુણીપણું એ બે છેડાની વાત છે. આજના અનુભવે આપણે રાજકારણીને સજ્જનમાં અને સજ્જનને રાજકારણમાં મૂકી જોઈ શકતા નથી. સજ્જનનું રાજકારણમાં કામ નહીં અને રાજકારણી સૌજન્યશીલ ન હોઈ શકે એવી એક સર્વસામાન્ય માન્યતા આપણામાં પ્રવર્તે છે.

તો પછી જીવનના વિશાળ વ્યાપમાં રાજકારણી અને સજ્જન એક સાથે બનવાનું શા માટે શક્ય નથી ? ચર્ચા માટેનો આ રસપ્રદ વિષય છે. આ વિષયનું ચિંતન ખરેખર બોધપ્રદ અને વિચારપ્રેરક બની રહે તેવું છે.

રાજનીતિ આદર્શ હોઈ શકે. રાજનીતિ વ્યવહારમાં તદ્દન નીચી કક્ષાએ પહોંચી ગઈ છે. આદર્શ તરીકે એમાં કોઈ નુકસાન સમાયેલું નથી. એક આદર્શ તરીકે રાજનીતિ આપણને અભ્યાસ અને નિરીક્ષણ દ્વાર કાળજીપૂર્વક રાષ્ટ્રનો વહીવટ કરવાનું શીખવે છે. રાજનીતિ હંમેશાં માણસને સમાજના સેવકની સ્થિતિમાં મૂકવાનું જણાવે છે. રાજનીતિજ્ઞ પુરુષ એવી વ્યક્તિ છે કે જે સમાજનું કલ્યાણ ઇચ્છે છે અને માત્ર પોતાના કે સમાજના અમુક વિભાગના હિત કરતાં સમગ્ર સમાજનું હિત ઇચ્છવાની તાલીમ પ્રાપ્ત કરેલી હોય છે. રાજનીતિ બીજી વાત પણ સૂચવે છે કે તમારે તમારી જાતને એવી તાલીમ આપવી જોઈએ કે જેથી તમે રાજનીતિમાં જોડાયેલા અન્ય માણસો પ્રત્યે ઉદારતા, ક્ષમા અને માન દાખવો. આપણે પણ અન્ય લોકો પાસે આની આશા રાખીએ છીએ. આ ઉપરાંત રાજકારણ આપણી પાસે એવી આશા રાખે છે કે કોઈપણ પ્રશ્નના બંને પાસાઓનો વિચાર કર્યા બાદ જ તે પ્રશ્ન અંગે તમે અંતિમ નિર્ણય કરી શકો. પણ આ બધા કરતાં, સૌથી મહત્ત્વની વાત એ છે કે તમે હંમેશાં જનતાની સેવા નિષ્ઠાપૂર્વક કરો અને એ બાબતની હંમેશાં તમે તરફદારી કરો પછી એ ચૂંટણીમાં કોઈ ઉમેદવારને મત આપવાનો હોય કે પછી પાર્લમેન્ટના કોઈ પ્રશ્નનો ઉત્તર આપે આપવાનો હોય. કોઈપણ જગ્યાએ આપણે મત આપતા હોઈએ ત્યારે એ મતનો હંમેશા અંતરાત્માને ઢંઢોળીને, સમાજના કલ્યાણ અને લાભાર્થે જ ઉપયોગ કરીએ અને આપણા સ્વાર્થ માટે એનો ઉપયોગ ન કરીએ. આવું વલણ જ રાજનીતિમાં આદર્શ કહી શકાય.

મોટા ભાગનાં વર્તમાનપત્રો જે આપણે દરરોજ સવારે અને સાંજે રસપૂર્વક વાંચીએ છીએ તેમાં બીજું કશું આપણને જોવા મળતું નથી પણ વિરોધ પક્ષો માટેના આક્ષેપો જોવા મળે છે. એક પક્ષે બધા દેવાંશી પુરુષો છે અને સામે પક્ષે રાક્ષસો છે. એક પક્ષે હંસો છે અને સામે પક્ષે કાગડાઓ છે. એક પક્ષે લાયકાત ન ધરાવતા નાગરિકો છે પણ બીજે પક્ષે સંત પુરુષો છે. જોકે સત્ય હકીકત આ પ્રકારની હોતી નથી. આ પ્રકારનું વાંચન એ આપણી કમનસીબી છે કારણ કે વર્તમાનપત્રોમાં આપણે એક પક્ષીય વાત વાંચતા હોઈએ છીએ. આ સમયે વ્યક્તિએ પોતાની સમજણશક્તિ અને વિચારશક્તિનો ઉપયોગ કરી બંને પક્ષ વિશે વિચાર કરવો જોઈએ. સાચો રાજકારણી વિરોધીઓના ચારિત્ર્ય અને ન્યાયની ભાવનાને બિરદાવે છે. એમ કરવામાં સાચું સદ્‌ગૃહસ્થપણું સમાયેલું છે અને એમાં જ ઉમદાપણું છે. કોઈપણ વ્યક્તિ માટે શક્ય હોય તેટલું ભલું ઇચ્છો અને તે પણ સાચા અર્થમાં. તેમાં જ તમારી સજ્જનતા અને તમારું ઉમદાપણું છે.

લોકો એકબીજાના મિત્રો બને છે, એકબીજા સાથે ગાઢ સંપર્ક કેળવતા થાય છે. આ જ કહેવાતા મિત્રો એકસરખા વાતાવરણમાં ઉછેર છે અને એક જ શાળામાં અભ્યાસ કરે છે. એક જ પરીક્ષામાં બેસે છે અને એકસરખી નોકરી કરે છે આમ છતાં પણ તેઓ એકબીજાના વિચારપ્રવાહને અનુકૂળ ન હોવાને લીધે અને જન્મજાત ઈર્ષ્યા અને અદેખાઈને લીધે તેઓની વચ્ચે કાયમી દિવાલ ઊભી થાય છે અને તેઓ પીઠ પાછળ ઘા કરવાનું ચૂકતા નથી. જ્યારે કોઈ પણ વિવાદ રાબેતા મુજબનો હોય છે તેના કરતાં વધુ કડવાશ પકડે છે ત્યારે આ લોકો એકબીજાના વિરોધીઓ હોય તેમ વર્તે છે.

શું આજ રાજકારણ છે ? જો એ રાજકારણ હોય તો પ્રભુ આપણને આવા પ્રકારના રાજકારણથી હંમેશા દૂર રાખે ! પણ આટલી નિમ્ન કક્ષા સુધી રાજકારણ માનવીને લઈ જાય છે અથવા તો માનવી દ્વારા રાજકારણ ને હલકી કક્ષા પર લઈ જવામાં આવે છે તે વાત નિર્વિવાદ છે.

અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકન આદર્શ રાજકારણીના ઉત્તમ નમૂનારૂપ હતા. તેઓ તેમના વિરોધીઓને પણ પ્રેમની દૃષ્ટિથી જોતા હતા. તેનું એક ઉદાહરણ યાદ આવે છે. સ્ટેનટન નામનો એક વ્યક્તિ કે જે લિંકનનો કટ્ટર વિરોધી હતો અને ચૂંટણી સમયે તેમની કીર્તિ ખતમ કરવા અને ચૂંટણી હરાવવા માટે તેણે ભરપૂર પ્રયત્નો કર્યા. છેવટે લિંકન ચૂંટણી જીતી ગયા અને પ્રેસિડેન્ટ બન્યા બાદ જ્યારે તેમણે કેબિનેટની રચના કરી ત્યારે યુદ્ધના સેક્રેટરી (સેક્રેટરી ઓફ વોર) તરીકે સ્ટેનટનની પસંદગી કરી. આ જાણી તેમના મિત્રો કહેવા લાગ્યા, 'તમને ખબર છે ને સ્ટેનટન તમારો શત્રુ છે ?' તેમણે જવાબમાં કહ્યું કે 'યુદ્ધના સેક્રેટરીની જવાબદારી નિભાવવા માટે સ્ટેનટન ઉત્તમ માણસ છે.' આમ તેમણે હકારાત્મક વલણ અપનાવી, તેમના વિરોધીના દોષોને ન જોતાં તેમનામાં રહેલ લાક્ષણિક ગુણોને જોયા. આમ, તેઓ સાચા રાજકારણના તત્ત્વચિંતનને અનુસરનાર હતા.

આપણે વિવાદાસ્પદ રમતો રમતા અને અનાદર કરતા આપણા વિરોધીઓ પ્રત્યે કેવો અભિગમ કેળવવો જોઈએ ? તેઓને કદી તમારા દુશ્મનો માનો નહિ. તમે તેને એવો માણસ માનો કે જે તમારી કેળવણી અને તમારા દૃષ્ટિબિંદુમાં જે ખામી છે તેને સુધારે છે. તેવા લોકોને તમારા પૂરક જેવા માનો. આ પ્રકારનું દૃષ્ટિબિંદુ જે સારો નાગરિક જનતાનું કલ્યાણ ઇચ્છે છે અને પોતાની સારી માન્યતાઓના ક્ષણિક વિજય તરીકે વિચારતો નથી તેણે અપનાવવું જોઈએ. આ તે દૃષ્ટિબિંદુ છે કે જ્યાંથી રાજકીય વિરોધી પ્રત્યે વિચારતા થવું જોઈએ અને તેને આપણી કાળજીનો અંતર્ગત ભાગ માનવો જોઈએ. જો આપણે ઉપરોક્ત બાબતથી જુદા પ્રકારનું દૃષ્ટિબિંદુ ધરાવીએ અને ડહાપણ વિનાનો વિરોધ બતાવીએ અથવા તેને સતત ગાળો આપીએ અને સામા પક્ષવાળાઓની અયોગ્ય અને અણછાજતી ટીકાઓ કરીએ તો આપણે આપણી જાતની જ અત્યંત ખરાબ સેવા કરી રહ્યા છીએ એ વાત ચોક્કસ છે. રાજનીતિના આવા દુરુપયોગથી કે જેના દ્વારા રાજકારણને આપણે એકદમ નીચું બનાવી દઈએ છીએ અને તેને કારણે જ રાજકારણ જાહેર જનતાના કલ્યાણનું સાધન છે તેને આપણે જાહેર જનતાના પતનનું કારણ બનાવીએ છીએ. જ્યારે રાજકારણમાં ભાગ લેતા થઈએ અને એક યા બીજા પક્ષમાં અગત્યનો હોદ્દો ભોગવતા થઈએ ત્યારે તમારા વિરોધીઓને તમારા મિત્રોની જેમ જ આવકારો. પછી ભલે પક્ષ તમારી કદર કરે કે નહીં, પછી ભલે તમારી છાતી ઉપર બિલ્લાઓ ન લાગેલા હોય કારણ કે આ વિરોધાઓ કોઈપણ પ્રશ્નની બીજી બાજુઓ તમારા માટે ખોલી આપે છે અને પ્રભુએ તમને બે આંખો આપી છે તો તેઓ તમને ચાર આંખો આપે છે. વાસ્તવમાં આપણે એકબીજાના મિત્રો જ છીએ એમ સ્વીકારીને વર્તવાથી સૌનું કલ્યાણ થાય છે.

❑

---

## મહેક

પવનની લહેર છે, પંખી કિલ્લોલ છે,
પૂછું તને આજ, શી વાત છે ?
શાને આકાશમાં રૂપેરી વાદળા,
ધરતીમાં સોડમ મહેકે છે, કેમ,
શાને તું આજ આવી ખુશ છે ?
નમણી નાર બની ચહેકે છે,
આજ તું, ઢેલડ બની આજે નાચે,
ચહેરો આવો રંગીલો કેમ છે ?
કોણ આવવાનું છે, આજ, શાને તું મસ્ત છે,
કહેતો ખરી એનું કામ શું છે !

**પુષ્પાકુમારી કે. વાઘેલા** (ટી.વાય.બી.કૉમ.)

## મૃત્યુ

એકાએક ફર્શ પર પડેલું
કબૂતરનું પીંછું.
અને... પીંછાની કિનારીમાં જોતાં
કિનારે આવી ઊભેલા વૃદ્ધનું
આભાસ થતું મૃત્યુનું પ્રતિબિંબ
કાલે કોને ખબર આપણે પણ...
કબૂતરનાં પીંછાંની માફક ફર્શ પર...!

**- વૃજલાલ વી. મહેશ્વરી**

# સમયની કિંમત

• ત્રિવેદી મનીષા જે. (ટી.વાય.બી.કોમ.)

જીવનની સર્વ બાબતોમાં સમય ખૂબ જ કિંમતી છે. ગયેલો સમય પાછો આવતો નથી. અંગ્રેજીમાં Time is money અને Time and tide wait for none જેવી કહેવતો છે, એની પાછળ સમયની કિંમત ઘણી છે એ બતાવવાનો હેતુ છે. જે માણસ સમયની કિંમત સમજતો હોય છે તે આ સૂત્રને અનુસરે છે :

**કલ કરે સો આજ કર, આજ કરે સો અબ...**

આમ તો દરેક વ્યક્તિનો આખો દિવસ ચોવીસ કલાકનો જ હોય છે. ભારતના વડાપ્રધાનને પણ ચોવીસ કલાક મળે છે અને સામાન્ય માનવીને પણ ચોવીસ કલાક મળે છે. સમયની મૂડી તો દરેક પાસે સરખી હોય છે. પરંતુ તેનો ઉપયોગ કરવામાં તફાવત હોય છે. અમુક માણસો વધારે કલાક કામ કરીને દિવસને મોટો બનાવતો હોય છે. જવાહરલાલ નહેરુ દિવસમાં અઢાર કલાક કામ કરતા હતા. ગાંધીજી તો વળી જુદી જ માટીના હતા. તેમણે જે કાર્યો કર્યાં, તે કદાચ આપણા જેવા સામાન્ય માનવી હજાર વર્ષેય ના કરી શકે. આ બધી વ્યકિતઓએ સમયની કિંમત જાણી હતી અને જીવનની પળે પળને તેમણે કાર્યાન્વિત કરી હતી.

કુદરતની સૃષ્ટિમાં વનસ્પતિ, જીવ, જંતુ અને પ્રાણી સતત કાર્યશીલ રહે છે. તેમને કાર્ય કરવા માટે કોઈ ફરજ પાડતું નથી. એમનામાં કુદરતે જ કાર્યશીલતા મૂકી છે. એક માણસ જ એવું પ્રાણી છે કે જે પોતાની ફરજ ભૂલીને પ્રમાદી અને નિષ્ક્રિય જીવન જીવવાની વૃત્તિ ધરાવે છે. પરિણામે એની આળસ એને ખાઈ જાય છે. પોતાને ફુરસદ નથી મળતી એવું કહેવાની જાણે કે ફેશન પડી ગઈ છે. પોતે ખૂબ જ કામગરો માણસ છે એવી છાપ ઊભી કરવા તે મથે છે. સમય નથી મળતો એવું કહેનાર જ ઘણી વખત સમયનો ભયંકર બગાડ કરતો હોય છે. કહેવાયું છે ને કે-'નવરા માણસોનાં તે કંઈ ગામ હોય ? એમનાં તો નગરો જ હોય !' માણસ સમયનો ખુડદો બોલાવી દે છે ત્યારે એને જરાય અરેરાટી થતી નથી.

આપણને આઝાદી મળ્યાને અર્ધી સદી થઈ ગઈ. ગરીબી અને બેકારી નાબૂદીની અનેક યોજનાઓ આપણે બનાવી, પગાર-ધોરણો ઊંચા ગયા, સગવડો વધી છતાં આપણી એદી મનોવૃત્તિને કારણે પ્રગતિ કરી ન શક્યા. દુનિયા આખી સુધરી ગઈ, પરંતુ આપણે હજી ત્યાંના ત્યાં જ રહ્યા. તેનું કારણ એ છે કે આપણે કામચોર અને આળસુ છીએ. આપણી અધોગતિનું મૂળ આપણી આળસમાં છે. આપણી કાર્યશિથિલતાને આપણે એટલી તો કાર્યરત બનાવી દીધી છે કે જ્યારે ને ત્યારે રજા, બંધ અને હડતાલનો આશરો લેતાં આપણે અચકાતા નથી. પ્રસંગ ખુશાલીનો હોય કે શોકનો પણ આપણને રજા જોઈએ જ એવી આપણી મનોવૃત્તિ થઈ છે. રજાઓની બાબતમાં આપણી પ્રજા અને સરકાર વધુ પડતી ઉદાર બની ગઈ છે. એક બાજુ દેશમાં ભયંકર ગરીબી, બેકારી અને ભૂખમરો ચાલે છે, વસ્તી વધારો કૂદકે ને ભૂસકે થઈ રહ્યો છે, એવા સંજોગોમાં જ્યાં સખત પરિશ્રમની જરૂર છે ત્યાં આવી રજાઓ આપણને વધુને વધુ પ્રમાદી બનાવી રહી છે.

અમેરિકા અને જાપાન જેવા ઉદ્યમી દેશો એમની વિશિષ્ટ કાર્યપ્રણાલી દ્વારા જે પ્રગતિ સાધી શક્યા છે તે આપણે તેમનાથી સંખ્યામાં અનેકગણા હોવા છતાં સાધી શક્યા નથી. આપણો પ્રમાદ આપણને ખાઈ જાય તે પહેલાં ચેતવાની જરૂર છે. સમયની કિંમત સમજીએ અને કાર્યશીલ બનીએ. □

## ક્યાં શોધું ?

પતઝડ જેવી આ દુનિયામાં; પાંદડું પ્રેમનું ક્યાં શોધું ?
નવ સમજે કોઈ લાગણી હૃદયની મોતી મનનું ક્યાં શોધું ?
પૈસો બન્યો સૌ કોઈનો પ્રભુ, ત્યાં પ્રભુ માટીના ક્યાં શોધું ?
ધનના અમીર તો જોઈ લીધા, મનના અમીર ક્યાં શોધું ?
પડ્યું છે આખુંય જગ સ્વાર્થમાં, અસ્વાર્થનું ચિહ્ન ક્યાં શોધું ?
ગગન તો છે આઝાદ સૌથી, ધરતી સ્વતંત્ર ક્યાં શોધું ?
વિષતણી બની ગઈ જીંદગી અમૃત જીવનનું ક્યાં શોધું ?
પાનખર જેવી આ દુનિયામાં, પાંદડું પ્રેમનું ક્યાં શોધું ?

- ભાવિન (એફ.વાય.બી.કૉમ.)

# શૈક્ષણિક સંસ્થાઓમાં ગ્રંથાલયોની ભૂમિકા • કુ. પ્રભાબહેન પટ્ટણી (લાયબ્રેરિયન)

એક સમૃદ્ધ અને સુસજ્જ ગ્રંથાલય એ આધુનિક શિક્ષણ પદ્ધતિનો પાયો છે. ઉચ્ચ શિક્ષણે તેના શૈક્ષણિક કાર્યક્રમોના સફળ આરોપણ માટે ગ્રંથાલયો પર આધાર રાખવો પડે છે. ભારત જેવા વિકસતા દેશમાં શિક્ષણ પ્રજાના આર્થિક તેમજ તકનિકી પ્રગતિના ઉત્કર્ષમાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

ગ્રંથાલય એ કોઈ પણ શૈક્ષણિક સંસ્થાનું હૃદય છે. જ્યારે વર્ગખંડોનું શિક્ષણ જ્ઞાનની ઝાંખી કરાવે છે ત્યારે ગ્રંથાલયો વિદ્યાર્થીઓ માટે બૌદ્ધિકતાનાં શિખરો સર કરવા વિશાળ જ્ઞાનની ક્ષિતિજો ખોલી નાખે છે. ગ્રંથાલય એ ફક્ત પુસ્તકોનું સંગ્રહસ્થાન નથી, પરંતુ તે માહિતીસંગ્રહ અને માહિતી ઉપભોક્તા વચ્ચે સતત કાર્યરત માધ્યમ છે. ગ્રંથાલય સારી વાચનસામગ્રી તેમ જ સારી વાચકસેવા દ્વારા શિક્ષણની પ્રક્રિયામાં સંપૂર્ણપણે પોતાનું પ્રદાન આપે છે.

ઉચ્ચ શિક્ષણ માટે વિશાળ જ્ઞાનની આવશ્યકતા રહે છે. વિદ્યાર્થીને તેના વિષયની છેલ્લામાં છેલ્લી માહિતીથી વાકેફ રાખવા ગ્રંથાલય અભિવાજ્ય અંગ બની રહે છે. આપણા દેશમાં મોટાભાગનાં વિદ્યાર્થીઓ પોતાને જરૂરી પુસ્તકો ખરીદી શકતાં નથી. વળી, વિદ્યાર્થીને ટ્યૂશનફી, હૉસ્ટેલફી જેવા ખર્ચાઓ ભોગવવાના હોવાથી છેવટે પુસ્તક ખરીદી ઉપર કાપ મૂકી ગ્રંથાલયો ઉપર નિર્ભર રહેવું પડે છે. માહિતી ટૅકનોલૉજીએ વિશાળ ક્ષેત્રોનાં દ્વાર ખોલી નાખ્યાં છે. વૈશ્વિકીકરણના સંદર્ભમાં ઉચ્ચ શિક્ષણનું મહત્ત્વ ધીમે ધીમે વધી રહ્યું છે. ત્યારે વિશ્વસ્તરની સ્પર્ધાઓમાં ટકી રહેવા દરેકે શ્રેષ્ઠ દેખાવ કરવો પડશે, ત્યારે ગ્રંથાલયો વર્ગખંડોના પૂરક બની રહેશે.

**શિક્ષક અને ગ્રંથાલય એક શૈક્ષણિક ટીમ તરીકે**

આજનો વિદ્યાર્થી વિદ્યાથી વિમુખ થતો જાય છે. તેને સાચા અર્થમાં વિદ્યાર્થી બનાવવામાં ગ્રંથાલયોનું પ્રદાન પણ આવશ્યક છે. તેને માટે ગ્રંથપાલ અને શિક્ષકે એક સંયુક્ત 'શૈક્ષણિક ટીમ' તરીકે કામ કરવું જોઈએ. શિક્ષક અને ગ્રંથપાલ વચ્ચેનો સહકાર વિદ્યાર્થીને ગ્રંથાલયની મહત્તા સમજાવવામાં અતિ ઉપયોગી થઈ પડશે. તેઓએ સાથે મળી યોજના તૈયાર કરી, ગ્રંથપાલે 'સેવાનિષ્ણાત' અને શિક્ષકે 'વિષયનિષ્ણાત' તરીકેની ભૂમિકા ભજવવી જોઈએ અને વિદ્યાર્થીને ગ્રંથાલયનો વધુમાં વધુ ઉપયોગ કરવા તૈયાર કરવો જોઈએ. ગ્રંથાલયો એ ફક્ત પુસ્તકોની વખાર જ નથી, પરંતુ સાચા અર્થમાં માહિતી કેન્દ્રો છે. તેવી માન્યતા શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓમાં ફેલાશે તો વિદ્યાર્થી વધુ ઝડપથી અને કાર્યદક્ષતાથી ગ્રંથાલયનો ઉપયોગ કરતો થશે. જ્યાં ગ્રંથાલયોમાં મુક્ત પ્રવેશ પદ્ધતિ હોતી નથી ત્યાં શિક્ષકો દ્વારા સમયાંતરે વિદ્યાર્થીઓના પસંદ કરેલ જૂથને ગ્રંથાલયમાં લાવી સારી વાચનસામગ્રીનો ખ્યાલ આપવામાં આવે તો વિદ્યાર્થી અચૂક ગ્રંથાલય તરફ આકર્ષાતો થશે.

વિદ્યાર્થીને ગ્રંથાલય પૂર્વાભિમુખ બનાવવા ગ્રંથાલયનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિશે યોગ્ય માર્ગદર્શન આપવું પણ એટલું જ અગત્યનું છે. આ માટે નવા દાખલ થતાં વિદ્યાર્થીઓને ગ્રંથાલયસેવા, ગ્રંથાલયની વાચનસામગ્રી, નીતિનિયમો વગેરે બાબતે જાણકારી આપવામાં આવે તો ધીમે ધીમે વિદ્યાર્થી નિઃસંકોચ ગ્રંથાલયમાં જતો થશે. વિદ્યાર્થીને ગ્રંથાલય તરફ આકર્ષવા ગ્રંથપાલ તેમજ અન્ય કર્મચારીગણનો મૈત્રીપૂર્ણ અને સદ્ભાવભર્યો વ્યવહાર સૌથી અગત્યની બાબત છે. જો તેઓનો વાચક પ્રત્યેનો અભિગમ સહકાર અને સેવાનો હશે તો ચોક્કસ તેઓ એક મંદિરમાં પ્રવેશ કરવા જેટલો આહ્લાદક અનુભવ કરી શકશે.

**આપણું ગ્રંથાલય એક માહિતી કેન્દ્ર તરીકે**

શૈક્ષણિક ગ્રંથાલયો વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખીને ઊભાં કરવામાં આવે છે. આથી ગ્રંથાલયની વાચનસામગ્રી વિદ્યાર્થીના અભ્યાસ, રસ, રુચિ અને જરૂરિયાતને અનુલક્ષીને વસાવવામાં આવે છે. સારો માહિતીસંગ્રહ સારા શિક્ષકોને આકર્ષે છે, અને સારા શિક્ષકો છેવટે સારા વિદ્યાર્થીઓને ગ્રંથાલય તરફ આકર્ષે છે.

આપણા ગ્રંથાલયમાં વિદ્યાર્થીઓની જરૂરિયાત અનુસાર પાઠ્યપુસ્તકો વસાવવામાં આવ્યાં છે, તેમજ અલ્પસાધન રાહતફંડ હેઠળ સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને પુસ્તકો ઉપલબ્ધ થાય તેવી સેવા વિકસાવવામાં આવી છે. આ ઉપરાંત વાણિજ્ય વિદ્યાશાખાને લગતાં દરેક વિષયનાં પુસ્તકો અંગ્રેજી તેમજ ગુજરાતી ભાષામાં વસાવ્યાં છે, જે શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને અભ્યાસેતર વાંચનમાં ઉપયોગી થઈ રહ્યાં છે.

યુનિવર્સિટીઓ દ્વારા ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ અર્થે તેમજ વિવિધ કંપનીઓમાં નોકરીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજવામાં આવે છે. આવી પરીક્ષાઓ માટે વિદ્યાર્થી જાતે તૈયારી કરી શકે તે હેતુસર સામાન્ય જ્ઞાનનાં પુસ્તકો વસાવવામાં આવ્યાં છે. કારકિર્દી માર્ગદર્શનમાં ઉપયોગી થઈ પડે તેવાં મેગેઝિનો તેમજ પુસ્તિકાઓ પણ નિયમિત મંગાવવામાં આવે છે.

કૉલેજો અને યુનિવર્સિટીઓમાં સાંસ્કૃતિક અને બૌદ્ધિક કાર્યક્રમો યોજી યુવા પ્રતિભાઓને બહાર લાવવામાં આવે છે. આવી વક્તૃત્વ સ્પર્ધાઓ, સેમિનારો, જૂથ ચર્ચાઓ, કાવ્યપઠન, નાટકો, એકાંકી સ્પર્ધાઓ માટે ઉપયોગી થાય તેવાં પુસ્તકોને પણ યથાયોગ્ય પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના જાગૃત થાય તે પ્રકારની વાચનસામગ્રી પણ સાચવવામાં આવી છે. પરદેશની યુનિવર્સિટીઓમાં અભ્યાસ અર્થે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી શકે તેવાં પુસ્તકો પણ ગ્રંથાલયના સંદર્ભ વિભાગમાં વિદ્યાર્થીઓને માટે ઉપલબ્ધ છે.

માહિતી ટેકનોલૉજીએ ગ્રંથાલયવિજ્ઞાન ક્ષેત્રે આમૂલ પરિવર્તનો આણ્યાં છે, ત્યારે ફક્ત પુસ્તકસંગ્રહ જ પર્યાપ્ત નથી. આ વિચારને અનુલક્ષીને દૃશ્યશ્રાવ્ય સામગ્રીના ભાગરૂપે ૨૫૦ જેટલી વિડિયો કેસેટો પણ સંગ્રહવામાં આવી છે, જે વિદ્યાર્થીને શૈક્ષણિકજ્ઞાન ઉપરાંત અન્ય વિષયોમાં પણ તેના જ્ઞાનની સીમાઓ વધારવામાં ઉપયોગી થઈ શકે તેમ છે.

પુસ્તકોમાં વાચનસામગ્રી માહિતીરૂપે તૈયાર થઈ વાચક સુધી પહોંચે ત્યાં સુધી ઘણી જૂની થઈ જતી હોય છે ત્યારે વાચકને છેલ્લામાં છેલ્લી માહિતીથી વાકેફ રાખવા સામયિકો અગત્યનો ભાગ ભજવે છે. આ માટે વિવિધ સામયિકો દ્વારા ગ્રંથાલયને સમૃદ્ધ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. રોજબરોજના બનાવો, રાજકારણ, રમતગમત, કારકિર્દી માર્ગદર્શન, ફેશન જેવા વિષયોના મેગેઝિનો ઉપરાંત 'અર્થસંકલન', 'યોજના' જેવાં અર્થશાસ્ત્રને લગતાં અનેક સામયિકો વિદ્યાર્થી અને શિક્ષકોની માગને પહોંચી વળવા માટે ઉપયોગી સાબિત થઈ રહ્યાં છે.

આ સર્વ વાચનસામગ્રીમાં ટોચનું સ્થાન ધરાવતાં સંદર્ભગ્રંથો, જ્ઞાનકોશો, શબ્દકોશો, વાર્ષિકો દ્વારા વાચનસામગ્રીને સમૃદ્ધ બનાવવાનો અને તેમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવી રહ્યો છે. આંકડાકીય માહિતી મેળવવા માટે World Development Report જેવા સંદર્ભગ્રંથોને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

ગ્રંથાલયમાં અભ્યાસપ્રેમી તેમ જ પુસ્તકપ્રેમી અધ્યાપકમિત્રો તેમ જ વિદ્યાર્થીઓનાં સલાહસૂચનોને સસ્મિત આવકારી ગ્રંથાલયની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખી સતત ગ્રંથાલય ભંડોળ તેમજ સેવાઓને વિકસાવવાના હૃદયપૂર્વકના સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. વિદ્યાર્થીઓ માહિતીસંગ્રહનો મહત્તમ ઉપયોગ કરે તે માટે સારી માહિતીસેવા આપવા સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવે છે.

સમગ્ર શિક્ષણ જગતનો હેતુ 'શીખવું' અને 'શીખવવું' છે. ત્યારે તેની પાયાની જરૂરિયાત માટે ગ્રંથાલયનો અન્ય કોઈ જ વિકલ્પ નથી. ગ્રંથાલયની અધ્યયન અને અભ્યાસમાં જેટલી અગત્યની ભૂમિકા છે તેટલી જ અગત્યની ગ્રંથપાલની પણ છે. હવે ગ્રંથપાલ એ ફક્ત 'રખેવાળ' જ નથી, પરંતુ તેની જવાબદારી અને કાર્યશૈલીને ધ્યાનમાં લેતાં, આધુનિક સમયમાં ગ્રંથપાલે એક માહિતીસેવક તરીકે 'Instructor of instructors'ની ભૂમિકા ભજવવાની છે. કોઈપણ શૈક્ષણિક સંસ્થાને મજબૂત બનાવવા ગ્રંથપાલે વાચકોના એક સાચા મિત્ર અને પરિપૂર્ણ માર્ગદર્શક તરીકેની ભૂમિકા ભજવવી આવશ્યક બની રહેશે.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને યુનિવર્સિટી એજ્યુકેશન કમિશન (૧૯૪૯)ના ચેરમેન તરીકે જણાવેલું કે :

"The library is the heart of all University's work : directly so, as regards its research work, and indirectly as regards its educational work, which designes its life from research work. Scientific research needs a library as well as laboratories, while for humanities research the library is both library & laboratory.

ગ્રંથપાલ માહિતી એકત્ર કરી, સુવ્યવસ્થિતરૂપે ગોઠવી વિસ્તરણ કરવાનું કાર્ય કરે છે. આ રીતે તે યોગ્ય સમયે, યોગ્ય વાચકને યોગ્ય માહિતી દ્વારા વાચકનો સમય બચાવે છે. માનવ સમાજે વિવિધ માધ્યમો દ્વારા એકત્ર કરેલ જ્ઞાનનું વિસ્તરણ કરવા ગ્રંથાલયો એ છડીદાર તરીકેનું કાર્ય કરે છે.

❑

યુનિવર્સિટીઓ દ્વારા ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ અર્થે તેમજ વિવિધ કંપનીઓમાં નોકરીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજવામાં આવે છે. આવી પરીક્ષાઓ માટે વિદ્યાર્થી જાતે તૈયારી કરી શકે તે હેતુસર સામાન્ય જ્ઞાનનાં પુસ્તકો વસાવવામાં આવ્યાં છે. કારકિર્દી માર્ગદર્શનમાં ઉપયોગી થઈ પડે તેવાં મેગેઝિનો તેમજ પુસ્તિકાઓ પણ નિયમિત મંગાવવામાં આવે છે.

કોલેજો અને યુનિવર્સિટીઓમાં સાંસ્કૃતિક અને બૌદ્ધિક કાર્યક્રમો યોજી યુવા પ્રતિભાઓને બહાર લાવવામાં આવે છે. આવી વક્તૃત્વ સ્પર્ધાઓ, સેમિનારો, જૂથ ચર્ચાઓ, કાવ્યપઠન, નાટકો, એકાંકી સ્પર્ધાઓ માટે ઉપયોગી થાય તેવાં પુસ્તકોને પણ યથાયોગ્ય પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના જાગૃત થાય તે પ્રકારની વાચનસામગ્રી પણ સાચવવામાં આવી છે. પરદેશની યુનિવર્સિટીઓમાં અભ્યાસ અર્થે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી શકે તેવાં પુસ્તકો પણ ગ્રંથાલયના સંદર્ભ વિભાગમાં વિદ્યાર્થીઓને માટે ઉપલબ્ધ છે.

માહિતી ટેકનોલોજીએ ગ્રંથાલયવિજ્ઞાન ક્ષેત્રે આમૂલ પરિવર્તનો આણ્યાં છે, ત્યારે ફક્ત પુસ્તકસંગ્રહ જ પર્યાપ્ત નથી. આ વિચારને અનુલક્ષીને દશ્યશ્રાવ્ય સામગ્રીના ભાગરૂપે ૨૫૦ જેટલી વિડિયો કેસેટો પણ સંગ્રહવામાં આવી છે, જે વિદ્યાર્થીને શૈક્ષણિકજ્ઞાન ઉપરાંત અન્ય વિષયોમાં પણ તેના જ્ઞાનની સીમાઓ વધારવામાં ઉપયોગી થઈ શકે તેમ છે.

પુસ્તકોમાં વાચનસામગ્રી માહિતીરૂપે તૈયાર થઈ વાચક સુધી પહોંચે ત્યાં સુધી ઘણી જૂની થઈ જતી હોય છે ત્યારે વાચકને છેલ્લામાં છેલ્લી માહિતીથી વાકેફ રાખવા સામયિકો અગત્યનો ભાગ ભજવે છે. આ માટે વિવિધ સામયિકો દ્વારા ગ્રંથાલયને સમૃદ્ધ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. રોજબરોજના બનાવો, રાજકારણ, રમતગમત, કારકિર્દી માર્ગદર્શન, ફેશન જેવા વિષયોના મેગેઝિનો ઉપરાંત 'અર્થસંકલન', 'યોજના' જેવાં અર્થશાસ્ત્રને લગતાં અનેક સામયિકો વિદ્યાર્થી અને શિક્ષકોની માગને પહોંચી વળવા માટે ઉપયોગી સાબિત થઈ રહ્યાં છે.

આ સર્વ વાચનસામગ્રીમાં ટોચનું સ્થાન ધરાવતાં સંદર્ભગ્રંથો, જ્ઞાનકોશો, શબ્દકોશો, વાર્ષિકો દ્વારા વાચનસામગ્રીને સમૃદ્ધ બનાવવાનો અને તેમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવી રહ્યો છે. આંકડાકીય માહિતી મેળવવા માટે World Development Report જેવા સંદર્ભગ્રંથોને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

ગ્રંથાલયમાં અભ્યાસપ્રેમી તેમ જ પુસ્તકપ્રેમી અધ્યાપકમિત્રો તેમ જ વિદ્યાર્થીઓનાં સલાહસૂચનોને સસ્મિત આવકારી ગ્રંથાલયની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખી સતત ગ્રંથાલય ભંડોળ તેમજ સેવાઓને વિકસાવવાના હૃદયપૂર્વકના સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. વિદ્યાર્થીઓ માહિતીસંગ્રહનો મહત્તમ ઉપયોગ કરે તે માટે સારી માહિતીસેવા આપવા સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવે છે.

સમગ્ર શિક્ષણ જગતનો હેતુ 'શીખવું' અને 'શીખવવું' છે. ત્યારે તેની પાયાની જરૂરિયાત માટે ગ્રંથાલયનો અન્ય કોઈ જ વિકલ્પ નથી. ગ્રંથાલયની અધ્યયન અને અભ્યાસમાં જેટલી અગત્યની ભૂમિકા છે તેટલી જ અગત્યની ગ્રંથપાલની પણ છે. હવે ગ્રંથપાલ એ ફક્ત 'રખેવાળ' જ નથી, પરંતુ તેની જવાબદારી અને કાર્યશૈલીને ધ્યાનમાં લેતાં, આધુનિક સમયમાં ગ્રંથપાલે એક માહિતીસેવક તરીકે 'Instructor of instructors'ની ભૂમિકા ભજવવાની છે. કોઈપણ શૈક્ષણિક સંસ્થાને મજબૂત બનાવવા ગ્રંથપાલે વાચકોના એક સાચા મિત્ર અને પરિપૂર્ણ માર્ગદર્શક તરીકેની ભૂમિકા ભજવવી આવશ્યક બની રહેશે.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને યુનિવર્સિટી એજ્યુકેશન કમિશન (૧૯૪૯)ના ચેરમેન તરીકે જણાવેલું કે :

"The library is the heart of all University's work : directly so, as regards its research work, and indirectly as regards its educational work, which designes its life from research work. Scientific research needs a library as well as laboratories, while for humanities research the library is both library & laboratory.

ગ્રંથપાલ માહિતી એકત્ર કરી, સુવ્યવસ્થિતરૂપે ગોઠવી વિસ્તરણ કરવાનું કાર્ય કરે છે. આ રીતે તે યોગ્ય સમયે, યોગ્ય વાચકને યોગ્ય માહિતી દ્વારા વાચકનો સમય બચાવે છે. માનવ સમાજે વિવિધ માધ્યમો દ્વારા એકત્ર કરેલ જ્ઞાનનું વિસ્તરણ કરવા ગ્રંથાલયો એ છડીદાર તરીકેનું કાર્ય કરે છે.

❑

## તમન્ના

ફક્ત સામે જ જોયા કરો છો
આગળ કંઈક કહો તો સારું.
તમારી ખામોશી મારી વ્યાકુળતા
કે 'ના'થી 'હા' સુધી જશો તો સારું.
મળી છે જ્યાં નજર આપની
હવે હૃદયના પણ મિલન કરો તો સારું.
ક્યાં સુધી ફક્ત દૂરથી જ નિહાળું તમને
સમીપ આવવાની એકાદ ક્ષણ આપો તો સારું.
શું ખબર તમને કે રાત મારી કેમ જાય છે
મુજ નયનોમાં તમારું સમણું સજાવો તો સારું.
'વિષાદ' ને તમન્ના છે જવાબની કે
મારા આ હૃદયની મુરાદ પૂરી કરો તો સારું.

- દીપક બી. પટેલ (એસ.વાય.બી.કોમ.)

❀

## પ્રતિબિંબ

ઝબક ઝબક થતા,
ચાંદરણાની માફક,
તેની બે નીલવર્ણી આંખોમાં,
પડતાં મારાં પ્રતિબિંબને જોવા,
તલસતી મારી આંખો,
પૂછે છે પ્રકાશને,
કદાચ મને જ ધોખો તો નહીં આપે ને !

- વૃજલાલ વી. મહેશ્વરી

# અનિશ્ચિતતાના સંદર્ભમાં માંગનું વિશ્લેષણ અને લોકોનું વર્તન

• પ્રા. શિલ્પા ત્રિવેદી

**પ્રસ્તાવના :**

અર્થશાસ્ત્રના અભ્યાસમાં આર્થિક સિદ્ધાંતની સમજ સરળતાથી આપવાના હેતુસર પુસ્તકોમાં તેની ચર્ચા નિશ્ચિત પરિસ્થિતિના સંદર્ભમાં થતી હોય છે, અને તે પણ ભૌતિક વસ્તુઓના સંદર્ભમાં, જ્યારે આપણે વસ્તુની વાત કરીએ છીએ ત્યારે બજારમાં, વસ્તુ અને સેવા બંનેનો સમન્વય કરીએ છીએ. ગ્રાહક વસ્તુઓ અને સેવાઓ ઉપરાંત બીજી કેટલીક વસ્તુઓ જેવી કે જીવનવીમાની પોલીસી, અકસ્માત સામે વીમો, તેમ જ લોટરીની ટિકિટો ખરીદે છે. આ ખરીદવા પાછળનું કારણ ગ્રાહક જે માનસિક અનિશ્ચિતતા અનુભવે છે અને એ અનિશ્ચિતતાને કારણે શક્ય જોખમોનો ભય તેને સતાવે છે, તે ભયને ઓછો કરવા અથવા નિવારવા માટે તે વીમો અને લોટરી વસ્તુની માફક ખરીદતો હોય છે. વ્યક્તિનું આ વર્તન પણ સમજવું જરૂરી છે.

અનિશ્ચિતતાની સ્થિતિમાં વસ્તુખરીદીની માફક વ્યક્તિ વાસ્તવમાં રોજગારી અને વ્યવસાય પસંદગીમાં પણ અનિશ્ચિતતાનો અનુભવ કરે છે. આવા સંજોગોમાં વ્યક્તિની પસંદગીની પ્રક્રિયા કેવી છે તે સમજવા માટે અર્થશાસ્ત્રી-ઓએ માંગના નિયમને જેને આપણે તુષ્ટિગુણના ખ્યાલની મદદથી પણ સમજાવીએ છીએ, તેને જોખમના સંદર્ભમાં જોવાનો પ્રયત્ન કર્યો છે. અહીં આ લેખમાં અનિશ્ચિતતા અને જોખમની સ્થિતિમાં તુષ્ટિગુણ અને માંગને કેવી રીતે સમજાવી શકાય તેની સરળ સમજૂતી આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ સમજૂતીનો આશય વર્ગોમાં માંગની જે સમજ આપવામાં આવે છે તેને વધુ વાસ્તવિક પરિપેક્ષમાં કેવી રીતે જોઈ શકાય તે છે.

## અનિશ્ચિતતાના સંદર્ભમાં માંગનો નિયમ

**સમસ્યા અને તેની પાશ્ચાત્ય ભૂમિકા :** અનિશ્ચિતતા અને જોખમના સંદર્ભમાં સમજૂતી ફ્રિડમેન અને સેવેજે પોતાના પેપર દ્વારા આપી. આ પેપર રજૂ કરવાનો મુખ્ય હેતુ જૂના તુષ્ટિગુણ વિશ્લેષણનું વિસ્તરણ કરવાનો છે. તુષ્ટિગુણ વિશ્લેષણમાં નિશ્ચિતતાની ધારણા (જોખમનો અભાવ) કરવામાં આવી હતી. પરંતુ ફ્રિડમેન અને સેવેજે કહ્યું કે વાસ્તવમાં લોકો પ્રાપ્ય વિકલ્પોમાંથી કોઈની પસંદગી મહત્તમ તુષ્ટિગુણ મેળવવા કરે છે, ત્યારે તેમાં જોખમનું તત્ત્વ રહેલુ હોય છે. વીમો અને જુગાર એ આવા જોખમોનાં સ્પષ્ટ ઉદાહરણો છે. જેમ કે મકાન સામે આગનો વીમો ઉતારનાર વ્યક્તિને થોડું નુકસાન પ્રિમીયમ ભરવાનું છે, પરંતુ જો વીમો ન ઉતારે અને આગથી મકાનનો નાશ થાય તો તેને બહુ મોટુ નુકસાન થઈ શકે. જેથી આ કિસ્સામાં તે અનિશ્ચિતતાને બદલે નિશ્ચિતતાની પસંદગી કરે છે, તે જ રીતે વ્યક્તિ જ્યારે લોટરીની ટિકિટ ખરીદે ત્યારે ટિકિટના પૈસા ગુમાવવાની શક્યતા ખુબ વધુ છે, તેની સામે મોટું ઈનામ મેળવવાની શક્યતા ખુબ ઓછી છે. આમ આ કિસ્સામાં વ્યક્તિ નિશ્ચિતતાને બદલે અનિશ્ચિતતાને પસંદ કરે છે તેમ કહેવાય.

નોકરી-ધંધામાં કે અમુક પ્રકારના મૂડીરોકાણમાં ચોક્કસપણે જોખમ જોવા મળે છે. નોકરી-ધંધામાં આવકપ્રાપ્તિ અંગેનું જોખમ રહેલું હોય છે. સરકારી નોકરીમાં આવકની વિભિન્નતા ઓછી જોવા મળે છે અને અતિશય વધુ આવક કે અતિશય ઓછી આવક મેળવવાની શક્યતા નહીવત્ રહે છે. જ્યારે ફિલ્મ અભિનેતાના કિસ્સામાં આવકનો તફાવત વધુ જોવા મળે છે. અતિશય વધુ આવક મેળવવાની શક્યતા ખૂબ ઓછી હોય છે, જ્યારે અતિશય નીચી આવક મેળવવાની શક્યતા વધુ હોય છે. આ જ રીતે જુદા જુદા મૂડીરોકાણમાં પણ જોખમની માત્રા જુદી જુદી હોય છે. જેથી વ્યકિત જોખમની માત્રા અનુસાર જુદા જુદા વિકલ્પોમાંથી એક વિકલ્પની પસંદગી કરે છે. હવે પ્રશ્ન એ થાય કે વ્યક્તિ કોઈ વિકલ્પની પસંદગી કરે ત્યારે જોખમ જેવા પરિબળને ધ્યાનમાં લે છે કે નહીં ? અને જો જોખમને ધ્યાનમાં લેવાતું હોય તો તે શું ભાગ ભજવે છે ? વસ્તુની પસંદગી વખતે જોખમ મહત્ત્વનો ભાગ ભજવે છે કે નહીં ?

વાસ્તવમાં ઘણા અર્થશાસ્ત્રીઓ નોકરી-ધંધામાં પ્રાપ્ત થતી આવક કે નફા અંગેના વિશ્લેષણમાં જોખમના પરિબળને ધ્યાનમાં અવશ્ય લે છે, પરંતુ જોખમરહિત વિકલ્પોની પસંદગીને તેઓ મહત્તમ તુષ્ટિગુણના ખ્યાલ દ્વારા સમજાવે છે, જ્યારે જોખમવાળા વિકલ્પોની પસંદગી કરતી વખતે મહત્તમ તુષ્ટિગુણના ખ્યાલને તરછોડવામાં આવે છે કેમ કે તુષ્ટિગુણ ઘટે છે એવી માન્યતાના સંદર્ભમાં તુષ્ટિગુણ

મહત્તમ કરવા તેઓ પ્રેરાય છે. જો નાણાનો સીમાંત તુષ્ટિગુણ ઘટતો હશે તો લોકો તુષ્ટિગુણ મહત્તમ કરવા પ્રયત્ન કરશે અને Fair game of Chance માં ભાગ નહીં લે.

દા. ત. એક રમત છે જેમાં ડોલર જીતવાની અને હારવાની સમાન તક છે. પરંતુ ડોલર જીતીને તુષ્ટિગુણ વધારવાની શક્યતા એ ડોલર હારીને તુષ્ટિગુણ ઘટાડવાની શક્યતા કરતાં ઓછી છે. જેથી રમતમાં ભાગ લેનાર માટે અપેક્ષિત તુષ્ટિગુણ નકારાત્મક હશે અને ઘટતો સીમાંત તુષ્ટિગુણ - મહત્તમ અપેક્ષિત તુષ્ટિગુણ થશે. જેનો અર્થ એ થાય કે આ પરિસ્થિતિ વ્યક્તિને જોખમ ઉઠાવવાની લાલચ પૂરી પાડશે. પરંતુ Implication વાસ્તવિક વર્તન સાથે વિરોધાભાસ ઊભો કરે છે. આમ લોકો ફક્ત Fair game of Chanceમાં જ ભાગ લે છે એવું નથી, પરંતુ લોટરી જેવી unfair gamesમાં પણ ભાગ લે છે. જોખમવાળા ધંધાઓ કે મૂડીરોકાણ હમેશાં ઊંચું વળતર આપતા નથી, ઘણીવાર તે સલામત ધંધા કે મૂડીરોકાણ કરતાં પણ નીચું વળતર આપે છે.

માર્શલ જોખમ સાથે વિકલ્પોની પસંદગીની સમજૂતી આપી અને મહત્તમ તુષ્ટિગુણના ખ્યાલને દૂર કરી ઉપર ઉદ્‌ભવેલા વર્તનના વિરોધાભાસનું સમાધાન કરે છે. એક ઉદાહરણ દ્વારા ગ્રાહકના વર્તનની માહિતી મેળવવા ધારો કે'બજારમાં A, B, C ત્રણ વિકલ્પો પ્રાપ્ય છે. જો ગ્રાહકના બજારવર્તનને આધારે જાણવા મળે કે તે B કરતાં A ને વધુ પસંદ કરે છે અને C કરતાં B ને વધુ પસંદ કરે છે તેનો અર્થ એ થાય કે ગ્રાહકને A માં B કરતા વધુ તુષ્ટિગુણ મળે છે અને B માંથી C કરતાં વધુ તુષ્ટિગુણ મળે છે. ગ્રાહકના વર્તન પરથી એ જાણવા મળે કે B વિકલ્પની નિશ્ચિતતાના સંદર્ભમાં A અને C ની પ્રાપ્તિની શક્યતા ૫૦-૫૦ હોય તો A અને B માંથી પ્રાપ્ત થતો તુષ્ટિગુણનો તફાવત B અને C માંથી પ્રાપ્ત થતા તુષ્ટિગુણના તફાવત કરતાં વધુ હશે. જેથી પસંદગીપાત્ર સંયોજનનો અપેક્ષિત તુષ્ટિગુણ એ B માંથી પ્રાપ્ત થતા તુષ્ટિગુણ કરતા વધુ હશે. જોખમવાળી પરિસ્થિતિમાં કે અનિશ્ચિતતામાં સરખા ક્રમાંકવાળા વિકલ્પો નિશ્ચિતતાના સરખા ક્રમાંકવાળા વિકલ્પો કરતાં વધુ મર્યાદિત હોય છે. જોખમરહિત પસંદગીમાં ક્રમલક્ષી તુષ્ટિગુણનો ઉપયોગ કરી શકાય છે. જ્યારે જોખમવાળી પરિસ્થિતિ કે પસંદગીમાં પ્રમાણલક્ષી તુષ્ટિગુણનો ઉપયોગ કરી શકાય છે.

જોખમ સામેના દરેક વ્યક્તિના પ્રતિઘાતોમાં સાતત્યનું તત્ત્વ જોવા મળતું નથી. આપણા ઉદાહરણ મુજબ ઘણીવાર લોકો A અને C ની પસંદગી ૫૦-૫૦ અનુસાર કરે છે. ઘણીવાર તેનાથી ઉલટું પણ કરે છે. કોઈવાર B ના બદલે A ને પસંદ કરે છે તો C ના બદલે B ને પસંદ કરે છે. વળી A ના બદલે C ને પસંદ કરે છે. આમા આપેલા તુષ્ટિગુણ વિધેય અનુસાર અપેક્ષિત તુષ્ટિગુણ મહત્તમ કરવા ગ્રાહકનું વર્તન જેવું હોવું જોઈએ તેના કરતા જુદુ પણ હોય છે. આમ જોખમ સામેના અમુક પ્રતિઘાતો ઘણીવાર સુસંગત હોય છે તો ઘણીવાર અસંગત પણ હોય છે. જેથી જોખમ કે અનિશ્ચિતતાના સંદર્ભમાં લોકોનો પ્રતિઘાત કેવો હશે તે (અનુભવમૂલક પ્રશ્ન) empirircal question બને છે. જેથી ચકાસણી જરૂરી બને છે (સીમાંત તુષ્ટિગુણ ઘટતો જાય છે, તે અંગે ઘણા વિવાદો છે. વળી અપેક્ષિત તુષ્ટિગુણ મહત્તમ કરવા લોકો ઇચ્છે તે પણ સાચું હોય તેવું ઘણા અર્થશાસ્ત્રીઓ માનતા નથી, કેમ કે જોખમના સંદર્ભમાં અપેક્ષિત તુષ્ટિગુણ નકારાત્મક (negative) હોય છે જેમ કે લોટરીમાં.)

### અવલોકિત વર્તન સુસંગત હોવું જોઈએ :

અનિશ્ચિતતાના સંદર્ભમાં માગનો નિયમ સમજાવવાના ફ્રિડમેન અને સેવેજના આ પ્રયત્નોના આ વિભાગમાં અનિશ્ચિતતાના સંદર્ભમાં લોકોનું વર્તન કેવું હોઈ શકે તે અંગેનું empirical testing કરવામાં આવ્યું છે કેમ કે વાસ્તવિક આર્થિક વર્તનને જોખમની પરિસ્થિતિમાં સમજાવવું તે જરૂરી છે. વ્યક્તિના મુખ્ય આર્થિક નિર્ણયો જેવા કે નોકરી-ધંધાની પસંદગી કરવી, મૂડીરોકાણ કઈ રીતે અને ક્યાં કરવું, વગેરેમાં જોખમ અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. જોખમની માત્રાને આધારે સાધનોના ઉપયોગને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે :

[a] જેમાં નાણાં પરત મેળવવા અંગેનું થોડું કે બિલકુલ જોખમ ન રહે. દા. ત., શાળામાં શૈક્ષણિક સેવા આપવી, સરકારી નોકરી કરવી, અન્ય જગ્યાએ વહીવટી કામગીરી કરવી, સરકારી બોન્ડમાં રોકાણ, અમુક વાસ્તવિક સંપત્તિમાં રોકાણ વગેરે.

[b] જેમાં ઓછું, મધ્યમ કે નરમકક્ષાનું જોખમ હોય જેમ કે dentistry, હિસાબીકામ, અમુક સંચાલકીય કામ, મર્યાદિત હરિફાઈ હોય તેવા વ્યાપાર-ધંધાઓ, અમુક પ્રકારની જામીનગીરીઓમાં રોકાણ (lowergrade-bonds) વગેરે.

[c] જેમાં વધુ જોખમ હોય. એટલે કે ઘણીવાર અતિશય લાભ થાય તો ઘણીવાર અતિશય ખોટ જાય તેવા ક્ષેત્રો જેવા કે શારીરિક જોખમના ધંધાઓ, પાઈલોટ, ઓટોમોબાઈલ્સ રેસ, તેમજ દવાઓ અને કાયદાઓનાં ક્ષેત્રો, સટ્ટાકીય પ્રવૃત્તિ થતી હોય તેવા શેરોમાં રોકાણ, જોખમી સંપત્તિમાં રોકાણ વગેરે.

ઉપર દર્શાવેલ સાધનોના ત્રણ ઉપયોગોમાં સામાન્ય રીતે લોકો (a) અને (c) વિભાગને B વિભાગ કરતાં વધુ પસંદ કરે છે તેવું સિદ્ધાંતોમાં દર્શાવવામાં આવે છે, પરંતુ સામાન્ય રીતે લોકો ઓછું કે વધુ જોખમ ઉઠાવવાને બદલે મધ્યમકક્ષાનું જોખમ ઉઠાવવાનું વધારે પસંદ કરે છે. જેથી માર્શલ કહે છે કે એવા ઘણા માણસો હોય છે કે જેઓ સાદું સરળ અને સદ્‌ગૃહસ્થ જીવન જીવવા માંગતા હોય તેવા લોકો વર્ષે ચોક્કસ રકમ પ્રાપ્ત થાય તેવું ઇચ્છતા હોય છે, જેમકે વર્ષે વગર જોખમે ૪૦૦ ડોલર મળતા હોય તો તે તેમના માટે પૂરતા હોય છે. જો કે તેઓ અન્ય રસ્તાઓ દ્વારા ૨૦૦ ડોલર વધુ એટલે કે ૬૦૦ ડોલર મેળવી શકે તેમ હોવા છતાં તેઓને એ રીતે વર્તવું એટલે કે જોખમ ઉઠાવવું પસંદ હોતું નથી. આવા કિસ્સામાં અનિશ્ચિતતાની પરિસ્થિતિ મહત્ત્વની રહેતી નથી. અનિશ્ચિતતા કે જોખમ ખૂબ ઓછા લોકોને આકર્ષે છે. પોતાની કારકિર્દી શરૂ કરનાર લોકો માટે અનિશ્ચિતતા વિઘ્નરૂપ હોય છે તેથી તેઓ નિશ્ચિતતાને પસંદ કરે છે, તે સ્વાભાવિક છે. પરંતુ બીજી બાજુ એવા વેપાર-ધંધાઓ કે જેમાં અતિશય ઊંચા વળતર પ્રાપ્ત થતા હોય કે થવાની શક્યતા હોય તેવા ક્ષેત્ર તરફ લોકોનું આકર્ષણ વધતું જાય છે.

એડમસ્મિથ કહે છે કે નફાનો સામાન્ય દર જોખમની સાથે હંમેશા ઓછાવત્તા અંશે વધે છે, પરંતુ તે પ્રમાણસર વધતો નથી કે જેથી લોકો જોખમની સામે સંપૂર્ણ વળતર મેળવી શકે. પરંતુ દરેક વેપાર-ધંધામાં સફળતાની આશા કામ કરતી હોય છે જે વ્યક્તિઓને જોખમ ઉઠાવવાની લાલચ પૂરી પાડે છે. જેના કારણે હરીફાઈ વધે છે અને હરીફાઈથી નફાનો દર એટલો ઘટે છે કે જોખમને નિવારવા જરૂરી હોય તેટલું વળતર પણ મેળવી શકાતું નથી. એટલે કે નફાનો દર જોખમને Compensate કરી શકાય તેના કરતાં પણ નીચો જાય છે. Edwin Cannan મૂડીરોકાણ પર પ્રાપ્ત થતા વળતરના દરની ચર્ચા કરે છે અને એવું તારણ કાઢે છે કે મૂડીરોકાણના એવા વર્ગો કે જેમાં વળતર સરેરાશ પ્રાપ્ત થતું હોય તેમાં રોકાણકારોને ના વધુ જોખમ સહન કરવું પડે છે કે ના રોકાણ બહુ સુરક્ષિત હોય છે, પરંતુ મૂડીરોકાણના આવા Intermediate Classમાં ગભરામણ કે જુગારની પ્રાકૃતિક પ્રેરણા પણ હોતી નથી.

જોખમની મધ્યમમાત્રા સાથે અતિશય સુરક્ષિત કે અતિશય જોખમી મૂડીરોકાણની પસંદગી એ વીમો અને લોટરીની ટિકિટ ખરીદનાર લોકોની મરજીનો એક ભાગ છે. જુદી જુદી આવક મેળવનાર વર્ગોની વીમો ઉતારવાની મરજી એ મજબૂત Empirical evidence (અનુભવમૂલક પુરાવો) છે. વીમાકંપનીઓ પોતાના ખર્ચાઓ પ્રીમિયમમાંથી કાઢે છે. જ્યારે વીમો ઉતારનારે જે નુકસાનીની સામે વીમો ઉતાર્યો હોય તેના સરેરાશ વળતર કરતાં વધુ પ્રીમિયમ ભરે છે. આમ જોખમમાંથી બચવા લોકો પ્રીમિયમ ભરે છે. તે જ રીતે લોટરીની ટિકિટોની ખરીદી તેમ જ અન્ય પ્રકારના જુગારમાં લોકો જોડાતા હોય છે અને આવી પ્રવૃત્તિઓ વધતી જ જાય છે તે પણ એક empirircal evidence છે કે લોકો જુગારકારક ક્ષેત્રોમાં ભાગ લે છે. સરકારે પણ તે અનુભવ્યું છે કે લોટરી આવક વધારવાનું એક સાધન છે. અમેરિકામાં પણ લોટરી અને અન્ય પ્રકારની જુગારી રમતો જોવા મળે છે, અને તે પણ ખાસ કરીને નીચી આવક ધરાવતા વર્ગોમાં.

વાસ્તવમાં અનિશ્ચિતતા પ્રવર્તે છે કે લોકો જોખમ ઉઠાવવા તૈયાર હોય છે તે અંગે આપણી પાસે કોઈ પ્રત્યક્ષ પુરાવો નથી, પરંતુ પરોક્ષ પુરાવા અને સકારણ નિરીક્ષણ (Causal Observation)ના આધારે આપણને વિશ્વાસ બેસે છે કે વાત સાચી છે. એટલે કે જુગાર, લોટરી કે વીમો વગેરે પ્રવૃત્તિનું વિસ્તરણ આ દલીલને ટેકો આપે છે. લોકો પોતાની મૂડી ક્યાં અને કેવી રીતે રોકે છે તેના આધારે પણ જોખમ અંગેની માહિતી આપણે મેળવી શકીએ છીએ. અર્થતંત્રમાં થતા મૂડીરોકાણને આધારે આપણે કહી શકીએ કે અતિશય ઊંચા વળતરની શક્યતા હોય તેવા extremely Speculative Stocksમાં ગરીબ લોકો વધુ મૂડીરોકાણ કરે છે.

જ્યારે કોઈ વ્યક્તિ એક સાથે લોટરી ખરીદે અને વીમો પણ ઉતરાવે ત્યારે તેનું વર્તન સમજાવવું મુશ્કેલ બને છે, કેમ કે તેનું વર્તન અસંગત બને છે કેમ કે એક બાજુ જોખમ દૂર કરવા માટે વીમો ઉતારે છે જ્યારે બીજી બાજુ લોટરીની ટિકિટ ખરીદી જોખમ ઉઠાવે છે. કમનસીબે, Empirical evidence સરળતાથી તૈયાર મળી રહેતા

નથી, તેમ છતાં પ્રાપ્ય માહિતીને આધારે એટલું ચોક્કસ કહી શકાય કે લોકો એવા પ્રકારના જુગારમાં ચોક્કસ ભાગ લે છે કે જેમાં ઊંચા મળતરની નાની તક હોય જેમ કે લોટરી અને 'blue sky' જામીનગીરીઓ.

અનિશ્ચિતતાના સંદર્ભમાં ન્યુમન-મોર્ગેસ્ટનનું કામ ખૂબ મહત્ત્વનું છે. આ અર્થશાસ્ત્રીઓ બજારની પરિસ્થિતિ સમજાવવા માટે 'રમતના સિદ્ધાંત'નો (theory of game) ઉપયોગ કરે છે. અને રમતનો સિદ્ધાંત એ હરીફાઈનો સિદ્ધાંત છે. તેમાં ભાગ લેનાર પક્ષો હંમેશા જ્યારે જીતવાનો પ્રયત્ન કરે છે તેમાં સૂચિતપણે મહત્તમ લાભ મેળવવાની વૃત્તિ પ્રબળપણે જોવા મળે છે. આ રમત પછી ક્રિકેટ હોય, ટેનિસ હોય, ખોખો હોય, ઉદ્યોગો વચ્ચેની હરિફાઈ હોય કે પછી બજારમાં ખરીદનાર અને વેચનાર વચ્ચેના સોદાઓ અંગે થતી રકઝક હોય, આ બધામાં મહત્તમ લાભપ્રાપ્તિ અને ન્યુનતમ ખર્ચ પાયામાં રહેલો છે. ન્યુમન અને મોર્ગેસ્ટને આ મનોવૈજ્ઞાનિક વલણને સિદ્ધાંતમાં કંડારવાનો પ્રયત્ન કરીને તુષ્ટિગુણ વિશ્લેષણ દ્વારા માંગની તેમ જ ગ્રાહકના વર્તનની સમજ આપવાનો પ્રયત્ન કર્યો છે.

❑

---

## જીવનમાં ઉતારવા જેવું

- ત્રણ કોઈની રાહ જોતા નથી.
  સમય, મૃત્યુ અને ગ્રાહક.
- ત્રણ વસ્તુ જીવનમાં એક જ વાર મળે છે.
  મા, બાપ અને જુવાની.
- ત્રણ ગયા પછી પાછાં વળતા નથી.
  તીર કમાનથી , વાણી જીભથી, પ્રાણ દેહથી.
- ત્રણ પર હમેશાં પડદો રાખો.
  ધન, સ્ત્રી અને ભોજન.
- ત્રણથી બચવા પ્રયત્ન કરો.
  ખોટી સંગત, સ્વાર્થ અને નિંદા.
- ત્રણ પર મન લગાવવાથી પ્રગતિ થાય.
  ઈશ્વર, મહેનત અને વિદ્યા.
- ત્રણ કદી ભૂલશો નહીં.
  દેવું, ફરજ અને માંદગી.
- ત્રણનું સદા સમ્માન કરવું.
  માતા, પિતા અને ગુરુ.

• સંકલન : હાર્દિક વી. ઠક્કર (એસ.વાય.બી.કૉમ.)

# એચ. કે. કોમર્સ કોલેજ પરિવાર : ૧૯૯૮-૯૯

### આંકડાશાસ્ત્ર

૧. પ્રિ. એ. એમ. પટેલ
૨. શ્રી એસ. ડી. પરીખ
૩. શ્રી ડી. એચ. પ્રજાપતિ
૪. શ્રી સી. ડી. પટેલ
૫. કુ. નેહાબહેન એ. પટેલ

### એકાઉન્ટન્સી-કૉમર્સ

૬. શ્રી એસ. એ. ગાંધી
૭. શ્રી એમ. બી. ગાંધી
૮. શ્રી એમ. એન. મોદી
૯. શ્રી પી. બી. પારેખ
૧૦. શ્રી આર. આર. ગાંધી
૧૧. શ્રી એ. એસ. શાહ
૧૨. શ્રી પી. એન. શાહ
૧૩. શ્રી એસ. પી. મહેતા
૧૪. શ્રી દક્ષાબહેન આર. પટેલ
૧૫. શ્રી જ્યોતિબહેન ડી. શાહ
૧૬. શ્રી એસ. એ. ચિંતામન
૧૭. શ્રી જયશ્રીબહેન પી. પટેલ
૧૮. શ્રી એન. કે. શાહ

### અંગ્રેજી

૧૯. ડૉ. વર્ષાબહેન આર. શાહ
૨૦. શ્રી એસ. બી. દેસાઈ
૨૧. શ્રી નિલોફરબહેન જી. અંબાત
૨૨. શ્રી ડી. પી. સોની
૨૩. શ્રી એન. પી. સથવારા

### અર્થશાસ્ત્ર

૨૪. શ્રી બી. સી. શાહ
૨૫. શ્રી ટી. એન. ઠક્કર
૨૬. શ્રી સંધ્યાબહેન પી. પટેલ
૨૭. શ્રી કે. પી. શુક્લ
૨૮. શ્રી શિલ્પાબહેન ત્રિવેદી

### રમતગમત વિભાગ

૨૯. શ્રી એન. જે. શાહ

### ગ્રંથપાલ

૧. કુ. પ્રભાબહેન વી. પટણી

### બિનશિક્ષક કર્મચારીઓ

૧. શ્રી પ્રવીણભાઈ સી. બ્રહ્મભટ્ટ
૨. શ્રી નવીનભાઈ એમ. શાહ
૩. શ્રી નિરંજન એન. પારેખ
૪. શ્રી ઈબ્રાહીમ એચ. મીનાપરા
૫. શ્રી વૃજલાલ વી. મહેશ્વરી
૬. શ્રી કિશોરભાઈ કે. મકવાણા
૭. શ્રી જયેશ એમ. રાવલ
૮. શ્રી હર્ષદ એન. જોટંગીયા
૯. શ્રી સંદીપ બી. શાહ

### સેવકવર્ગ

૧. શ્રી ગોવિંદ સી. પટેલ
૨. શ્રી હિંમતસિંહ કે. ઝાલા
૩. શ્રી કાળુજી પી. પટેલ
૪. શ્રી અમરસિંહ જી. ઠાકોર
૫. શ્રી રામફેર આર. યાદવ
૬. શ્રી લાલજી આર. પટેલ
૭. શ્રી ચંચળબહેન કે. મિસ્ત્રી
૮. શ્રી મહેન્દ્ર એન. રાઠોડ

## કોષ્ટક નં. ૧ : વિદ્યાર્થી સંખ્યા

| વર્ષ | કુલ સંખ્યા | બહેનો | | ભાઈઓ | |
|---|---|---|---|---|---|
| | | સંખ્યા | ટકામાં | સંખ્યા | ટકામાં |
| ૧૯૯૧-૯૨ | ૧૩૮૧ | ૭૮૪ | ૫૬.૫૭ | ૫૯૭ | ૪૩.૨૩ |
| ૧૯૯૨-૯૩ | ૧૩૪૬ | ૭૭૫ | ૫૭.૫૮ | ૫૭૧ | ૪૨.૪૨ |
| ૧૯૯૩-૯૪ | ૧૪૦૫ | ૮૮૩ | ૬૨.૮૫ | ૫૨૨ | ૩૭.૧૫ |
| ૧૯૯૪-૯૫ | ૧૪૨૩ | ૮૮૨ | ૬૧.૯૮ | ૫૪૧ | ૩૮.૦૨ |
| ૧૯૯૫-૯૬ | ૧૪૦૩ | ૮૮૬ | ૬૩.૧૫ | ૫૧૭ | ૩૬.૮૫ |
| ૧૯૯૬-૯૭ | ૧૩૩૨ | ૮૧૬ | ૬૧.૨૬ | ૫૧૬ | ૩૮.૭૪ |
| ૧૯૯૭-૯૮ | ૧૫૯૫ | ૯૪૧ | ૫૯.૦૦ | ૬૫૪ | ૪૧.૦૦ |
| ૧૯૯૮-૯૯ | ૧૬૬૮ | ૯૯૭ | ૫૯.૭૭ | ૬૭૧ | ૪૦.૨૩ |

## કોષ્ટક નં. ૨ : પરીક્ષાનાં પરિણામો

| વર્ષ | પરિણામ ટકામાં | | | પ્રથમ વર્ગ સાથે પાસ થનારની સંખ્યા | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | પ્ર.વ.બી.કૉમ. | દ્વિ.વ.બી.કૉમ. | તૃ.વ.બી.કૉમ. | પ્ર.વ.બી.કૉમ. | દ્વિ.વ.બી.કૉમ. | તૃ.વ.બી.કૉમ. | |
| ૧૯૯૧-૯૨ | ૮૮.૫૮ | ૮૧.૧૧ | ૬૫.૧૮ | ૫ | ૧૮ | ૧૨ | ૩૫ |
| ૧૯૯૨-૯૩ | ૯૧.૬૨ | ૮૦.૨૬ | ૬૭.૨૪ | ૩૬ | ૪ | ૧૯ | ૫૯ |
| ૧૯૯૩-૯૪ | ૯૦.૭૮ | ૭૯.૦૦ | ૬૨.૨૬ | ૧૯ | ૧૪ | ૦૪ | ૩૭ |
| ૧૯૯૪-૯૫ | ૯૧.૯૧ | ૮૦.૪૪ | ૭૨.૧૦ | ૨૧ | ૮ | ૨૧ | ૫૦ |
| ૧૯૯૫-૯૬ | ૯૨.૩૮ | ૮૩.૩૩ | ૭૨.૭૩ | ૧૫ | ૨૩ | ૧૮ | ૪૬ |
| ૧૯૯૬-૯૭ | ૯૪.૩૫ | ૮૪.૪૩ | ૭૯.૭૪ | ૧૧ | ૧૭ | ૨૬ | ૫૪ |
| ૧૯૯૭-૯૮ | ૯૭.૦૬ | ૯૪.૭૭ | ૮૧.૧૪ | ૩૭ | ૩૬ | ૩૪ | ૧૦૭ |

પોતાને પંડિત માનનાર મૂર્ખ લોકો હંમેશાં
પાપકર્મોમાં ખૂંચેલા રહે છે.

## કોષ્ટક નં. ૩ : પ્રથમ વર્ગમાં પ્રથમ આવેલ વિદ્યાર્થીઓ

| વર્ષ | પ્રથમ વર્ષ બી.કોમ. | દ્વિતીય વર્ષ બી.કોમ. | તૃતીય વર્ષ બી.કોમ. |
|---|---|---|---|
| ૧૯૯૧-૯૨ | સિદ્ધપુરા મુકુંદ વી. | તંબોળી મનોજકુમાર આર. | પટેલ સુરેશકુમાર કે. |
| ૧૯૯૨-૯૩ | ચૌધરી સરોજ જી. | જાની દીપક આર. | તંબોળી મનોજકુમાર આર. |
| ૧૯૯૩-૯૪ | ઉમાટે આશિષ એસ. | ચૌધરી સરોજ જી. | પટેલ શાન્તિલાલ ઓ. |
| ૧૯૯૪-૯૫ | બશેરી પ્રણવ એન. | ઉમાટે આશિષ એસ. | પટેલ કૌશિક એન. |
| ૧૯૯૫-૯૬ | પરીખ નિયતિ એસ. | કિનખાબવાલા નીરવ આર. | જોષી અર્ચના એમ. |
| ૧૯૯૬-૯૭ | સંઘવી પલ્કેશકુમાર વી. | નંદાણીયા માલદે કે. | કિનખાબવાલા નીરવ આર. |
| ૧૯૯૭-૯૮ | શાહ અંકુરકુમાર એમ. | પોરવાલ કોશલ એફ. | શાહ જીજ્ઞા એ. |

## કોષ્ટક નં. ૪ : વિદ્યાર્થીમંડળના હોદ્દેદારો

| વર્ષ | મહા મંત્રી | ચર્ચા મંત્રી | સાંસ્કૃતિક મંત્રી | રમતગમત મંત્રી | ખજાનચી |
|---|---|---|---|---|---|
| ૧૯૯૧-૯૨ | શ્રી બાબુભાઈ દેસાઈ | કુ. વૈશાલી પટેલ | શ્રી મહિપત ચાવડા | શ્રી ભરત દેસાઈ | શ્રી કલ્પેશ રાવલ |
| ૧૯૯૨-૯૩ | શ્રી દિનેશ લશ્કરી | કુ. વૈશાલી પટેલ | શ્રી સરતાનખાન પઠાણ | શ્રી રાજવીરસિંહ ઝાલા | શ્રી દત્તાત્રેય વ્યાસ |
| ૧૯૯૩-૯૪ | કુ. નીરા સિંધાણીયા | શ્રી કૌશિક પટેલ | કુ. જયશ્રીબેન પટેલ | કુ. સરોજબેન ચૌધરી | કુ. આરતી તન્ના |
| ૧૯૯૪-૯૫ | કુ. સરોજ ચૌધરી | શ્રી વિમલ દેસાઈ | કુ. સંગીતાબેન પટેલ | શ્રી વસંતકુમાર પટેલ | શ્રી મુકુન્દ સિદ્ધપુરા |
| ૧૯૯૫-૯૬ | શ્રી આશિષ ઉમાટે | શ્રી ભરત પંડ્યા | કુ. દીપાબહેન પટેલ | શ્રી પ્રણવ બશેરી | કુ. અર્ચના જોષી |
| ૧૯૯૬-૯૭ | શ્રી નીરવ કિનખાબવાલા | કુ. હંસા મકવાણા | શ્રી ફારગુનભાઈ દરજી | શ્રી પરાગ સોની | શ્રી આશિષ શર્મા |
| ૧૯૯૭-૯૮ | શ્રી માલદે નંદાણીયા | શ્રી પલ્કેશકુમાર સંઘવી | શ્રી મહેન્દ્રકુમાર કમલાણી | શ્રી વિશાલકુમાર ભટ્ટ | શ્રી નીલેશકુમાર જૈન |
| ૧૯૯૮-૯૯ | શ્રી વિશાલ ભટ્ટ | શ્રી કૌશલકુમાર પોરવાલ | શ્રી અંકુરકુમાર શાહ | શ્રી નીલેશકુમાર શર્મા | શ્રી પલ્કેશ સંઘવી |

જેને મૃત્યુ સાથે મિત્રતા છે, જે તેના હાથમાંથી ભાગી શકે છે, અથવા 'હું મરવાનો નથી' એવું જે જાણે છે તે જ એવો વિચાર કરી શકે છે કે 'હું આવતી કાલે કરીશ.'

# કૉલેજની રમતગમત ક્ષેત્રની પ્રવૃત્તિઓનું વિહંગાવલોકન :

• પ્રા. નવીનભાઈ શાહ

આપણી કૉલેજમાં શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ઉપરાંત રમતગમતની અનેકવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. અમદાવાદ ઝોન, ગુજરાત યુનિવર્સિટી, રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ અનેક સિદ્ધિઓ મેળવેલ છે તેમજ કેટલીક સ્પર્ધાઓમાં કેપ્ટન તરીકેની પણ ફરજો બજાવેલ છે. આ તબક્કે વિદ્યાર્થીઓની ગૌરવવંતી સિદ્ધિઓને બિરદાવું છું અને તે અંગેનો અહેવાલ સંક્ષિપ્તમાં રજૂ કરતાં આનંદની લાગણી અનુભવું છું.

**ચેસ :** યુસુફ શેખ યુનિવર્સિટી સ્પર્ધામાં બે વખત ચેમ્પિયન થયેલા અને ઑલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં પણ ભાગ લીધેલો. તેમજ ગુજરાત રાજ્યની ચેસ ટીમના સભ્ય તરીકે નેશનલ 'બી' ટુર્નામેન્ટમાં દશ વખત ભાગ લઈ કૉલેજના ગૌરવમાં વધારો કર્યો છે.

**કુસ્તીમાં :** ચંદ્રકાન્ત પટેલ.

**બોક્ષીંગમાં :** નિખીલ મહેતા અને અલ્કેશ વ્યાસ.

**સ્વીમિંગમાં :** રાજેશ સોની આંતરઝોન સ્પર્ધાઓમાં ચેમ્પિયન થયેલા.

**વેઈટલીફ્ટિંગ :** નિમેશ મોદી અને દલવીરસિંગ શીખે આંતરઝોન તેમજ રાજયકક્ષાની સ્પર્ધામાં ચેમ્પિયનશીપ મેળવી હતી.

**કબડ્ડીની** ભાઈઓની રમતમાં દલવીરસિંગ શીખ અને બહેનોની રમતમાં નયના પંચાલ અને નયના પટેલ યુનિવર્સિટીની ટીમમાં પસંદગી પામ્યાં હતાં તેમજ તેમણે ઑલ ઈન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લીધો હતો.

**વૉલીબૉલની** રમતમાં રૂપલ પટેલ, સંગીતા પટેલ અને જાગૃતિ સુથારે યુનિવર્સિટીની ટીમમાં પસંદગી પામી, ઑલ ઈન્ડિયા ઇન્ટર યુનિવર્સિટીમાં ભાગ લીધેલો. આ બહેનો સાથે નાઈ જાગૃતિએ નેશનલ સ્પર્ધામાં પણ ભાગ લીધેલો.

**ખોખોની** રમતમાં શિલ્પા ભોજકર, શર્મિષ્ઠા શ્રીમાળી અને સીમા તીરમીજીએ ઑલ ઈન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લીધેલો. શિલ્પા ભોજકરે સતત પાંચ વર્ષ સુધી ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લીધેલ છે અને આ વર્ષે યુનિવર્સિટીની ટીમના કેપ્ટન તરીકે નેતૃત્વ પૂરું પાડ્યું છે.

**રાયફલ શુટિંગની** સ્પર્ધામાં કેયૂર ગાંધી, રામકૃષ્ણ તથા સીમા પરદેશી કૉલેજ શુટિંગ સ્પર્ધામાં પ્રથમ આવી ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. સીમા પરદેશીએ આ વિવિધ સ્પર્ધામાં સાત વખત ગોલ્ડ મેડલ અને કુલ ૩૦થી વધુ ચંદ્રકો ઉપરાંત ત્રણ વખત રજયકક્ષાએ ભાગ લઈ કૉલેજને ગૌરવ અપાવ્યું છે.

**કરાટે :** પૂર્વાંગ નાયક અને અજીતસિંહ યાદવ રાજયની કરાટેની સ્પર્ધામાં પ્રથમ નંબરે આવેલા અને ઑલ ઈન્ડિયા કરાટે સ્પર્ધામાં પ્રથમ આવી તેમણે નેશનલ ગોલ્ડ મેડલ મેળવ્યો છે. પૂર્વાંગ નાયક ગુજરાત રાજ્યની ટીમમાં પસંદગી પામેલા. તેમણે ઓલ ઈન્ડિયા કરાટે સ્પર્ધામાં પ્રથમ આવી ત્રણ વખત ગોલ્ડ મેડલ મેળવ્યો છે. તેઓ 'બ્લેક બેલ્ટ સેકન્ડ ડોન' (જાપાન) ડીગ્રી મેળવનાર ગુજરાતના પ્રથમ ખેલાડી છે તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ કાંસ્ય ચંદ્રક પણ મેળવ્યો છે. આ યશસ્વી સિદ્ધિઓ માટે તેમને ખૂબ ખૂબ અભિનંદન.

**ક્રિકેટ :** ક્રિકેટની રમતમાં બહેનોની ટીમે નવ વખત યુનિવર્સિટીની સ્પર્ધામાં ચેમ્પિયનશીપ મેળવીને કૉલેજની સિદ્ધિઓમાં ચાર ચાંદ લગાડ્યા છે. ક્રિકેટની રમતમાં બહેનોનો ઊંડો રસ અને ઉત્સાહ, ગૌરવપ્રદ સિદ્ધિઓ ખરેખર અભિનંદનને પાત્ર છે. કૉલેજની બહેનોની ક્રિકેટ ટીમમાંથી કેટલીયે બહેનો અમદાવાદ ઝોન, ગુજરાત યુનિવર્સિટી, ઑલ ઈન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી અને ગુજરાત રાજ્ય કક્ષાએ પસંદગી પામી કૉલેજ, યુનિવર્સિટી અને રાજ્યને ગૌરવવંતુ રાખ્યું છે તેનો અમને સવિશેષ આનંદ છે.

સીમા શાહ, જાગૃતિ દેસાઈ, હીમાની પટેલ, રાજશ્રી પટેલ, તૃપ્તિ ત્રિવેદી, તૃપ્તિ ઠાકોર, નાઝીમા શેખ, માલા મોદી, મોનિકા ત્રિપાઠી, હીરલ શુક્લ, રવિના ઉપાધ્યાય, ફાલ્ગુની દવે, શ્રૃતિ શાહ, જીગીષા પટેલ, દીપ્તિ સોની, સેજલ મહેતા, હિમવર્ષા ભટ્ટ, નેહા શાહ, શિલ્પા ભોજકર, પ્રીતિ વર્મા, હેતલ પટેલ, પાયલ પંચાલ, કોમલ કંસારા, નેહલ ગાંધી, ભૂમિ કારિયા અને સુષ્મા પરમાર વગેરેએ ગુજરાત યુનિવર્સિટીની ટીમમાં પસંદગી પામી ઑલ ઈન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લીધો હતો. વધુમાં હેતલ પટેલ, નેહા શાહ અને પ્રીતિ વર્માએ ગુજરાત યુનિવર્સિટીની

ટીમના કેપ્ટન તરીકેની પણ ફરજ બજાવેલી.

મોનિકા ત્રિપાઠી, શ્રુતિ શાહ, હિમવર્ષા ભટ્ટ, નેહા શાહ, હેતલ પટેલ, પાયલ પંચાલ, પ્રીતિ વર્મા, કોમલ કંસારા, શિલ્પા ભોજકર, નેહલ ગાંધી, પ્રીતિ પટેલ, પ્રતીક્ષા પટેલ, ભૂમિ કારિયા, અવનિકા પટેલ વગેરે ગુજરાત રાજ્યની બહેનોની ટીમમાં પસંદગી પામેલાં અને ઑલ ઈન્ડિયા નેશનલ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. વિશેષમાં નેહા શાહ, હેતલ પટેલ, પ્રીતિ વર્મા, હીમવર્ષા ભટ્ટ અને ભૂમિ કારિયાએ ગુજરાત રાજ્યની ટીમના કેપ્ટન તરીકે યશસ્વી ફાળો આપ્યો હતો.

નેહા શાહ, પ્રીતિ પટેલ, કોમલ કંસારા, સુષ્મા પરમાર, શિલ્પા ભોજકર, પ્રતીક્ષા પટેલ, અવનિકા પટેલ, નેહલ ગાંધી, સેજલ ઠક્કર, ભૂમિ કારિયા, હેતલ પટેલ, પાયલ પંચાલ અને પ્રીતિ વર્મા વગેરેએ વેસ્ટ ઝોન સ્પર્ધામાં તેમજ નેશનલ સ્પર્ધામાં ભાગ લીધો હતો. વેસ્ટ ઝોન સ્પર્ધામાં હેતલ પટેલને બેસ્ટ બેટ્સવુમનનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. ગુજરાત રાજ્યની સ્પર્ધામાં પાયલ પંચાલને 'વુમન ઓફ ધી સીરીઝ'નું બિરૂદ અને વેસ્ટઝોનની સ્પર્ધામાં બોલર તરીકેનું રૂ. ૫૦૧નું ઇનામ આપવામાં આવ્યું હતું. વેસ્ટઝોન ટીમના વાઈસ કેપ્ટન તરીકે પ્રીતિ વર્માની પસંદગી થઈ હતી. આ બધી યશસ્વી સિદ્ધિઓથી કૉલેજના ગૌરવમાં અનેરો વધારો થયો છે.

આ વર્ષે બહેનોની ક્રિકેટ ટીમ અમદાવાદ ઝોન તેમજ ગુજરાત યુનિવર્સિટીમાં નવમી વખત ચેમ્પિયન થઈ છે. પ્રીતિ વર્મા, હેતલ પટેલ, નેહા શાહ, પાયલ પંચાલ, નેહલ ગાંધી, ભૂમિ કારિયા અને સુષ્મા પરમારે યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામી ઑલ ઈન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં હૈદરાબાદ મુકામે ભાગ લીધેલો. આ બહેનો ઉપરાંત શિલ્પા ભોજકર ગુજરાત રાજ્યની ટીમમાં પણ પસંદગી પામેલાં. બહેનોની ખોખોની ટીપ અમદાવાદ ઝોનમાં ત્રીજા નંબરે આવેલી.

સીમા તીરમીજી હેન્ડબોલની સ્પર્ધામાં અમદાવાદ ઝોનમાં પસંદ પામ્યા હતાં અને જૂડો સ્પર્ધામાં પ્રથમ આવ્યાં હતાં. ગુજરાત રાજ્યની ફેન્સિંગ (તલવાર) સ્પર્ધામાં ચેમ્પિયન થયેલાં અને લખનૌ મુકામે યોજાયેલ નેશનલ સ્પર્ધામાં પણ ભાગ લીધેલો. ખોખો અને કબડ્ડીની સ્પર્ધામાં યુનિવર્સિટીની ટીમમાં પસંદગી પામેલાં. એક સાથે આ બધી સ્પર્ધાઓમાં સન્માનજનક સિદ્ધિઓ મેળવીને કૉલેજનું ગૌરવ વધાર્યું છે. તેથી તેમને ખૂબ ખૂબ અભિનંદન.

જૂડો સ્પર્ધામાં વિશાલ ભાવસારે અમદાવાદ ઝોનમાં દ્વિતીય સ્થાન અને યુનિવર્સિટીની સ્પર્ધામાં પણ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.

રમતગમતની આ બધી પ્રવૃત્તિઓમાં ગૌરવપ્રદ સિદ્ધિઓ મેળવવા બદલ ખેલાડી ભાઈ-બહેનોને જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછાં છે. આ સફળતા પ્રાપ્ત કરવામાં આચાર્યશ્રી, અધ્યાપકમિત્રો અને કર્મચારીમિત્રોએ આપેલા પ્રસંશનીય સહકાર બદલ તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું. બહેનોની ક્રિકેટ ટીમને સતત ધબકતી અને કાર્યશીલ રાખવામાં ઊંડો રસ દાખવનાર, અવેતન સેવા આપનાર અને યશના ભાગીદાર શ્રી ગૌતમભાઈનો આભાર માનું છું. ❑

## પ્રભુનું ડીંડક

*હે પ્રભુ,*
*મારા ભૂતલમાં આટલો બધો લાવા,*
*મારા ધ્રૂવો પર આટલો બધો હિમ,*
*નીચા અક્ષાંશો પર ઊંચા તાપમાન,*
*સમુદ્રોમાં આટલાં બધાં વડવાનલ, ઘુઘવાટ અને ખારાશ,*
*મારા આકાશમાં આટલાં બધાં ચક્રવાત, ઝંઝાવાત અને મેઘાડંબર,*
*અને એ સૌના મારા ચિત્તમાં*
*સતત ડોકાતા ઓછાયા સાથે*
*તેં મને સરજ્યો*
*પછી પણ તું આ ડીંડક શીદને હાંક્યે રાખે છે*
*કે તારી મૂળ યોજના તો*
*મને સુખી કરવાની જ હતી ?!*

• પ્રા. સુમન્ત દેસાઈ

# આપણી કૉલેજની અભ્યાસેતર બૌદ્ધિક અને કલાને લગતી પ્રવૃત્તિઓ

• પ્રા. સુમન્તભાઈ દેસાઈ

ગુજરાતમાં આમતૌર પર પ્રણાલિકાગત કૉલેજોમાં શિક્ષણ અને ડિગ્રીના તકલાદીપણાને કારણે વિદ્યાર્થીઓમાં પ્રસરેલી હતાશા અને નિષ્ક્રિયતાની સાથે સાથે નોકરીની સલામતી અને પગારની સદ્ધરતાને કારણે અધ્યાપકોમાં આવેલા વિદ્યાર્થીઓ પ્રત્યેના અલગાવને કારણે ચાર દીવાલ વચ્ચેના અભ્યાસક્રમીય શિક્ષણ દ્વારા આમ વિદ્યાર્થીના વ્યક્તિત્વનો ઝાઝો વિકાસ શક્ય નથી. પરંતુ ધગશ ધરાવતા અને થોડી વધારે મહેનત કરવા તૈયાર મર્યાદિત સંખ્યાના વિદ્યાર્થીઓના આવા વિકાસની થોડીક શકયતાઓ પણ એન.એસ.એસ., એન.સી.સી., રમતગમત, જેવી પ્રવૃત્તિઓ તથા કૉલેજ, આંતરકૉલેજ અને યુનિવર્સિટી કક્ષાએ યોજાતી બૌદ્ધિક, સાંસ્કૃતિક અને કળાની પ્રવૃત્તિઓમાં જોવા મળે છે.

આપણી કૉલેજમાં અભ્યાસેતર પ્રવૃત્તિઓનું પ્રમાણ સરેરાશ કૉલેજ કરતાં સારું છે. આ પ્રવૃત્તિઓથી કૉલેજમાં જે ધબકાર અનુભવાય છે એ જ આપણી કૉલેજને બજારુ ટ્યૂશનક્લાસથી ઉપર ઉઠાવે છે. છેલ્લાં વર્ષોમાં સમગ્ર યુનિવર્સિટી કક્ષાએ વિદ્યાર્થીઓમાં પોતાના વ્યક્તિત્વવિકાસ માટેની જાગરુકતા વધેલી દેખાય છે. આનું પ્રતિબિંબ આપણી કૉલેજમાં પણ પડી રહ્યું છે. અગાઉના વર્ષોની સરખામણીમાં આપણી કૉલેજમાં યોજાતી બૌદ્ધિક તેમજ કલાને લગતી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ વધારે મોટી સંખ્યામાં અને વધારે સારી ગુણવત્તા સાથે ભાગ લે છે એ સારાં એંધાણ છે. આંતરકૉલેજ કક્ષાની સ્પર્ધાઓમાં, યુનિવર્સિટી અને અન્ય સંસ્થાના યુવક-મહોત્સવોમાં આપણા વિદ્યાર્થીઓ હવે નોંધનીય રજૂઆત કરી શકે છે. વખતોવખત વિદ્યાર્થીઓ આ સ્પર્ધાઓમાં ઈનામને પાત્ર રજૂઆતો પણ કરે છે, તેમ છતાં એ સ્વીકારવું રહ્યું કે યુવક-મહોત્સવમાં જેમના નામની ધાક અને હાક હોય છે એવી ચાર-પાંચ ટોચની કૉલેજોની કક્ષાએ પહોંચતાં પહેલાં આપણે હજુ ઘણી જહેમત ઉઠાવવી પડશે.

કૉલેજની બૌદ્ધિક તેમજ કલાને લગતી પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓની યાદી વાંચવી એ વાનગી ચાખ્યા વિના વાનગીની સ્વાદિષ્ટતાના વખાણ વાંચવા બરાબર છે. આ પ્રવૃત્તિઓ કેવી ધબકે છે અને એનાથી યૌવનને કેવી તકો મળે છે, એનું શું જોર છે અને શી કમજોરી છે એ પ્રત્યક્ષ જોયા સિવાય એનો કોઈ વિકલ્પ નથી તેમ છતાં ૧૯૯૮-'૯૯ના વર્ષની આપણી પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓનો ઉલ્લેખ કરું તો...

- જૂન '૯૮ દરમ્યાન માંગરોળ મુકામે ગુજરાત યુનિવર્સિટી, યુવકકલ્યાણ વિભાગ દ્વારા યોજાયેલા એક સપ્તાહના ગ્રીષ્મ નાટ્યશિબિરમાં કર્તવ્ય ત્રિવેદી અને સ્નેહલ શાહે ભાગ લીધેલો.
- ઑગષ્ટ '૯૮ દરમ્યાન મિહિર કટારિયા, હરીશ ચૌહાણ, કમલેશ પરમાર, મિતુલ બ્રહ્મભટ્ટ અને ચંદ્રવદન વૈષ્ણવ દ્વારા સાહસ અને સદ્‌ભાવના પ્રસારના હેતુસર અમદાવાદથી માઉન્ટ આબુ સુધીની સાયકલ રેલી કાઢવામાં આવી.
- ૧૫, ઑગષ્ટ '૯૮ સ્વાતંત્ર્યદિનની ઉજવણીપ્રસંગે લાયન્સ ક્લબ, સેટેલાઈટ વિસ્તાર દ્વારા યોજાયેલી દેશભક્તિગીતસ્પર્ધામાં પાયલ વૈદ્યે પ્રથમ નંબરની ટ્રોફી જીતી.
- ઑગષ્ટ '૯૮ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી બેંક ઓફ બરોડા ટ્રોફી વક્તૃત્વ-સ્પર્ધામાં મુકેશ ગોવાણીએ ભાગ લીધો.

  ઑગષ્ટ '૯૮ દરમ્યાન નેશનલ ઇંન્સ્ટિટ્યૂટ ઓફ સેલ્સ એન્ડ માર્કેટીંગ(NIS)ના વાર્ષિક દિનની ઉજવણી-પ્રસંગે

  (i) ટ્રેઝર હન્ટ ઓન ટુ-વ્હિલર્સ સ્પર્ધામાં મિહિર કટારિયા, નરેન્દ્ર ઠક્કર, મુકેશ ગોવાણી, હરીશ ચૌહાણ, ઊર્વી ઠાકોર, જલ્પા ઠાકોર, પ્રશાન્ત ભટ્ટ, હિતેશ દરજી, ચંદ્રવદન વૈષ્ણવ, હાર્દિક દવે, પરમાર કમલેશ વિગેરેએ ભાગ લીધો.

  (ii) વેસ્ટર્ન ડાન્સ સ્પર્ધામાં ભરત ચેલાણી, મોરો સેમ્યુઅલ, સંગીતા પટેલ, તન્વી દેસાઈ અને સ્વાતિ ભાવસાર અને જાની ધરતીએ ભાગ લીધેલો.

  (iii) પર્સનાલિટી કોન્ટેસ્ટમાં મિહિર કટારિયા અને જલ્પા ઠક્કરે ભાગ લીધો.
- ઑગષ્ટ '૯૮ દરમ્યાન NIS દ્વારા યોજાયેલ એક દિવસની વ્યક્તિત્વવિકાસની કાર્યશાળામાં આપણા ૫૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

# રાષ્ટ્રીય સેવા યોજનાના ઉદ્‌ઘાટન અને પૂર્ણાહૂતિ પ્રસંગોની ઝાંખી




રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે રૂપાવટી ગામે યોજાયેલ શિબિરના ઉદ્‌ઘાટન પ્રસંગે હાજર રહેલા મહાનુભાવો

- પ્રવચન કરતા પ્રિ. હીરુભાઈ ભટ્ટ
- લાયનેસ સંધ્યાબહેન પટેલ
- નરેશ દલવાડી-રીઝીયન ચેરમેન
- મુ. યશવંતભાઈ શુક્લ
- સરપંચ શ્રી મોહનભાઈ ભરવાડ
- સંસદસભ્ય શ્રી રાજુભાઈ પરમાર
- ઉત્તમ ડેરીના ચેરમેન શ્રી સુરેશભાઈ ભરવાડ



રૂપાવટી ગામે શિબિરની પૂર્ણાહૂતિ પ્રસંગે પ્રવચન આપતા અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ
**શ્રીમતી રમીલાબહેન દેસાઈ**




રૂપાવટી ગામે શિબિરની પૂર્ણાહૂતિ પ્રસંગે પ્રવચન આપતા લાયોનેસ
**શ્રીમતી સંધ્યાબહેન પટેલ**

# રાષ્ટ્રીય સેવા યોજનાના ઉદ્ઘાટન અને પૂર્ણાહૂતિ પ્રસંગોની ઝાંખી

રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે
સિયાવાડા ગામે યોજાયેલ શિબિરનું
ઉદ્ઘાટન પ્રવચન આપતા ઉત્તમ
ડેરીના ચેરમેન
**શ્રી સુરેશભાઈ ભરવાડ**






સિયાવાડા ગામે શિબિરના
ઉદ્ઘાટન પ્રસંગે લાયન
**પ્રિ. સૌરભભાઈ ચોક્સી**
અને અન્ય મહાનુભાવોને
આવકારતા શિબિર સંચાલક
**પ્રા. કમલભાઈ શુકલ**

રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે
સિયાવાડા ગામે યોજાયેલા
શિબિરના પૂર્ણાહૂતિ પ્રસંગે
આશીર્વાદ આપતા
બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ કમિટીના
મંત્રી અને ભૂતપૂર્વ આચાર્ય
**શ્રી ડૉ. ચીનુભાઈ નાયક**



# રાષ્ટ્રીય સેવા યોજના શિબિરની પ્રવૃત્તિઓ



શિબિર પ્રસ્થાન



પ્રવાસ



વાનગી હરિફાઈ



ગ્રામસફાઈ

# રાષ્ટ્રીય સેવા યોજના શિબિરની પ્રવૃત્તિઓ



ગૃહસુશોભન

રંગોળી સ્પર્ધા





શેરી નાટક 'જવાબ છે તમારી પાસે ?'
ભજવતા કૉલેજના કલાકારો

શેરી નાટક 'જવાબ છે તમારી પાસે ?'
ભજવતા કૉલેજના કલાકારો



• નવેમ્બર '૯૮ દરમ્યાન લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ (સાઉથ) યોજિત યુવક-મહોત્સવ 'મલ્હાર '૯૮'માં આપણી કોલેજે અંત્યાક્ષરી, શેરી નાટક, મિમિક્રી, ક્વીઝ, સુગમસંગીત, શાસ્ત્રીય નૃત્ય, વૅસ્ટર્ન ડાન્સ, લોકનૃત્ય અને પર્સનાલિટી કોન્ટેસ્ટમાં ભાગ લીધો અને નીચે દર્શાવ્યા પ્રમાણેનાં ઈનામો પણ પ્રાપ્ત થયાં.

(i) લોકનૃત્ય-સ્પર્ધામાં પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું જેમાં સંગીતા પટેલ, દિવ્યા ઠક્કર, સ્વાતિ ભાવસાર, વનિતા પટેલ, ફાલ્ગુની પટેલ અને ધારિણી જાનીએ ભાગ લીધેલો.

(ii) શાસ્ત્રીય નૃત્યસ્પર્ધામાં ધારિણી જાનીને દ્વિતીય ઈનામ મળ્યું.

(iii) મિમિક્રીની સ્પર્ધામાં કર્તવ્ય ત્રિવેદીને દ્વિતીય ઈનામ મળ્યું.

(iv) પર્સનાલિટી કોન્ટેસ્ટમાં મોશે સેમ્યુઅલને તૃતીય ઈનામ મળ્યું.

નવેમ્બર '૯૮ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી પશ્ચિમ વિભાગની કૉલેજોનો યુવક-મહોત્સવ યોજાયો જેમાં આપણી કૉલેજે તમામ ૧૯ સ્પર્ધાઓમાં ભાગ લીધો અને નીચે દર્શાવ્યા પ્રમાણેની સ્પર્ધાઓમાં ઈનામો પણ પ્રાપ્ત થયાં.

(i) **સ્કીટ સ્પર્ધા :** જેમાં નીરવ શાહ, ચૈતાલી અમીન, બીજલ કાપડિયા, મુકેશ ગોવાણી, સ્નેહલ શાહ અને તનવીર રાજગોરે ભાગ લીધેલો.

(ii) **શીઘ્ર વક્તૃત્વસ્પર્ધા :** જેમાં કર્તવ્ય ત્રિવેદીએ ભાગ લીધેલો.

(iii) **હળવું કંઠ્ય સંગીતસ્પર્ધા :** જેમાં પાયલ વૈદ્યે ભાગ લીધેલો.

ઉપરોક્ત ત્રણે સ્પર્ધાના સભ્યોએ ડીસેમ્બર '૯૮ દરમ્યાન યોજાયેલ આંતર વિભાગીય યુવક-મહોત્સવમાં પણ ભાગ લીધો. નવેમ્બર '૯૮ દરમ્યાન NIS દ્વારા આયોજિત બ્રેઈન ટેસ્ટ કાર્યક્રમમાં આપણી કૉલેજના ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો.

આ ઉપરાંત નજીકના ભૂતકાળમાં પ્રાપ્ત કરેલી આપણી સિદ્ધિઓ અહીં યાદ કરીએ તો નીચેની વિગતો નોંધપાત્ર છે.

(i) જયેશ મહેતા એન્ટરટેઈનમેન્ટ દ્વારા યોજાતી સંગીતની સ્પર્ધાની 'મિસ્ચિફ ટ્રોફી' છેલ્લાં બે વર્ષ (૧૯૯૬ અને ૧૯૯૭)થી આપણી પાસે છે. આ સ્પર્ધા પાયલ વૈદ્ય અને દીપક ચાવડાએ સતત બે વર્ષ જીતી છે.

(ii) ૨૬ જાન્યુઆરી '૯૮ની પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં દિલ્હીમાં તે વખતના વડાપ્રધાન શ્રી આઈ.કે.ગુજરાલ અને મુખ્ય મહેમાન ફ્રેન્ચ પ્રમુખ ઝાક ચિરાકની ઉપસ્થિતિમાં રહીને કુ. પાયલ વૈદ્યે રાષ્ટ્રગીત ગાઈને પ્રથમ નંબરે ટ્રોફી જીતી હતી.

❑

---

## યાદ આવે છે

હતી ગાઈડો, હતાં સ્પોર સજેસન્સ,
ક્લાસીસનાં પગથિયાં ઘસ્યાં હતાં,
અને કંઈક ઈમ્પોર્ટન્સ આવ્યા હતા,
દિવસ અને રાત ઉજાગરા કરી,
ચા-કોફી પી પી ને છેલ્લી ઘડીએ વાંચ્યા'તા,
છતાં જયારે...! પ્રશ્નપત્ર હાથમાં આવ્યાં,
આંખો થઈ ચાર,
ન કાંઈએ સમજાયું કે લખાયું,
તે છતાં મોકો વિત્યે મને આજે
બધુંએ યાદ આવે છે.

- **અનિલ વી. મહેશ્વરી** (એસ.વાય.બી.કૉમ.)

# રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.)ની પ્રવૃત્તિનો અહેવાલ

• કમલ શુક્લ (અધ્યાપક ઇન્ચાર્જ) એન.એસ.એસ.

• એચ. કે. કોમર્સ કૉલેજના પ્રથમ વાર્ષિક અંકમાં રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિનો અહેવાલ લખવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું છે, ત્યારે આ પ્રવૃત્તિના પુરોગામી ઈનચાર્જ અધ્યાપકશ્રીઓએ આ પ્રવૃત્તિને સતત ધબકતી રાખવામાં આપેલ યોગદાનનું સહેજે સ્મરણ થાય છે.

• આપણી કૉલેજમાં ૧૯૭૬ના વર્ષથી એન. એસ. એસ.ની પ્રવૃત્તિની શરૂઆત થઈ. તે પ્રવૃત્તિના પ્રથમ ઇનચાર્જ અધ્યાપકશ્રી રોહિતભાઈ ગાંધી હતા. એક યુનિટ સાથે સેવાકીય પ્રવૃત્તિઓથી કોલેજને ધબકતી રાખવાનું શ્રેય તેમને ફાળે જાય છે. એમની રાહબરી હેઠળ ૧૯૮૩ના વર્ષના શ્રેષ્ઠ વિદ્યાર્થીનેતાની શિબિરમાં ભાઈઓમાં શ્રી બાબુભાઈ દુધાતે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાયેલી વક્તૃત્વસ્પર્ધામાં શ્રી અશોક ભટ્ટે દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. આ ઉપરાંત સાણંદ અને ધોળકા તાલુકાનાં નાનાં નાનાં ગામડાંઓમાં સંયુક્ત રીતે યોજાતી શિબિરોમાં કોમર્સ અને આર્ટ્સ કૉલેજોના ઐક્યે એચ. કે.ની પરંપરાને ઉજાળી હતી. જેમના સહયોગ વગર આ શક્ય ન હતું, તેવા એચ. કે. આર્ટ્સના ઇનચાર્જ અધ્યાપકશ્રી મેરુભાઈ ઝિંઝુવાડિયા સાહેબને પણ અહીં યાદ કરવા જોઈએ.

• શ્રી રોહિતભાઈ ગાંધીએ ૧૯૮૬માં આ જવાબદારીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. કોલેજની આ ગૌરવપ્રદ પ્રવૃત્તિ રુંધાઈ ન જાય તે હેતુથી અધ્યાપકશ્રી એ.એસ.શાહે આ જવાબદારી ૧૯૮૯ના વર્ષથી સંભાળી, અને બે વર્ષ પછી એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓથી કૉલેજ પુનઃ ધબકવા લાગી. એમના માર્ગદર્શન હેઠળ ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાયેલી ૧૯૯૨-'૯૩ની વક્તૃત્વસ્પર્ધામાં આર્ય ભરતે દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. તથા નિબંધ સ્પર્ધામાં ૧૯૯૧-'૯૨ના વર્ષમાં પટેલ વિપુલે અને ૧૯૯૨-૯૩ના વર્ષમાં આર્ય ભરતે દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. ૧૯૯૩-'૯૪ના વર્ષમાં પેરિન શુક્લે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત દહેગામ તાલુકાનાં નાનાં નાનાં ગામડાંઓમાં ગ્રામોત્થાનશિબિરોનું આયોજન કરીને, કોલેજનું ગૌરવ વધાર્યું હતું. અડધું યુનિટ હોવાને લીધે સ્વતંત્ર શિબિર યોજવી નાણાકીય રીતે કઠિન હોવા છતાં સ્વતંત્ર શિબિર યોજવાનું શ્રેય તેમને ફાળે જાય છે.

• ૧૯૭૬ થી ૧૯૮૬ સુધી અને ૧૯૮૯ થી ૧૯૯૫ સુધી ચાલેલી આ પ્રવૃત્તિ ૧૯૯૬ના વર્ષમાં ફરીથી બંધ પડી હતી. શ્રી એ. એસ. શાહે આ જવાબદારીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. તે સમયે આચાર્યશ્રી એ.એમ.પટેલ સાહેબના મંતવ્ય મુજબ જો કૉલેજને જીવંત રાખવી હોય તો કૉલેજમાં શિક્ષણપૂરક પ્રવૃત્તિઓમાંના ચાર સ્તંભ (સાંસ્કૃતિક, એન.એસ.એસ., એન.સી.સી., અને રમતગમત) મજબૂત હોવા જોઈએ. આમ, કૉલેજને જીવંત બનાવતી, વિદ્યાર્થીઓની સુષુપ્ત સર્જનાત્મક શક્તિઓને વાચા આપવાનું કાર્ય કરતી, એન. એસ. એસ.ની પ્રવૃત્તિ એક યુનિટ સાથે શરૂ કરવાની જવાબદારી ૧૯૯૭થી મારે શિરે આવી.

• ૧૯૯૭-'૯૮ના વર્ષની શરૂઆતમાં 'નહેરુ ફાઉન્ડેશન ફોર ડેવલેપમેન્ટ' સંચાલિત 'રોચક' સંસ્થાના ઉપક્રમે 'પર્યાવરણની જાળવણીમાં આપણું યોગદાન' એ વિશે વ્યાખ્યાન, સ્લાઈડ શો, અને ચિત્રોનું પ્રદર્શન કૉલેજમાં યોજવામાં આવ્યું. ત્યારબાદ પર્યાવરણમાં વધુ જાણકારી મેળવવા રસ ધરાવતા ૨૮ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ 'રોચક' સંસ્થામાં જઈ તે અંગેની તાલીમ લઈ પોતાના રહેણાક પાસેની સોસાયટીમાં જઈ પર્યાવરણના પ્રશ્નો અને તેના ઉકેલ વિશે લોકજાગૃતિનું ઉમદા કાર્ય કરી, કૉલેજને ગૌરવ અપાવ્યું. દર વર્ષે 'રોચક' સંસ્થા અમદાવાદની કૉલેજના વિદ્યાર્થીઓને પર્યાવરણ-જાળવણી અંગે તાલીમ આપે છે. જેમાંથી પસંદ કરેલ વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે આ વર્ષે રજાઓમાં દશ દિવસીય શિબિર યોજવામાં આવી હતી. જેમાં આપણી કૉલેજમાંથી રાવલ અમિત, બુચ પાવન, પટેલ ધીમાન્ અને પ્રજાપતિ ભાવેશ પસંદગી પામ્યા હતા.

• એન. એસ. એસ.ની કૉલેજ કક્ષાની પ્રવૃત્તિઓમાંની મુખ્ય પ્રવૃત્તિ સામાજિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની સેવાકીય પ્રવૃત્તિ ગોઠવવી તે છે. આપણી કૉલેજનું એન. એસ. એસ. એકમ આ પ્રવૃત્તિ માટે વૃદ્ધાશ્રમ અને અંધશાળા તથા બહેરામૂંગાની શાળા સાથે સંકળાયેલું છે. જેમાં કૉલેજના વિદ્યાર્થીઓ વૃદ્ધાશ્રમમાં જઈ સફાઈ, અશક્ત વૃદ્ધોને મદદ, વાંચનપ્રવૃત્તિ તેમજ તેમની સાથે તાદાત્મ્ય

સાધી થોડા કલાકો માટેની હૂંફ પૂરી પાડે છે અને બહેરામૂંગા તથા અંધશાળામાં જઈ વિવિધ બાળપ્રવૃત્તિઓ દ્વારા તે બાળકોમાં પણ નવી ચેતના જન્માવે છે. આ પ્રવૃત્તિ અન્વયે આ બે સંસ્થાઓની પસંદગી કરવાનો મારો આશય એ છે કે યુવાન વિદ્યાર્થી આજની ઝડપી અને ભૌતિકવાદી સમાજરચનામાં જાણે-અજાણે અવગણના પામતા વૃદ્ધત્વની વિટંબણાને સમજી શકે; તથા કુદરતની ક્રૂર થપાટનો ભોગ બનેલા લાચાર પણ શક્તિહીન નહીં એવા બહેરામૂંગા અને અંધ બાળકોની શક્તિસભર કાર્યપદ્ધતિ જોઈ, પોતાના જીવનની ઉણપને પણ નવો વળાંક અર્પી શકે.

● તા. ૧૬ થી ૧૯ સપ્ટેમ્બર ૧૯૯૭ના રોજ ગુજરાત યુનિવર્સિટીના એન. એસ. એસ. વિભાગ દ્વારા યોજવામાં આવેલ 'તાલીમ સપ્તાહ'માં આપણી કૉલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાં 'વસ્તીશિક્ષણ', 'પ્રાથમિક સારવારશિક્ષણ', 'એઈડ્સ અવેરનેસ' તથા 'કુટિર ઉદ્યોગ' વિશે તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. 'વસ્તીશિક્ષણ' તાલીમ-વર્ગમાંની વક્તૃત્વસ્પર્ધામાં ઠક્કર નરેન્દ્રે તૃતીય સ્થાન પ્રાપ્ત કરી કૉલેજને ગૌરવ અપાવ્યું.

● તા. ૨૫ થી ૨૭ ઑક્ટોબરના રોજ કલોલ પાસે નારદીપુર મુકામે યુનિવર્સિટીના ઉપક્રમે યોજાયેલ વિભાગીય સેમિનારમાં પરમાર પ્રકાશ, ઠક્કર નરેન્દ્ર, ગોવાણી મુકેશ, રાવલ અમિત વગેરેએ સક્રિય ભાગ લીધો હતો.

● ગ્રામોત્થાન શિબિર એ એન. એસ. એસ.ની મહત્ત્વની પ્રવૃત્તિ છે. દસ દિવસના શિબિર દરમ્યાન વિદ્યાર્થીઓમાં સ્વાશ્રય, સ્વાવલંબન, નિયમિતતા, એકબીજા પરત્વે અનુકૂલન, સમૂહમાં રહેવાની ભાવના વગેરે ગુણો ખીલે છે, અને સમાજસેવાની ભાવનાનું બીજ રોપાય છે. આ વર્ષે ગ્રામોત્થાન શિબિર 'સાણંદ તાલુકા'ના 'રૂપાવટી' ગામે તા. ૯-૧૧-'૯૭ થી ૧૮-૧૧-'૯૭ દરમ્યાન યોજવામાં આવી હતી, જેમાં ૬૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. દસ દિવસના આ શિબિર દરમ્યાન ગ્રામસફાઈ, ભીંતસૂત્ર-લેખન, બાળપ્રવૃત્તિ, સામાજિક કુરિવાજ અને અંધશ્રદ્ધાનિવારણ, વ્યસનમુક્તિ, અક્ષરજ્ઞાન તથા સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. ગામવાસીઓ માટે બાળતંદુરસ્તીસ્પર્ધા, ગૃહ અને શેરી સુશોભનસ્પર્ધા તથા વાનગી સ્પર્ધા યોજવામાં આવી હતી. જ્યારે શિબિરાર્થીઓ માટે શીઘ્ર વક્તૃત્વસ્પર્ધા, વેશભૂષાસ્પર્ધા, એકપાત્રીય અભિનયસ્પર્ધા, નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ બધી જ સ્પર્ધાનાં ઈનામો લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ (સાઉથ) તરફથી લાયન પ્રમુખ શ્રી સંધ્યાબહેન પટેલના સહયોગથી આપવામાં આવ્યાં હતાં. આ શિબિર દરમ્યાન જુદી જુદી સ્પર્ધાઓના નિર્ણાયક તરીકેની સ્વૈચ્છિક જવાબદારી જેઓએ સ્વીકારી મને પ્રોત્સાહિત કર્યો, તે સર્વે અધ્યાપકો પરત્વે આભારની લાગણી વ્યક્ત કરું છું. આ શિબિર દરમ્યાન પ્રા. રમેશભાઈ શાહ, પ્રા. નીતીનભાઈ દેસાઈ, પ્રા. મેરુભાઈ ઝિંઝુવાડિયા, પ્રા. થોમસભાઈ પરમાર વગેરે વિદ્વાન અને અનુભવી વક્તાઓ દ્વારા વિદ્યાર્થીઓને માહિતીસભર વ્યાખ્યાનો આપવામાં આવ્યાં હતાં.

● તા. ૩૧ ડિસેમ્બર ૧૯૯૮ના રોજ એન. એસ. એસ. ડેની ઉજવણી કૉલેજના સભાગૃહમાં કરવામાં આવી, જેમાં શ્રેષ્ઠ વિદ્યાર્થીનેતા અને કાર્યકરોને ઈનામો અને પ્રમાણપત્રો દ્વારા સન્માનવામાં આવ્યા તથા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો. આ પ્રસંગે એચ.કે.આર્ટ્સ કૉલેજના ભૂતપૂર્વ આચાર્યશ્રી ડૉ. ચીનુભાઈ નાયક સાહેબનું ઉપસ્થિત રહેવું એ અમારા માટે ખૂબ જ આનંદદાયક ઘટના હતી. તેમનું પ્રવચન મનનીય રહ્યું. ડૉ. નાયક સાહેબને એન. એસ. એસ. પ્રત્યે અનેરો લગાવ, તેઓ પ્રત્યેક શિબિરમાં જતા એટલું જ નહિ પણ એક બે દિવસ રહીને શિબિરાર્થીઓને વ્યાખ્યાન અને સંગીત દ્વારા પ્રોત્સાહિત કરતા. 'એચ. કે. ના ઘેરિયા' અને 'જોબનિયું' આ બંને ગીતો તેમના તરફથી એચ. કે. એન. એસ. એસ. પરિવારને મળેલ અવિસ્મરણીય સંભારણું છે.

● તા. ૯ જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ 'લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ, (સાઉથ)ના સહયોગથી 'રક્તદાન શિબિર' યોજવામાં આવ્યો હતો, અને તેમાં ૬૫ જેટલા રક્તદાતાઓએ રક્તદાન કરીને માનવસેવાનું ઉમદા કાર્ય કર્યું હતું. તેમજ ગુજરાત યુનિવર્સિટીના એન. એસ. એસ. વિભાગ દ્વારા યોજવામાં આવેલ 'રક્તદાન શિબિર'માં આપણી કોલેજના ૧૧ વિદ્યાર્થીઓએ રક્તદાન કર્યું હતું. એન. એસ. એસ. એકમની પ્રવૃત્તિનું એક પાસું 'સેવાકીય પ્રવૃત્તિ' દ્વારા યુવાનોમાં ગુણોનું જતન કરવાનું છે, તો બીજું પાસું 'રક્તદાન શિબિર' દ્વારા યુવાનોમાં સમાજ પરત્વેની તેમની નૈતિક જવાબદારી વિશે તાલીમ આપવાનું પણ છે.

● તા. ૧૦ અને ૧૨ ફેબ્રુઆરી ૧૯૯૮ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાયેલ શ્રેષ્ઠ વિદ્યાર્થીનેતા

સેમિનારમાં સંચાલક તરીકે જવાબદારી નિભાવી અને એન. એસ. એસ. ઇનચાર્જ તરીકેના મારા પ્રથમ વર્ષે આ સેમિનાર માટે અપૂરતી માહિતી હોવાને લીધે, આપણી કૉલેજમાંથી વિદ્યાર્થીને સહભાગી બનાવી ન શકવાની મારી ઉણપને સુધારવા પ્રયત્નશીલ રહ્યો.

● તા. ૩ અને ૪ માર્ચ ૧૯૯૮ના રોજ સરદાર પટેલ સ્મારક ભવન મુકામે એન.એસ.એસ.ના કેન્દ્રસરકારના ક્ષેત્રીય કેન્દ્ર દ્વારા 'એચ.આઈ.વી.' અને 'એઈડ્સ' ના જગતમાં જીવતાં 'આપણાં બાળકો' એ વિશે એક માહિતીપ્રદ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત યુનિવર્સિટીની કૉલેજના એન.એસ.એસ.ના પસંદગી પામેલા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓએ ભાગ લીધો હતો. આ સેમિનારમાં રાવલ અમિત, પટેલ ધીમાન્, શાહ જતીન, દવે કૃષ્ણવદન, પટેલ દીપાલી, અમીન ચૈતાલી વગેરેએ ભાગ લીધો હતો.

● ૧૯૯૭ના વર્ષથી આપણી કોલેજે પાંચ વર્ષ માટે 'સાણંદ તાલુકા'ના 'રૂપાવટી' ગામને દત્તક ગામ તરીકે અપનાવ્યું છે. વર્ષમાં દશ થી બાર વખત ભાઈઓ અને બહેનોની ટુકડીઓ રૂપાવટી ગામે જઈને ગામવિકાસનાં કાર્યો તથા સ્કૂલમાં જઈને બાળપ્રવૃત્તિઓ કરે છે. આ કાર્યમાં રૂપાવટી શાળાના આચાર્યશ્રી ગુણવંતભાઈ ઠક્કર અને સરપંચ શ્રી મોહનભાઈ ભરવાડની મદદ અને માર્ગદર્શન સતત મળતાં રહ્યાં છે.

● આ ઉપરાંત ૧૯૯૭-'૯૮ના વર્ષ દરમ્યાન લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ (સાઉથ) ના સહયોગથી 'એઈડ્ઝ અવેરનેસ' વિશે નિષ્ણાત ડોક્ટરોનું સ્લાઈડ શો સાથેનું વ્યાખ્યાન ગોઠવાયું હતું તથા 'જિલ્લા સહકારી સંઘ'ના સહયોગથી 'સહકારી શિક્ષણ અને તાલીમ' એ વિશેના એક સપ્તાહના તાલીમ વર્ગો પણ યોજવામાં આવ્યા હતા.

● **દ્વિતીય વર્ષ ૧૯૯૮-'૯૯ના વર્ષની પ્રવૃત્તિઓની નોંધ ટૂંકમાં લઈએ તો –**

- **ઑગષ્ટ**માં 'રોચક' સંસ્થામાં ૩૮ વિદ્યાર્થી ભાઈ બહેનોએ તાલીમ લીધી તથા ગુજરાત યુનિવર્સિટી એન.એસ.એસ.એકમ દ્વારા યોજાયેલ તરુણાભિવાદન કાર્યક્રમમાં ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

- **સપ્ટેમ્બર** દરમ્યાન લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ (સાઉથ) દ્વારા 'વ્યક્તિત્વવિકાસ અને નેતૃત્વ' અંગે વ્યાખ્યાનશ્રેણીનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીએ યોજેલ રક્તદાન શિબિરમાં ૧૪ વિદ્યાર્થીઓએ રક્તદાન કર્યું તથા યુનિવર્સિટી દ્વારા યોજાયેલ 'તાલીમ સપ્તાહ'માં પણ ૬૦ વિદ્યાર્થીઓ જોડાયા.

- **૨૯ ઑક્ટોબર થી ૭ નવેમ્બર** દરમ્યાન સાણંદ તાલુકાના શિયાવાડા ગામે શિબિરનું આયોજન કરવામાં આવ્યું. ગ્રામોત્થાનની સાથે સાથે આ શિબિરમાંની કેટલીક ઘટનાઓની નોંધ લેવાની લાલચ રોકી શકાતી નથી. પૂર્ણાહુતિ પ્રસંગે ડૉ. ચીનુભાઈ નાયક સાહેબની ઉપસ્થિતિમાં ૪૦ વર્ષથી વ્યસન ધરાવનાર સરપંચ શ્રી કરશનકાકાએ લીધેલ વ્યસનમુક્તિની પ્રતિજ્ઞા તથા શિબિર દરમ્યાન ૧૨૫ ગ્રામવાસીઓને શિબિરાર્થીઓ વ્યસન છોડાવી શક્યા તેને મારી આ દ્વિતીય શિબિરની ફળશ્રુતિ ગણું છું. આ શિબિર દરમ્યાન ચારથી પાંચ દિવસ મારી સાથે રહી, મને જે હૂંફ પૂરી પાડી તે બદલ મારા યુવા સાથી અધ્યાપક મિત્રો શ્રી ધીમંત સોની અને શ્રી નીલેશ સથવારા પ્રત્યે પણ સહેજે આભારની લાગણી વ્યક્ત કર્યા વગર હૃદય રહી શકતું નથી. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાંની સુષુપ્ત શક્તિઓની સાથે સાથે તેમનામાં વાંચનભૂખ ઉઘડે તેવી ખેવના રાખનાર વડીલ અધ્યાપકશ્રી સુમન્તભાઈ દેસાઈ સાહેબે બધી જ અગવડો વેઠી 'લોકશાહી સિદ્ધાંતો'માં માનનારી અમારી શિબિરમાં પરોઢના ૩-૩૦ કલાક સુધી પણ વિદ્યાર્થીઓને જકડી રાખ્યા તથા પ્રથમ શિબિરથી પોતાનો શિબિર ગણી આવનાર પ્રા. જ્યોતિબહેન શાહ, પ્રા. નીલોફરબહેન અંબાત, પ્રા. શિલ્પાબહેન ત્રિવેદી, પ્રા. સઈદ ચિંતામન જેવા સાથી અધ્યાપક મિત્રોની મારા તરફની લાગણીને ભૂલી શકાય તેમ નથી.

● તા. ૧ થી ૪ ડિસેમ્બર દરમિયાન લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ (મેઈન) દ્વારા 'સફળ વકતૃત્વશક્તિ અને સક્ષમ નેતૃત્વ' અંગે વ્યાખ્યાનશ્રેણીનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૧૯૨ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.

● એન.એસ.એસ.માં મારા પ્રવેશનાં આ બંને વર્ષો દરમિયાનની સફળ કામગીરીનો યશ આચાર્યશ્રી એ. એમ. પટેલ સાહેબ, અધ્યાપકગણ, કર્મચારી મિત્રો અને વિદ્યાર્થીઓએ આપેલ અનેરા સહકારને જ છે. આ સર્વેના સહકારથી જ કોલેજની આ પ્રવૃત્તિની પરંપરા અને ગૌરવ જાળવી શકવા શક્તિમાન બની શક્યો છું.

❑

# એન.સી.સી. પ્રવૃત્તિનો અહેવાલ

• લેફ્ટેનન્ટ પ્રા. શ્વેતાંગભાઈ ત્રિવેદી • પ્રોફેસર ઇનચાર્જ : સંધ્યાબહેન પટેલ

નેશનલ કેડેટ કોર્પ્સ (એન.સી.સી.)ની શરૂઆત ઈ.સ.૧૯૪૮માં થઈ હતી. તે સમયે આ યોજનામાં માત્ર બૉય કેડેટ્સ હતા. ત્યારબાદ ૧૯૪૯માં ગર્લ્સ કેડેટસનો પણ સમાવેશ કરવામાં આવ્યો. આજે એન.સી.સી.યુવાનોનું સૌથી મોટું ઓર્ગેનાઇઝેશન બની ગયું છે જેમાં કુલ ૧૧,૫૦,૦૦૦ કેડેટસ છે, જેમાંથી ૧,૩૮,૦૦૦ ગર્લ્સ કેડેટસ છે. જે ભાઇઓની જેમ તેટલા જ ઉત્સાહથી કાર્ય કરે છે.

એન.સી.સી.નો હેતુ એવા યુવાનોનું ઘડતર કરવાનો છે કે જે શિસ્તબદ્ધ, તાલીમબદ્ધ, જુસ્સાવાળા, સાહસિક, સમાજના જુદા જુદા ક્ષેત્રમાં લોકોને નેતૃત્વ પૂરું પાડી શકે તેમ જ લશ્કરના જવાનોની સાથે રહીને જ્યારે જરૂર પડે ત્યારે દેશની સેવા માટે સહયોગ આપી શકે.

યુવાનો દેશના સારા અને સાચા નાગરિક બને, તેમનામાં ભાઈચારો, ખેલદિલી, નિઃસ્વાર્થ સેવાની ભાવના ખીલે, તેમનું ચારિત્ર્ય ઘડતર થાય તે માટે એન.સી.સી. ઉચ્ચ કક્ષાની ઉમદા પ્રવૃત્તિ છે.

એન.સી.સી.ના ક્ષેત્રે આપણી કૉલેજ ઉજ્જવળ પરંપરા ધરાવે છે. ઘણાં વર્ષોથી આપણા વિદ્યાર્થી કેડેટસ રાષ્ટ્રીય કક્ષાએ યોજાતા વિવિધ કેમ્પમાં ભાગ લઈ કૉલેજને ગૌરવ અપાવતા રહ્યા છે. ૧૯૮૫થી ૧૯૯૨ સુધી એન.સી.સી. ઑફિસર તરીકે સેકન્ડ લેફ્ટેનન્ટ સુભાષ બ્રહ્મભટ્ટે ફરજ બજાવી હતી, જે હાલમાં એચ.કે.આર્ટ્સ કૉલેજના આચાર્ય છે. ૧૯૯૨થી મનોવિજ્ઞાન વિભાગના અધ્યાપક લેફ્ટેનન્ટ શ્વેતાંગ ત્રિવેદી આ ફરજ બજાવે છે. બહેનોનો એન.સી.સી વિભાગ મેજર સુનિતાબહેન મહેતા સંભાળતાં હતાં, જે સુદીર્ઘ સેવાઓ બાદ ૧૯૯૭માં નિવૃત્ત થયાં હોવાથી આ કાર્યભાર હાલમાં ડૉ. સંધ્યાબહેન પટેલ સંભાળી રહ્યાં છે.

આ વર્ષે અમારી કૉલેજના એન.સી.સી. યુનિટમાં ૧૦૫ ભાઈઓ અને ૧૦૦ બહેનોની ફાળવણી થઈ છે.

ગાંધીનગર અને કેન્ટોન્મેન્ટ શાહીબાગ ખાતે જે એન્યુઅલ ટ્રેઇનિંગ કેમ્પ યોજાયા, તેમાં મોટા ભાગના કેડેટસે તાલીમ લીધી. શાહીબાગ ખાતે પરેડ ગ્રાઉન્ડ ઉપર ૧૫મી ઑગષ્ટ અને ૨૬મી જાન્યુ.એ યોજાતી પરેડમાં આપણી કૉલેજના કેડેટસ મોટી સંખ્યામાં ભાગ લે છે. આ ઉપરાંત બેઝીક લીડરશીપ, ઍડવાન્સ લીડરશીપ કેમ્પ, રોક કલાઈમ્બિંગ કેમ્પ, ટ્રેકીંગ કેમ્પ તથા કમ્બાઈન્ડ એન્યુઅલ ટ્રેનિંગ કેમ્પ વગેરેમાં આપણી કૉલેજના કેડેટસ પ્રતિવર્ષ ભાગ લે છે. આપણી કૉલેજની વિદ્યાર્થીની સાર્જન્ટ કેતા શાહ બેઝિક લીડરશીપ કેમ્પ દિલ્હી ખાતે પસંદગી પામ્યાં. ૧૯૯૭-૯૮ના વર્ષમાં કૉમર્સ કૉલેજ તરફથી જે કેડેટસે એવોર્ડ મેળવ્યા હતા તેઓનાં નામ નીચે મુજબ છે :

(બૉયીઝ કેડેટ્સ)

| | |
|---|---|
| બેસ્ટ કેડેટ I | U/o તન્વર દિલીપકુમાર |
| બેસ્ટ કેડેટ II | sgt રાહેવર મયૂર |
| આઈડિયલ ઓફ સર્વિસ I | sgt શેખ સમસુદ્દીન |
| આઈડિયલ ઓફ સર્વિસ II | cpl ભટ્ટ બસંત |
| બેસ્ટ શોટ I | sgt શેખાવત જગદીશસિંહ |
| બેસ્ટ શોટ II | cpl રાણા જીજ્ઞેશ |
| બેસ્ટ ટર્ન આઉટ I | cpl દરજી હિતેશ |
| બેસ્ટ ટર્ન આઉટ II | cpl ગુપ્તા હંસરાજ |

(ગર્લ્સ કેડેટસ)

| | |
|---|---|
| બેસ્ટ કેડેટ I | su/o દરજી ચેતના |
| બેસ્ટ કેડેટ II | cdt ચૌહાણ મયુરિકા |
| આઈડિયલ ઓફ સર્વિસ I | cdt જોષી પલ્લવી |
| આઈડિયલ ઓફ સર્વિસ II | cdt પુજારા આરતી |
| બેસ્ટ શોટ I | cdt રાજપુત કુસુમલતા |
| બેસ્ટ શોટ II | cdt જોષી ભૂમિકા |
| બેસ્ટ ટર્ન આઉટ I | cdt ઉમરાટીયા જાનકી |
| બેસ્ટ ટર્ન આઉટ II | cdt ગજ્જર મિત્તલ |

આ વર્ષે જોષી ભૂમિકા (તૃ.વ.બી.કૉમ.), ચૌહાણ મયુરિકા (તૃ.વ.બી.કૉમ.) અને જોશી પલ્લવી (દ્વિ.વ.બી.કૉમ.)એ જબલપુર (મધ્ય પ્રદેશ) મુકામે યોજાયેલ ઑલ ઇન્ડિયા બેઝિક લીડરશીપ કેમ્પમાં તાલીમ લીધી હતી.

આમ અમારી કૉલેજ એન.સી.સી. ની પ્રવૃત્તિના ક્ષેત્રે સફળ કામગીરી બજાવી રહી છે તેનો અમને આનંદ છે.

❑

# કર્મ એ જ ધર્મ

• પ્રા. બિપિનભાઈ શાહ

દરેક માનવે નિરંતર કામ કરતા રહેવું જોઈએ. કામધંધા વિના હાથપગ જોડી માત્ર બેસી રહેવું એ યોગ્ય નથી. વિના કામ રહેલ માણસના મનમાં જાતજાતના અને ભાતભાતના કુવિચારો આવતા હોય છે, એટલે જ 'નવરો બેઠો નખ્ખોદ વાળે' એવી કહેવત ખૂબ જ પ્રચલિત બની છે. માનવીએ કામ કરતા રહેવાની ટેવથી તેનું શરીર અને મન સાજાં-નરવાં અને સ્ફુર્તિલાં રહે છે. વળી કામથી માણસ કંટાળતો નથી પણ તેથી ઊલટું કામની ગેરહાજરીમાં તેને કંટાળાનો અનુભવ વખતોવખત થાય છે. આ હેતુ ખ્યાલમાં રાખીને વર્તમાન લોકશાહી સરકારો બેરોજગાર લોકોને કામ પૂરું પાડવા વિવિધ કાર્યક્રમો-યોજનાઓ અમલમાં મૂકે છે.

સાચો કર્મવીર પોતાના જીવનનો પોતે જ ઘડવૈયો બને છે. કર્મયોગીઓની કર્મ યાત્રાના પરિણામે જ તેઓની દેહયાત્રા સુપેરે ચાલે છે કે જેનાથી સમાજનું કલ્યાણ થઈ શકે છે.

કર્મ એ ચિત્તની શુદ્ધિનું સાધન છે. કર્મ એટલે જ પ્રવૃત્તિ-રોજબરોજનું કામકાજ તે દૃષ્ટિએ 'પ્રવૃત્તિ એ જીવનનો ખોરાક' છે. નિવૃત્તિ પછી કામકાજના અભાવે મોટા ભાગના લોકો માનસિક યાતનાનો અનુભવ કરે છે. જીવનમાં એકલતાનો અહેસાસ કરે છે, પરંતુ આ સમયે ક્યારે કેવા કામમાં પોતાના તન-મનને જોડવા એ બાબત અત્યંત મહત્ત્વની છે. આપણી ચારેકોર નિવૃત્તિ પછીની એટલી બધી પ્રવૃત્તિઓ રાહ જોતી હોય છે, જે ઓળખી લઈએ, પારખી લઈએ અને તેની સાથે આપણી જાતને જોડી દઈએ તેના જેવું બીજું સદ્ભાગ્ય ન હોઈ શકે. જો કે આપણી સૂઝ-બૂઝ અને પસંદગી પર તેનો ખરો આધાર રહે છે. ધ્યાન, પ્રાર્થના, કસરત, વૃદ્ધજનોની સંગત, શિશુ-શિક્ષણ, સત્સંગ, સમાજસેવા એવાં સેંકડો કાર્યો છે. આ બધાં કામો માટે ધમપછાડા કે દોડાદોડી કરવી જરા પણ જરૂરી નથી. અહીં દર્શાવેલ બીજાં કોઈ સેવાલક્ષી કાર્યો જેનાથી પોતાના જીવનમાં ઉલ્લાસ અને આનંદની લહેર ઊઠે, ચેતનનો અનુભવ થાય એ જ સાચા અર્થમાં પ્રવૃત્તિ છે.

માનવ-જીવનમાં ડગલે પગલે તે જે કામકાજ કરે તેમાં દિલચસ્પી રાખે અને મન પરોવીને કામ કરે તો તેને જે આનંદ અને સંતોષની અનુભૂતિ થાય છે તે તેને અપૂર્વ ઉલ્લાસ અને મનની પવિત્રતા પણ આપે છે. તેને કપરામાં કપરા સંજોગોમાં પણ કાર્યાન્વિત રહેવાનું બળ મળે છે. તે સિદ્ધિનાં સોપાન પણ સર કરે છે. તેને કદાપિ વૃદ્ધાવસ્થાનો સ્પર્શ થતો નથી.

આ રીતે 'કર્મને જ ધર્મ' ગણીને માનવીએ પોતાના નાનાં-મોટાં પ્રત્યેક કાર્યમાં ઊંડો રસ લઈને ઉત્તમમાં ઉત્તમ રીતે પોતાની ફરજો બજાવવી જોઈએ. આપણા સમાજની એકેએક વ્યક્તિ ઉત્તમ કાર્યની શીખ મનમાં કોતરી લે તો આપણું કૌટુંબિક, સામાજિક અને રાષ્ટ્રીય જીવન પણ સુંદર અને મઘમઘતું બને અર્થાત્ કર્મની પણ પોતાની આગવી સુવાસ છે. ખરેખર માણસ કર્મથી જ મહાન બને છે.

❑

ખુરશી પર માનવદેહોની હાજરી એ કાર્યાલયની કાર્યક્ષમતાની પારાશીશી નથી, પણ સમર્પણભાવે, ઉલ્લાસપૂર્વક, દિલ રેડીને, કામ કરતાં માણસોનો નિર્મળ સ્વભાવ જ કોઈપણ કાર્યતંત્રની સૌથી મોટી મૂડી છે.

## આચાર્યશ્રી સાથે વિદ્યાર્થી મંડળ : ૧૯૯૮-૯૯



પલ્કેશ સંઘવી (કોષાધ્યક્ષ), વિશાલ ભટ્ટ (સામાન્ય મંત્રી), માર્ગદર્શક અધ્યાપકશ્રી બિપિનભાઈ શાહ, આચાર્ય શ્રી એ. એમ. પટેલ, કૌશલકુમાર પોરવાલ (ચર્ચામંત્રી), નીલેષ શર્મા (રમતગમત મંત્રી), જયેશ પરમાર (સાંસ્કૃતિક મંત્રી).

## બિનશિક્ષક કર્મચારી પરિવાર



પ્રથમ હરોળ : શ્રી સંદિપ શાહ, શ્રી હર્ષદ જોટંગીયા, શ્રી જયેશ રાવલ, શ્રી નિરંજન પારેખ, પ્રિ. એ. એમ. પટેલ, શ્રી પ્રવિણભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી ઈબ્રાહીમ મીનાપરા, શ્રી વૃજલાલ મહેશ્વરી, શ્રી કિશોર મકવાણા.

બીજી હરોળ : શ્રી કાળુજી પટેલ, શ્રી બળદેવ પરમાર, શ્રી હિંમતસિંહ ઝાલા, શ્રી મહેન્દ્ર રાઠોડ, શ્રી લાલજી પટેલ, શ્રી અમરસિંહ ઠાકોર, શ્રી ચંચળબહેન મિસ્ત્રી.

## 'વચનામૃત'

સત્યશોધક કોઈ સંપ્રદાય કે કોઈ વ્યક્તિનો આંધળો ભક્ત ન હોય. સૂર્યની માફક સત્ય પણ એકલું જ પ્રકાશતું હોય છે. સત્ય શોધવું તો અઘરું છે જ પણ શોધ્યા પછી તેને સ્વીકારવું, પચાવવું અને લોકોમાં સ્થાપિત કરવું એ તો અત્યંત કપરું કામ છે. સત્યના સ્થાપનમાં અસત્યનું ઉત્થાપન એ પૂર્વશરત છે, જો આ પૂર્વશરત એટલે કે અસત્યનું ઉત્થાન કરી શકાય તો સત્ય તો સ્વયંભૂ પ્રકાશતું જ હોય છે.

❀ ❀ ❀

સુખ અને શાન્તિની પ્રાપ્તિ પ્રશ્નો ઉકેલવાથી થતી હોય છે. પ્રશ્નો એ જીવનનું અવિભાજ્ય અંગ છે. પ્રશ્નો વિનાનું જીવન હોઈ જ ન શકે. વૈયક્તિક, સામાજિક, આર્થિક, રાજકીય કે પછી ધાર્મિક જીવનમાં જેટલાં ક્ષેત્રો હશે તે તમામેતમામના પ્રશ્નો રહેવાના જ. જેને પ્રશ્નો ઉકેલતાં ન આવડે તેને જીવન જીવતાં પણ ન આવડે, પ્રશ્નોને કુશળતાથી, સાહસથી, પરાક્રમથી, સહનશક્તિથી, ક્ષમાથી, દયાથી, ઉદારતાથી, પ્રેમથી અને ભયથી એમ અનેક રીતે ઉકેલી શકાતા હોય છે. કયા પ્રશ્નમાં કઈ રીત યોજવાથી પ્રશ્ન ઉકેલાશે તેને જાણનાર-સમજનાર વિચક્ષણ મેધાવી પુરુષ કહેવાય. પ્રશ્નોને ઉકેલવાનું નામ જ સાધના છે. પ્રશ્નોને પડતા મૂકીને ભાગી જનાર અને પછી ભોંયરામાં બેસીને નાક પકડનાર નથી તો સાધક થઈ શકતો કે નથી યોગી થઈ શકતો. ખરેખર તો કર્તવ્યયોગ એ જ મોટો યોગ છે.

-સ્વામી સચ્ચિદાનંદ